Al-Saiyed TOURS & TRAVELS SINCE 2008
મોહર્રમ ઉમરાહ-2024 (ઈકોનોમી પેકેજ)
રવાનગી 23-07-2024-દિ-23/24 85,000
રવાનગી 31-07-2024-દિ-15/16 75,000
એર ટિકિટ-વિઝા-ઈન્શ્યોરન્સ મક્કા-મદીના ઝોહરાના ઝિયારત-૩ ટાઈમ બુફે સીસ્ટમ જમવાનું લોન્ડ્રી-ઝમઝમ-હેન્ડબેગ કીટ- સારી હોટલમાં રોકાણ અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ ઈન્શાઅલ્લાહ
Shop No.12, First Floor, M.K Market, Opp. Imperial Bakery, Dinbai Tower, Mirzapur Road, Ahmedabad-380001
Murtuza M. Saiyed - +91 97129 32965
+91 97123 47472 - +91 97273 76383

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Al-Saiyed TOURS & TRAVELS SINCE 2008
મોહર્રમ ઉમરાહ-2024
Delux Package દિવસ-23/24 રવાનગી-23-07-2024 1,00,000/-
Delux Package દિવસ-15/16 રવાનગી- 31-07-2024 90,000/-
એર ટિકિટ- વિઝા- ઈન્શ્યોરન્સ મક્કા-મદીના ઝોહરાના ઝિયારત- ૩ ટાઈમ બુફે સીસ્ટમ જમવાનું લોન્ડ્રી-ઝમઝમ-હેન્ડબેગ કીટ- સારી હોટલમાં રોકાણ અમદાવાદથી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ ઈન્શાઅલ્લાહ
Shop No.12, First Floor, M.K Market, Opp. Imperial Bakery, Dinbai Tower, Mirzapur Road, Ahmedabad-380001
Murtuza M. Saiyed - +91 97129 32965
+91 97123 47472 - +91 97273 76383

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૩૦૩ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### ભીષણ ગરમીને કારણે એકલા ઉત્તરપ્રદેશમાં ૧૬૨ લોકોનાં મોત

# ભયંકર હીટવેવને પગલે દેશભરમાં ૨૭૦નાં મોત

## બિહારમાં ૬૫, ઓડિશામાં ૪૧, ઝારખંડમાં ૧૧ લોકોનાં મોત થયા, હવામાન વિભાગે આગામી દિવસોમાં ઉત્તરના રાજ્યોમાં ધૂળની ડમરીઓ અંગે આગાહી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

દેશના અનેક રાજ્યોમાં તીવ્ર ગરમીનું મોજું ફરી વળ્યું છે. જેના કારણે ૨૭૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાના અહેવાલ છે. એકલા ઉત્તરપ્રદેશમાં ૧૬૦થી વધુ લોકોનાં મોત થયા છે. ગઈકાલે યુપીમાં ૧૬૨, બિહારમાં ૬૫ અને ઓડિશામાં ૪૧ લોકો મૃત્યુ પામ્યા હતા. ઝારખંડની રાજધાની રાંચીમાં પણ ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુપીના પૂર્વાંચલમાં હીટવેવને કારણે મોડી રાત સુધી ૮૦ લોકોનાં મોતના અહેવાલ મળ્યાં છે. એકલા વારાણસીમાં ૩૪ લોકોએ જીવ ગુમાવ્યા. આઝમગઢમાં ૧૬, મિર્ઝાપુરમાં ૧૦, ગાઝીપુરમાં નવ, જૌનપુરમાં ચાર, ચંદૌલીમાં ત્રણ, બલિયા-ભદોહીમાં બે-બે લોકો ગરમીના કારણે મૃત્યુ પામ્યા હતા. બુંદેલખંડ અને મધ્ય યુપીમાં ગરમીના કારણે ૪૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહોબામાં ૧૪, ચિત્રકૂટમાં ૬, બાંદા-હમીરપુરમાં ૪ અને ઝાંસી-ઓરાઈમાં એક-એકનું મૃત્યુ થયું હતું. આ સિવાય કાનપુરમાં પાંચ, ફતેહપુરમાં ચાર અને ઉન્નાવમાં બે લોકો હીટ સ્ટ્રોકને કારણે મૃત્યુ પામ્યા છે. પ્રયાગરાજમાં ૧૨, પ્રતાપગઢમાં ૬ અને કૌશાંબીમાં એક વ્યક્તિનાં મોત થયા છે. ગોરખપુર-બસ્તી ડિવિઝનમાં ત્રણ લોકોનાં મોત થયા છે. તેમાંથી એક ગોંડા જિલ્લાના ખરગુપુર વિસ્તારનો એમ્બ્યુલન્સ ડ્રાઈવર છે. બાકીના બે ગોરખપુર અને દેવરિયાના રહેવાસી છે. લખનૌમાં નવ લોકોએ જીવ ગુમાવ્યા. જો કે, પ્રશાસને ગરમીના કારણે થયેલાં મોતની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

બિહારના ઘણા જિલ્લાઓ આકરી ગરમી અને ગરમીના મોજાના કારણે રાજ્યમાં ૬૫ લોકોનાં મોત થયા છે. ઔરંગાબાદમાં સૌથી વધુ ૧૫ લોકોનાં



મોત થયા છે. આ પછી રોહતાસથી સાત, કૈમુરથી પાંચ, બેગુસરાયથી એક, બરબીઘાથી એક અને સારણમાંથી એકનાં મોતના અહેવાલ છે. બુધવારે પણ આઠ લોકોએ જીવ ગુમાવ્યા હતા. રોહતાસ જિલ્લામાં બે ચૂંટણી કાર્યકરો, બે રેલવે કર્મચારીઓ અને ત્રણ રેલવે મુસાફરોનાં મોત થયા હતા. મોહનિયામાં હીટસ્ટ્રોકથી શિક્ષક સહિત પાંચ લોકોનાં મોત થયા છે. તે જ સમયે બેગુસરાયની શાળામાં નિરીક્ષણ દરમિયાન અધિકારીઓ અને શિક્ષકો બેહોશ થઈ ગયા. ઝારખંડમાં ગુરૂવારે પણ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. રાજ્યના ૧૮ જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજ્યના વિવિધ ભાગોમાં ગરમીના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોનાં મોત થયા છે. કોલ્હનમાં પાંચ લોકોનાં મોત થયા હતા જેમાં ચાર સેરાકેલા-ખારસાવાન અને એક પશ્ચિમ સિંઘભૂમનો સમાવેશ થાય છે. પલામુમાં પાંચ અને ગિરિડીહમાં એક વ્યક્તિનાં મોતના સમાચાર છે. પલામુ અને ગઢવામાં સતત ત્રીજા દિવસે આકરી ગરમી યથાવત રહી હતી. મેદિનીનગરનું મહત્તમ તાપમાન ૪૭.૪ ડિગ્રી નોંધાયું હતું જે રાજ્યમાં સૌથી વધુ છે. જ્યારે ગઢવામાં મહત્તમ તાપમાન ૪૭.૧ ડિગ્રી સેલ્સિયસ અને સેરાઈકેલામાં ૪૬.૩ ડિગ્રી સેલ્સિયસ હતું. રાંચીમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી હતું. ઓડિશામાં ગરમીના કારણે ૪૧ લોકોનાં મોત થયાના અહેવાલ છે. સુંદરગઢમાં ૧૭ લોકો, સંબલપુરમાં ૮, ઝારસુગુડામાં ૭, બોલાંગીરમાં ૬ અને રાજ્યના અન્ય ભાગોમાં ત્રણ લોકો હીટસ્ટ્રોકથી મૃત્યુ પામ્યા હતા. સુંદરગઢ જિલ્લામાં હીટસ્ટ્રોકના ૧૭ શંકાસ્પદ મૃત્યુમાંથી ૧૨ મૃત્યુ રાઉરકેલામાં નોંધાયા હતા. આ ઉપરાંત અન્ય ૩૦ લોકો જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. સુંદરગઢ જિલ્લામાં ૧૭ મૃત્યુમાંથી ૧૨ લોકોનું મોત રાઉરકેલા સરકારી હોસ્પિટલ (RGH)માં થયું હતું, જ્યારે બેનું મોત સુંદરગઢ જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં અને એકનું બંધમુંડા રેલવે હોસ્પિટલમાં થયું હતું. હવામાન વિભાગે જણાવ્યું કે, રાજસ્થાનના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો હોવા છતાં આકરી ગરમી યથાવત છે. ગંગાનગરમાં ગુરૂવારે મહત્તમ તાપમાન ૪૮.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે સંકેત આપ્યા છે કે, ૧ જૂનથી લોકોને ગરમીથી રાહત મળશે. સ્થાનિક હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં એકથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે. હરિયાણા અને પંજાબમાં આકરી ગરમી યથાવત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હરિયાણાના સિરસા અને પંજાબના ફરીદકોટમાં ગુરૂવારે તાપમાન ૪૯.૧ ડિગ્રી અને ૪૮.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની ચંદીગઢમાં તાપમાન ૪૪.૯ ડિગ્રી સેલ્સિયસ હતું.

### બિહારમાં ચૂંટણી કર્મીઓ સહિત ૧૯નાં મોત

બિહારમાં ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન સાથે તીવ્ર હીટવેવની સ્થિતિનો અનુભવ થતાં ચૂંટણી કર્મીઓ સહિત ૧૯ લોકોનાં મોત થયા છે. બિહારના ઔરંગાબાદમાં હીટવેવને કારણે મૃત્યુઆંક ૧૨ પર પહોંચી ગયો છે જ્યારે કૈમુર જિલ્લામાં ગુરૂવારે ચૂંટણી ફરજ પરના એક કાર્યકર સહિત ચાર લોકોનાં મોત થયા છે અને બિહારના ભોજપુર જિલ્લામાં અરરીયામાં ત્રણ લોકોનાં મોત થયા છે. કૈમુરની મોહનિયા સબ-ડિવિઝનલ હોસ્પિટલના ડોક્ટર સાહિલ રાજે જણાવ્યું હતું કે, ગુરૂવારે લગભગ ૪૦ લોકો હોસ્પિટલમાં આવ્યા હતા જેઓ હીટસ્ટ્રોકથી પ્રભાવિત હતા. તેમણે કહ્યું કે, 'તેમાંથી મતદાન કર્મચારીઓ સહિત બે વ્યક્તિઓ હીટસ્ટ્રોકને કારણે મૃત્યુ પામ્યા હતા. પોલીસ કર્મચારીઓ સહિત ૩૦થી ૪૦ લોકો સારવાર હેઠળ છે. ઘણાને સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે.' કૈમૂરમાં ચૂંટણી કર્મચારી તરીકે કામ કરતાં શિક્ષક શાહનવાઝ ખાન ગરમીને કારણે ઘરે ગયા બાદ મૃત્યુ પામ્યા હતા. મોહનિયા પોલીસ સ્ટેશનમાં તૈનાત એએસઆઈ સતીશકુમાર રવિએ જણાવ્યું કે, તેઓએ ચાર મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. આ લોકો અલગ-અલગ જગ્યાએ હીટસ્ટ્રોકના કારણે મૃત્યુ પામ્યા હતા. દરમિયાન, બિહારના ભોજપુર જિલ્લાના અરાહમાં ભારે ગરમીના કારણે ત્રણ લોકોનાં મોત થયા છે. મૃત્યુ પામનારાઓમાં એક હોમગાર્ડ, જગદીશપુરમાં પ્રિસાઈડિંગ ઓફિસરનો પણ સમાવેશ થાય છે.

CELEBRATING EXCELLENCE 33 years GT

# લોકસભા ચૂંટણીનો આજે અંતિમ તબક્કો; ૫૭ બેઠકો પર પીએમ મોદી સહિત ૯૦૪ ઉમેદવારો મેદાનમાં

## ચંદીગઢ ઉપરાંત પંજાબની તમામ ૧૩, હિમાચલ પ્રદેશની ચાર, ઉત્તરપ્રદેશની ૧૩, પશ્ચિમ બંગાળની ૯, બિહારની ૮, ઓડિશા-ઝારખંડની ત્રણ-ત્રણ ઉપરાંત ઓડિશાની ૪૨ વિધાનસભા બેઠકો પર પણ મતદાન થશે, હિમાચલ પ્રદેશની છ વિધાનસભા બેઠકો પર પણ આજે મતદાન

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

લોકસભા ચૂંટણીના સાતમા તથા અંતિમ તબક્કામાં ૫૭ બેઠકો પર થનારા મતદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ૯૦૪ ઉમેદવારો મેદાનમાં છે. સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની ૫૭ બેઠકો પર શનિવારે લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન થશે જેમાં વારાણસીનો સમાવેશ થાય છે. ચંદીગઢ ઉપરાંત પંજાબની તમામ ૧૩ અને હિમાચલ પ્રદેશની ચાર બેઠકો, ઉત્તર પ્રદેશની ૧૩ બેઠકો, પશ્ચિમ બંગાળની નવ, બિહારની આઠ, ઓડિશાની છ અને ઝારખંડની ત્રણ બેઠકો પર મતદાન થવાનું છે. ઓડિશાની બાકીની ૪૨ વિધાનસભા બેઠકો માટે મતદાન અને હિમાચલ પ્રદેશની છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ એક સાથે થશે. મેદાનમાં રહેલા કુલ ૯૦૪ ઉમેદવારોમાં અન્ય અગ્રણી ઉમેદવારોમાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજી, લાલુ પ્રસાદની દિકરી મીસા ભારતી અને અભિનેતા કંગના રણૌતનો સમાવેશ થાય છે. લગભગ ૫.૨૪ કરોડ પુરૂષો, ૪.૮૨ કરોડ મહિલાઓ અને ૩,૫૭૪ થર્ડ જેન્ડર મતદારો સહિત ૧૦.૦૬ કરોડથી વધુ નાગરિકો આ તબક્કામાં મતદાન કરવા પાત્ર છે. શનિવારનું મતદાન ૧૯ એપ્રિલના રોજ શરૂ થયેલી મેરેથોન મતદાન પ્રક્રિયાના અંતને ચિહ્નીત કરશે અને ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૪૮૬ લોકસભા બેઠકો પહેલેથી જ મતદાન પૂર્ણ થયું છે. આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમની વિધાનસભાઓ માટે પણ મતદાન થયું હતું. તમામ બેઠકો પર ૪ જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર ટેલિવિઝન ચેનલો અને સમાચાર આઉટલેટ્સ ૧ જૂનના રોજ સાંજે ૬.૩૦ વાગ્યા પછી એક્ઝિટ પોલના ડેટા અને તેના પરિણામો ચલાવી શકશે. ચૂંટણી પંચે કહ્યું કે મતદાન પક્ષોને મશીનો અને ચૂંટણી સામગ્રી સાથે તેમના સંબંધિત મતદાન મથકો પર મોકલવામાં આવ્યા છે. પ્રથમ છ તબક્કામાં મતદાન અનુક્રમે ૬૬.૧૪ ટકા, ૬૬.૭૧, ૬૫.૬૮, ૬૯.૧૬, ૬૨.૨ અને ૬૩.૩૬ ટકા હતું. ગુરૂવારે સાંજે સમાપ્ત થયેલા છેલ્લા તબક્કાના પ્રચારમાં મોદીની આગેવાની હેઠળના ભાજપના નેતાઓએ કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન પર આરોપો લગાવ્યા હતા. વિરોધ પક્ષો દાવો કરી રહ્યા છે કે ભાજપ ખેડૂત વિરોધી, યુવા વિરોધી છે અને જો તેઓ ચૂંટણી જીતશે તો બંધારણ બદલશે અને તેને રદ કરી દેશે. ગુરૂવારે સાંજે મોદી કન્યાકુમારી ગયા જ્યાં તેઓ સ્વામી વિવેકાનંદ સાથે સંકળાયેલ સ્થળ પર ૧ જૂન સુધી ધ્યાન કરશે. ઉત્તર પ્રદેશમાં જે સંસદીય બેઠકો પર મતદાન થશે તે છે મહારાજગંજ, ગોરખપુર, કુશીનગર, દેવરિયા, બાંસગાંવ, ઘોસી, સલેમપુર, બલિયા, ગાઝીપુર, ચંદૌલી, વારાણસી, મિર્ઝાપુર અને રોબર્ટસગંજ એમ ૧૧ જિલ્લામાં ફેલાયેલા છે. દિવંગત મુખ્તાર અંસારીના ભાઈ અફઝલ અંસારી ગાઝીપુરથી ચૂંટણી મેદાનમાં છે અને પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પુત્ર નીરજ શેખર બલિયાથી ચૂંટણી લડી રહ્યા છે. વારાણસીમાં મોદી સામે ચૂંટણી લડનારાઓમાં અજય રાય (કોંગ્રેસ), અથેર જમાલ લારી (બીએસપી), કોલિસેટ્ટી શિવ કુમાર (યુગ તુલાસી પાર્ટી), ગગન પ્રકાશ યાદવ, (અપના દલ, કામરાવાડી), અને અપક્ષ દિનેશ કુમાર યાદવ અને સંજય કુમાર તિવારી છે. દક્ષિણ બંગાળમાં હોટસીટ બસીરહાટમાં પણ મતદાન થશે. સાતમા તબક્કામાં ડમ ડમ, બારાસત, બસીરહાટ, જયનગર, મથુરાપુર, ડાયમંડ હાર્બર, જાદવપુર, કોલકાતા દક્ષિણ અને કોલકાતા ઉત્તરને આવરી લેવાશે જ્યાં ટીએમસીએ ૨૦૧૯ની ચૂંટણીમાં જીત મેળવી હતી. પંજાબમાં ચાર વખતના સાંસદ પ્રણીત કૌર, પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, ત્રણ વખતના સાંસદ હરસિમરત કૌર બાદલ અને રવનીત સિંહ બિટ્ટુ મેદાનમાં અગ્રણી ઉમેદવારો છે. ભાજપ અને શિરોમણી અકાલી દળ ૧૯૯૬ પછી પહેલીવાર પોતપોતાની રીતે ચૂંટણી લડી રહ્યા છે જ્યારે બે ઈન્ડિયા જૂથની પાર્ટીઓ કોંગ્રેસ અને આપે પોતાના ઉમેદવારો ઉભા કર્યા છે. બિહારના પટના સાહિબમાં ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદ સતત બીજી લોકસભા ટર્મનું લક્ષ્ય રાખ્યું છે. તેમના મુખ્ય પ્રતિસ્પર્ધી કોંગ્રેસના પ્રવક્તા અંશુલ અવિજિત છે જે ભૂતપૂર્વ લોકસભા સ્પીકર મીરા કુમારના પુત્ર અને જગજીવન રામના પૌત્ર છે. પાટલીપુત્રમાં મીસા ભારતી ત્રીજી વખત પોતાનું નસીબ અજમાવી રહી છે. ભાજપ સાંસદ રામ કૃપાલ યાદવ હેટ્રિક બનાવવાના લક્ષ્યમાં છે.

### પ્રજ્વલ રેવન્ના એક મહિના પછી જર્મનીથી પરત ફર્યો

# જાતીય શોષણ કેસમાં વોન્ટેડ પ્રજ્વલ રેવન્નાની બેંગ્લુરૂ એરપોર્ટ પરથી મહિલા પોલીસ દ્વારા ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

જેડી-એસના નેતા અને ભાજપની આગેવાની હેઠળના એનડીએના હાસન લોકસભા સીટના ઉમેદવાર પ્રજવલ રેવન્ના, જેઓ જાતીય શોષણના કેસમાં આરોપી છે તે શુક્રવારે વહેલી સવારે બેંગ્લુરૂ એરપોર્ટ પર પહોંચ્યા હતા અને તેમના આગમનના થોડા સમય બાદ જ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

જર્મનીના મ્યુનિકથી બેંગ્લુરૂ જવા માટે પ્લેનમાંથી ઉતર્યા પછી સસ્પેન્ડેડ જેડી(એસ) સાંસદ સામે ધરપકડ વોરંટનો અમલ કરવા માટે મહિલા IPS અધિકારીઓની આગેવાની હેઠળ મહિલા પોલીસ કર્મચારીઓ તેની વિરુદ્ધ ધરપકડ વોરંટનો અમલ કરવા માટે રાહ જોઈ રહી હતી. ત્યારબાદ હાસન સાંસદને માત્ર મહિલા પોલીસ સાથે જીપમાં સીઆઈડી ઓફિસ લઈ જવામાં આવ્યા હતા. એસઆઈટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, પ્રજ્વલની ધરપકડ કરવા માટે તમામ મહિલા અધિકારીઓને મોકલવાનો નિર્ણય સભાનપને લેવામાં આવ્યો હતો, જે ઘરે-ઘરે સંદેશો મોકલતો હતો કે, ૩૩ વર્ષીય નેતાએ મહિલાઓ સાથે સાંસદ તરીકે તેમની શક્તિનો દુરૂપયોગ કર્યો હતો.

એરપોર્ટ સિક્યોરિટીએ રેવન્નાને SITને સોંપી દીધા બાદ તેને બેંગ્લુરૂમાં CID ઓફિસ લઈ જવામાં આવ્યો. રેવન્ના તેના નિવાસસ્થાને કામ કરતી એક



### પ્રજ્વલ રેવન્નાને ૬ દિવસની SIT કસ્ટડીમાં મોકલાયો

મહિલા દ્વારા જાતીય હુમલો અને ગુનાહિત ધાકધમકી આપવાના આરોપોનો સામનો કરી રહ્યો છે. મહિનાની શરૂઆતમાં તેના પિતા એચડી રેવન્નાની હાસન સાંસદ સાથે જોડાયેલા કેસમાં જાતીય શોષણ અને અપહરણના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસ કરી રહેલી SIT દ્વારા રેવન્નાને શુક્રવારે કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. સુનાવણી પહેલા તેમના મેડિકલ ટેસ્ટ શહેરની બોરિંગ હોસ્પિટલમાં કરવામાં આવી રહ્યા છે.

તેની માતા ભવાની રેવન્નાની SIT દ્વારા પૂછપરછ કરવામાં આવશે. તેમની ધરપકડ પહેલાં તેઓએ બળાત્કાર પીડિતાના અપહરણના કેસમાં આગોતરા જામીન માટે સ્થાનિક કોર્ટમાં અરજી કરી હતી. પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડાનો પૌત્ર તેમના કથિત અશ્લીલ વીડિયોઝ ધરાવતી પેન ડ્રાઈવ વાયરલ થયા પછી યૌન શોષણના કેસમાં વોન્ટેડ છે. કર્ણાટકમાં સાંસદ પ્રજવલ રેવન્ના કથિત રીતે મહિલાઓનું જાતીય શોષણ કરતા દર્શાવતા વીડિયો અને ફોટા ફરતા થયા બાદ અને એક મહિલાએ તેની સામે કેસ દાખલ કર્યા બાદ તે જર્મની ભાગી ગયો હતો.

રેવન્નાએ એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે, તે ૩૧ મેના રોજ SIT સમક્ષ હાજર થશે અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપશે તેના દિવસો બાદ આ ઘટનાક્રમ સર્જાયો છે.

તેના દાદા દેવેગૌડાએ પ્રજ્વલના સેક્સ સ્કેન્ડલ અંગે પરિવારને બદનામ કરતા લોકોને નિર્દેશિત એક ખુલ્લો પત્ર લખ્યો અને તેને આત્મસમર્પણ કરવા કહ્યું તે પછી રેવન્ના ભારત પરત ફર્યો હતો.

દેવેગૌડાએ પત્રમાં લખ્યું હતું કે, 'આ સમયે હું ફક્ત એક જ વસ્તુ કરી શકું છું. હું પ્રજ્વલને કડક ચેતવણી આપી શકું છું અને તેને કહી શકું છું કે તે જ્યાં હોય ત્યાંથી પાછો ફરે અને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરે. તેણે પોતાની જાતને કાનૂની પ્રક્રિયાને આધીન કરવી જોઈએ. આ માત્ર અપીલ નથી, તે એક ચેતવણી છે જે હું જારી કરી રહ્યો છું.'

રેવન્ના જેઓ એનડીએના ઉમેદવાર તરીકે હાસન પાસેથી લોકસભામાં નવી મુદ્દતની માંગ કરી રહ્યા છે, તેમણે તેમના મતવિસ્તારમાં લોકસભા ચૂંટણી માટે મતદાન કર્યાના એક દિવસ પછી ૨૭ એપ્રિલે દેશ છોડી દીધો હતો.

# જ્યારે મોદી કન્યાકુમારીમાં એકાંતમાં 'ધ્યાન' ધરી રહ્યા છે તો હાલમાં તેમનો ચાર્જ કોણ સંભાળે છે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

નરેન્દ્ર મોદીની તેમના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ચૂંટણી પ્રચારમાં રેકોર્ડ સમય પસાર કરવા બદલ ટીકા કરવામાં આવી છે. રાજ્યની મહત્ત્વપૂર્ણ બાબતો પર અપૂરતું ધ્યાન આપવાનો પ્રશ્ન પણ ઊભો થયો છે. પરંતુ હવે મોદીએ કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક પર 'ધ્યાન કરવા' જવાનું નક્કી કર્યું તો સાઉથ બ્લોકમાં તેમનો હવાલો કોણ સંભાળે છે ?

૬ જુલાઈ, ૨૦૨૨ના રોજ જારી કરાયેલ મંત્રી પરિષદની યાદી મુજબ કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ, વરિષ્ઠતાની દૃષ્ટિએ વડાપ્રધાન પછી પછીના ક્રમે છે. તેથી તક્નિકી રીતે જો વડાપ્રધાન તેમની ફરજો નિભાવવામાં અસમર્થ હોય તો તેમણે ચાર્જ સંભાળવો જોઈએ, કારણ કે, મોદી 'ધ્યાન' ધરી રહ્યા છે.

મોદીએ નાયબ વડાપ્રધાન તરીકે કોઈને નિયુક્ત કર્યા નથી. તેમના પ્રથમ કાર્યકાળમાં જ્યારે સપ્ટેમ્બર, ૨૦૧૪માં યુ.એસ.ના પ્રવાસે હતા, ત્યારે તત્કાલીન ગૃહપ્રધાન રાજનાથસિંહને સત્તાવાર રીતે તાત્કાલિક સરકારી કામકાજને સંભાળવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સંદર્ભે એક નોંધ જારી કરવામાં આવી હતી.

જો કે, આ વખતે પીએમઓ તરફથી ૩૦ મેના રોજ કોઈ પ્રેસ રિલીઝ જારી



કરવામાં આવી ન હતી. મોદી તેમના બે દિવસીય (૪૫ કલાક-લાંબા) એકાંત માટે રવાના થયા હતા.

● પૂર્વ PMO અધિકારી કહે છે કે, મોદી પરમાણુ કમાન્ડના એકમાત્ર વડા હોવાથી તેમને કાર્યકારી PMનું નામ આપવું જરૂરી છે. કોઈને ઈન્ચાર્જ તરીકે નિયુક્ત ન કરવું તે ખૂબ જ બેજવાબદારીભર્યું વર્તન છે.

● પૂર્વ કેબિનેટ સચિવે જણાવ્યું હતું કે, PM ચીન અથવા પાકિસ્તાન સાથેની સરહદ પર ગંભીર સ્થિતિ જેવી તાકીદની બાબતોની સંપૂર્ણપણે અવગણના કરી શકે નહીં. જો કે, નિયમિત બાબતો તેમના કેબિનેટ અને વરિષ્ઠ મંત્રીઓ સંભાળી શકે છે.

● એક વરિષ્ઠ પૂર્વ અધિકારી આવા પરમાણુ પ્રોટોકોલથી સારી રીતે વાકેફ છે, તેમણે કહ્યું કે, પરમાણુ સત્તા માટે તેના ઉત્તરાધિકારની સ્પષ્ટ અને નિર્ધારિત નિર્દેશો છે જો PM અથવા કમાન્ડ માટે કોઈ પણ વ્યક્તિ અસમર્થ હોય અથવા મૃત્યુ પામે છે અથવા ગેરહાજર હોય ત્યારે અમુક નિર્દેશો હોય છે. સંરક્ષણ માટે પણ આવું જ લાગુ પડે છે.

● અન્ય પૂર્વ PMO અધિકારીએ કહ્યું કે, ટેક્નિકલ રીતે કોઈએ ચાર્જમાં રહેવાની જરૂર નથી; તે ધ્યાનમાં છે પણ તે અસમર્થ નથી. તેમજ કોઈપણ પ્રકારની તબીબી સારવારમાં નથી. તે પોતાની જાતે લેવામાં આવેલ અલગતા છે અને કટોકટીના કિસ્સામાં તેઓ આ અલગતા સમાપ્ત કરી શકે છે. આ માટેના નિયમો સ્પષ્ટ છે.

કેદારનાથમાં ગુફાઓમાં ૨૦૧૯માં મોદીએ ત્યાં 'ધ્યાન' કર્યું હતું, પરંતુ ૧૭મી સામાન્ય ચૂંટણીના અંતિમ દિવસે તેમણે ત્યાં માત્ર ૧૭ કલાક જ વિતાવ્યા હતા. આ વખતે તેઓ બે દિવસ એકલતામાં રહેવાના છે.

ભારતીય ચૂંટણી પંચ (ECI)ની છેલ્લી વખત ટીકા થઈ હતી કારણ કે, આદર્શ આચારસંહિતા અને સાયલન્ટ પિરિયડ હોવા છતાં મીડિયા દ્વારા કાર્પેટ કવરેજ માટે તેમના તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. આ વખતે પણ વિપક્ષ કોંગ્રેસે ઔપચારિક ફરિયાદ કરી હોવા છતાં ECI તરફથી કોઈ શબ્દ આવ્યો નથી.

# દિલ્હીના ખજુરી ખાસના મુસ્લિમોએ કહ્યું : તેમના નામ ઈરાદાપૂર્વક મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા

## એવા ઘણા મતદારો જેઓ વર્ષોથી મતદાન કરી રહ્યા છે તેઓને જાણવા મળ્યું હતું કે, ઉત્તર-પૂર્વ દિલ્હી મતવિસ્તારની મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે

(એજન્સી) તા.૩૧

દિલ્હીના ખજુરી ખાસ વિસ્તારની શ્રી રામ કોલોનીમાં રહેતી ફરહા ખાન ત્રણ દિવસ પહેલાં, ૨૫ મેના રોજ, ઉત્તર પૂર્વ દિલ્હી મતવિસ્તારમાં મતદાન મથક પર મતદાન કરવા ગયા હતા, ત્યારે આ ૨૫ વર્ષીય મહિલાએ જોયું કે મતદાર યાદીમાં તેના નામ પર 'કાઢી નાખેલ' શબ્દ છાપવામાં આવ્યો હતો. ફરહાની બહેન, ૨૮ વર્ષની રૂબીના ખાન સાથે પણ આવું જ થયું હતું. આ બંને બહેનો મતદાન કરી શકી ન હતી અને બૂથ પરના મતદાન અધિકારીઓ તેમના નામ કેમ કાઢી નાખવામાં આવ્યા તેનું કારણ સમજાવી શક્યા ન હતા.

તેણીએ કહ્યું કે, મેં ૨૦૧૯થી દરેક ચૂંટણીમાં મતદાન કર્યું છે, મારૂં નામ અચાનક કેવી રીતે હટાવી શકાય ? મારા માતા-પિતા અને મારા ભાઈ મતદાન કરી શકે છે. તે કેવી રીતે શક્ય છે કે એક જ ઘરમાં ત્રણ લોકો મતદાર યાદીમાં છે અને બે લોકોન નામ નથી ? મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તાર ખજુરી ખાસમાં માત્ર ખાન બહેનો જ ન નહીં જેમને મતદાનના દિવસે જાણવા મળ્યું કે તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. આ બાબતને સૌપ્રથમ રિવોલ્યુશનરી વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયાના સ્વયંસેવકો દ્વારા જાણ કરવામાં આવી હતી, જેમણે નોર્થ ઈસ્ટ દિલ્હી સીટના પોલિંગ બૂથની બહાર હેલ્પ ડેસ્ક લગાવ્યા હતા. રિવોલ્યુશનરી વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયાના યોગેશ સ્વામીએ જણાવ્યું હતું કે, આ વખતે, અમને અસાધારણ રીતે વધુ સંખ્યામાં એવા મતદારો મળ્યા જેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. આ લોકોને આ વિશે કોઈ જ ખબર ન હતી. રિવોલ્યુશનરી વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયા રજિસ્ટર્ડ પાર્ટી ન હોવાથી સ્વામીએ ઉત્તર પૂર્વ દિલ્હી મતવિસ્તારમાંથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. મતદારોએ આરોપ લગાવ્યો હતો કે તેમના નામો કાઢી નાખવા એ મુસ્લિમોને મત આપવાથી દૂર રાખવાનું ષડયંત્ર છે કારણ કે તેઓ સત્તાધારી ભારતીય જનતા પાર્ટી વિરૂદ્ધ મતદાન કરે છે. ચૂંટણી અધિકારીઓએ આ દાવાને નકારી કાઢ્યો હતો. આ વિસ્તારના મતદાર નોંધણી અધિકારીએ જણાવ્યું કે મતદાર યાદીમાંથી મતદારોના નામ કાઢી નાખવાના તમામ કેસોમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું છે. ઠાકુરે જણાવ્યું કે, મેં મતદાર યાદી તપાસી અને જોયું કે આમાંના મોટાભાગના મતદારો મુસ્લિમ હતા. મને લાગ્યું કે આટલા બધા મતદારોના નામો કાઢી નાખવામાં કંઈક ષડયંત્ર છે. આ યાદીની નકલ દર્શાવે છે કે આ ત્રણ રસ્તાઓમાં જ ૯૨ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. આમાંથી નેવું મતદારોના નામ મુસ્લિમ છે. મતદારોએ મતદાનના દિવસે ફરિયાદ કરી હતી કે તેમના



નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. તેઓએ તાજેતરમાં જ દિલ્હીમાં ૨૦૨૨ ની નાગરિક સંસ્થાની ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

ખાને આ માટે ભાજપ પર આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે, હું વર્ષોથી એક જ બૂથ પર મતદાન કરૂં છું અને ભાજપ જાણે છે કે ખજુરી ખાસમાં કોઈ તેને મત આપશે નહીં, તેથી તે મુસ્લિમોને મતદાન કરતા રોકવા માંગે છે. તેઓએ યાદીમાંથી મારું નામ કાઢી નાખવા માટે કંઈક કર્યું હશે. કરવલ નગર વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારી આશા ચૌધરી મલ્હોત્રાએ કહ્યું કે, સંભવ છે કે જ્યારે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, ત્યારે મતદારો તેમના ઘરે હાજર ન હતા. મતદાર નોંધણી અધિકારીઓ મતદાર યાદીમાંથી નામ ઉમેરવા અને કાઢી નાખવા માટે ડોર-ટુ-ડોર સર્વે કરે છે. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે દરેક કેસમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું.

મેન્યુઅલ કહે છે કે મતદાર નોંધણી અધિકારીએ મતદારને સાત દિવસની નોટિસ જારી કરવાની જરૂર છે જે સ્પીડ પોસ્ટ તેમજ ઈ-મેલ અથવા એસએમએસ દ્વારા મતદારના જૂના સરનામા પર મોકલવામાં આવશે. સૂચના મેન્યુઅલ અનુસાર, ચૂંટણી નોંધણી અધિકારીના નોટિસ બોર્ડ અને મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ પર પણ મૂકવી આવશ્યક છે. જો મતદાર સાત દિવસમાં નોટિસનો જવાબ આપવામાં નિષ્ફળ જાય, તો નામ કાઢી નાખવામાં આવશે અને કાઢી નાખવાની સૂચના મતદારના અગાઉના સરનામા પર સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. જો કે, ખજુરી ખાસમાં, મતદારો આવી કોઈ જોગવાઈથી અજાણ છે. પૂર્વ ભારતીય વહીવટી સેવા અધિકારી કન્નન ગોપીનાથન, જેમણે રિટર્નિંગ ઓફિસર તરીકે કામ કર્યું છે, તેમણે જણાવ્યું હતું કે મતદાર કાઢી નાખવાની નોટિસ ડિજિટલ રીતે મોકલવી આવશ્યક છે. મતદારોને જાણ કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે કે તેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે. હું માનું છું કે મુસ્લિમ મતદારોને સૂચિમાંથી અન્યાયી રીતે દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ જો એવું ન હોય તો પણ પારદર્શિતા હોવી જરૂરી છે. હું આ મુદ્દો ચૂંટણી પંચ સમક્ષ ઉઠાવીશ.

### બિગ બીને કરી આ ખાસ અપીલ

# 'ડિયર અમિતાભ બચ્ચન...', કેરળ કોંગ્રેસે રેલ મંત્રી પર લગાવ્યો આરોપ

## કેરળ કોંગ્રેસે દાવો કર્યો હતો કે, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભીડની સમસ્યાનો સામનો કરવા માટે ટ્રેનોની સંખ્યા વધારવા માટે પાર્ટીના આહ્‌વાનને સાંભળ્યું ન હતું

(એજન્સી) તા.૩૧

કેરળ કોંગ્રેસે ગુરુવારે ઉત્તર પ્રદેશના ગોરખપુરથી ખીચોખીચ ભરેલી ટ્રેનનો વીડિયો શેર કર્યો છે. આ વિડીયો સાથે લખાયેલ કેપ્શન "ડિયર અમિતાભ બચ્ચન..." થી શરૂ થયું હતું અને બોલિવૂડ અભિનેતાનું એકાઉન્ટ પણ પોસ્ટમાં ટેગ કરવામાં આવ્યું હતું.કેરળ કોંગ્રેસે પોતાની પોસ્ટમાં અમિતાભ બચ્ચનને વિનંતી કરતા કહ્યું કે, "અમને તમારી થોડી મદદની જરૂર છે. કરોડો સામાન્ય લોકો આ રીતે મુસાફરી કરવા મજબૂર છે. રિઝર્વેશન કોચ પણ લોકોથી ભરેલા છે. ઉત્તર ભારતમાં તાપમાન ૫૨ ડિગ્રી સેલ્સિયસ છે. અને આ વીડિયો ગોરખપુરનો છે, જ્યાં યુપીના મુખ્યમંત્રી છે."વીડિયોમાં ટ્રેનની અંદર ભીડથી ભરેલો ડબ્બો દેખાય છે, જેમાં લોકો ગરમીથી ઝઝૂમી રહ્યા છે. તેઓ પ્લાસ્ટિકના પંખાનો ઉપયોગ કરીને ગરમીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. કેન્દ્ર સરકારની ટીકા કરતા કેરળ કોંગ્રેસે કહ્યું કે છેલ્લા એક દાયકામાં દેશની વસ્તીમાં ૧૪ કરોડનો વધારો થયો છે, પરંતુ ટ્રેનોની સંખ્યા તેના અનુરૂપ નથી. ઘણી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી હતી, પરંતુ તેમાંથી અડધી ખૂબ ઓછા મુસાફરો સાથે ચાલી રહી છે.પછી કેરળ કોંગ્રેસે પોસ્ટમાં જણાવ્યું કે તેણે બોલિવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનને શા માટે ટેગ કર્યા.પાર્ટીએ દાવો કર્યો હતો કે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્રેનોની સંખ્યા વધારવાની પાર્ટીની વિનંતીને સાંભળી ન હતી. કેરળ કોંગ્રેસે કહ્યું, "તેઓ (રેલવે મંત્રી) અમીરો અને સેલિબ્રિટીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર ઝડપથી જવાબ આપે છે, પછી ભલે વિનંતી હેક થયેલ ટ્વિટર એકાઉન્ટને પુનઃપ્રાપ્ત કરવાની હોય."પાર્ટીએ આ મુદ્દા પર ધ્યાન દોરવા માટે અમિતાભ બચ્ચનના સ્ટારડમનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો. કેરળ કોંગ્રેસે કહ્યું, "સામાજિક કારણો પ્રત્યેના તમારા પ્રભાવ અને પ્રતિબદ્ધતાને જોતાં, અમે તમને આ બાબતે ટ્વીટ કરવા વિનંતી કરીએ છીએ. તમારું સમર્થન આ લોકોની દુર્દશા તરફ ધ્યાન દોરશે અને સંભવિત રીતે "મદદ કરી શકે છે."

# ૧૦૦થી ૧૨૮ બેઠકો : ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટી માટે કોંગ્રેસ પ્રમુખની આગાહી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ આજે કહ્યું હતું કે, પાર્ટીને વિશ્વાસ છે કે, અન્ય ઈન્ડિયા જૂથ સહયોગીઓ સાથે મળીને અમે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને સતત ત્રીજી વખત જીતવાથી રોકીશું. એનડીટીવી સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં ખડગેએ કહ્યું કે, કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૧૨૮ બેઠકો જીતે તેવી અપેક્ષા છે.

ખડગેએ એનડીટીવીને કહ્યું, અમને મળેલા અહેવાલોથી અમને વિશ્વાસ છે કે, અમે ભાજપને સત્તામાં પાછા આવતાં રોકીશું. અમે માનીએ છીએ કે કોંગ્રેસ ૧૦૦ બેઠકોનો આંકડો પાર કરી ચૂકી છે અને અમને ૧૨૮ બેઠકો જીતવાની અપેક્ષા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપને હરાવવા માટે ચૂંટણી પહેલાં ઘણા વિરોધ પક્ષોએ હાથ મિલાવ્યા હતા. ઈન્ડિયા જૂથના પ્રદર્શન વિશે બોલતા ખડગેએ કહ્યું, અમે (ઈન્ડિયા ગઠબંધન) સાથે મળીને ખૂબ જ સારૂં પ્રદર્શન કર્યું છે. અમે ચૂંટણી દરમિયાન એકબીજાને મદદ કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો, જેના પરિણામે અમારા મત એકબીજાને ટ્રાન્સફર થયા હતા.

લોકસભાની ૫૪૩ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન શરૂ થયું હતું અને અંતિમ અને સાતમો તબક્કો ૧લી જૂને યોજાશે. ૪ જૂને પરિણામ જાહેર થશે અને સરકાર બનાવવા માટે પાર્ટીએ ૨૭૨નો આંકડો પાર કરવો પડશે.

ખડગેએ જોડાણના તમામ સભ્યોની એક બેઠક બોલાવી છે, જ્યાં તેઓ મતગણતરી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો સાથે ચેડાં થઈ રહ્યા છે કે કેમ તે અંગે ચર્ચા કરવાની યોજના ધરાવે છે.

ખડગેએ કહ્યું, ગણતરી દરમિયાન કોઈ દખલ ન થાય તેની ખાતરી કરવા માટે અમે ૧લી જૂને એક બેઠક બોલાવી છે. અમે દરેક નેતાને કહીશું કે કેવી રીતે EVM સાથે ચેડાં થાય છે અને તે કેવી રીતે ન થાય તેની ખાતરી કરવી.

એક અલગ ઈન્ટરવ્યુમાં કોંગ્રેસના વડાએ રાહુલ ગાંધીને નરેન્દ્ર મોદી પછી વડાપ્રધાન બનવાનું સમર્થન કર્યું હતું જો તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને હરાવે છે.

ખડગેએ એનડીટીવીને જણાવ્યું, વડાપ્રધાન બનવા માટે રાહુલ ગાંધી મારી પસંદગી છે. તેઓ મારી પસંદગી છે અને તેઓ યુવાનો અને સમગ્ર દેશનું પ્રતિનિધિત્વ કરે છે.

# બિહારના મુંગેરમાં ચૂંટણીમાં ગેરરીતિનો આરોપ લગાવતી RJD ઉમેદવારની અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે કર્યો ઈન્કાર

## મુંગેર સંસદીય મતવિસ્તારમાં ગંભીર છેડછાડ, બૂથ કેપ્ચરિંગ અને ચૂંટણીમાં ગેરરીતિનો આક્ષેપ કરતી બિહારના RJD ઉમેદવારે દાખલ કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટે શુક્રવારે બિહારના આરજેડી ઉમેદવારે મુંગેર સંસદીય મતવિસ્તારમાં બૂથને કબજે કરીને ગંભીર છેડછાડ કરવાનો અને ચૂંટણીમાં ધાંધલધમાલ કરવાનો આરોપ લગાવતી દાખલ કરેલી અરજીને ધ્યાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ એસ.સી. શર્માની અધ્યક્ષતાવાળી વેકેશન બેન્ચે અરજદાર અનીતા કુમારીને અમુક બૂથ પર ફરીથી મતદાન કરાવવા અને જિલ્લા ચૂંટણી અધિકારી (DEO)ને તમામ વહીવટી જવાબદારીઓમાંથી દૂર કરવાના નિર્દેશો માંગતી અરજી સાથે અધિકારક્ષેત્ર હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ન્યાયમૂર્તિ પી.બી. વરાલેને સમાધાનમાં રાખીને બેન્ચે કહ્યું, 'તમે હાઈકોર્ટમાં કેમ નથી ગયા ? કૃપા કરીને હાઈકોર્ટમાં જાઓ. તમે હાઈકોર્ટ સમક્ષ આ બધી દલીલો કરી શકો છો. અમે સીધી સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરાયેલી અરજીને યોગ્યતાના આધારે સ્પર્શતા નથી.' તેના જવાબમાં અરજદારના વકીલે જણાવ્યું હતું કે, હાઈકોર્ટ અરજીને સ્વીકારશે નહીં. તેના પર સર્વોચ્ચ અદાલતે કહ્યું, 'અસ્વીકારનો આદેશ ક્યાં છે ? માફ કરશો. તમે હાઈકોર્ટને આ રીતે દોષી ન ઠેરવી શકો. હાઈકોર્ટમાં ગયા વિના તમે હાઈકોર્ટને દોષી ઠેરવી રહ્યા છો.' વધુમાં કોર્ટે અરજદારના વકીલને પૂછ્યું કે, શું અરજીને ફગાવી દેવામાં આવે અથવા તે કલમ ૩૨ હેઠળ સીધી સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરાયેલી અરજી પાછી ખેંચવા માંગે છે. આખરે અરજીને હાઈકોર્ટનો સંપર્ક કરવાની સ્વતંત્રતા સાથે પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાથી મામલો બરતરફ કરવામાં આવ્યો હતો. મુંગેરના આરજેડી



ઉમેદવારે અરજીમાં આક્ષેપ કર્યો હતો કે, ભારતના ચૂંટણી પંચના નિરીક્ષકો અને ડીઈઓ સહિત સંબંધિત અધિકારીઓને સમયસર ફરિયાદો કરવાવામાં આવી હોવા છતાં તેમણે તે સમયે કોઈપણ પગલાં લીધાં હતાં. જ્યારે કુમારી અનીતાએ અધિકારીઓ JD(U)ના કાર્યકરોના વર્તનનો વિરોધ કર્યો ત્યારે તેને નિર્દયતાથી મારવામાં આવી હતી જેને કારણે તેને ગંભીર ઈજા થઈ હતી. 'જુદા-જુદા સ્થળોએ મોટા પાયે બૂથ કેપ્ચરિંગ અને હેરાફેરી થઈ હોવા છતાં વહીવટીતંત્ર તરફથી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી ન હતી. વહીવટીતંત્રએ સંપૂર્ણપણે વર્તમાન સાંસદ અને JD(U)ના ઉમેદવાર રાજીવ રંજન @ લલ્લનસિંહની સાથે હાથ મિલાવેલા હતા. એડવોકેટ અલ્જો કે. જોસેફ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવ્યું હતું કે, 'તે હકીકત છે કે, સમગ્ર વહીવટ તંત્ર શાસક પક્ષ અને વર્તમાન સાંસદના નિયંત્રણમાં છે.' વધુમાં અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સ્થાનિક વહીવટીતંત્ર JD(U) ઉમેદવાર સાથે સંપૂર્ણ ગઠબંધનમાં હતું અને લોકશાહીના હિતમાં કામ કરી રહ્યું ન હતું. તે લોકશાહી પ્રક્રિયાને હરાવવાનો પ્રયાસ પણ કરી રહ્યું હતું.

# 'તેમણે મને ઘણી રીતે ત્રાસ આપ્યો,' અરવિંદ કેજરીવાલે ૨ જૂનના શરણાગતિ પહેલાં આરોપ મૂક્યો; ફરીથી સરમુખત્યારશાહી કાર્ડ રમ્યું

## અરવિંદ કેજરીવાલને ૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા અને તેમને ૨ જૂને તિહાર જેલમાં આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

શરણાગતિની અંતિમ તારીખ નજીક આવતા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે એક ભાવનાત્મક સંદેશ પોસ્ટ કર્યો અને કહ્યું કે, તેમને ગર્વ છે કે, તેઓ દેશને સરમુખત્યારશાહીથી બચાવવા માટે જેલમાં જઈ રહ્યા છે. કેજરીવાલને ૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા અને તેમને ૨ જૂને તિહાર જેલમાં આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. કેજરીવાલે કહ્યું કે, 'દેશને સરમુખત્યારશાહીથી બચાવવા જેલમાં જવું છે.' પોતાના વીડિયો સંદેશમાં કેજરીવાલે કહ્યું, "આવતીકાલે ૨૧ દિવસ પૂરા થઈ રહ્યા છે, તે પછી મારે આત્મસમર્પણ કરવું પડશે. મને નથી ખબર કે આ વખતે તેઓ મને કેટલો સમય જેલમાં રાખશે. પરંતુ મે મારો જુસ્સો જાળવી રાખ્યો છે. હું દેશને સરમુખત્યારશાહીથી બચાવવા માટે જેલમાં જઈ રહ્યો છું અને મને આ વાત પર ગર્વ છે. તેમણે કહ્યું, "જ્યારે હું જેલમાં હતો, ત્યારે તેઓએ મને ઘણી રીતે યાતનાઓ આપી અને મારી દવાઓ બંધ કરી દીધી. હું ૨૦ વર્ષથી ગંભીર ડાયાબિટીસનો રોગી છું. દસ વર્ષથી હું દરરોજ, દિવસમાં ચાર વખત ઈન્સ્યુલિનના ઈન્જેક્શન લેતો હતો. જેલમાં તેઓએ મારી દવાઓ બંધ કરી દીધી હતી. ઘણા દિવસો સુધી મારી શુગર ૩૦૦-૩૨૫ પર પહોંચી ગઈ હતી તેનાથી કીડની અને લીવર બગડે છે, મને ખબર નથી કે તેઓ શું ઈચ્છતા હતા, તેમણે આવું કેમ કર્યું?. વધુમાં દિલ્હીના સીએમએ કહ્યું કે જેલમાંથી મુક્ત થયા પછી પણ તેમનું વજન વધી રહ્યું નથી અને તેમના ડૉક્ટરોને કોઈ મોટી બીમારી થવાની આશંકા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું, "હું ૫૦ દિવસ જેલમાં હતો અને આ ૫૦ દિવસમાં મારું વજન ૬ કિલો ઘટી ગયું . હું જેલમાં ગયો ત્યારે મારું વજન ૭૦ કિલો હતું, આજે ૬૪ કિલો છે. જેલમાંથી છૂટ્યા પછી પણ મારું વજન નથી વધ્યું. ડૉક્ટર કહે છે કે શરીરમાં કોઈ મોટી બીમારી હોઈ શકે છે, અને પેશાબમાં કીટોનનું સ્તર ખૂબ જ વધી ગયું છે."



**કેજરીવાલે નેશનલ કેપિટલમાં મફત સેવાઓ ચાલુ રાખવાનું વચન આપ્યું**

દિલ્હીના સીએમએએ પણ ભારપૂર્વક કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં કામ ચાલુ રહેશે અને પાછા ફર્યા પછી તે દરેક મહિલાને દર મહિને હજાર રૂપિયા આપવાનું શરૂ કરશે. તેમણે કહ્યું કે, "તમારા બધા કામ ચાલુ રહેશે, હું જ્યાં પણ રહું, અંદર કે બહાર, હું દિલ્હીનું કામ અટકવા નહીં દઉં. તમારી મફત વીજળી, મોહલ્લા ક્લિનિક્સ, હોસ્પિટલ, મફત દવાઓ, સારવાર, મહિલાઓ માટે મફત બસ મુસાફરી, ૨૪ કલાક વીજળી અને અન્ય તમામ કામ ચાલુ રહેશે, હું દરેક માતા અને બહેનને દર મહિને હજાર રૂપિયા આપવાનું શરૂ કરીશ." તેણે લોકોને તેના બીમાર માતા-પિતા માટે પ્રાર્થના કરવા પણ વિનંતી કરી. તેમણે કહ્યું, "આજે હું મારા પરિવાર માટે તમારી પાસેથી કંઈક માંગું છું. મારા માતા-પિતા ખૂબ જ વૃદ્ધ છે. મારી માતા ખૂબ જ બીમાર છે. હું જેલમાં તેમની ખૂબ ચિંતા કરું છું. મારા પછી મારા માતા-પિતાની સંભાળ રાખો, તેમના માટે પ્રાર્થના કરો, ભગવાનને પ્રાર્થના કરો. પ્રાર્થના મહાન શક્તિ છે." દિલ્હીના સીએમએ ઉમેર્યું કે, "આપણે બધા સાથે મળીને સરમુખત્યારશાહી સામે લડી રહ્યા છીએ. જો દેશને બચાવતા મને કંઈક થાય, હું જીવ પણ ગુમાવી દઉં, તો દુઃખી ન થતાં . તમારી પ્રાર્થનાના કારણે આજે હું જીવિત છું અને તમારા આશીર્વાદ ભવિષ્યમાં પણ મારી રક્ષા કરશે. અંતે, હું એટલું જ કહેવા માંગુ છું કે, જો ભગવાનની ઈચ્છા હશે, તો તમારો આ પુત્ર ખૂબ જ જલ્દી પાછો આવશે."

### દિલ્હીમાં પાણીની કટોકટી

# પાણીની અછત સર્જાતા કેજરીવાલ સરકારે સુપ્રીમના દરવાજા ખખડાવ્યા

## પાડોશી રાજ્યોને વધુ પાણી છોડવાનો નિર્દેશ આપવામાં આવે તેવી માંગ કેજરીવાલ સરકાર દ્વારા કરવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી , તા.૩૧

દિલ્હીમાં જળસંકટને લઈને આમ આદમી પાર્ટી સરકારે સુપ્રીમકોર્ટમાં અરજી કરી છે. કેજરીવાલ સરકારે સુપ્રીમકોર્ટને આ મામલે દખલ કરવાની અપીલ કરતાં કહ્યું કે પાડોશી રાજ્યોને વધુ પાણી છોડવાનો નિર્દેશ આપવામાં આવે. દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીની ભારે અછત છે અને દિલ્હી સરકારનો આરોપ છે કે યમુનામાં હરિયાણાએ પાણીનો સપ્લાય ઘટાડી દીધો છે જેના કારણે સંકટની સ્થિતિ સર્જાઈ છે. આમ આદમી પાર્ટીની સરકારે દેશની સર્વોચ્ચ અદાલતને જણાવ્યું છે કે હીટવેવની સ્થિતિને કારણે શહેરમાં પાણીની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. પાડોશી રાજ્યો હરિયાણા, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશને એક મહિના માટે યમુનામાં વધારાનું પાણી છોડવાની સૂચના આપવામાં આવે. સરકારે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાનીની પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કામ કરવું એ દરેકની જવાબદારી છે. આ પહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ હરિયાણાની ભાજપ સરકાર પાસે એક મહિના માટે વધુ પાણી મોકલવાની માંગ કરી હતી. દિલ્હી સરકારના મંત્રીએ આરોપ લગાવ્યો કે હરિયાણા સરકારે જાણી જોઈને દિલ્હી તરફ આવતા પાણીમાં ઘટાડો કર્યો છે. દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ જળ સંકટ માટે કેજરીવાલ સરકારના ગેરવહીવટને જવાબદાર ઠેરવ્યો છે. રાજધાનીમાં આકરી ગરમી વચ્ચે લોકો પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે. શહેરના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૫૦ ડિગ્રીની આસપાસ રહે છે, જેથી લોકોને પીવાના પાણી માટે પણ સંઘર્ષ કરવો પડે છે. ઘણા વિસ્તારોમાં દિવસમાં માત્ર એક જ વાર અને ઘણા વિસ્તારોમાં ૪૮ કલાકમાં માત્ર એક જ વાર પાણી આપવામાં આવી રહ્યું છે. ઘણા વિસ્તારો માત્ર ટેક્રો પર નિર્ભર છે. સરકારે પાણીનો બગાડ કરવા પર ૨૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવાની પણ જાહેરાત કરી છે.

# રાજસ્થાનમાં હીટવેવને કારણે મૃત્યુઆંકમાં વિસંગતતાનો આરોપ; હાઈકોર્ટે કેન્દ્રને 'રાષ્ટ્રીય કટોકટી' જાહેર કરવા આગ્રહ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧


રાજસ્થાન હાઈકોર્ટે ગરમીના પ્રકોપથી થતાં મૃત્યુ અંગે સ્વતઃ સંજ્ઞાન લીધું હતું અને કેન્દ્રને વિનંતી કરી હતી કે, ચાલુ ગરમીના મોજાને રાષ્ટ્રીય કટોકટી તરીકે જાહેર કરવામાં આવે. રાજ્ય સરકારે ગુરૂવારે કોર્ટને જણાવ્યું કે, રાજસ્થાનમાં ગરમીના કારણે લોકોનાં મોત થઈ રહ્યા છે. કોર્ટે કહ્યું કે, સત્તાવાળાઓ લોકોને ગરમીના મોજાથી બચાવવા માટે યોગ્ય પગલાં લેવામાં નિષ્ફળ રહ્યા છે. કોર્ટે કહ્યું કે, 'અમારી પાસે બી ગ્રહ નથી કે જેના પર આપણે જઈ શકીએ. જો આપણે અત્યારે કડક પગલાં નહીં લઈએ તો અમે અમારી ભાવિ પેઢીને કાયમ માટે ખીલતી જોવાની તક ગુમાવીશું.' કોર્ટે રાજ્ય સરકારને હીટવેવની સ્થિતિને કારણે મૃત્યુ પામેલા લોકોના નજીકના સંબંધીઓને સહાય વળતર આપવા માટે ભંડોળ ફાળવવા માટે પણ નિર્દેશ આપ્યો હતો. દરમિયાન કોંગ્રેસે શુક્રવારે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર રાજસ્થાનમાં તીવ્ર ગરમીથી થતાં મૃત્યુની સંખ્યાને દબાવવાનો આરોપ મૂક્યો હતો જ્યારે દાવો કર્યો હતો કે, રાજ્યમાં ૧૦૦થી વધુ લોકો હીટસ્ટ્રોકથી મૃત્યુ પામ્યા છે. અહેવાલ અનુસાર કોંગ્રેસના રાજસ્થાન એકમના વડા ગોવિંદસિંહ દોટાસરાએ આરોપ લગાવ્યો છે કે, સત્તાવાળાઓ વળતર ચૂકવવાનું ટાળવા માટે રાજ્ય સરકારના દબાણ હેઠળ વાસ્તવિક સંખ્યા છુપાવી રહ્યા છે. દોટાસરાએ શુક્રવારે દાવો કર્યો હતો કે, રાજ્યમાં '૧૦૦થી વધુ મૃત્યુ થયા છે.' હીટવેવની પરિસ્થિતિનું સંચાલન કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલી ભાજપ સરકાર હવે 'વળતર ચૂકવવાનું ટાળવા માટે મૃત્યુઆંક છૂપાવવાનું પાપ કરી રહી છે' તેવો તેમણે આરોપ મૂક્યો હતો. તેમને ટાંકીને અહેવાલમાં કહેવાયું કે, 'જયપુરની એસએમએસ (સવાઈ માન સિંહ) હોસ્પિટલમાંથી ચોંકાવનારી માહિતી છે કે, જ્યાં ગરમીના મોજાને કારણે મૃત્યુ પામ્યા પછી લગભગ ૪૦ અજાણ્યા લોકોના મૃતદેહ શબગૃહમાં પડ્યા છે. દરરોજ લગભગ ૨૦-૨૫ અજાણ્યા લોકોના મૃતદેહો શબઘરમાં આવી રહ્યા છે. પરંતુ વળતર ચૂકવવાનું ટાળવા માટે મૃત્યુ માટે એક અલગ કારણ દર્શાવીને ત્રણ દિવસમાં મૃતદેહોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.' મૃતદેહોની ઓળખ કરવાની, પરિવારજનોને જાણ કરવાની અને અખબારોમાં માહિતી પ્રકાશિત કરવાની પ્રક્રિયામાં લગભગ સાત દિવસનો સમય લાગે છે ત્યારબાદ મૃતદેહોનો નિકાલ કરવામાં આવે છે એમ કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, 'આ આંકડા માત્ર એસએમએસ હોસ્પિટલના છે. સમગ્ર રાજ્યમાં સ્થિતિ ભયાનક અને ચિંતાજનક છે. સરકાર કહી રહી છે કે, ગરમીના મોજાને કારણે માત્ર પાંચ લોકોનાં મોત થયા છે જ્યારે સત્ય એ છે કે, આકરી ગરમીને કારણે મૃત્યુઆંક વધી ગયો છે. રાજ્ય ખૂબ જ ડરામણી સ્થિતિમાં છે.'

# એર ઈન્ડિયાની ફ્લાઈટ ૨૦ કલાકથી વધુ મોડી પડી; AC વગરના વિમાનમાં મુસાફરો બેહોશ થયા, DGCAએ આપ્યા તપાસના આદેશ

## DGCAએ તેની નોટિસમાં જણાવ્યું છે કે, એર ઈન્ડિયા મુસાફરોને સવલત આપવામાં વારંવાર નિષ્ફળ રહી છે

(એજન્સી) તા.૩૧

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પરથી સાન ફ્રાન્સિસ્કો જવા ઉપડેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૨૦ કલાકથી વધુ મોડી પડતાં મુસાફરોને ભારે મુશ્કેલી પડી હતી. ફ્લાઈટને ગુરૂવારે લગભગ ૧૫:૩૦ કલાકે ઉપડવાનું હતું પરંતુ તેને છ કલાક બાદ શુક્રવારે ફરીથી શેડ્યુલ કરવામાં આવી હતી. એરલાઈનના અધિકારીએ જણાવ્યું હતું કે, 'ઓપરેશનલ સમસ્યાઓ'ને કારણે થયેલા વિલંબ બાદ ફ્લાઈટ હવે શુક્રવારે લગભગ ૧૫:૦૦ કલાકે ઉપડશે. રાષ્ટ્રીય રાજધાનીમાં ગરમીનો પારો તેના મહત્તમ સ્તરે હોવાને લીધે મુસાફરોની મુશ્કેલીઓમાં ઓર વધારો થયો હતો. એરકન્ડીશન ન હોવાને કારણે કેટલાક લોકો એરક્રાફ્ટની અંદર બેહોશ થઈ ગયા હોવાના પણ અહેવાલ છે. એક અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે સાન ફ્રાન્સિસ્કોની ફ્લાઈટમાં એર ઈન્ડિયાના મુસાફરોને અતિશય વિલંબને કારણે કષ્ટદાયક યાતનાઓનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક મુસાફરોએ પ્લેટફોર્મ X પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. શ્વેતા પુંજે જણાવ્યું હતું કે, 'યાત્રીઓને એર કન્ડીશનિંગ વગર પ્લેનમાં બેસાડવામાં આવ્યા હતા. જ બાદ ફ્લાઈટમાં કેટલાક લોકો બેહોશ થઈ જતાં તેમને ઉતારી દેવામાં આવ્યા હતા. આ અમાનવીય છે !' શ્વેતા પુંજને એર ઈન્ડિયાએ 'ખેદ' વ્યક્ત કરીને જવાબ આપ્યો હતો. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, 'કૃપા કરીને



નિશ્ચિંત રહો, અમારી ટીમ વિલંબને દૂર કરવા સક્રિયપણે કામ કરી રહી છે અને તમારા સહયોગ અને સમજણની પ્રશંસા કરી રહી છે. અમે મુસાફરોને જરૂરી સહાય પૂરી પાડવા માટે અમારી ટીમને પણ સૂચિત કરી દીધી છે.' આ ઘટનાને પગલે એવિએશન વોચડોગ DGCAએ એર ઈન્ડિયાને કારણ બતાવો નોટિસ જારી કરી છે. રેગ્યુલેટરે ૩૦ મેના રોજ દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કોની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ, AI 183 અને ૨૪ મેના રોજ મુંબઈથી સાન ફ્રાન્સિસ્કોની AI 179 ફ્લાઈટ્સમાં અસાધારણ વિલંબનો ઉલ્લેખ કર્યો હતો. કેબિનમાં અપૂરતી ઠંડકને કારણે બંને ફ્લાઈટ મોડી પડી હતી અને મુસાફરોને પરેશાની થઈ હતી. નિયમનકારે એ પણ નોંધ્યું હતું કે, એર ઈન્ડિયા 'યાત્રીઓની યોગ્ય કાળજી લેવામાં વારંવાર નિષ્ફળ રહી છે' અને બોર્ડિંગ નકારવા, ફ્લાઈટ્સ રદ કરવા અને ફ્લાઈટ્સમાં વિલંબને કારણે એરલાઈન્સ દ્વારા મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓ સંબંધિત તેની જોગવાઈઓનું પાલન કરતી નથી.'

# સાન ફ્રાન્સિસ્કોની ફ્લાઈટમાં વિલંબ : DGCAએ 'મુસાફરની અગવડતા' માટે એર ઈન્ડિયાને નોટિસ ફટકારી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

સાન ફ્રાન્સિસ્કો (SFO) અને ભારત વચ્ચે લગભગ ૧૬ કલાકમાં એર ઈન્ડિયાની નોનસ્ટોપ મુસાફરી કરવાનો સૌથી ઝડપી રસ્તો છે. પરંતુ એસએફઓ જતી બે ફ્લાઈટના મુસાફરોને એક મુંબઈથી (AI 179 મે ૨૪) અને બીજી દિલ્હીથી (૩૦ મેના AI 183) એક અઠવાડિયાની અંદર મૂળ સ્થાનેથી ૧૮ અને ૨૪ કલાકની લાંબી રાહ જોવી પડી હતી. આ ભયંકર ગરમીમાં યોગ્ય એર-કન્ડીશનિંગ વિના વિમાન પર પેસેન્જરોને બોર્ડ કરવા બદલ, DGCAએ આખરે એરલાઈન ફટકાર લગાવી છે. રેગ્યુલેટરે શુક્રવારે AIને 'મુસાફરોને અગવડતામાં મૂકવાની વારંવારની ઘટનાઓ' અને 'યાત્રીઓની યોગ્ય કાળજી લેવામાં વારંવાર નિષ્ફળતા' માટે કારણ દર્શક નોટિસ જારી કરી છે. ગુરૂવારે બપોરે ફ્લાઈટના ઉપડવાના નિયત સમય ૩:૩૦ વાગ્યેના લગભગ ૨૪ કલાક બાદ, AI 183 માટે દિલ્હી એરપોર્ટ પર ૨૦૦થી વધુ મુસાફરો જ્યારે રાહ જોઈ રહ્યા હતા ત્યારે નોટિસ આવી હતી. ગુરૂવારે સાંજે આ વિમાનમાં કેટલાક મુસાફરો બેહોશ થઈ ગયા હતા, જ્યારે તે ટેક ઓફ કરવા માટેની નિરર્થક લાંબી રાહ જોતા હતા.

# પૂણે પોર્શ કેશ : સગીર આરોપીના પિતા અને દાદાને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા

## આ અઠવાડિયાની શરૂઆતમાં પૂણે જિલ્લા કોર્ટે પૂણે કાર અકસ્માત કેસમાં સામેલ આરોપીના પિતા અને દાદાને ૩૧ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા

(એજન્સી) તા.૩૧

કોર્ટે પૂણે કાર અકસ્માત કેસમાં સામેલ આરોપી સગીરના પિતા અને દાદાને શુક્રવારે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે.

૧૯ મેની રાત્રે બાઈક પર મુસાફરી કરી રહેલા બે આઈટી પ્રોફેશનલ્સને સગીર યુવાને તેની આકર્ષક લક્ઝરી કારથી ટક્કર મારી હતી. જેના કારણે બંને લોકોના તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. ઉપરાંત પૂણે પોલીસ ક્રાઈમ બ્રાન્ચ શુક્રવારે પૂણે ડિસ્ટ્રિક્ટ કોર્ટ સમક્ષ સગીર આરોપીના પિતા માટે પ્રથમ એફઆઈઆરમાં પ્રોડક્શન અરજી દાખલ કરી હતી જેમાં ૧૨૦-બીના આરોપો ઉમેરવામાં આવ્યા હતા. તે બ્લડ સેમ્પલ મેનીપ્યુલેશનની એ જ એફઆઈઆર છે જેમાં બંને ડોક્ટરો અને એક કર્મચારીની ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ પણ પોલીસ કસ્ટડીમાં છે. પૂણેના પોલીસ કમિશનર અમિતેશકુમારે અગાઉ કહ્યું હતું કે, સગીર આરોપીને પુખ્ત વયના તરીકે દર્શાવવાના પ્રયાસ તેમજ અકસ્માત પછી પોર્શ કાર ચલાવનાર તરીકે અન્ય વ્યક્તિને નિયુક્ત કરી ફસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસ તેમના નિવેદનની તપાસ કરી રહી છે. ડ્રાઈવર ગંગાધરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, ૧૯ મેની રાત્રે ગંગાધર યરવડા પોલીસ સ્ટેશનથી બહાર જઈ રહ્યો હતો ત્યારે તેને તેની મરજી વિરુદ્ધ સગીરના ઘરે લઈ જવામાં આવ્યો હતો.

સગીરના દાદા અને પિતાએ ગંગાધરને ધમકી આપી તેનો ફોન છીનવી લીધો અને તેના સગીર પૌત્રને બદલે તેને ગુનાની જવાબદારી લેવા દબાણ કરવાના પ્રયાસમાં તેને બળજબરીથી તેમના બંગલામાં ગોંધી રાખવામાં આવ્યો હતો. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના આદેશ પર આરોપીને એક ઓબ્ઝર્વેશન હોમમાં નજરકેદ કરવામાં આવ્યો છે. આ કેસમાં તેને પહેલાં જામીન આપવામાં આવ્યા હતા પરંતુ બાદમાં તેને પાંચ જૂન સુધી ૧૪ દિવસ માટે ઓબ્ઝર્વેશન હોમમાં મોકલવામાં આવ્યો હતો.

# જર્મનીના મેનહેમમાં છરીથી કરવામાં આવેલા હુમલામાં અનેક લોકો ઘાયલ : પોલીસ

(એજન્સી) તા.૩૧

પોલીસે જણાવ્યું કે, શુક્રવારે દક્ષિણ-પશ્ચિમી જર્મન શહેર મેનહેમના એક ચોક પર એક હુમલાખોરે છરીથી હુમલા કરી અનેક લોકોને ઘાયલ કરી દીધા. પોલીસે હુમલાખોર પર ગોળી ચલાવી જેનાથી તે પણ ઘાયલ થઈ ગયા. પોલીસે જણાવ્યું કે, આ ઘટના સવારે ૧૧:૩૦ વાગ્યા પછી થઈ. તેમણે જણાવ્યું કે, તે ઈજાની ગંભીરતા વિશે તાત્કાલિક કોઈ માહિતી આપી શક્યા નથી. તેમણે એક નિવેદનમાં જણાવ્યું કે, હવે જનતાને કોઈ જોખમ નથી. આ ઘટના મેનહેમના ડાઉનટાઉન ક્ષેત્રના માર્કટપ્લાટ્ઝ ચોક પર થઈ. લગભગ ૩ લાખની વસ્તીવાળું આ શહેર ફ્રેન્કફર્ટના દક્ષિણમાં સ્થિત છે.

વિપક્ષે પબ્લિસિટી સ્ટંટ ગણાવતા પહેલાં જ આનો વિરોધ કર્યો હતો, સાતમાં તબક્કાની ચૂંટણી પહેલાં ધર્મનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો

# PM મોદી વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન ધરવા બેઠા

(એજન્સી) કન્યાકુમારી, તા.૩૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ચૂંટણી પ્રચારનો છેલ્લો તબક્કો સમાપ્ત થઈ ગયો છે. ચૂંટણીના સાતમાં તબક્કાનું મતદાન ૧ જૂન, ૨૦૨૪ના રોજ થશે. લોકસભા ચૂંટણી માટે મેરેથોન પ્રચાર સમાપ્ત કર્યા બાદ PM મોદી રોક મેમોરિયલ પહોંચ્યા હતા. અહીંથી તેમની સૂર્યનારાયણવી પૂજા કરતી એક તસવીર વાયરલ થઈ રહી છે. માહિતી અનુસાર તેઓ મૌન ઉપવાસ કરી રહ્યા છે અને ૧ જૂનની સાંજ સુધી ધ્યાન કરશે. મળતી માહિતી મુજબ પીએમ મોદી હવે ધ્યાનની મુદ્રામાં બેઠા છે. આ દરમિયાન તેઓ અન્નનો એક પણ દાણો ગ્રહણ કરશે નહીં. પીએમ મોદીનું ધ્યાન ૪૫ કલાક સુધી ચાલશે. આ ૪૫ કલાકના સખત ધ્યાન દરમિયાન તે ખોરાક પણ લેશે નહીં કે તે કોઈની સાથે વાત કરશે નહીં. સખત ધ્યાન દરમિયાન વડાપ્રધાન જો જરૂરી હોય તો માત્ર લીંબુ પાણીનું સેવન કરશે. તે માત્ર લિક્વિડ ડાયટ જ લેશે. શરીરને હાઈડ્રેટ રાખવા માટે તે નારિયેળ પાણી અને દ્રાક્ષનો રસ પણ પીશે. ભાજપે શેર કરેલી તસવીરો અનુસાર શુક્રવારે કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલમાં PM મોદીના ધ્યાનનો બીજો દિવસ છે. સવારે ધ્યાન કરવાની તસવીરો સામે આવી હતી. તેમાં મોદી ભગવો ઝભ્ભો પહેરેલા, હાથમાં રૂદ્રાક્ષની માળા અને કપાળ પર તિલક કરેલા દેખાય છે. પીએમ ગુરૂવારે સાંજે કન્યાકુમારી પહોંચ્યા હતા. સૌ પ્રથમ ભગવતી દેવી અમ્માન મંદિરમાં દર્શન અને પૂજા કરી હતી. મોદીએ પૂજા દરમિયાન સફેદ મુંડુ (દક્ષિણ ભારતનું



વસ્ત્ર) પહેર્યું હતું અને શાલ ઓઢી હતી. પૂજારીઓએ તેમની પાસે વિશેષ આરતી કરાવી હતી. પ્રસાદ, શાલ અને દેવીની તસવીર આપી હતી. તમિલનાડુ કોંગ્રેસ સમિતિએ મદ્રાસ હાઈકોર્ટમાં કરેલી અરજીમાં કહ્યું છે કે, વડાપ્રધાનની વિવેકાનંદ રોકની મુલાકાત સામે કોઈને વાંધો નથી, પરંતુ લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ૭મા તબક્કા દરમિયાન તેમની મુલાકાત એ હિન્દુ ભાવનાઓને ઉશ્કેરવા અને તેમના સત્તાવાર પદનો દુરૂપયોગ કરીને મત મેળવવાનો પ્રયાસ છે. તેથી આ અંગે કાર્યવાહી થવી જોઈએ.

# ભાગ મોદી ભાગ; ૭૨ દિવસ, ૨૭૨ સવાલ, શૂન્ય જવાબ : કોંગ્રેસ

## કોંગ્રેસ પાર્ટીએ બૂકલેટ પણ જાહેર કરી હતી જેમાં મોદી સરકારની 'નિષ્ફળતા'ઓ જાહેર કરી હતી જેને સરકાર પોતાની સિદ્ધિઓ ગણાવી રહી છે

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસે શુક્રવારે જણાવ્યું હતું કે, આચારસંહિતા સહિત વિવિધ ઉલ્લંઘનો અંગે ૭૭ દિવસમાં ચૂંટણી પંચને ૧૧૭ ફરિયાદો દાખલ કરવામાં આવી છે, પરંતુ આવી ઘણી ફરિયાદો પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

વર્તમાન લોકસભા ચૂંટણીમાં અંતિમ તબક્કાના મતદાનના એક દિવસ પહેલાં આ વાત આવી છે. કોંગ્રેસે કહ્યું કે, ૧૧૭ ફરિયાદોમાંથી ૧૪ ફરિયાદો વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ, ૮ ફરિયાદો ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ વિરુદ્ધ અને ૩ ફરિયાદો કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ વિરુદ્ધ હતી.

પ્રેસ કોન્ફરન્સમાં બોલતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું, 'અમે ચૂંટણી પંચને ૭૭ દિવસમાં ૧૧૭ ફરિયાદો કરી છે. આ ફરિયાદો આચારસંહિતા સહિત અનેક ભંગની હતી. જેમાં નરેન્દ્ર મોદી વિરુદ્ધ ૧૪ અને તેમની વિરુદ્ધ ૮ ફરિયાદો નોંધાઈ હતી. સીએમ યોગી વિરુદ્ધ ફરિયાદો, ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ ૩ ફરિયાદો છે, પરંતુ આવી ઘણી ફરિયાદો છે જેના પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.'

કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટીની '૪૦૦ પાર કરવા'ના સૂત્રની ટીકા કરી અને કહ્યું કે, આ સૂત્ર આપ્યા પછી તેમના ઈરાદા સ્પષ્ટ થઈ ગયા કે તેઓ ૭૨ દિવસમાં બંધારણ બદલવા માંગે છે, ૨૭૨ પ્રશ્નો, ૦ જવાબો અમે નરેન્દ્ર મોદીને ૨૭૨ પ્રશ્નો પૂછ્યા હતા,



પરંતુ અમને એક પણ જવાબ મળ્યો નથી.

કોંગ્રેસના નેતા પવન ખેરાએ કહ્યું કે, સૌથી જૂની પાર્ટી માટે ચૂંટણી કરતાં બંધારણને બચાવવું વધુ મહત્ત્વનું છે. તેમણે કહ્યું કે, જ્યારે ભાજપે 'ક્રોસ ૪૦૦'નો નારો આપ્યો ત્યારે તેમના ઈરાદા દેશ સમક્ષ સ્પષ્ટ થઈ ગયા.

ભાજપના ઘણા નેતાઓએ કહ્યું કે, તેઓ બંધારણમાં ફેરફાર કરશે, પરંતુ કોંગ્રેસના નેતાઓએ બંધારણને બચાવવા માટે અભિયાન ચલાવ્યું. અમારા માટે બંધારણ અને લોકશાહીને બચાવવી એ ચૂંટણી કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. સાત તબક્કામાં યોજાઈ રહેલી લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂને થવાનું છે. ૪ જૂને મતગણતરી થશે.

## હિમાચલના જંગલમાં વિકરાળ આગ

# હિમાચલમાં આગની જ્વાળાઓ છેક રહેણાંક વિસ્તાર સુધી પહોંચી

**હાલ ફાયર બ્રિગેડના અધિકારીઓ અને વન વિભાગની ટીમ સાથે મળી આગ બુઝાવવાના પ્રયાસો કરી રહ્યા છે**





(એજન્સી) શિમલા, તા.૩૧

હિમાચલ પ્રદેશના જંગલોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આગના કારણે અનેક પ્રાણીઓના મોત થયા છે. બીજી તરફ આગની જ્વાળાઓ છેક રહેણાંક વિસ્તાર સુધી પહોંચી હોવાની અહેવાલો સામે આવ્યા છે. ત્રણ દિવસથી લાગેલી આગે ભારે વિનાશ વેર્યો છે. રાજ્યના શિમલા, મંડી, બિલાસપુર અને સોલન જિલ્લામાં ચીરના જંગલો ભડભડ સળગતા જોવા મળી રહ્યા છે. બીજી તરફ હાલ એવી સ્થિતિ સર્જાઈ છે કે, અનેક ટ્રેનો પણ રદ કરવાની નોબત આવી છે. ચોતરફ લાગેલી આગને બુઝાવવામાં માટે અનેક ફાયર બ્રિગેડની ટીમો કામે લાગી છે. મળતા અહેવાલો મુજબ સોલમ અને શિમલાના જંગલોમાં લાગેલી આગ રહેણાંક વિસ્તારો સુધી પહોંચી ગઈ છે અને અહીં કાયકા-શિમલા રેલલાઈન રૂટ પરથી પસાર થતી તમામ ટ્રેનો રદ કરવામાં આવી છે. ગઈકાલે સમહિલ અને તારાદેવી પાસે પણ ટ્રેનો અટકાવી દેવામાં આવી છે. કેટલીક ટ્રેનો તારા દેવી રેલવે સ્ટેશન પર થોભી દેવાઈ છે. આગ છેક કાલકા શિમલા રેલવે લાઈન સુધી પહોંચી જતા ભારે મુશ્કેલીઓ ઊભી થઈ છે. હિમાચલમાં લાગેલી આગના વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હાલ એકતરફ દેશમાં ઉનાળાની અસહ્ય ગરમી પડી રહી છે, લોકો બળબળતી ગરમીથી બચવા માટે હિલસ્ટેશનો તરફ પ્રયાસ કરી છે, ત્યારે શિમલામાં પ્રવાસી સિઝન ચાલતી હોવાથી અનેક મુસાફરો અહીં આવી રહ્યા છે. આગના કારણે ટ્રેનો અટકાવી દેવાતા કેટલાક મુસાફરો પણ મુશ્કેલીમાં મુકાયા છે. હાલ ફાયર બ્રિગેડના અધિકારીઓ અને વન વિભાગની ટીમ સાથે મળી આગ બુઝાવવાના તમામ પ્રયાસો કરી રહી છે. હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લામાં એમ્સ હોસ્પિટલ પાસેના જંગલમાં પણ આગ લાગી છે. અહીંના બંદલાધારમાં આખું જંગલ રાખ થઈ ગયું છે. જ્યારે સોલનના કસૌલી સહિત મંડીમાં પણ વિકરાળ આગ લાગી છે. અહીં આગના ગોટાગોટા દુરદુર સુધી જોવા મળી રહ્યા છે અને આસપાસના લોકોની આંખોમાં પણ બળતરા થઈ રહી છે. હિમાલચ પ્રદેશમાં છેલ્લા ૭૫ દિવસમાં જંગલમાં આગ લાગવાના ૧૦૮૦ બનાવ નોંધાયા છે. અહીં દૈનિક ૫૦ની આસપાસ કેસ રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. બીજીતરફ વન વિભાગ પાસે ઓછો મેન પાવર હોવાના કારણે પણ પરિસ્થિતિની પહોંચી વળવું મુશ્કેલ બની ગયું છે. ગ્રામ્ય વિસ્તારના લોકો પણ મદદ કરી રહ્યા છે, તેમ છતાં તમામ પ્રયાસો નિષ્ફળ નિવડી રહ્યા છે.

## મણિપુરમાં વરસાદને કારણે ત્રણ લોકોનાં મોત થયા

# મણિપુરમાં ભારે વરસાદને કારણે તબાહી જેવો માહોલ સર્જાયો

(એજન્સી) મણિપુર, તા.૩૧

બંગાળની ખાડીમાંથી ઉદ્દભવેલા ચક્રવાત રેમલને કારણે પૂર્વોત્તર રાજ્યોમાં ભારે તારાજી સર્જાઈ છે. ચક્રવાત રેમલ પસાર થઈ ગયું છે પરંતુ તેની અસર હજુ પણ પૂર્વોત્તર રાજ્યોમાં જોવા મળી રહી છે. જ્યાં ભારે વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મણિપુરમાં ભારે વરસાદને કારણે તબાહી જેવો માહોલ સર્જાયો હતો. રાજ્યની ઈમ્ફાલ ખીણમાં ભારે વરસાદ બાદ પૂર આવ્યું હતું. જેના કારણે હજારો લોકો પ્રભાવિત થયા હતા.



## મણિપુરમાં ભારે વરસાદના પગલે રાજભવનમાં પણ પાણી ભરાયા : સેંકડો મકાનો ધરાશાયી થયા : ભારે વરસાદના કારણે નદીના પાળા તૂટી ગયા

મણિપુરમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે. આટલું જ નહીં, ઈમ્ફાલ નદીમાં ઉછાળો આવ્યો છે અને અહીંના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. હજારો ઘરો પણ ડૂબી ગયા છે. એટલું જ નહીં રાજભવનમાં પણ પાણી ભરાયાના સમાચાર છે.

મણિપુરમાં ભારે વરસાદને કારણે ત્રણ લોકોનાં મોત થયાના સમાચાર છે. અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી. અધિકારીઓએ જણાવ્યું કે ચક્રવાત રેમલ બાદ છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા મુશળધાર વરસાદ બાદ મણિપુરના રાજભવનમાં પાણી ભરાઈ ગયા છે. તેમણે કહ્યું કે ઈમ્ફાલ ઘાટીમાં વરસાદના કારણે આવેલા પૂરને કારણે ત્રણ લોકોના મોત થયા છે જ્યારે હજારો લોકો પ્રભાવિત થયા છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, વિવિધ સ્થળોએ ઈમ્ફાલ નદીના પાળા તૂટવાને કારણે રાજભવન સંકુલમાં પૂર આવ્યું છે. જો કે છેલ્લા બે દિવસની સરખામણીએ રાજભવનની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. તેમણે કહ્યું કે જે વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે તેને જલ્દી સાફ કરવામાં આવશે. મણિપુર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (MPCC)ના પ્રવક્તા નિંગોબમ બુપેન્ડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કેટલીક તસવીરો શેર કરી છે. તેમણે કહ્યું કે રાજભવન પૂરમાં ડૂબી રહ્યું છે. ઈમ્ફાલમાં ભારે વરસાદ બાદ આવેલા પૂરને કારણે ઈમ્ફાલ વિસ્તારનો મોટો હિસ્સો પાણીમાં ગરકાવ થઈ ગયો છે. તેમણે કહ્યું કે પૂરના સ્તરને ઝડપથી ઘટાડવાની જરૂર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં બે દિવસની જાહેર રજા જાહેર કરવામાં આવી હતી. મણિપુરના જળ સંસાધન અને રાહત અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી અવાંગબાઉ ન્યુમાઈએ કહ્યું હતું કે ઉત્તરપૂર્વીય રાજ્યમાં પૂરથી કુલ ૧,૮૮,૧૪૩ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે ઓછામાં ઓછા ૨૪,૨૬૫ મકાનોને નુકસાન થયું છે.

# ન્યૂયોર્કમાં મુસ્લિમ નર્સને ગાઝામાં ઈઝરાયેલના યુદ્ધને 'નરસંહાર' ગણાવવા બદલ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી !!!

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૩૧

યુનાઈટેડ સ્ટેટ્સમાં ન્યુ યોર્ક યુનિવર્સિટી લેંગોન મેડિકલ સેન્ટરે તાજેતરમાં એક એવોર્ડ સમારંભના ભાષણ દરમિયાન ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના યુદ્ધને નરસંહાર તરીકે વર્ણવવા બદલ પેલેસ્ટીની-અમેરિકન મુસ્લિમ નર્સને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી હતી.

ઈન્સ્ટાગ્રામ પર હેસેન જબર, એક નર્સે, પ્રસૂતિ સંબંધી નુકસાનથી પીડાતા દર્દીઓને ઉત્તમ સંભાળ પૂરી પાડવા બદલ એવોર્ડ સ્વીકારતી વખતે તેમના ભાષણનો એક વીડિયો શેર કર્યો છે.

જબરે કહ્યું, ગાઝામાં વર્તમાન નરસંહાર દરમિયાન મારા દેશની મહિલાઓને અકલ્પનીય મુશ્કેલી માંથી પસાર થતી જોઈને મને દુઃખ થાય છે. તેણે ઉમેર્યું, તેઓએ તેમના અજાત બાળકો અને નરસંહાર દરમિયાન તેઓએ ગુમાવેલા બાળકોને લીધે દુખી છે,ભલે હું તેમનો હાથ પકડીને તેમને દિલાસો આપી શકતો નથી, પરંતુ હું આશા રાખું છું કે તેઓને ગૌરવ અપાવતી રહીશ કારણ કે હું અહીં NYU ખાતે તેમનું પ્રતિનિધિત્વ કરતી રહીશ. પોસ્ટના કેપ્શનમાં લખ્યું હતું કે, ૭મી મેના રોજ, મેં સગર્ભાવસ્થા અને બાળજન્મ દરમિયાન તેમના બાળકો ગુમાવનાર શોકગ્રસ્ત માતાઓ સાથેના મારા કાર્ય માટે મને મળેલા એવોર્ડ માટે સ્વીકૃતિ ભાષણ આપ્યું.

૨૨મી મેના રોજ, હું પુરસ્કાર મેળવ્યા પછી મારી પ્રથમ શિફ્ટ પર પહોંચી હતી. જલદી હું યુનિટ પર ગઈ મને NYU લેંગોન ખાતે નર્સિંગના પ્રમુખ અને ઉપપ્રમુખ સાથેની તાત્કાલિક મીટિંગમાં ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી. કે મેં કેવી રીતે અન્યને જોખમમાં મૂક્યું અને સમારંભને બગાડ્યો અને લોકોને નારાજ કર્યા મારા ભાષણનો એક નાનકડો ભાગ મારા દેશની શોકગ્રસ્ત માતાઓને શ્રદ્ધાંજલિનો હતો.

તેણે ઉમેર્યું કે, તેને તેની શિફ્ટમાં કામ કરવા માટે પાછી મોકલવામાં




આવી હતી જ્યારે હોસ્પિટલે તેનું શું કરવું તેના માટે દિવસ પસાર કર્યો હતો. લગભગ આખી શિફ્ટમાં કામ કર્યા પછી, મને ફરી એક વખત એક ઓફિસમાં બોલાવવામાં આવી જ્યાં મને HRના ડિરેક્ટર, ઓસ્ટિન બેન્ડરએ મારો સમાપ્તિ પત્ર વાંચ્યો અને સાદા વસ્ત્રવાળા પોલીસ અધિકારી દ્વારા મને પરિસરની બહાર લઈ જવામાં આવી.

રોઈટર્સના અહેવાલ અનુસાર, ૩૦ મે ગુરૂવારના રોજ, હોસ્પિટલના પ્રવક્તા, NYU લેંગોન હેલ્થ, જણાવ્યું હતું કે, જબરને અગાઉ ચેતવણી આપવામાં આવી હતી કે તે કાર્યસ્થળમાં આ વિભાજનકારી અને આરોપિત મુદ્દા પર તેના મંતવ્યો ન લાવે.

# એક IAS અધિકારી જે ઘરેલુ હિંસાનો ભોગ બની હતી, બે બાળકોની માતા, તેણે પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી

## સવિતાનું ભણતર પૂરૂં થવાના આરે હતું ત્યારે જ એક શ્રીમંત પરિવારમાંથી પ્રસ્તાવ આવ્યો અને માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેના જીવને અણધાર્યો વળાંક લીધો

(એજન્સી) તા.૩૧

UPSC પરીક્ષા દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે અને તે પાસ કરવી એ કોઈ સાધારણ પરાક્રમ નથી. આ લેખમાં અમે IAS અધિકારી સવિતા પ્રધાન વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જે બે બાળકોની માતા છે અને ઘરેલુ હિંસાનો ભોગ બની હતી. તેણીએ તમામ મુશ્કેલીઓનો સામનો કર્યો હોવા છતાં તેના પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી છે.

સવિતાનો જન્મ મધ્યપ્રદેશના મંડાઈ ગામમાં એક આદિવાસી પરિવારમાં થયો હતો, જ્યાં આર્થિક સંઘર્ષને કારણે શિક્ષણ એક દૂરના સ્વપ્ન જેવું લાગતું હતું. તેઓને શાળા દરમિયાન મળતી શિષ્યવૃત્તિના કારણે તેમના માતા-પિતાએ તેમને અભ્યાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. આ પડકારો છતાં તેઓ તેમના ગામની પ્રથમ છોકરી બન્યાં, જેમણે ધો.૧૦ પૂર્ણ કર્યું હતું. ધો.૧૦ પૂરૂં કર્યા પછી સવિતાને ૭ કિલોમીટર દૂર આવેલી શાળામાં દાખલ કરવામાં આવી. બે રૂપિયાનું રાઉન્ડ ટ્રીપ બસનું ભાડું તેમની ક્ષમતાની બહાર હતું, જેના કારણે પરિવાર બીજા ગામમાં રહેવા જતો રહ્યો જ્યાં તેમની નવી શાળા આવેલી હતી. ત્યાં સવિતાએ ડોક્ટર બનવાના સપના સાથે સાયન્સ કર્યું.



સવિતાનું ભણતર પૂરૂં થવાના આરે હતું ત્યારે જ એક શ્રીમંત પરિવાર તરફથી પ્રસ્તાવ આવ્યો. તેઓ માત્ર ૧૬ વર્ષની હતા જ્યારે તેમના જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો હતો.


લગ્ન પછી સવિતાના સાસરિયાઓ તેમની સાથે ખરાબ વ્યવહાર કરતા હતા. તેઓને બીજા બધા સાથે રાત્રિભોજનના ટેબલ પર ખાવાની મંજૂરી નહોતી અને ઘરના બધાએ જમ્યા પછી ખાવાની મંજૂરી હતી. ઘણી વખત ખોરાક સમાપ્ત થઈ જતો હતો અને તેમને ફરીથી પોતાના માટે ખોરાક તૈયાર કરવાની મંજૂરી આપવામાં આવતી ન હતી. ઘણી વખત તેમણે રોટલી બાથરૂમમાં લઈ જઈને ખાવી પડતી હતી. તેઓને મોટેથી હસવાની પણ મનાઈ હતી. તેમનો પતિ સારો ન હતો અને અવારનવાર તેમને મારતો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. બે બાળકો હોવા છતાં પણ તેના સાસરિયાઓએ તેમની પર મારપીટ અને હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. ત્રાસ સહન ન થતાં સવિતાએ એક દિવસ પોતાનું જીવન સમાપ્ત કરવાનું પસંદ કર્યું. તેઓ છતના પંખાથી લટકી જવાના હતા ત્યારે પણ તેમની સાસુ તેમને બારીમાંથી જોઈ રહી હતી. સવિતાના સસુરે પણ તેને બચાવવા માટે કંઈ કર્યું નહીં. તેમના પતિએ તેમના પુત્રને શારીરિક નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. તે પછી જ સવિતાને સમજાયું કે જે લોકો તેમની કાળજી લેતા નથી તેમના માટે પોતાનો જીવ આપવો વ્યર્થ છે.

ત્યારબાદ સવિતાએ પોતાનું ઘર છોડવાનું નક્કી કર્યું અને તેમના બંને બાળકો અને રૂા.૨૭૦૦ સાથે ત્યાંથી નીકળી ગયા. તેઓ બ્યુટી સલૂન ચલાવતા હતા અને બાળકોને ટ્યુશન આપતા હતા. તેમના માતા-પિતા અને ભાઈ-બહેન સહાયક હતા, તેમણે સવિતાને પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં બીએ માટે પ્રવેશ અપાવ્યો હતો. સવિતાએ ભોપાલની બરકતુલ્લા યુનિવર્સિટીની પરીક્ષામાં ટોપ કર્યું હતું. ત્યારબાદ તેઓએ રાજ્યની સિવિલ સેવાઓ વિશે જાણ્યું અને તેના માટે પરીક્ષા આપી અને પ્રથમ પ્રયાસમાં જ તેને પાર પાડ્યો. ૨૪ વર્ષની ઉંમરે તેમને મુખ્ય મ્યુનિસિપલ ઓફિસર તરીકે પોસ્ટ કરવામાં આવી હતી. છૂટાછેડા લીધા પછી તેમને ફરીથી પ્રેમ મળ્યો. દરમિયાન તેઓ સરકારી સીડી પર ચઢી ગયા છે અને હાલમાં ગ્વાલિયર અને ચંબલ માટે સંયુક્ત નિયામક, શહેરી વહીવટીતંત્ર છે. તેમની 'હિમ્મત વાલી લડકિયાં' નામની યુટ્યુબ ચેનલ પણ છે.

# 'અતુલ્ય યાદશક્તિ ધરાવતો છોકરો' : ૧૨ વર્ષીય ભારતીય-અમેરિકન છોકરાએ યુ.એસ. નેશનલ સ્પેલિંગ બી સ્પર્ધા જીતી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧

ફ્લોરિડાના ભારતીય મૂળના ૧૨ વર્ષના છોકરાએ સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી જીતી છે. સાતમા ધોરણના વિદ્યાર્થી બ્રુહત સોમાએ ટાઈબ્રેકરમાં ૨૯ શબ્દોની સાચી જોડણી કર્યા બાદ સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી જીતી હતી.




બ્રુહત, જે ત્રીજી વખત ભાગ લઈ રહ્યો હતો, તેણે અન્ય ઈનામોમાં લગભગ ૫૦,૦૦૦ ડૉલર રોકડ જીત્યા. બ્રુહતના પિતા શ્રીનિવાસ સોમા મૂળ તેલંગાણાના નાલગોંડાના છે. સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી ૨૦૨૪ની આવૃત્તિમાં આઠ ફાઈનલિસ્ટ હતા, જેમાંથી પાંચ ભારતીય મૂળના હતા. સ્પર્ધા ટાઈબ્રેકર રાઉન્ડમાં ગઈ હતી. રાઉન્ડમાં પ્રથમ સ્થાન મેળવનાર બ્રુહતે તેના પ્રતિસ્પર્ધી ફૈઝાન ઝકીને ૨૯ શબ્દોની સાચી જોડણી કર્યા બાદ જ્યારે પછીથી ૨૦ જોડણી લાઈટનિંગ રાઉન્ડમાં કર્યા બાદ હરાવ્યો હતો. બે જોડણીકારોને શબ્દોની સૂચિમાંથી શક્ય તેટલા શબ્દોની જોડણી માટે ૯૦ સેકન્ડનો સમય મળ્યો. બ્રુહતનો ચેમ્પિયનશિપ શબ્દ છે એબસેઈલ જેનો અર્થ થાય છે ઉપરના પ્રક્ષેપણ પર દોરડા વડે પર્વતારોહણમાં ઉતરવું. આયોજકોએ જણાવ્યું હતું, ૨૦૨૪ સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બીનો ચેમ્પિયન બ્રુહત સોમા શબ્દ પર વર્ચસ્વ ધરાવે કરે છે. અતુલ્ય યાદશક્તિ ધરાવતો છોકરો આખા અઠવાડિયે એક શબ્દ પણ ચૂક્યો નથી અને સ્કીપ્સ કપ જીત્યો.

તેમણે કહ્યું, બ્રુહત સોમાએ ૩૦માંથી ૨૯ શબ્દોની સાચી જોડણી કરીને અને ૨૦૨૨માં હરિની લોગાન દ્વારા સેટ કરેલા સ્ટેન્ડિંગ સ્પેલિંગ રેકોર્ડને તોડીને પ્રખ્યાત ચેમ્પિયન ટાઈટલ મેળવવાનો પ્રયાસ કર્યો. લોગને સ્પર્ધાના પ્રથમ સ્પેલ-ઓફ દરમિયાન ૨૬માંથી ૨૨ શબ્દોની જોડણી યોગ્ય રીતે લખી હતી.

બીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કોરી લોફલરે જણાવ્યું હતું કે, જેમ-જેમ સ્પર્ધા આગળ વધી તેમ-તેમ સ્પષ્ટ થઈ ગયું કે, ફૈઝાન અને બ્રુહત, અમારા અંતિમ બે સ્પેલર, શબ્દકોશમાં ભાગ લેવા માટે તૈયાર છે.

લોફલરે કહ્યું, એકસાથે તેઓ એક શક્તિશાળી હરીફ હતા. બી અધિકારીઓએ સ્પર્ધાની અંતિમ મિનિટોમાં જોડણીને સક્રિય કરી, આ તેજસ્વી સ્પેલર્સને તેઓ શું કરી શકે તે બતાવવાની તક આપી. E.W. સ્ક્રિપ્સ કંપનીના ચેરમેન અને CEO એડમ સિમસને કહ્યું, માત્ર ૧૨ વર્ષની ઉંમરે બ્રુહતે તેના જ્ઞાન અને સંયમના પ્રદર્શનથી પ્રભાવિત કર્યું.

# વડોદરાના સરદાર ભવનની ગલીમાં અનેક જૂના મકાનો તોડી મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્ષ બની ગયા : મ્યુ. કમિ.ને રજૂઆત

## વિશ્વામિત્રી બચાવો સમિતિએ ફાયર સેફ્ટી તથા અન્ય મુદ્દે તપાસ કરી કાર્યવાહી કરવાની માંગ કરી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

નજીવી બાબતમાં મર્ડર થયું એ સરદાર ભવનમાં અનેક જુના મકાનો તોડીને મોટા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ બની ગયા ૬ મીટરની પહોળાઈ ધરાવતા રસ્તા પર તોતિંગ કોમર્શીયલ કોમ્પ્લેક્ષથી વાહનો ચાલકો અને રાહદારીઓને મુશ્કેલીમાં અને મહત્તમ દુકાનો સિન્થેટીક કાપડનું વેચાણ કરી રહી છે, આગ લાગે તો આજુબાજુ રહેતા રહીશો માટે મુશ્કેલી પડી રહી છે.

વિશ્વામિત્રી બચાવો સમિતિ વતી એડવોકેટે મ્યુનીસીપલ કમિશ્નરને આવેદન આપી રજૂઆત કરી છે કે, સરદારભવન લાઈનમાં રહેણાંક મકાનોમાં ફાયર એનઓસી અને પાર્કિંગ વગર રહેણાંક બાંધકામ મંજુરી લઇ બનાવેલા મોટા કોમર્શીયલ શોરૂમો, દુકાનો ઉપર ફાયર સેફટી સહીત ગેરકાયદેસર વગર પાર્કિંગના બાંધકામ તેમજ હેતુ ફેર અંગે કાયદેસરની કાર્યવાહી કરવામા આવે. ગઈકાલે સરદાર ભવનમાં પાર્કિંગ બાબતે દુકાનદાર અને મળતીયાઓએ ભેગા મળી માતાની અંતિમક્રિયા બાદની વિધિ કરવા આવેલાની કરેલી હત્યા કરી નાખી હતી. સરદારભવનમાં ગેરકાયદેસર બાંધકામ અંગે અગાઉ પણ ઘણી વખત ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ યોગ્ય કાર્યવાહી થઈ રહી નથી.

સરદાર ભવનનો રસ્તો માત્ર ૬ મીટર જેટલી પહોળાઈ ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી સરદાર ભવન લાઈનમાં એકાએક જુના મકાનો તોડીને મોટા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ બનાવાઈ રહ્યા છે. ૬ મીટરની પહોળાઈ ધરાવતા રસ્તા પર તોતિંગ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ બનાવાયા જેથી તેમાં આવેલી દુકાનો તથા કર્મચારીઓ તેમના વાહનો ૬ મીટર પહોળાથી પણ નાના રોડ રસ્તા ઉપર પાર્ક કરે છે અને જેનાથી માત્ર વાહનોને નહિ પરંતુ પગે ચાલીને જતા રાહદારીઓ માટે પણ મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

સરદાર ભવન લાઈનમાં મહત્તમ સિન્થેટીક કાપડથી બનેલા લેડીઝ ડ્રેસની દુકાનો આવેલી છે. દુકાનોમાં સળગી જાય તેવા સિન્થેટીક ગાદલા, પ્લાસ્ટિકની ખુરશી અને સળગી જાય તેવા સિન્થેટીક રેડીમેઈડ ડ્રેસથી લગભગ ત્રણ માળ સુધી સ્ટોક ભરેલો હોય છે. જો આગ લાગે તો ફાયર સેફટીની કોઈ તકેદારી લેવાઈ હોય તેમ જણાતું નથી. આગ લાગવાની હોનારત થાય તો ફાયર ફાઈટર કે એમ્બ્યુલન્સ પણ પ્રવેશી શકે નહિ તેવા દબાણો કરી દીધેલા છે. જાહેર જનતાની સલામતી માટે માંગણી કરીએ છીએ અને તાત્કાલિક અસરથી સરદાર ભવન લાઈનમાં ફાયર સેફટી નહિ ધરાવતી દુકાનો અને મોટા ત્રણ માળના શોરૂમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને દબાણકર્તા ઉપર લેન્ડ ગ્રેબિંગ જેવી કાયદેસરની કાર્યવાહી કરાય. રહેણાંક બાંધકામની પરવાનગી લઈને કોમર્શીયલ શોરૂમ બાંધેલા હોવાની પણ તપાસ કરવામાં આવે અને જો કોમર્શીયલ પરવાનગી હોય તો છોડેલી પાર્કિંગની જગ્યા ખુલ્લી છે કે નહિ? તેની તપાસ કરવામાં આવે. જે પણ દોષિત હોય તેમની તાત્કાલિક સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવે.

# વડોદરામાં સો મિલો સામે સીલ મારવાની કાર્યવાહી કરાતા વેપારીઓ લાલઘૂમ, મોરચો માંડી મ્યુ. કમિશનરને રજૂઆત

## લક્કડપીઠાના ધંધાઓને નોટિસ આપ્યા વગર સીલ મારી બંધ કરી લાઈટ કનેક્શન કાપી નાખ્યા હોવાના આક્ષેપ



(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ વડોદરા મહાનગરપાલિકા અને ફાયર વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા ફાયર સેફ્ટી સંબંધિત કાર્યવાહી કરી જ્યાં નિયમોનું ઉલ્લંઘન થતું જણાય આવે તો સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સો મિલોના લક્કડપીઠાના ધંધાઓને કોઈપણ જાતની એડવાન્સ નોટિસ આપ્યા વગર સીલ મારી બંધ કરાવી તેમજ લાઈટ કનેક્શન કપાવી નાખીને ધંધા રોજગાર બંધ કરાવી દીધા હોવાના આક્ષેપ સાથે સો મીલ એસોસિએશન દ્વારા પાલિકાની વડી કચેરી ખાતે મોરચો માંડી રજૂઆત કરવામાં આવી હતી.

વડોદરા સોમીલ એસોસિએશનના નેજા હેઠળ ચાલતા ૧૦૦થી વધુ લક્કડપીઠાના વેપારીઓએ પાલિકાની વડી કચેરી ખાતે પહોંચી મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે. સોમીલ એસોસિએશનના વેપારી અગ્રણીએ જણાવ્યું હતુ કે, અમારા વડોદરા સોમીલ એસોસિએશનમાં ૧૨૦ જેટલા વેપારીઓ છે. એના માટે અમે રજૂઆત કરી છે કે, અમને થોડો સમય આપો રાજકોટ ઘટના પછી તરત જ આ બધું અમલમાં આવ્યું છે. અને એના માટે નાના-નાના વેપારીઓ અમે સોમીલ એસોસિએશન વાળા છે અને અમારી ત્યાં આવા કોઈ અકસ્માતો થતા નથી અને અકસ્માત થાય તો પણ અમારી જગ્યા ખૂબ મોટી હોય છે, અને અમને કોઈ જાતની ટ્રેનિંગ પણ નથી કે અમારે માહિતી પણ નથી કે, શું કરવાનું છે. એટલે અત્યાર સુધી અમને કંઈ કહેવામાં નથી આવ્યું અને એકદમથી આ વસ્તુ કરવામાં આવી રહી છે. એટલે અમારી માંગણી છે. નોટિસ પણ આપવામાં આવી નથી અને તે વગર જ સીલ મારવામાં આવી છે અને અધિકારીઓને વિનંતી કરીશું કે બસ સમય આપો. કોઈપણ જાતની તક આપ્યા વગર તથા એડવાન્સ નોટિસ આપીયા વગર અચાનક સીલ મારી દઈને લાઈટ કનેક્શનનો કપાવી નાખીને જે રીતે કચેરીના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે, તે અયોગ્ય, ગેર વ્યાજબી અને અન્યાય પૂર્ણ છે અને તેના કારણે સભ્યોના ધંધા રોજગાર બંધ થઈ ગયા છે અને આ વખતે બંધ થઈ ગઈ છે અને આર્થિક વ્યવહારો પણ અચાનક અટકી ગયા છે તેમજ કર્મચારીઓ અને મજૂરોના ગુજરાત ચલાવવામાં પણ મુશ્કેલ થઈ ગયા છે વધુમાં વેપારીએ જણાવ્યું હતું કે જો આપના તરફથી આપવામાં આવે તેવી ૩૦ થી ૪૫ દિવસની મુદતમાં અમારા સભ્યો ફાયર સેફ્ટી અંગેની તમામ જરૂરિયાતો સંતોષકારક રીતે પૂરી ન કરે અને એનઓસી ન મેળવી હોય તો તેવા સભ્યો સામે આપ અધિકારીઓ તરફથી યોગ્ય તે કાયદાકીય કાર્યવાહીઓ કરી શકશે અને અમારા એસોસિએશનના હોદ્દેદારો પણ અમારા સભ્યોને સમજાવવામાં મદદરૂપ થઈશું. મ્યુ.કમિશનર દિલીપ રાણાએ જણાવ્યું હતું કે, લક્કડ પીઠાના જે વેપારી વડોદરાનું એસોસિએશન છે તેમણે અહીંયા રજૂઆત કરી છે. એટલે જે લાકડાના પીઠા છે અને જે લાકડાના વ્યવસાય ચાલે છે. સૌથી વધારે આગ કદાચ એમાં પકડી શકે એટલે સુરક્ષાના કારણોને ધ્યાનમાં રાખીને કોઈ ફાયરની સુવિધા ન હોવાના કારણે અમે એમની જે લક્કડપીઠાની જે દુકાનો છે તે સીલ કરી છે.

# સાયલામાં સ્કૂલ પાસેની ગૌચર જમીન પરથી બિનવારસી રેતીનો પ્લાન્ટ ઝડપાયો



(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

સુરેન્દ્રનગર, તા.૩૧

સાયલામાં મોડેલ સ્કૂલ પાછળના ભાગે તેમજ માન સરોવરને અડીને આવેલ ગૌચરની જમીન પર ભુમાફીયા તત્વો દ્વારા ગેરકાયદે રેતીનો વૉશ પ્લાન્ટ ખડકી કરાતી ખનીજ ચોરી બાબતે સરપંચ અજયરાજસિંહ ઝાલા દ્વારા જિલ્લા ખાણ ખનીજ વિભાગ, મામલતદાર, ટીડીઓ, પોલીસ સહિતને કરેલ લેખીત રજૂઆત બાદ તંત્રે એકશન મોડમાં આવી કાર્યવાહી હાથ ધરતા બિનવારસી વૉશ પ્લાન્ટ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.ગૌચરની જમીન પર લાંબા સમયથી ચાલતા રેતી ચોરીના આ કારસ્તાનની લેખિત રજૂઆત મળતા જિલ્લા ખાણ ખનીજ અધિકારી નિરવ બારોટ, માઈન્સ સુપરવાઈઝર નૈતિક કણઝરીયા સહિતના સ્ટાફ્ સાથે સાયલા મામલતદાર સર્કલ ટીડીઓ સહિતના કાફલાએ હાઈવેથી અંદરના સીમ વિસ્તારમાં આવેલ રેતીના બે વોશ પ્લાનની તપાસ કરી હતી. જેમાં એક પ્લાન્ટ કાયદેસર હોવાનું તેમજ ગૌચર પરનો પ્લાન્ટ ગેરકાયદેસર ચલાવતા હોવાની હકીકતો બહાર આવી હતી. તંત્રના ચેકિંગ દરમિયાન એક વૉશ પ્લાન્ટ પરથી સંદિગ્ધ નોટબુક જેવું સાહિત્ય મળી આવ્યું છે. પરંતું કઈ બાબતનું છે તે તંત્રએ જણાવ્યું ના હતું. સુત્રોના જણાવ્યા અનુસાર આ સંદિગ્ધ સાહિત્યમાં કેટલાક નામો લખેલા છે. તે બાબતે પણ તરેહ તરેહની ચર્ચાઓ થઈ રહી હતી.

# ઓલપાડ ખાતે જમીન દલાલની હત્યા કેસના આરોપીની જામીન અરજી મંજૂર

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

સુરત શહેરના ઓલપાડ તાલુકા ખાતે તા.૨૫મી જાન્યુઆરીના રોજ જમીન દલાલ અંજર મલેકની હત્યા કેસમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા ઈસ્માઈલ ઘોડાવાલા દ્વારા રેગ્યુલર જામીનની માંગ સાથે કરેલી અરજી કોર્ટે મંજુર કરી હતી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકા પરા વિસ્તારમાં ગત તા. ૨૫ જાન્યુઆરીના રોજ જમીન દલાલ અંજર મલેકની હત્યા થઈ હતી. આ હત્યા પ્રકરણમાં તપાસ કરી રહેલી પોલીસે ચોંકાવનારા ખુલાસાઓ કર્યા છે. રૂપિયાની લેતીદેતી અને જમીનના હિસાબ મામલે સોપારી આપી હત્યા કરાવાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે એક સગીર સહિત ચારની ધરપકડ કરી હતી. બાદ ૧૦ ફેબ્રુઆરીએ આ કેસમાં મુખ્ય સૂત્રધાર ગણાતા આરોપી ઈસ્માઈલ ઘોડાવાલાની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ અર્થે કોર્ટ સમક્ષ રજુ કર્યો હતો. પોલીસે ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. બાદથી ઈસ્માઈલ જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો. દરમિયાન આરોપી ઈસ્માઈલ ઘોડાવાલા દ્વારા કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન મેળવવા અરજી કરવામાં આવી હતી. જેની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે એડવોકેટ દ્વારા દલીલ કરવામાં આવી હતી. જેને માન્ય રાખી કોર્ટે અરજી મંજુર કરતો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# માંજલપુરના સરસ્વતી કોમ્પ્લેક્ષમાં ફાયર સેફ્ટીનો અભાવ, મનપા દ્વારા ૧૮૦ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

વડોદરા શહેરમાં રાજકોટ અગ્નિકાંડ બાદ પાલિકા અને ફાયર વિભાગની જુદી જુદી ટીમો દ્વારા શહેરમાં ઠેર ઠેર હોસ્પિટલ, કોલેજ, સ્કૂલ, રેસ્ટોરન્ટ સહિતના એકમોમાં ચેકિંગ કરી ફાયર સેફ્ટીનો અભાવ તેમજ એનઓસી નહિ હોવાના કારણે સીલ મારવા સુધીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે શુક્રવારે માંજલપુર સરસ્વતી કોમ્પ્લેક્સ માં આવેલી આશરે ૧૮૦ જેટલી મિલકતોને ફાયર સિસ્ટમનો અભાવ અને એનઓસી નહીં હોવાના કારણે સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગુરૂવારે ૬૬૧ મિલ્કતોની તપાસ બાદ ૫૭૫ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી. તે જ પ્રમાણે શુક્રવારે પણ માંજલપુર વિસ્તારમાં આવેલ સરસ્વતી કોમ્પલેક્ષ ખાતે પાલિકા અને ફાયર વિભાગની ટીમ ત્રાટકી હતી. જ્યાં તપાસ કરતા માંજલપુર સરસ્વતી કોમ્પ્લેક્સ માં આવેલ આશરે ૧૮૦ થી વધુ જેટલી મિલ્કતોમાં ફાયર સેફ્ટીનો અભાવ તેમજ એનઓસી નહીં હોવાનું ધ્યાને આવતા સબ ફાયર ઓફિસર નિકુંજ આઝાદની આગેવાની હેઠળ પાલિકાના વિવિધ વિભાગની ટીમો દ્વારા ૧૮૦ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથધરી છે. ત્યાંના સ્થાનિક એક અગ્રણીએ જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલા જ તમામ મિલકત ધારકો પાસેથી ફાયર સેફ્ટી સહિતની સિસ્ટમો કાર્યરત કરવા મેન્ટેનન્સ સહિતના કામો કરવા માટે બધા પાસે રૂપિયા માંગવામાં આવ્યા હતા, તેમાંથી માત્ર ૭૦ જેટલા લોકોએ જ આપ્યો હતો. બાકીના એ કોઈ રસ દાખવ્યો ન હતો. જેથી કરીને તમામ મિલકતોને સીલ મારવી જ જોઈએ.

# વડોદરાના જેતલપુર રોડ પરના વીજ ગ્રાહકને ૧૩.૪૫ લાખના વીજ બિલનો મેસેજ મળ્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

શહેરમાં સ્માર્ટ વીજ મીટરો સામે લોકોના વિરોધ વચ્ચે સ્માર્ટ મીટર લાગ્યા બાદ જેતલપુર વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ૧૩.૪૫ લાખ રૂપિયાના વીજ બિલનો મેસેજ મોકલવામાં આવ્યો હોવાની જાણકારી સામે આવી છે. દરમિયાન વીજ કંપનીનુ કહેવુ છે કે, આ ભૂલથી મોકલાયેલો મેસેજ છે અને આ વ્યક્તિનુ તા.૩૦ મેના રોજ બાકી પડતુ બિલ ૨૪૮ રૂપિયા છે.

### જો કે વીજ કંપનીએ ભૂલ સ્વીકારી

જેતલપુર વિસ્તારમાં રહેતા ઈબ્રાહિમખાન પઠાણ નામના વ્યક્તિ આજે અલકાપુરીની વીજ કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, લાઈટ તથા પંખાને બાદ કરતા વધારે વીજ વપરાશ થાય તેવા કોઈ ઉપકરણો નથી. બોરિંગમાંથી પાણી ખેંચવા માટે ૧૫ મિનિટ મોટર ચાલે છે તેટલુ જ.સામાન્ય રીતે મારૂ બિલ ૨૫૦૦ રૂપિયાની આસપાસ આવતુ હોય છે પણ તાજેતરમાં મને વીજ કંપનીએ મોકલેલા મેસેજમાં બાકી પડતુ વીજ બિલ ૧૩.૪૫ લાખ રૂપિયા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ બિલને લઈને મેં છેલ્લા પંદર દિવસમાં વીજ કંપનીની કચેરીમાં વારંવાર રજૂઆત કરી છે પણ મને યોગ્ય જવાબ મળ્યો નથી. હું તો ડ્રાઈવિંગ કરૂ છું અને માંડ માંડ મારા પરિવારનુ ગુજરાન ચલાવુ છું.

તેમણે કરેલી રજૂઆતને હાજર રહેલા બીજા લોકોએ પણ સમર્થન આપ્યુ હતુ અને તેને લઈને ઉહાપોહ થયો હતો. એ પછી આ જાણકારી વીજ કંપનીના ઉચ્ચાધિકારીઓ પાસે પહોંચી હતી. વીજ કંપનીના સત્તાધીશોએ આ બાબતે સ્પષ્ટતા કરીને કહ્યુ છે કે, ગ્રાહક મોબાઈલ એપ પર પોતાના વીજ બિલનો સાચો આંકડો જાણી શકે છે અથવા સબ ડિવિઝન ઓફિસમાં જઈને પણ જાણકારી મેળવી શકે છે.આ ગ્રાહકનુ બાકી બિલ ૨૪૮ રૂપિયા છે.

# જૂનાગઢમાં ફાયર સેફ્ટી, લાઈસન્સ ન ધરાવનાર ગેસ એજન્સી સામે પુરવઠા તંત્રની કાર્યવાહી



(તસવીર: એસ.આઈ.બુખારી, જૂનાગઢ)

જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢ જિલ્લા કલેક્ટરનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારી ફાતિમાબેન માકડા, મામલતદાર એલ.બી. ડાભી તથા તેમની ટીમ દ્વારા રેઈડ કરતા અંદાજે રૂા. ૧૦ લાખની કિંમતની ૯૬ જેટલી ગેસની બોટલો જોખમી રીતે ખુલ્લા મેદાનમાં મળી આવી હતી. આ ગેસ એજન્સી પાસે તપાસ કરતા ફાયર સેફટી, એકસપ્લોઝિવ લાયસન્સ સહિત અન્ય જરૂરી પરવાના મેળવવામાં ન આવેલ હોય તેમ સામે આવ્યું હતું. જેથી આ તમામ જથ્થાને સીઝ કરવામાં આવ્યો હતો. અને આગળની કાયદાકીય કાર્યવાહી જિલ્લા પુરવઠા તંત્રએ હાથ ધરી હતી.

# છાપી હાઈવે પર ઓવરબ્રિજની કામગીરીમાં ઊભી કરાયેલી લોખંડની જાળી ધસી પડતાં ચાર દટાયા

## એક શ્રમિકની હાલત ગંભીર, અન્ય ત્રણને સામાન્ય ઈજા



(તસવીર :- સુરેશ અગ્રવાલ, છાપી)

(સંવાદદાતા દ્વારા)
છાપી, તા.૩૧

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર બની રહેલ નવીન ઓવરબ્રિજની કામગીરી દરમિયાન શુક્રવારે લોખંડની ખિલાસરીની જાળી અચાનક ધસી પડતા કામ કરી રહેલ ચાર શ્રમિકો દટાયા હતા. જો કે ઈજાગ્રસ્ત તમામ કામદારોને સિધ્ધપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

પાલનપુર - મહેસાણા હાઈવે ઉપર આવેલ છાપી હાઈવે ઉપર નવીન ઓવરબ્રિજનું કામ રાકેશ કન્સ્ટ્રક્શન મહેસાણા દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. ઓવરબ્રિજ માટે હાલમાં બન્ને તરફ આરસીસી દીવાલનું કામ શરૂ કરવામાં આવતા દીવાલ માટે ખિલાસરી ઉભી કરવામાં આવી હતી. ઉભી કરાયેલ ખિલાસરીને યોગ્ય સ્પોર્ટ ન અપાતા અચાનક ખિલાસરીની જાળી ધસી જતાં નીચે કામ કરતા ચાર મજદૂર દટાયા હતા. ઘટનાને લઈ અન્ય સાથી કામદારો એ દટાયેલ મજદૂરોને ભારે જહેમત ઉઠાવી બહાર કાઢ્યા હતા. દટાયેલ મજદૂરો પૈકી એકને કમ્મરના ભાગે ગંભીર ઈજા થયાનું જાણવા મળે છે. જ્યારે અન્ય ત્રણને સામાન્ય ઈજાઓ થઈ હતી.આ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક સિધ્ધપુર સિવિલમાં ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યા હતા. સદ્નસીબે કોઈ જાનહાનિ ન થઈ નહતી.

છાપી હાઈવે ઉપર નવનિર્મિત ઓવરબ્રિજની કામગીરી માં કોન્ટ્રાકટર દ્વારા શ્રમિકોને હેલ્મેટ પહેરવામાં બેદરકારી સામે આવી છે તેમજ સાઈડ ઉપર સેફ્ટી ગાર્ડમાં પણ છીંડા જોવા મળી રહ્યા છે. જેના કારણે ચોવીસ કલાક ધમધમતા હાઈવે ઉપર મોટા અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.

# ઓલપાડમાં નશામાં ધૂત ડમ્પરચાલકે એકને અડફેટે લીધો

## ગામના લોકોએ ચાલકને પકડી મેથીપાક ચખાડ્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં ડમ્પરચાલકો બેફામ રીતે હંકારતા હોય છે. જેના કારણે ભૂતકાળમાં પણ અનેક વખત અકસ્માતો સર્જાયા છે ત્યારે બેફામ ડમ્પરચાલકને ગામવાસીઓ મેથી પાક ચખાડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ મધ્યપ્રદેશ રાજ્યનો વતની રામનરેશ જગદીશ પ્રસાદ પટેલ (ઉં.વ.૩૯) હાલમાં સુરત શહેરના ડભોલી ગામની શ્રીનગર સોસાયટીમાં ડમ્પર માલિક રાકેશ કાળુભાઈ વણજારાના ભાડાના મકાન નં.૫૯માં રહે છે. તે રાકેશ વણજારાનું દસ વ્હીલર હાઈવા ડમ્પર નંબર ય્તન ૧૯૦ ૮૧૮૧ હંકારે છે. ગત તારીખ ૨૬ જૂનના રોજ આ ડમ્પરનો ચાલક જગદીશપ્રસાદ ઓલપાડ તાલુકાના કરમલા ગામથી કોસમ ગામ તરફ જવાના રોડ ઉપર બપોરે હાઈવા ડમ્પર વાંકીચૂંકી રીતે હંકારી રહ્યો હતો. ચાલકે રોડની બાજુએ ઊભેલા યુવકોને ટક્કર મારી ત્યારે આસપાસના લોકો દોડી આવી ડમ્પરચાલકને ઊભો રાખી દીધો હતો. ગ્રામજનોએ ડમ્પર આંતરી ડ્રાઈવરને મેથીપાક ચખાડી તપાસ કરતા તે દારૂના નશામાં વાહન ચલાવી રહ્યો હોવાનું માલૂમ પડ્યું હતું. તે સમયે ડમ્પરચાલક વાહન સાથે ભાગી છૂટ્યો હતો પરંતુ બેદરકારીપૂર્વક હંકારી રહેલા ડમ્પરની પાછળ કરમલા ગામ તરફથી પસાર થતી વખતે યુવાનોએ ડમ્પરનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાઇરલ કરતા પોલીસે ખુદ ફરિયાદી બની તપાસ આરંભી હતી. પોલીસે ડમ્પરના માલિકની પૂછપરછ કરી હતી. જેના આધારે ડમ્પરના ચાલક જગદીશપ્રસાદની અટકાયત કરી પૂછપરછ કરતા ગુનો કબૂલ્યો હતો.

# સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત ડે.એન્જિનિયર સહિત ૧૫ લોકો સાથે કેનેડાના વિઝાના બહાને રૂા.૪.૯૭ કરોડની ઠગાઈ

## પાંચ વર્ષ દરમિયાન વિઝાની કોઈ પ્રોસેસ કરી નહિ અને રૂપિયા પણ પરત ન આપ્યા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

કેનેડાના વિઝા બનાવી આપવાના બહાને સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત ડેપ્યુટી એન્જિનિયર સહિત ૧૫ લોકો પાસેથી ચાર ઠગોએ ૪.૯૭ કરોડ રૂપિયા પડાવી લીધા હતા. પાંચ વર્ષ દરમિયાન કોઈ વિઝાની પ્રોસેસ કરી ન હોય તેમ જ રૂપિયા પણ પરત નહીં આપતા તેમની સામે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડોદરા શહેરના લક્ષ્મીપુરા રોડ પર આવેલા દુર્ગા ડુપ્લેક્સ માં રહેતા નવનીતભાઈ હીરાભાઈ પરીખ (ઉ.વર્ષ- ૫૭) સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત ડેપ્યુટી એન્જીનીયર છે. વૃદ્ધ પ્રવિણચંદ્ર મણીલાલ સોલંકી અને ડો.નિરવ અંબાલાલ ચૌહાણને વર્ષ ૨૦૧૯માં મારા દિકરા ધ્રુવને સ્ટુન્ડટ વીઝા પર કેનેડા મોકલવાનો વિચાર કરી રહ્યા હતા. ત્યારે ડો.નિરવ અંભાલાલ ચૌહાણ અને પ્રવિણચંદ્ર મણીલાલ સોલંકીએ જણાવ્યું હતું કે, તમે જેટલો ખર્ચ તમારા છોકરાના ત્રણ વર્ષના વિઝા માટે કરશો તેટલા ખર્ચમાં બિઝનેશ સ્ટાર્ટઅપ વિઝા હેઠળ તમારૂં આખું ફેમિલીના કેનેડા જઈ પી.આર કેટેગરીના બિઝનેસ સ્ટાર્ટઅપ વિઝા થઈ જશે. ત્યારબાદ મેહુલ છત્રભુજ ઠકક્કર સાથે મારો પરિચય કરાવ્યો હતો. ત્યારે મેહુલ છત્રભુજ ઠક્કર, પ્રવિણચંદ્ર મણીલાલ સોલંકી અને ડો.નિલ અંબાલાલ ચૌહાણએ પોતાની સ્કીમ મને સમજાવી જેમાં તેમને રૂા.૪૦ લાખનું ઈન્વેસ્ટમેન્ટ કરવા કહ્યું હતું. સ્કીમનો ઈન્વેસ્ટમેન્ટ એગ્રીમેન્ટ અને શેર હોલ્ડર એગ્રીમેન્ટ કર્યા બાદ પ્રવિણચંદ્ર સોલંકી તથા ડો.નિવ ચૌહાણનાઓ સાથે ઘણા સમયથી પરિચીત હોય જાશામાં આવી ગયા હતા અને તેઓના કહ્યા મુજબ કેનેડા જવા માટે વિઝા મેળવવા માટે રૂા.૪૦ લાખ ચૂકવી દીધા હતા. ત્યારબાદ વર્ષ૨૦૨૦માં ઓફર ઓફ એમ્પલોયમેન્ટ અને રીક્વેટસ ઓફ લેટર ઓફ સપોર્ટની કામગીરીના ફોર્મ ભરાવ્યા હતા. બાદમાં કોરોનાની મહામારી ચાલતી હોય વિઝા પ્રોસેસનું કામ હાલ બંધ છે તેવા બહાના બતાવી સચોટ માહિતી આપતા ન હતા.

જેથી વૃદ્ધ સહિત કેનેડાની ફાઈલ માટે પ્રોસેસ કરાવનારા મિત્રો મેહુલભાઈ ઠક્કરની ઓફીસે તપાસ કરતા મેહુલ ઠક્કર સહિતના એજન્ટોએ ૧૪ લોકો પાસેથી બીજાના બહાને ૪.૯૭ કરોડ રૂપિયા પડાવી છેતરપિંડી કરી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં મેહુલ ઠક્કર તેમજ તેના મળતિયાઓ પ્રષિણચંદ્ર મણીલાલ સોલંકી, ડો.નિરવ ચૌહાણ અને ડો.જીગ્નેશ હરીભાઈ પટેલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

### રાજકોટના ગોઝારા કાંડ મામલે પ્રશ્નો પૂછતા મેયર ૧૮ વાર તપાસ અંગે બોલ્યા !

# અગ્નિકાંડ મામલે આખરે મેયર મેડમે મોં ખોલ્યું : જો કે, તપાસ ચાલુ છેનું જ રટણ કર્યું

## સાત દિવસે આપ્યું નિવેદન, તેમાં પણ છેલ્લે મૌન ધારણ કરવાનું કહ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

શનિવારની સાંજે રાજકોટના TRP ગેમઝોનમાં ભીષણ આગની ગોઝારી ઘટના બાદ સતત મીડિયાથી દૂર ભાગી રહેલાં મેયર આજે ૭ દિવસ બાદ બોલ્યાં હતાં, જેમાં ૩.૨૩ મિનિટના નિવેદનમાં દોઢ મિનિટ તો તેમણે તપાસ ચાલુ હોવાનું રટણ કર્યું હતું અને સવાલ પૂછવા બદલ ઊલટો મીડિયા પર આરોપ લગાવ્યો હતો. મગરમચ્છનાં આંસુ સારતાં મેયર નયના પેઢડિયાએ જણાવ્યું હતું કે સખત પ્રયાસ થઈ રહ્યો છે કે મેયર ભાગે છે, પણ મેયર ભાગતાં નથી. લેડીઝ હોવા છતાં મને જ સવાલો પૂછવામાં આવી રહ્યા છે. રાજકોટનાં મેયર નયના પેઢડિયા કોઈ અંગ્રેજી ડોક્યુમેન્ટરી માટે રેકોર્ડિંગ કરાવી રહ્યાં હતાં એ પત્રકારોએ TRP ગેમઝોન અંગ્નિકાંડ મામલે સવાલો પૂછ્યા હતા. જેમાં અધિકારીઓના ભ્રષ્ટાચાર અંગે તેમણે જણાવ્યું કે, એના માટેની તપાસ ચાલુ છે. તમે જોઈ શકો છો કે તપાસનો ધમધમાટ રાજકોટ મહાનગરપાલિકાની અંદર થઈ રહ્યો છે. પૂર્વ પદાધિકારીઓ સામે તપાસ થવી જોઈએ તેવા પ્રશ્નના જવાબમાં તેમણે તપાસ સોંપેલી છે અને તપાસ સોંપવામાં આવી છે એ લોકો તપાસ કરે છે. તેમ જણાવ્યું હતું. કોર્પોરેશનમાંથી કોણ તપાસ કરે છે? તેવા પ્રશ્નના જવાબમાં મેયર વિચારમાં પડી ગયાં અને પછી જવાબ આપતાં કહ્યું હતું કે તમે સખત પ્રશ્ન કરો છો. ઘણા લાંબા સમયથી જોઈએ છે એક મુદ્દા માટેની તપાસ ચાલુ છે. ૨૭ લોકોના જીવનો સવાલ એ મુદ્દો અમે નથી બનાવ્યો તેમ કહી કયા કોર્પોરેટરની સંડોવણી હતી. કેમ કાર્યવાહી ના થઈ. અત્યારે રાજકોટની અંદર સરકાર દ્વારા પણ તપાસ થઈ રહી છે અને તપાસ થતી પણ રહેશે. આ માટે તટસ્થ તપાસ કરવામાં આવશે. આમાં લાગણીસભર અમે પણ છીએ અને લાગણીસભર પત્રકાર તમો પણ છો. જે દશ્ય રાજકોટની અંદર આપે સૌએ ક્યારે નથી જોયાં અને મેં પણ નથી જોયાં. મેડમ તમારી આંખમાંથી આંસુ જતાં રહ્યાં છે ? તેવા સવાલના જવાબમાં મેયરે કહ્યું આંસુ આવવા કરતાં એક માતા તરીકે ભલે, જે સ્ત્રી માતા બની ન હોય અને માતા જે બની છે તે સ્ત્રી માત્ર હંમેશાં લાગણીશીલ હોય છે. જ્યારે કોઈ બોલે છે ત્યારે આકરા પ્રહારો સાથે અને એક સ્ત્રીને લાગણી થતી હોય છે. આટલા બધાની સામે મીડિયા ફોકસ અમને જ કરે છે એક લેડી તરીકે તમે જે કહો છો, મને લાગણી ખૂબ જ છે. તપાસ ચાલુ છે. તપાસ કોઈ મીડિયા પર સવાલ ઉઠાવતા નથી. તેમ જણાવી તેમણે ઉમેર્યું કે, પદાઅધિકારીઓ સામે પણ તપાસ ચોક્કસ થવાની છે ? અત્યારે આ બાબતમાં કોઈપણ પ્રશ્ન પૂછશો તો તપાસનો ધમધમાટ ચાલુ છે. આ બાબતમાં હું મારું નિવેદન નહીં આપી શકું, કેમ કે, આ બાબતમાં હું અત્યારે મૌન ધારણ કરૂં છું, કેમ કે જે દશ્યો જોયાં છે એનો આઘાત અમને પોતાને પણ છે.

### વેકેશન હોવાના કારણે મોટી દુર્ઘટના ટળી

# ગાંધીનગરમાં દિલ્હી પબ્લિક સ્કૂલમાં લાગી વિકરાળ આગ

## ● સ્કૂલ ખાતે એસીમાં શોટ સર્કિટના કારણે પીવીસી સીલિંગના સ્ટ્રક્ચરવાળી એડમિન ઓફિસમાં આગ લાગી ● સ્કૂલમાં કાર્યરત ફાયર સિસ્ટમની મદદથી આગને પ્રસરતી અટકાવાઈ

અમદાવાદ, તા.૩૧

રાજકોટના ગોઝારા અગ્નિકાંડને કારણે ૩૦ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે તેવામાં ગાંધીનગરના કોબા અડાલજ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે એસીમાં શોટ સર્કિટના કારણે પીવીસી સીલિંગના સ્ટ્રક્ચર વાળી એડમિન ઓફિસમાં વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં ઓફિસનું ટેબલ ખુરશી સહીતનું ફર્નિચર તેમજ કોમ્પ્યુટરો ઉપરાંતનો સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી આગને વધુ પ્રસરતા અટકાવી દેવામાં આવી હતી. જો કે, સદ્નસીબે સ્કૂલમાં વેકેશન હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરનાં કોબા અડાલજ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે લાગેલી ભીષણ આગમાં એડ્મિન ઓફિસ બળીને ખાખ થઈ ગઈ છે. એડમીન ઓફિસના ACમાં શોટ સર્કિટનાં કારણે આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે સમગ્ર એડમીન ઓફિસને ઝપેટમાં લઈ લીધી હતી. અહીં પીવીસી સીલિંગ વાળી ઓફિસમાં ગણતરીની મીનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ટેબલ ખુરશી સહિતનું ફર્નિચર, કોમ્પ્યુટર, સ્ટેશનરી સહિતનો સર સામાન ભડભડ સળગવા લાગ્યો હતો. ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સ્કૂલમાં કાર્યરત ફાયર સિસ્ટમની મદદથી આગને પ્રસરતા અટકાવી દેવામાં આવી હતી. સ્કૂલમાં વેકેશન હોવાથી સદ્નસીબે વિધાર્થીઓ સ્કૂલમાં હાજર ન હતા. આ અંગે ચીફ ફાયર ઓફિસર દસ્તૂરે જણાવ્યું હતું કે, એસીમાં શોટ સર્કિટના કારણે આગ લાગતા એડમીન ઓફિસમાં આગ લાગી હતી. જેમાં ફર્નિચર, કોમ્પ્યુટર સહિતનો સામાન સળગી ગયો હતો. વેકેશનનો માહોલ હોવાથી વિધાર્થીઓ સ્કૂલમાં નહોતા. આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. સ્કૂલની ફાયર સિસ્ટમ ચાલુ હાલતમાં હોવાથી એનાથી જ આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં પોસ્ટ ઓફિસના પાર્સલમાંથી ૧.૨૫ કરોડનો ગાંજો ઝડપાયો

## પોલીસે બે શખ્સોની અટકાયત કરી

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં ગુનાખોરીનો ગ્રાફ વધવા લાગ્યો છે. દારૂ અને જુગાર સહિતની બદીઓ ફૂલી-ફાલી છે. આમ બુટલેગરો બેફામ બન્યા છે. વળી ગુનાખોરીને અંજામ આપવા માટે બુટલેગરો જુદી-જુદી મોડસ ઓપરેન્ડી અપનાવતા હોય છે. ત્યારે અમદાવામાં એક ચોંકાવી દે તેવો બનાવ સામે આવ્યો છે. અમદાવાદમાં પોસ્ટઓફિસના પાર્સલમાંથી ૧.૨૫ કરોડનો ગાંજો ઝડપાયા હોવાના સમાચાર સામે આવ્યા છે. રમકડાંની આડમાં કરોડોનો ગાંજો પાર્સલમાંથી અચાનક ગાંજાનો જથ્થો મળતા તંત્ર દોડતું થયું હતું.

અમદાવાદમાં પોસ્ટ ઓફિસના પાર્સલમાંથી ૧.૨૫ કરોડનો ગાંજો ઝડપાયા હોવાના સમાચાર સામે આવ્યા છે રમકડાની આડમાં કરોડોનો ગાંજો પાર્સલમાંથી અચાનક ગાંજાનો જથ્થો મળતા તંત્ર દોડતું થયું હતું. મળતી માહિતી મુજબ, રાજ્યમાં બૂટલેગરો બેફામ થયા છે. ત્યારે ગાંજો, ડ્રગ્સ અને દારૂના બૂટલેગરો અને પેડલરો સામે ક્રાઈમબ્રાન્ચ-કસ્ટમનું સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. તેવામાં અમદાવાદમાં રમકડાંની આડમાં પોસ્ટઓફિસના પાર્સલમાંથી કરોડોનો ગાંજો ઝડપાયો છે. પોલીસે પોસ્ટઓફિસના પાર્સલમાંથી અંદાજીત ૧.૨૫ કરોડનો ગાંજો ઝડપી પાડ્યો છે.

ક્રાઈમબ્રાન્ચે સમગ્ર મામલે ૨ શખ્સોની અટકાયત કરીને અંદાજે ૧.૨૫ કરોડનો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે. પોલીસે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### ગોંડલના ભાજપના ધારાસભ્યના પુત્ર સામે નોંધાયો ગુનો

# NSUI નેતાનું અપહરણ કર્યા બાદ નગ્ન કરી ઢોરમાર મારી વીડિયો બનાવ્યો

## ક્ષત્રિય અગ્રણી જયરાજસિંહના પુત્ર સહિત ૧૦ જણા સામે આરોપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ/જૂનાગઢ, તા.૩૧

ગોંડલના ભાજપના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિતની ટોળકી સામે જૂનાગઢમાં અપહરણ અને હત્યાના પ્રયાસની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જૂનાગઢ NSUI પ્રમુખનું ત્રણ કારમાં અપહરણ કર્યા બાદ ગોંડલના 'ગણેશગઢ' ખાતે લઈ જઈ આરોપીઓએ ભોગ બનનારનાં કપડાં કાઢી ઢોર માર માર્યો હતો અને તેનો વીડિયો બનાવી વાઈરલ કરવાની ધમકી આપી હતી. ભોગ બનનારને ઢોર માર મારી જૂનાગઢમાં ઉતારી આરોપી નાસી છૂટ્યા હતા. આ મામલે ભોગ બનનાર દ્વારા ગણેશ જાડેજા સહિતના આરોપીઓ સામે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અત્યંત ચર્ચાસ્પદ એવા આ બનાવ અંગે ભોગ બનનાર સંજય રાજુભાઈ સોલંકીએ ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, હું અને મારો છોકરો ૩૦ તારીખે રાત્રે કાળવા ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળુભાના પૂતળા પાસે પહોંચતા પાછળથી એક ફોર વ્હીલર કાર એકદમ સ્પીડમાં આવેલ અને મારી નજીક પહોંચી બ્રેક મારી હતી. જેથી મેં કારચાલકને વ્યવસ્થિત ચલાવવાનું કહેતા તે લોકોએ ઝઘડો કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, મારો છોકરો મારી સાથે હોઈ મેં કહ્યું હતુ કે, હું મારા છોકરાને ઘરે મૂકીને આવું છું. ત્યારબાદ હું મારી બાઈક લઈને ત્યાંથી રવાના થઈ ગયો હતો અને મારા ઘર પાસે પહોંચતા આ ફોર વ્હીલરનો ચાલક અને તેની સાથે બીજી એક ફોર વ્હીલર મારી પાછળ મારા ઘર પાસે આવી હતી. આ બંને કારમાંથી આશરે દશેક માણસો નીચે ઊતર્યા હતા અને મારી સાથે ઝઘડો કરવાની તૈયારીમાં હતા તેવામાં મારા પિતા આવી ગયા હતા. આ કારમાં એક માણસ બેઠો હતો જે માણસને જોતા આ માણસ ગોંડલનો ગણેશ જયરાજસિંહ જાડેજા હતો. તેને હું ઓળખી ગયેલ અને તેની સાથે તેના બીજા માણસો હતા તેને હું ઓળખતો નથી. પરંતુ, મને બતાવવામાં આવે તો જોઈ ઓળખી શકું છું. ત્યારે ગણેશ જાડેજાને મારા પિતા ઓળખતા હોવાથી અમારા વચ્ચે મારા પિતાએ સમાધાન કરાવેલ અને આ લોકો જતા રહ્યા હતા. ત્યારબાદ હું રાત્રિના સમયે મારા ઘર પાસેથી બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે આ લોકો ફરી પોતાની ફોર વ્હીલર કારમાં ધસી આવ્યા હતા અને મારી મોટર સાઈકલને ટક્કર મારી મને નીચે પછાડી દીધો હતો. કારમાંથી પાંચેક શખ્સોએ નીચે ઊતરી મને લોખંડના પાઈપ વડે મારવા લાગ્યા હતા. તેની પાછળ પણ બે કાર આવી હતી. તેમાંથી પણ માણસો નીચે ઊતર્યા હતા અને મને ઉપાડીને કારમાં બેસાડી દીધો હતો અને કારને ગોંડલ બાજુ લઈ ગયા હતા.

જેમાં એક અવાવરૂ વાડી વિસ્તારમાં લઈ ગયા હતા અને ત્યાં નીચે ઉતારી મને માર મારતા હતા અને મારી જાતિ વિષે ખરાબ ટિપ્પણીઓ કરી હતી. ત્યારબાદ ગણેશે મને પાછો તેની કારમાં બેસાડી દીધો હતો અને ગોંડલ તેના ઘરે ગણેશગઢમાં લઈ ગયા હતા. ત્યાં પણ પાંચ છ માણસો હાજર હતા. ત્યારે ગણેશના માણસોના હાથમાં પિસ્તોલ જેવા હથિયાર અને લોખંડના પાઈપ હતા. આ ગણેશ જાડેજાના માણસો મને તેની ઓફિસમાં લઈ ગયેલ અને ગણેશના કહેવાથી તેના માણસોએ મારાં કપડાં કાઢી નાખેલ હતાં. મને આડેધડ ઢીકાપાટુનો માર મારી તેનો વીડિયો ઉતારી લીધો હતો અને મારી પાસે માફી મંગાવેલ અને કહેલ કે, જૂનાગઢ NSUI કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેજે અને આ બાબતે જો તું ફરિયાદ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેમ ધમકી આપેલ હતી. તે પછી મને પાછો એક ફોર વ્હીલ કારમાં બેસાડી જૂનાગઢ ભેંસાણ ચોકડી ક્યિાના શોરૂમ પાસે ઉતારીને જતા રહ્યા હતા. ફરિયાદીના પિતા રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગઈકાલે ત્રણ વાગ્યે જૂનાગઢ દાતાર રોડ વિસ્તામાંથી મારા છોકરાનું ગોંડલના ધારાસભ્ય ગીતાબેન અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો દીકરો ગણેશ અને એના માણસો ત્રણ ફોર વ્હીલરમાં અપહરણ કરી ગયા હતા. બાદમાં 'ગણેશગઢ'માં લઈ જઈ મારા છોકરાને નગ્ન કરીને માર માર્યો હતો. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપી પાછો જૂનાગઢ ભેંસાણ ચોકડી ઉતારી દીધો હતો. આ અંગે અમે જૂનાગઢ પોલીસને જાણ કરી પોલીસને સીસીટીવી પણ આપ્યા છે. આ અંગે અમે જયરાજસિંહના છોકરા સહિત ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, ગણેશ જાડેજા સહિતના ૧૦ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ભોગ બનનારને જૂનાગઢમાંથી અપહરણ કરી ગોંડલ તરફ લઈ ગયા હતા. આરોપીઓ સામે એટ્રોસિટી, હત્યાનો પ્રયાસ, અપહરણ, રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એલસીબી, એસઓજી સહિતની ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

### રાજકોટના ગોઝારા અગ્નિકાંડની પરીક્ષામાં ભાજપ નિષ્ફળ !

# ભાજપના અગ્રણી ૧૫થી ૨૦ નેતાઓ દેખાયા જ નહીં : ચૂંટણી પરિણામની ઉજવણી નહીં કરાય

## મૃતકોના પરિજનોને સાંત્વના આપવામાં નિષ્ફળ ભાજપને હવે શરમ આવી હોય તેમ કરી જાહેરાત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

ગત ૨૫ મેના રોજ રાજકોટના TRP ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડમાં ૨૭ નિર્દોષના જીવ ગયા છે. જો કે એક એક મતનું પ્લાનિંગ કરવામાં માહેર ભાજપના નેતાઓ ૨૭ના મોત માટે પરિજનોને સાંત્વના આપવામાં કે પ્રજા સાથે રહેવામાં પણ નિષ્ફળ રહ્યા છે. હાલ રાજકોટમાં તો એવી સ્થિતિ છે કે, મીડિયા સામે આવતા ભાજપના નેતાઓ અચકાય છે અને જોઈને ચાલતી પકડે છે. આ દુર્ઘટનાના ૭ દિવસ વીતી ગયા પછી હવે ભાજપને શરમ આવી રહી છે અને લોકસભા ચૂંટણીના પરિણામના દિવસે વિજય રેલી ન યોજવાનો નિર્ણય કર્યો છે.

ભાજપ દ્વારા રાજકોટની દુઃખદ ઘટનાને લઈ હવે પરિણામ વખતે ઉજવણીના કાર્યક્રમો ન રાખવા સહિતની સૂચનાઓ જારી કરાઈ છે. જેમાં મતગણતરી સ્થળ બહાર, કાર્યાલય ખાતે તેમજ અન્ય જાહેર સ્થળે ફટાકડા ફોડવા નહીં. મીઠાઈની વ્યવસ્થા રાખવી નહીં અને એકબીજાને મીઠાઈ ખવડાવવી નહીં. ફૂલની પાંદડી અને ગુલાલ ઉડાવીને અભિવાદન કરવું નહીં. કાર્યકરો ટોપી, ખેસ પહેરીને હાથમાં પાર્ટીના ઝંડા સાથે વિજયને આવકારે તેમજ મતગણતરી બાદ વિજેતા ઉમેદવારે ખુલ્લી જીપ કે વાહનમાં વિજય સરઘસ કે રેલી કાઢવી નહીં અને ઢોલ-નગારા કે ડીજે સાઉન્ડની વ્યવસ્થા કરવી નહીં. એ જ રીતે કાર્યાલયમાં રોશની અને સુશોભન કરવું નહીં. આ ઉપરાંત વિજય થઈ ગયા પછી સન્માન સમારોહ પણ ટાળવાનું કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫ મે ૨૦૨૪ની એ સાંજે TRP ગેમ ઝોન અનેક પરિવારો માટે ડેથ ઝોન બની ગયો હતો. આ ગેમ ઝોનમાં આગ લાગવાની દુર્ઘટના સર્જાતા રાજકોટની ચારેય દિશામાં ગેમ ઝોનથી ૫ થી ૭ કિલોમીટર દૂર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા દેખાતા હતા. તેના પરથી અંદાજો લગાવી શકાય કે આ આગ કેટલી વિકરાળ હશે. રાજકોટની જનતાએ મહાપાલિકાની ચૂંટણીમાં ૭૨માંથી ૬૮ ભાજપના નેતાઓને ચૂંટી કોર્પોરેટર બનાવ્યા, પરંતુ જ્યારે દુઃખની ઘડી આવી તો એક પણ નેતા સહભાગી બની સાંત્વના આપવા આગળ આવ્યા નથી. ચાર ચાર દિવસ સુધી પોતાનું સ્વજન આવશે તેની રાહમાં લાશ લેવા માટે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં અશ્રુભીની આંખે પડાવ નાંખ્યો હતો. તમામ લોકોની આંખો ભીની હતી. પરંતુ સત્તાધારી શાસકોના પેટનું પાણી હલ્યું ન હતું. શનિવારે સાંજે બનાવ બન્યો એ દિવસે રાત્રિના સમયે રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા અને તેની સાથે ધારાસભ્ય રમેશ ટીલાળાએ પીએમ રૂમ ખાતે મુલાકાત કરી હતી અને સાંસદ દરરોજ એક વખત પીએમ રૂમ ખાતે આવી સ્વજનોને દિલાસો પાઠવતા હતા જ્યારે પુરૂષોત્તમ રૂપાલા ત્રણ દિવસ પછી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં મૃતકનાં પરિવારજનોએ તેમને ભીંસમાં લીધા હતા તો મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી પણ રાજકોટ આવ્યા પરંતુ તેઓએ પણ હોસ્પિ.માં પરિવારજનોની મુલાકાત લીધી ન હતી. રૂપાલા સાહેબને અમારો આગ્રહ હતો કે, અમારા પર કંઈ બને તો એ અમારી સાથે રહેવા જોઈએ, બે દિવસથી તમે દેખાયા નથી. અમને યોગ્ય ન્યાય નથી મળ્યો. અમારા સમાજે ચૂંટણીમાં તમને ખૂબ સહયોગ આપ્યો છે. તેમ મૃતકોના પરિજનોમાંથી રૂપાલાને ભીંસમાં લેતા જણાવ્યું હતું. આ સિવાય અન્ય કોઈ નેતા મંત્રી પણ પરિવારજનોને મળી સાંત્વના પાઠવવા પહોંચ્યા ન હતા. અગ્નિકાંડના દિવસે કે તે પછીના દિવસોમાં ભાજપના અગ્રણી ૧૫થી ૧૯ જેટલા દેખાયા ન હતા. જેને લઈને લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

### રાજકોટ અગ્નિકાંડ બાદ સફાળી જાગેલ સરકારની વિચારણા

# વધુ ભીડવાળા ખાનગી મોટા એકમોમાં ફાયર ઓફિસર રાખવા નિર્ણય લેવાઈ શકે

## ફાયર એક્ટમાં સુધારો કરવાની દિશામાં પણ સરકાર વિચારે છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં ૨૮ લોકોનાં મોત બાદ હાલ રાજ્ય સરકાર સફાળી જાગી છે. તેને અનુસરીને સરકારે કેટલાક ફેરફાર કરવાનો પણ નિર્ણય કર્યો છે. સરકાર હવે ખાનગી એકમોમાં એક ખાનગી ફાયર ઓફિસરની નિમણૂંક કરવા આદેશ આપી શકે છે. જે તે મોટા એકમો જ્યાં વધુ ભીડ એક્ઠી થાય છે તેવા એકમોમાં નિમણૂક માટે આદેશ કરી શકે છે.

રાજકોટમાં TRP ગેમિંગ ઝોનમાં ૨૫ મેના રોજ લાગેલી આગમાં કેટલાક લોકો જીવતા ભૂંજાઈ ગયા, કેટલાય પરિવારો વેરવિખેર થઈ ગયા. આ અગ્નિકાંડને પગલે હવે રાજ્યમાં તંત્ર દોડતું થયું છે. હવે અલગ-અલગ જિલ્લાઓમાં તંત્ર દ્વારા ચેકિંગ હાથ ધરાયું છે અને ફાયર સેફટી અને ફાયર NOC ન હોય એવા ઘણા એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે સરકાર ફાયર સેફટીને લઈને નવા નિયમો બનાવવા પર વિચાર કરી રહી છે. અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા પ્રિવેન્શન ઓફ ફાયર એક્ટમાં સુધારો કરવાની વિચારણા ચાલી રહી છે. હવે સરકાર વધુ ભીડ થાય તેવા એકમોમાં ફાયર ઓફિસરની નિમણૂક કરવાનો આદેશ આપી શકે છે. કોમર્શિયલ એકમોએ પ્રાઈવેટ ફાયર ઓફિસરની ભરતી કરવી પડશે. આગ લાગવાની ઘટનામાં જવાબદારી ફાયર ઓફિસરની રહેશે. સરકારી વ્યવસ્થાઓ પર ભારણ ન વધે તે માટે સરકાર વિચારણા કરી રહી છે. એવા મોટા એકમો કે જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય, ભીડ થતી હોય એવા એકમોમાં ફાયર ઓફિસરની નિમણૂક કરવાનો આદેશ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

આવી જગ્યાઓમાં મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, સિનેમા હોલ, કોમ્યુનિટી હોલ સહિતના એકમોને આવરી લેવામાં આવશે. આવી જગ્યાઓ પર પ્રાઈવેટ ફાયર ઓફિસરની ભરતી કરવી પડશે. આમાં નિમણૂક કરાયેલ ખાનગી ફાયર ઓફિસરની વિવિધ જવાબદારીઓ રહેશે. જેમાં ફાયરના સાધનો લગાવવાથી લઈને તેમાં ચેકિંગ અને જાળવણી જેવી જવાબદારીઓ રહેશે. સાથે જ સરકારી તંત્રનું ખાનગી ફાયર ઓફિસર અને જે તે એકમો પર પણ નિયંત્રણ રહેશે. તેમ જાણવા મળેલ છે.

### ગણતરીના કલાકોમાં જ ફૂડ કોર્ટ શરૂ થતાં લોકોમાં રોષ

# સુરતના પાલ ગેલેક્ક્ષી સર્કલ પાસે ભાજપ નેતાનું સીલ થયેલ ફૂડ કોર્ટ ફરી ધમધમતું થયું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

પાલ ગેલેક્ક્ષી સર્કલ પાસે આવેલા સ્થાનિક ભાજપના નેતાનું ફુડ કોર્ટ સીલ થયા બાદ ગણતરીનાં કલાકોમાં શરૂ થતાં ખુદ ફાયર વિભાગના અધિકારીઓની જ ભુમિકા પર પ્રશ્નાથ ઉભો થયો છે. ફાયર વિભાગના અધિકારીઓ નેતાઓ સમક્ષ ઘુંટણિયે પડ્યા હોવાની ચર્ચાએ શહેરમાં જોર પકડ્યું છે.

શહેરભરમાં ખાસ કરીને રાંદેર, વરાછા અને અઠવા ઝોન વિસ્તારોમાં ફાયર એનઓસી અને પાર્કિંગ જેવી સુવિધાઓના અભાવ વચ્ચે ધમધમતાં આફૂડ કોર્ટ વિરૂદ્ધ પણ મહાનગર પાલિકા દ્વારા સીલિંગની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે ગઈકાલે પાલ ખાતે આવેલ ગેલેક્ષી સર્કલ પર ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરના ફૂડ કોર્ટને સીલ કરવામાં આવતાં લોકોમાં ફાયર વિભાગની કાર્યવાહીની ચોમેરથી પ્રશંસા થઈ હતી. શાસક પક્ષના દંડક એવા ધર્મેશ વાણિયાવાલાના ફુડ કોર્ટને પણ સીલ કરવામાં આવ્યા બાદ જો કે વિવાદનો વંટોળપણ ઉભો થયો છે. એક તરફ ફાયર એનઓસી સહિતના મુદ્દે સીલિંગની કાર્યવાહી બાદ ફાયર વિભાગ દ્વારા હાલમાં કોઈ સીલ ખોલવામાં આવી રહયા નથી ત્યારે ભાજપના કોર્પોરેટરના ફુડ કોર્ટમાં લાગેલું સીલ રાતોરાત ખુલી જતાં - ભારે ચર્ચાએ જોર પકડ્યું છે. ગઈકાલે રાતથી જ આ ફુડ કોર્ટની તસવીરો વાયરલ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. અલબત્ત, આજે સવારે પણ ફુડ કોર્ટમાંથી વાહનોની અવર-જવર દેખાતાં લોકો ફાયર વિભાગની કામગીરી વિરૂદ્ધ ફિટકાર વરસાવી રહયા છે.

# જુહાપુરામાં કાળઝાળ ગરમીમાં માનવ સેવાનું ઉમદા કામ કરતી સ્વયંસેવી સંસ્થાઓ




રાજયમાં હાલ આકરો ઉનાળો ચરમસીમાએ છે કાળઝાળ ગરમી અને હીટવેવને કારણે અનેક લોકોને લૂ લાગી જાય છે ત્યારે લોકોને પુષ્કળ પ્રમાણમાં પાણી, છાશ અને શરબત જેવા પીણા પીવાનું વારંવાર કહેવામાં આવી રહ્યું છે. જેને લઈ અમદાવાદ શહેરમાં અનેક સ્થળોએ સેવાભાવી સંસ્થાઓ અને લોકોએ ઠેર-ઠેર છાશ, દહી પાણી અને શરબતની પરબો શરૂ કરી લોકસેવાનું કામ શરૂ કર્યું છે. ત્યારે શહેરના અન્ય વિસ્તારોની જેમ જુહાપુરામાં પણ મુખ્ય રોડ ઉપર ઠંડા પાણી અને શરબતની પરબ ઉભી કરાઈ છે. જેમાં તમામ રાહદારીઓને સ્વંય સેવી સંસ્થાઓ દ્વારા શરબત અને પાણી પીવડાવી કાળઝાળ ગરમીમાં રાહત મળે તેવું ઉમદા માનવ સેવાનું કામ કરવામાં આવી રહ્યું છે.

# નિકોલના યુવક પાસેથી ઉધાર માલ ખરીદી ૩૯ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં એક યુવક સાથે ૩૯ લાખની છેતરપિંડી થઈ છે. પ્રાપ્ત વિગત મુજબ નિકોલમાં રહેતા જગદીશકુમાર પાતાજી પરિહાર (ઉ.વ.૩૭)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, ચીલોડા મણીભદ્ર ફેબીકર્ટસ નરોડાવાળા હિતેષ ગંગારામભાઈ પંચાલ અને ૠતુજા હીતેષભાઈ પંચાલે ભેગા મળી જગદીશકુમાર પાસેથી માલસામાન ખરીદ કરી પહેલા સમયસર નાણા ચુકવી વિશ્વાસમાં લીધો હતો. ત્યાર બાદ લોખંડની પાઈપ તથા બીજો પરચુરણ સામાન મળી ખરીદી કરી માલના પૈસા બાકી રાખ્યા હતા. જો કે આજદીન સુધી પૈસા નહીં ચુકવી છેતરપિંડી કરી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ ચલાવી છે.

### છેતરપિંડીની નવી તરકીબ અજમાવી

# અમદાવાદમાં સોનાના વેપારીને દોસ્તીનો હવાલો આપી ગઠિયો કળા કરી ગયો

## મિત્રના અવાજમાં વાત કરી મદદના નામે અજાણ્યા શખ્સે ૩.૯૦ લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો

અમદાવાદ, તા.૩૧

આજના જમાનમાં ઘણીવાર ભલાઈ કરવી એક ગુના સમાન બની જાયે છે. કેટલીક વખત અજાણ્યાની મદદ કરવા જતાં તમને લાખો રૂપિયાનો ચૂનો લાગી જતો હોય છે. આવી જ એક ઘટના તાજેતરમાં અમદાવાદ શહેરમાં બની હતી બનાવની વિગત મુજબ શહેરના કોટ વિસ્તાર ખાડિયામાં સોનાના વેપારીને ગઠિયાએ ફોન કરીને તેમના મિત્ર શર્માજી જેવો અવાજ કાઢીને તેના ભાઈનો અકસ્માત થયો છે કહીને રૂ.આઠ લાખની તાત્કાલિક જરૂર હોવાનું કહીને કુલ રૂ.૩.૯૦ લાખ પડાવી લીધા હતા. સોનાના વેપારીએ એક દિવસ પહેલાં જ મિત્ર શર્મા સાથે વાત કરી હતી ત્યારે તે રાજસ્થાન જતા હોવાની વાત થઈ હતી.

ગઠિયાએ મિત્ર જેવો અવાજ કાઢતા તેમને વિશ્વાસ બેઠો હતો પણ ગઠિયાએ ફોન બંધ કરી દેતા વેપારીએ મિત્રને ફોન કરતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે વેપારીએ ગઠિયા સામે ખાડિયા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. રાયપુરમાં રહેતા અને સોના-ચાંદીના દાગીના બનાવી વેચવાનો ધંધો કરતા વીરેન્દ્રભાઈ સોનીના મોબાઈલ ફોન પર ૪થી જાન્યુઆરીએ સાંજે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતે તેમનો મિત્ર શર્માજી બોલતો હોવાનું અને રાજસ્થાન જવાનું કહીને મારા ભાઈનો અકસ્માત થયો છે તેના બંને પગ કાપવા પડશે તેમ ડૉક્ટરે કહ્યું છે અને તેનો ખર્ચ આઠ લાખ છે. તે રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ છે.

આગલા દિવસે મિત્ર નરેન્દ્રભાઈ શર્માએ ફોન કરીને પોતે રાજસ્થાન જવાનો છે તેમ કહ્યું હતું. જેથી વીરેન્દ્રભાઈને તેમનો મિત્ર જ બોલતો હોવાનું લાગ્યું હતું. બાદમાં ગઠિયાએ તેમના મિત્રના પરિવારના સભ્યોના નામ આપીને જુદા-જુદા નંબરો પર ઓનલાઈન કુલ રૂ.૩.૯૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં ગઠિયાએ રૂપિયા પરત મોકલાનું કહીને કુલ રૂ. ૪.૭૦ લાખ ટ્રાન્સફર કર્યા હોવાના ખોટા મેસેજ મોકલ્યા હતા. ત્યારબાદ ફોન બંધ કરી દીધો હતો. જેથી વીરેન્દ્રભાઈએ તેમના મિત્રના નંબર પર ફોન કરતા સમગ્ર હકીકતની અને તેમની સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે વીરેન્દ્રભાઈએ અજાણ્યા ગઠિયા સામે ખાડિયા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# UN નિષ્ણાતોએ ઈઝરાયેલ સામે પ્રતિબંધો, શસ્ત્ર પ્રતિબંધો માટે હાકલ કરી

(એજન્સી) તેલ અવીવ, તા.૩૧

રફાહ પર ઈઝરાયેલના હુમલા બાદ જેમાં ૪૫ લોકો માર્યા ગયા હતા, યુએન નિષ્ણાતોએ નિર્ણાયક આંતરરાષ્ટ્રીય પગલાં અને ઈઝરાયેલ સામે તાત્કાલિક પ્રતિબંધો અને શસ્ત્ર પ્રતિબંધની હાકલ કરી છે.

ગાઝામાં સરકારી મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર વિસ્થાપિત લોકો માટેના કેમ્પ પર ઈઝરાયેલી હુમલા બાદ ઓછામાં ઓછા ૪૫ લોકો માર્યા ગયા અને ૨૦૦ અન્ય ઘાયલ થયા.

હુમલાના થોડા સમય બાદ ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF)એ જાહેરાત કરી હતી કે, હમાસના એક કમ્પાઉન્ડને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં હમાસના બે વરિષ્ઠ અધિકારીઓ માર્યા ગયા હતા. હમાસ દ્વારા ઈઝરાયેલના શહેર તેલ અવીવ પર મહિનાઓમાં પ્રથમ રોકેટ હુમલા બાદ ઈઝરાયેલનો હુમલો કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના જૂથે રફાહ પરના હુમલાની સ્વતંત્ર તપાસની હાકલ કરી હતી. યુએન વિશેષ પ્રક્રિયાઓએ ટ્વિટર પર જણાવ્યું કે, રફાહ કેમ્પમાં આશ્રય લેતા નાગરિકો પર ઈઝરાયલી હુમલાઓથી નારાજ યુએન નિષ્ણાતોએ આંતરરાષ્ટ્રીય તપાસ, પ્રતિબંધો અને શસ્ત્ર પ્રતિબંધની માંગ કરે છે. હુમલાને ભૂલ કહી તેને કાયદેસર બનાવશો નહીં, માર્યા ગયેલા લોકોને પાછા લાવો અથવા દુઃખી બચી ગયેલા લોકોને દિલાસો આપો.

યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સના કાર્યાલયે એક નિવેદન બહાર પાડ્યું, ભારપૂર્વક જણાવ્યું કે, આ નિષ્ઠુર હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, રફાહમાંથી વિનાશ, વિસ્થાપન અને મૃત્યુની કરૂણ તસવીરો બહાર આવી છે,



જેમાં બાળકો જીવતા સળગેલા હતા. અહેવાલો દર્શાવે છે કે, હુમલો અંધાધૂંધ અને અપ્રમાણસર હતો, જેમાં લોકો પ્લાસ્ટિકના તંબુ સળગાવીને અંદર ફસાયા હતા, જેના કારણે ભયાનક જાનહાનિ થઈ હતી. તેઓએ ગાઝા પર ઈઝરાયેલના હુમલાને રોકવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયની નિષ્ફળતા પર ઊંડી નિરાશા કરી છે. તેઓએ રફાહ વિસ્થાપન શિબિરો પરના હુમલાની સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી હતી.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ અત્યાચારો માટે જવાબદાર લોકોને દોષી ઠેરવવા જોઈએ. ઈઝરાયેલમાં શસ્ત્રોનો પ્રવાહ તરત જ બંધ થવો જોઈએ. તે સ્પષ્ટ છે કે, આ શસ્ત્રોનો ઉપયોગ પેલેસ્ટીની નાગરિકોને નિર્દયતાથી મારવા કરવા માટે કરવામાં આવી રહ્યો છે. તદુપરાંત, તેઓએ ગાઝામાં અવિરત માનવતાવાદી પ્રવેશ અને નાકાબંધીનો અંત લાવવા અને આ પ્રદેશમાં નાગરિકોને સુરક્ષા સહાય પહોંચાડવા પરના નિયંત્રણોની પણ માંગ કરી. યુએનના નિષ્ણાતોએ નિવેદનમાં જણાવ્યું, એકસાથે આવવા અને ઈઝરાયેલના ક્રૂર હુમલાને રોકવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયની નિષ્ફળતા પર ઊંડી નિરાશા વ્યક્ત કરી, જેણે પેલેસ્ટીનીઓ અને ઈઝરાયેલી બંધકોને સમાન રીતે જોખમમાં મૂક્યા છે. આ સહન કરી શકાતું નથી અને ઉમેર્યું હતું કે, તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ, અત્યાચારો માટે દસ્તાવેજીકરણ અને જવાબદારી સુનિશ્ચિત કરવા અને ગાઝામાં પેલેસ્ટીનીઓના મૂળભૂત અધિકારોને સુરક્ષિત કરવા અર્થપૂર્ણ પગલાં એ બચાવનો એકમાત્ર રસ્તો છે.

# નિર્દોષ નાગરિકોની હત્યા દુઃખદાયક છે : રફાહમાં ઈઝરાયેલી હવાઈ હુમલા અંગે ભારતની પ્રતિક્રિયા

## ગાઝામાં હમાસ સંચાલિત અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈઝરાયેલીના આક્રમણમાં ગાઝામાં ૩૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ભારતે ગુરૂવારે દક્ષિણ ગાઝા શહેર રફાહમાં ઈઝરાયેલી હુમલામાં નાગરિકોની જાનહાનિને અત્યંત દુઃખદાયક ગણાવતા આ સંઘર્ષમાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું સન્માન કરવાની હાકલ કરી હતી. ગાઝામાં સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૬ મેના હવાઈ હુમલામાં ૪૫ લોકો માર્યા ગયા હતા, તેમાંના મોટાભાગના તંબુમાં આશ્રય લેનારા લોકો હતા. ઈઝરાયેલના કેટલાક નજીકના સાથીઓએ પણ આ હુમલાની ટીકા કરી છે અને વૈશ્વિક સ્તરે લોકોમાં આક્રોશ છે. બાહ્ય બાબતોના મંત્રાલયના પ્રવક્તા રણધીરે જણાવ્યું હતું કે, રફાહમાં વિસ્થાપન શિબિરમાં નાગરિકોની હત્યાઓ આપણા માટે ચિંતાનો વિષય છે. અમે સતત નાગરિક વસ્તીના રક્ષણ અને ચાલુ સંઘર્ષમાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા પ્રત્યે આદર માટે હાકલ કરી છે. અમે એ પણ નોંધ્યું છે કે, ઈઝરાયેલે પહેલેથી જ તેના માટે એક દુઃખદ ઘટના તરીકેની જવાબદારી સ્વીકારી છે અને આ ઘટનાની તપાસની જાહેરાત કરી છે.

સ્પેન, આયર્લેન્ડ અને નોર્વે દ્વારા પેલેસ્ટીનને માન્યતા આપવા અંગે તેમણે કહ્યું કે, ભારતે ૧૯૮૦ના દાયકામાં આ માન્યતા આપી હતી. અમે બે રાજ્ય સમાધાનને સમર્થન આપીએ છીએ જે માન્યતા અને પરસ્પર સંમત સરહદોની અંદર પેલેસ્ટીનની



સાર્વભૌમ, સધ્ધર અને સ્વતંત્ર રાજ્યની સ્થાપના છે.

ગાઝામાં હમાસ સંચાલિત અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈઝરાયેલીના આક્રમણમાં ગાઝામાં ૩૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટીનના મુદ્દાના બે-રાજ્ય સમાધાન તરફ સીધી શાંતિ વાટાઘાટોની વહેલી તકે ફરી શરૂ કરવા માટે ભારત પરિસ્થિતિને ડી-એસ્કેલેશન કરવાની હાકલ કરી રહ્યું છે.

# ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતીઓ મોટી સંખ્યામાં જેરૂસલેમની અલ-અકસા મસ્જિદમાં ઘસી ગયા

(એજન્સી) તા.૩૧

રવિવારે મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈઝરાયેલી પ્રવાસીઓએ પૂર્વ જેરૂસલેમમાં અલ-અકસા મસ્જિદ પરિસરમાં બળજબરીપૂર્વક પ્રવેશ કરી લીધો. સમાચાર મુજબ ૧૧૫ ગેરકાયદેસર રહેવાસીઓએ મસ્જિદના પશ્ચિમમાં અલ-મુગરબાહ ગેટ વિસ્તારમાં હુમલો કર્યો. ઈઝરાયેલી પોલીસે અનેક પેલેસ્ટીની શ્રદ્ધાળુઓને સ્થળમાં પ્રવેશ કરવાથી રોકી દીધા. આ ઘૂસણખોરી એવા સમયે થઈ છે જયારે ઈઝરાયેલી પોલીસ પૂર્વ જેરૂસલેમની શેખ જરાહ વિસ્તારમાં નાકાબંધી કરી દીધી હતી. ક્ષેત્રને ટેમ્પલ માઉન્ટ કહે છે. તેમનો દાવો છે કે પ્રાચીન કાળમાં આ બે યહુદી મંદિરોનું સ્થળ હતું ૧૯૬૭ના અરબ-



ઈઝરાયેલ યુદ્ધ દરમ્યાન ઈઝરાયેલે પૂર્વ જેરૂસલેમ પર કબજો કરી લીધો હતો. જયાં અલ-અકસા સ્થિત છે. ૧૯૮૦માં તેણે સંપૂર્ણ શહેરને પોતાના કબજામાં લઈ લીધુ જેને આંતરરાષ્ટ્રીય સમુદાયે કયારેય માન્યતા આપી નથી.

# નિક્કી હેલીએ ઈઝરાયેલ શેલ પર 'ફિનિશ ધેમ' લખ્યું : સાંસદ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧

પૂર્વ યુએસ પ્રમુખપદના આશાવાદી નિક્કી હેલીએ ફોલેબનોન સાથે ઉત્તરીય સરહદ નજીકના સ્થળોની મુલાકાત લીધી ત્યારે ઈઝરાયેલી શેલ પર 'ફિનિશ ધેમ' લખીને ફોટોગ્રાફ કર્યો હતો.

આ ફોટોગ્રાફ મંગળવારે X પર ઈઝરાયેલી સંસદના સભ્ય અને સંયુક્ત રાષ્ટ્રના પૂર્વ રાજદૂત ડેની ડેનન દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો, જે હેલીની મુલાકાતમાં તેમની સાથે હતા.

'તેમને ખત્મ કરો', આ મારા મિત્ર પૂર્વ રાજદૂત નિક્કી હેલીએ લખ્યું છે. ડેનને તેની પોસ્ટમાં જણાવ્યું હતું કે, જેમાં જાંબલી માર્કર પેન સાથે શેલ પર ઘૂંટણિયે હેલી લખતી દેખાતી હતી.

હેલી ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળ યુએનના દૂત હતા અને તેમનો કાર્યકાળ ડેનન સાથે ઓવરલેપ થયો હતો. તાજેતરના ઈઝરાયેલી સત્તાવાર આંકડાઓ પર આધારિત AFP ટેલી અનુસાર, દક્ષિણ ઈઝરાયેલ પર હમાસના ઓક્ટોબર ૭ના હુમલાથી ગાઝા યુદ્ધ શરૂ થયું હતું, જેના પરિણામે ૧૧૮૯ લોકોનાં મોત થયા હતા, જેમાં મોટાભાગે નાગરિકો હતા. તેમણે ૨૫૨ બંધકોને પણ સાથે લીધા હતા, જેમાંથી ૧૨૧ ગાઝામાં છે, જેમાં સેનાનું કહેવું છે કે, ૩૭ મૃત્યુ પામ્યા છે. પ્રદેશના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ઈઝરાયેલના જવાબી હુમલામાં ગાઝામાં ઓછામાં ઓછા ૩૬,૦૯૬ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે નાગરિકો હતા.

હેલી પર, ટ્રમ્પ સામે રિપબ્લિકન પ્રાથમિક સ્પર્ધાઓમાં ભારે પરાજય પછી માર્ચમાં તેણીની વ્હાઈટ હાઉસ બિડ છોડી દીધી હતી અને ગયા અઠવાડિયે કહ્યું હતું કે, તેણી ચૂંટણીમાં તેમને મત આપશે. ટ્રમ્પે તેણીને તેમના ઉપરાષ્ટ્રપતિ બનવાની તકરારમાંથી બાકાત રાખ્યા છે, પરંતુ તે ૨૦૨૮માં રાષ્ટ્રપતિ પદની સંભવિત દોડવીર છે. વ્હાઈટ હાઉસે મંગળવારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ જો બાઈડેનની રફાહ પર ઘાતક સપ્તાહના અંતમાં હુમલા બાદ તેમની ઈઝરાયેલ



નીતિમાં ફેરફાર કરવાની કોઈ યોજના નથી, પરંતુ તે પેલેસ્ટીની નાગરિકોની દુર્દશા તરફ પણ જોતા નથી એવું નથી.

# હજ ૨૦૨૪ : હરમૈન ટ્રેન ૩૮૦૦થી વધુ મુસાફરી કરવા માટે તૈયાર

(એજન્સી) તા.૩૧

કિંગડમ ઓફ સઉદી અરેબિયા રેલવે (SAR)એ હજ ૧૪૪૫ AH-૨૦૨૪ માટે હજયાત્રીઓને સેવા કરવા માટે હરમૈન હાઈ સ્પીડ ટ્રેનની તૈયારીની જાહેરાત કરી હતી, ટ્રેન ૧૪ જૂનથી શરૂ થવાની ધારણા છે.

SARએ મક્કાથી મદીનાહને જોડતા તેના પાંચ સ્ટેશનો પર હજ સિઝન માટે તેની ઓપરેશનલ યોજના જાહેર કરી હતી, તેની કુલ બેઠક ક્ષમતા ગયા વર્ષના ૧૩ લાખથી વધીને ૧૬ લાખ થઈ છે.

ગયા વર્ષની ૪૩૦ મુસાફરીથી વધીને હવે નવી મુસાફરીઓ ઉમેરવામાં આવશે, નવી મુસાફરીની સંખ્યા ૩૮૦૦ સુધી પહોંચે છે. સઉદી પ્રેસ એજન્સી (એસપીએ)એ અહેવાલ આપ્યો કે, ધૂ અલ-કદાહ ૧થી ધૂલ હિજ્જા ૧૯ સુધી, જે અંગ્રેજી તારીખ પ્રમાણે ૯ મેથી ૨૫ જૂનને અનુરૂપ, નિર્ધારિત સમયગાળા દરમિયાન મહત્તમ દિવસો પર મુસાફરીની સંખ્યા ૧૨૬ પર પહોંચી ગઈ છે. ૨૦૧૮માં શરૂ કરાયેલ હરમૈન હાઈ સ્પીડ રેલવે, યાત્રાધામ, ઉમરાહ પ્રદર્શન અને મુલાકાતીઓના પરિવહન માટે ૪૫૩ કિલોમીટરની ડબલ રેલવે લાઈન સાથે ત્રણ શહેરોને જોડે છે.

આ રૂટમાં પાંચ સ્ટેશનોનો સમાવેશ થાય છે, જેમાં મક્કા, મદીના અને જેદ્દાહમાં ત્રણ ટર્મિનલ અને સુલેમાનિયા જિલ્લાના બે કેન્દ્રીય સ્ટેશન અને કિંગ અબ્દુલ્લા ઈકોનોમિક સિટીનો સમાવેશ થાય છે. કિંગ અબ્દુલ અઝીઝ એરપોર્ટ પરનું હરમૈન હાઈ સ્પીડ



રેલવે સ્ટેશન વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ-લિંક્ડ ટ્રેન સ્ટેશન છે, જે ૧,૦૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવે છે અને છ પ્લેટફોર્મ સાથે જોડાયેલ છે.

આ ટ્રેન વૈશ્વિક સ્તરે ટોચની ૧૦ સૌથી ઝડપી ઈલેક્ટ્રિક ટ્રેનોમાંની એક છે અને અદ્યતન સિગ્નલિંગ અને સંચાર પ્રણાલીઓથી સજ્જ છે, તે સઉદી રેલવે નેટવર્કના વિસ્તરણ માટે, ઉમરાહ પ્રદર્શનીઓ અને મુલાકાતીઓને સમાવવા માટે અને રસ્તાની ભીડ ઘટાડવા માટે મહત્ત્વપૂર્ણ છે.

# ઈઝરાયેલ ત્યાં સુધી 'આ પાગલપણું' નહીં રોકે જ્યાં સુધી આપણે તેને નહીં રોકી દઈએ : સંયુક્ત રાષ્ટ્ર વિશેષ દૂત

(એજન્સી) તા.૩૧

પેલેસ્ટીન માટે સંયુક્ત રાષ્ટ્રના વિશેષ દૂતે શનિવારે સભ્ય દેશોને આગ્રહ કર્યો કે તે ઈઝરાયેલ પર પ્રતિબંધ લગાવવાની સાથે સાથે તેની પર હથિયાર પ્રતિબંધ પણ લગાવે જયાં સુધી કે તે આ પાગલપણું બંધ નથી કરી દેતું. ફ્રાન્સેસ્કા અલ્બાનીએ જણાવ્યું કે આઈએ સ્પષંટ કરી છે. જેવું જ આઈસીજેએ ઈઝરાયેલને રફાહમાં પોતાના હુમલા રોકવાનો આદેશ આપ્યો. ઈઝરાયેલે તેની પર હુમલા ઝડપી કરી દીધા. આંતરરાષ્ટ્રીય ન્યાયાલયે પોતાના નવીનતમ નિર્ણયમાં ઈઝરાયેલને દક્ષિણી ગાઝાના શહેર રફાહમાં પોતાના સૈન્ય હુમલાને રોકવાનો આદેશ આપ્યો, જ્યાં ૧.૫ લાખથી વધુ વિસ્થાપિત પેલેસ્ટીનીઓ



શરણ લીધી છે. તેમણે જણાવ્યું કે ત્યાં ફસાયેલા લોકો પાસેથી મને સમાચાર મળી રહ્યા છે કે ભયાવહ છે. નિશ્ચિત રીતે ઈઝરાયેલ આ પાગલપણાને ત્યાં સુધી નહીં રોકે જ્યાં સુધી આપણે તેને રોકીશું નહીં. અલ્બાનીએ સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોને આગ્રહ કર્યો કે તે ઈઝરાયેલ પર પ્રતિબંધ લગાવે, હથિયાર પ્રતિબંધ લાગવે અને તેની સાથે રાજદ્વારી સંબંધ રદ કરી જયાં સુધી કે તે પોતાના હુમલા બંધ નથી કરી દેતું. શુક્રવારે આઈસીજેએ પોતાના પાછલા આદેશોનું સમર્થન કર્યું તેમજ આગળના ઉપાયોના સંકેત આપ્યા જેમાં રફાહ સીમાને ખુલ્લી રાખવા તેમજ તપાસકર્તાઓને નાકાબંધીવાળા ક્ષેત્રમાં પ્રવેશવાની પરવાનગી આપવી સામેલ છે.

# બ્રિટન : ઈઝરાયેલ સંબંધિત વીડિયોને લાઈક કરવા બદલ લેબર પાર્ટીએ ફૈઝા શાહીનને ઉમેદવાર તરીકે પડતા મૂક્યા

## ડાબેરી સાંસદે અમેરિકન હોસ્ટ અને કોમિક જોન સ્ટુઅર્ટના સ્કેચના વીડિયો સાથેની ટ્વિટને લાઈક કરી હતી

(એજન્સી) તા.૩૧

બ્રિટિશ લેબર સાંસદ ફૈઝા શાહીનને બુધવારના રોજ ઈઝરાયેલ સંબંધિત ટ્વિટને લાઈક કરવાને કારણે પાર્ટીના ઉમેદવાર તરીકે પડતા મૂકવામાં આવ્યા હતા.

એક અર્થશાસ્ત્રી અને શૈક્ષણિક વિદ્વાન શાહીનને કહેવામાં આવ્યું હતું કે, X પર ચર્ચા કરતી શ્રેણીની પોસ્ટ્સને કથિત રીતે પસંદ કરવા બદલ ૪ જુલાઈએ યોજાનારી સામાન્ય ચૂંટણી માટે ચિંગફોર્ડ અને વુડફોર્ડ ગ્રીન સીટ માટે ઊભા રહેવા માટે તેમને પાર્ટીની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટી (NEC) દ્વારા સમર્થન આપવામાં આવશે નહીં.

તેમને એવું પણ કહેવામાં આવ્યું હતું કે, તેઓ ઈઝરાયેલનો વિરોધ કરી રહ્યા છે. ઈઝરાયેલ વિરોધી વલણને કારણે તેમને ઉમેદવાર તરીકે પડતા મૂકવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે, વૈશ્વિક સ્તરે કોઈપણ નેતા કે જેઓ પેલેસ્ટીનમાં ઈઝરાયેલની હત્યાઓની ટીકા કરે છે તેને ઈઝરાયલ વિરોધી તરીકે ઓળખવામાં આવે છે પછી ભલે તે નિર્દોષોની જઘન્ય હત્યાઓની ટીકા કેમ ન કરતું હોય. આ પહેલા સાંસદ જેરેમી કોર્બીનને સમાન આરોપો પર લેબર ઉમેદવાર તરીકે ચૂંટણી લડતા અટકાવવામાં આવ્યા હતા. અમેરિકન-યહૂદી કોમેડિયન જોન સ્ટુઅર્ટ, જેમની ટ્વિટ પર આ ઘટના બની હતી, યુકેની લેબર પાર્ટીએ અગ્રણી ડાબેરી ફૈઝા શાહીનને તેમના એક વીડિયોને પસંદ કરવા માટે પ્રતિબંધિત કર્યા પછી તેની નારાજગી વ્યક્ત કરી હતી જેમાં કથિતરૂપે યહૂદી વિરોધી આરોપોને જાહેર કરવામાં



આવ્યા હતા. ગુરૂવાર, ૩૦ મેના રોજ X પર લખતા શાહીને કહ્યું, 'હું આવા હુમલાઓથી આઘાતમાં છું, પરંતુ હું એક ફાઈટર છું.' 'ગઈ રાત્રે ૯ વાગ્યે ઈમેલ દ્વારા મને ખબર પડી કે લેબરે ચાર વર્ષથી આ સીટ જીતવા માટે કામ કર્યા પછી, સામાન્ય ચૂંટણીના છ અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પહેલા મને ચિંગફોર્ડ અને વુડફોર્ડ ગ્રીન માટે તેના ઉમેદવાર તરીકે હટાવી દીધો છે. જેમ તમે કલ્પના કરી શકો છો, હું અત્યારે થોડી અભિભૂત છું, તેથી આ સવારનો ઉપયોગ મારા ઝુંબેશ અને કાનૂની ટીમો સાથે મારા આગલા પગલાંની ચર્ચા કરવા તેમજ મારા બાળક સાથે આલિંગન કરવા માટે કરીશ.

# ઈઝરાયેલે કબજાવાળા પશ્ચિમી તટ પર વધુ ૧૫ પેલેસ્ટીનીઓને કસ્ટડીમાં લીધા

(એજન્સી) તા.૩૧

ઈઝરાયેલી સેનાએ શનિવારે કબજાવાળા પશ્ચિમી તટના વિસ્તારોમાંથી ૧૫ પેલેસ્ટીનીઓને કસ્ટડીમાં લીધા.

કેદી મામલાના પંચ અને પેલેસ્ટીની કેદી સોસાયટીના એક સંયુક્ત નિવેદન મુજબ નવી ધરપકડોની સાથે ૭ ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી દળો દ્વારા કસ્ટડીમાં લેવામાં આવેલા પેલેસ્ટીનીઓની કુલ ૮,૮૫૫ થઈ ગઈ છે.

ધરપકડો મુખ્ય રીતે રામલ્લાહ, બેથલેહેમ, જેનીન, નેબ્લસ, કલકિલિયા અને હેબ્રોન શહેરોમાં થઈ. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈઝરાયેલી ધરપકડ અભિયાન દરમ્યાન ઈઝરાયેલી દળોએ પેલેસ્ટીનીઓની સાથે મારામારી કરી તેમની સાથે દુર્વ્યવહાર કર્યો તેમજ તેમના ઘરો અને સંપત્તિઓને નુકસાન પહોંચાડ્યું. ૭ ઓક્ટોબરે હમાસ દ્વારા સીમા પારથી કરવામાં આવેલા હુમલા પછી ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટીની વિરૂદ્ધ ઘાતક સૈન્ય આક્રમણ શરૂ કર્યા પછીથી પશ્ચિમી તટ પર તણાવ વધુ છે.



આરોગ્ય મંત્રાલય મુજબ કબજાવાળા ક્ષેત્રમાં ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં ૫૦૦થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને લગભગ ૫૦૦૦ અન્ય ઘાયલ થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# હવામાન, વધતા જતાં તાપમાનને કારણે વિશ્વ આપત્તિજનક વિનાશના ખતરાનો સામનો કરી રહ્યું છે, સમૃદ્ધ દેશો પોતાની જવાબદારીઓથી છટકી રહ્યા છે

જળવાયુ પરિવર્તનને કારણે ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે. દર વર્ષે તાપમાનમાં વધારો થવા લાગ્યો છે. ઉનાળાની ઋતુ લાંબી થઈ રહી છે. શિયાળામાં પણ ગરમીની અસર જોવા મળે છે. વિશ્વના ઘણા વિસ્તારો જે અગાઉ બરફથી ઢંકાયેલા હતા, તેઓને ગરમીના મોજાનો ભોગ બનવું પડ્યું છે. ગરમીના કારણે લોકોના જીવ પણ જોખમમાં મૂકાયા છે. તેથી, દર વર્ષે જળવાયુ પરિવર્તનના જોખમોને પહોંચી વળવા યોજાતી બેઠકમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાના ઠરાવો કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ દિશામાં કોઈ નોંધપાત્ર પરિણામો નોંધાયા નથી. એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો તાપમાનમાં વધારો દોઢ ડિગ્રી સેલ્સિયસને પાર કરશે તો વિશ્વને વિનાશના ભયાનકતાનો સામનો કરવો પડશે. પરંતુ આ ઠરાવ પર મક્કમતાથી આગળ વધવા જરૂરી ગંભીરતા દેખાતી નથી.

કાર્બન ઉત્સર્જન ઘટાડવાની જવાબદારી ગરીબ અને વિકાસશીલ દેશોના ખભા પર નાખીને શ્રીમંત દેશો આ સમસ્યામાંથી છુટકારો મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. કાર્બન ઉત્સર્જન માટે સૌથી વધુ જવાબદાર એવા દેશો છે જેઓ વધુ ઔદ્યોગિક ઉત્પાદન કરે છે અને વધુ બાયોફ્યુઅલનો ઉપયોગ કરે છે. તેઓ બાયોફ્યુઅલના વપરાશમાં ઘટાડો કરશે અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતો પર તેમની નિર્ભરતા વધારશે તેવી અપેક્ષા છે. પરંતુ આવું થઈ રહ્યું નથી. આમાં સામાન્ય નાગરિકોનું પણ યોગદાન જરૂરી છે. ખાસ કરીને ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યાં વાહનો અને ઔદ્યોગિક એકમો ઝડપથી વિસ્તરી રહ્યા છે. ઘરો, ઓફિસો, ખાનગી અને જાહેર વાહનો કે વેરહાઉસ વગેરેને એરકન્ડિશન્ડ બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી કાર્બન ઉત્સર્જન ઘટાડવું એક પડકાર બની ગયું છે. તેના ઉપર, માળખાકીય વિકાસ પર વધુ પડતા ભારને કારણે, જંગલો આડેધડ કાપવામાં આવી રહ્યા છે અને પૃથ્વીની સપાટીનો મોટો ભાગ કોંક્રિટથી ઢંકાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં કાર્બન અને ગરમીને શોષવાના કુદરતી માધ્યમો ઓછા થઈ રહ્યા છે. લોકોને વાતાનુકૂલિત વાતાવરણમાં રહેવાની આદત પડી ગઈ છે, તેથી તાપમાન સામાન્ય કરતા સહેજપણ વધે તો તે સહન કરી શકતા નથી. પરંતુ લોકો આ સમસ્યાને દૂર કરવામાં કોઈ અંગત યોગદાન આપતા હોય તેવું લાગતું નથી. એવી સલાહ આપવામાં આવી રહી છે કે જો જીવનશૈલીમાં પરંપરાગત પદ્ધતિઓ અપનાવવામાં આવે તો ગ્લોબલ વોર્મિંગને ઘણી હદ સુધી રોકી શકાય છે. સરકારોનું વલણ અર્થતંત્રના વિકાસ પર હોવાથી તેઓ ઔદ્યોગિક ઉત્પાદન અને બજારના વિસ્તરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. હવામાનની તીવ્રતા વધવા પાછળ ઘણા કારણો છે. મકાન બાંધકામથી માંડીને કેટરિંગ સંસાધનો સુધી, પરંપરા ગત શૈલી હવે ત્યજી દેવામાં આવી છે. સ્થાનિક સંસાધનોને બદલે આયાતી ચીજવસ્તુઓનો ઉપયોગ વધી રહ્યો છે, જે હવામાનને અનુરૂપ નથી. વિચાર્યા વિના એર કન્ડિશનરનો ઉપયોગ અને બેકાબૂ વાહનોનો ઉપયોગ અને જરૂરિયાતની સરખામણીમાં ગેસથી ચાલતા વધારે પડતા કામોને કારણે ગરમીનું પ્રમાણ વધુ વધી રહ્યું છે. જેના કારણે ઈમારતોની અંદરનું વાતાવરણ તો ઠંડું થાય છે અથવા તો કેટલીક સગવડો પૂરી પાડવામાં આવે છે, પરંતુ એર કન્ડિશનીંગ પ્લાન્ટમાંથી નીકળતી ગરમી બહારના વાતાવરણના તાપમાનમાં ભારે વધારો કરે છે. આબોહવાની ઉથલપાથલની વર્તમાન પરિસ્થિતિમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવાની જરૂર છે નહીં તો આ સગવડ મુશ્કેલી બની જશે.

# "બેટી બચાવો, બેટી પઢાવો" : ભાજપે જાતીય હુમલાના આરોપીઓને સતત સમર્થન આપ્યું છે

ભારતીય જનતા પાર્ટીનું "બેટી બચાવો, બેટી પઢાવો"નું સૂત્ર ફરી એકવાર પ્રશ્નમાં છે કારણ કે કર્ણાટકના હાસનમાંથી NDAના ઉમેદવાર, વર્તમાન સાંસદ પ્રજ્વલ રેવન્ના, જે પૂર્વ વડાપ્રધાન એચડીના પૌત્ર છે અને આ દેવેગૌડા જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા છે અને આ આરોપી તેના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કરીને દેશ છોડીને ભાગી ગયો છે.

ભાજપ અને કોંગ્રેસ બંનેએ એકબીજા પર રેવન્નાને બચાવવા અને ભાગી જવા દેવાનો આરોપ લગાવ્યો છે. જો કે, કર્ણાટકમાં તેની બાકીની ૧૪ (કુલ ૨૮ માંથી) બેઠકો પર ૭ મેના રોજ મતદાન કરવાનું છે, ત્યારે ભાજપે JD(S) સાથેનું જોડાણ તોડ્યું નથી. જો કે રેવન્નાને જેડી(એસ)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

દરમિયાન, ભાજપે ઉત્તર પ્રદેશના કૈસરગંજના તેના વર્તમાન સાંસદ, બ્રિજભૂષણ શરણ સિંહ, જેઓ મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણીનો આરોપનો સામનો કરી રહ્યા છે, તેની વિરુદ્ધ પણ પક્ષે કાર્યવાહી કરવાની બાકી છે. આ સીટ પરથી તેમના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપવામાં આવી છે. અને આ નેતાને ફરીથી નોમિનેટ કરવામાં આવ્યા નથી, પણ સિંઘ તાજેતરના અઠવાડિયામાં આ વિસ્તારમાં પ્રચાર કરી રહ્યા હતા.

તેમની સરકાર પ્રથમ વખત સત્તામાં આવ્યા પછી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાન્યુઆરી ૨૦૧૫માં હરિયાણામાં બેટી બચાવો, બેટી પઢાવો યોજના શરૂ કરી હતી. સાત વર્ષ પછી, ઓગસ્ટ ૨૦૨૨માં, સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીમાં મોદીએ મહિલા શક્તિ અથવા 'નારી શક્તિ' સૂત્રનું આહ્વાન કર્યું. લાલ કિલ્લા પરથી તેઓએ "મહિલાઓને અપમાનિત કરતી દરેક વર્તણૂક અને સંસ્કૃતિ"ને સમાપ્ત કરવાની હાકલ કરી હતી.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને ન્યૂ ઈલેક્શન વોચના અહેવાલ મુજબ, ૧૩૪ વર્તમાન સાંસદો અને ધારાસભ્યોએ તેમની વિરુદ્ધ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના કેસ જાહેર કર્યા છે, જેમાં ભાજપ ૪૪ સાંસદો અને ધારાસભ્યો સાથે સૌ પક્ષોથી આગળ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ડેટા દર્શાવે છે કે મોદી સરકારના શાસનમાં ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ૩૧%નો વધારો થયો છે, જે ૨૦૧૪માં ૩,૩૭,૯૨૨થી વધીને ૨૦૨૨માં ૪,૪૫,૨૫૬ થઈ ગયા છે.

રેવન્નાથી લઈને સિંહ સુધી અને કઠુઆ બળાત્કાર કેસ, હાથરસ, ઉન્નાવ અને મણિપુર સુધી, ધ વાયર દ્વારા એવા નેતાઓ પર એક નજર નાખવામાં આવી છે જેમણે તેમની વિરુદ્ધ જાતીય સતામણીના આરોપો હોવા છતાં ભાજપનું સમર્થન અને આશ્રય મેળવ્યો છે.

**પ્રજ્વલ રેવન્ના :** રેવન્ના જનતા દળ (સેક્યુલર) પાર્ટીના નેતા છે જે કર્ણાટકમાં ભાજપ સાથે ગઠબંધનમાં છે. તેમના મતવિસ્તાર હસનમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬ એપ્રિલના રોજ મતદાન થયું હતું. જો કે હવે રેવન્નાને JD(S)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પણ તેમના ઘણા વીડિયો સામે આવ્યા છે જેમાં તેમના દ્વારા બિન-સહમતિયુક્ત જાતીય કૃત્યો કરવાના અનેક ઉદાહરણો નોંધવામાં આવ્યા છે. મોટા ભાગના વિડિયોમાં, તે સ્પષ્ટ છે કે આ વિડીયો તેમના દ્વારા મહિલાઓને અમુક પ્રકારના દબાણ હેઠળ અને તેમની સંમતિ વિના રેકોર્ડ કરવામાં આવ્યા હતા.

આ આરોપો સામે આવ્યાના કલાકો પછી, ૨૭ એપ્રિલના રોજ સવારે ૨ વાગ્યે તેના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કરીને બેંગલુરુથી વિદેશ ચાલ્યા ગયેલા રેવન્ના વિરુદ્ધ કર્ણાટક પોલીસ દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી, પરિણામે ચાલી રહેલી લોકસભા ચૂંટણી વચ્ચે એક રાજકીય તોફાન સર્જાયું છે અને આ ક્ષણે તે જર્મનીના મ્યુનિકમાં હોવાના અહેવાલ આવ્યા છે.

આ વર્ષે ૧૪ એપ્રિલના રોજ, મોદી રેવન્ના અને દેવેગૌડા સાથે સ્ટેજ પર જોવામાં આવ્યા હતા અને તેમણે મૈસુરમાં એક રેલીમાં તેમના માટે પ્રચાર પણ કર્યો હતો. વિપક્ષની ટિપ્પણીઓનો સામનો કરી રહેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું છે કે ભાજપ મહિલાઓ પર અત્યાચાર કરનારાઓની સાથે રહી શકે નહીં. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, કેન્દ્રીય ભાજપ નેતૃત્વ રેવન્ના પરના આરોપો વિશે પહેલાથી જ જાણતું હતું.

ભાજપે હજુ પણ રાજ્યમાં જેડી(એસ) સાથેનું જોડાણ તોડયું નથી અને ૨૮ બેઠકોમાંથી ૧૪ બેઠકો પર મતદાન પૂર્ણ કરશે.

**બ્રિજભૂષણ શરણ સિંઘ :** સિંઘ પર રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના વડા તરીકે તેમના કાર્યકાળ દરમિયાન મહિલા કુસ્તીબાજો દ્વારા તેમના પર જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મહિલા કુસ્તીબાજોએ સિંઘ સામે ગંભીર ફરિયાદો કરી હતી, જેમાં તેણે વ્યાવસાયિક સહાયના બદલામાં જાતીય તરફેણની માંગણી કરી હતી, તેમની છેડતી કરી હતી, તેમની છાતી પર હાથ ફેરવ્યો હતો અને ફરિયાદ કરવાનો પ્રયાસ કરનાર કોઈપણને ધમકી પણ આપી હતી. કુસ્તીબાજોએ કાર્યવાહી કરવામાં કેન્દ્ર સરકાર અને પોલીસની નિષ્ફળતા સામે તેમના અને તેમના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પુરસ્કારો છોડવા સહિત લાંબો વિરોધ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન પર પોલીસે લાઠીચાર્જ પણ કર્યો હતો.



પ્રજ્વલ રેવન્ના, બ્રિજભૂષણ, મણિપુર, કઠુઆ અને હાથરસ જેવી અનેક ઘટનાઓમાં ભારતીય જનતા પાર્ટી કથિત જાતીય અપરાધીઓને સમર્થન આપવાનો ઈતિહાસ ધરાવે છે.

જ્યારે ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિક, જે સિંઘ સામે વિરોધ કરી રહેલા કુસ્તીબાજો પૈકી એક હતા, તેમના એક સહાયકને ડબલ્યુએફઆઈના વડા તરીકે પસંદ કરવામાં આવ્યા બાદ ડિસેમ્બરમાં રમત છોડી દીધી હતી, પણ સિંહની ભાજપ પક્ષ દ્વારા તરફેણ કરવામાં આવી રહી છે. ધ વાયરે અહેવાલ આપ્યો છે કે તેઓ લોકસભામાં ભાજપના સાંસદો વચ્ચે કેન્દ્રીય પ્રધાનો નીતિન ગડકરી અને અમિત શાહની હરોળ પાછળ બેઠા જોવા મળ્યા હતા. તેમણે મહિલા અનામત બિલ પર તેમનું ભાષણ આપ્યું હતું અને મહિલા સશક્તિકરણ તરફ તેમની સરકારના સમર્થનનું વચન આપ્યું હતું. તેમણે કૈસરગંજથી ફરીથી ઉમેદવાર તરીકે નામ આપવામાં વિલંબ માટે મીડિયાને જવાબદાર ઠેરવ્યું, અને ભાજપે તેને પરિવારમાં રાખવા અને તેના પુત્ર કરણ ભૂષણ સિંહને મેદાનમાં ઉતારવાનું પસંદ કર્યું છે.

**મણિપુરમાં ભાજપ સરકારને મુક્તિ :** મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં જે દિવસે બે કુકી મહિલાઓને નગ્ન પરેડ કરવામાં આવી હતી અને યૌન શોષણ કરવામાં આવ્યું હતું તે દિવસથી લગભગ એક વર્ષ સુધી, સીબીઆઈની ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે તેઓએ સુરક્ષા માટે પોલીસનો સંપર્ક કર્યો હતો પરંતુ તેમને એકલા છોડી દેવામાં આવ્યા હતા.

મણિપુરમાં ચાલી રહેલી હિંસા અંગે ખુદ મોદીએ જ પોતાનું મૌન તોડ્યું હતું, અને ૩ મે, ૨૦૨૩ના રોજ હિંસા શરૂ થયાના ૭૮ દિવસ પછી, જ્યારે જુલાઈમાં બે મહિલાઓનો વીડિયો વાયરલ થયો હતો, તે સમયે મોદીએ કોંગ્રેસ શાસિત એવા બે રાજ્યોના પણ નામ લીધા હતા, અને મણિપુરમાં હિંસાની વાત કરી હતી. આ મહિલાઓનો વીડિયો વાઈરલ થયા પછી, મુખ્યમંત્રી એન.બિરેન સિંહે પોતે કહ્યું છે કે મણિપુરમાં 'આવા અન્ય ૧૦૦ કેસ' છે, જ્યાં મહિલાઓની સતામણી અને બળાત્કાર થયો છે. જો કે, તેમણે એ કહ્યું ન હતું કે તેમની સરકાર આ કેસોમાં ન્યાય સુનિશ્ચિત કરવા માટે શું કરી રહી છે.

મણિપુર સરકારે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે તેણે મણિપુરમાં જાતીય શોષણ અને અન્ય ગુનાઓનો સામનો કરતી મહિલાઓને વળતર આપવા માટે સમર્પિત બેંક ખાતામાં રૂા.૫ કરોડ ફાળવ્યા છે, પરંતુ તે કેટલાને મળવાના હતા તેની કોઈ માહિતી આપી નથી. રાજ્યમાં હજુ હિંસા ચાલુ છે, અને મોદીએ દાવો કર્યો છે કે તેમની સરકારના સમયસર હસ્તક્ષેપને કારણે મણિપુરની હાલતમાં નોંધપાત્ર સુધારો થયો છે પરંતુ હજુ સુધી પોતે આ રાજ્યની મુલાકાત લીધી નથી.

દરમિયાન સંસદની અંદર કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા અભૂતપૂર્વ રીતે ચાલી રહેલી આ હિંસા ચાલુ હોવા છતાં મુખ્યમંત્રી સિંહનો બચાવ કરવામાં આવ્યો છે.

**બિલ્કીસ બાનો કેસના દોષિતો :** માર્ચ ૨૦૨૩માં, ગુજરાતના દાહોદના ભાજપના સાંસદ જસવંતસિંહ ભાભોર અને તેમના ભાઈ શૈલેષભાઈ ભાભોર, લીમખેડાના ભાજપના ધારાસભ્ય, શૈલેષ ભટ્ટ સાથે એક મંચ શેર કર્યો હતો. તે ૨૦૦૨ ગુજરાત રમખાણો દરમિયાન બિલ્કીસ બાનો પર બળાત્કાર માટે દોષિત ૧૧ પુરુષોમાંથી એક છે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ પેરોલ પર આ દોષિતો બહાર આવ્યા હતા.

ઑક્ટોબર ૨૦૨૨માં, ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૧ જુલાઈ, ૨૦૨૨ના પત્ર દ્વારા દોષિતોની માફી અને અકાળે મુક્તિને મંજૂરી આપ્યા પછી દોષિત ઠરેલા ૧૧ પુરુષોને મુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના જાહેરનામાને સુપ્રીમ કોર્ટે જાન્યુઆરીમાં રદ કર્યો હતો.

**કુલદીપસિંહ સેંગર :** ૨૦૧૮માં, ઉન્નાવમાં ૧૭ વર્ષની છોકરી સાથે ગેંગરેપ કેસમાં આરોપી ઉત્તર પ્રદેશના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર વિરુદ્ધ કાર્યવાહી ન કરવા બદલ ભાજપ પર પ્રશ્નો થઈ રહ્યા છે.

૨૦૧૯માં, બીજેપીએ કહ્યું કે તેણે ઉન્નાવના ધારાસભ્યને ઘણા સમય પહેલા સસ્પેન્ડ કરી દીધા હતા કારણ કે ઉન્નાવ બળાત્કાર પીડિતા કાર-ટ્રકની ટક્કરમાં ગંભીર રીતે ઘાયલ થયા પછી ઉત્તર પ્રદેશના ધારાસભ્યને બરતરફ કરવાની વધતી માંગ વચ્ચે બચી ગયેલા વ્યક્તિએ કહ્યું હતું કે તે તેમના પરિવારની હત્યા કરવાનું કાવતરું હતું.

બાંગરમાઉના ચાર વખત ધારાસભ્ય રહી ચૂકેલા સેંગરની એપ્રિલ ૨૦૧૮માં બળાત્કારના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તે કસ્ટડીમાં પીડિતાના પિતાની હત્યા માટે તે ૧૦ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે. તેણે ટ્રાયલ કોર્ટના ૨૦૧૯ના આદેશ સામે પણ અપીલ કરી છે જેણે તેને બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. તેમ છતાં તે આ પ્રદેશમાં પ્રભાવશાળી નેતા રહ્યા છે. ભાજપના ઉન્નાવના સાંસદ સચ્ચિદાનંદ હરિ સાક્ષી ઉર્ફે સાક્ષી મહારાજ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પછી તેમનો "આભાર" માનવા માટે સેંગરને સીતાપુર જિલ્લા જેલમાં મળ્યા હતા.

**કઠુઆ બળાત્કાર કેસ :** ૨૦૧૮માં, ભાજપના નેતાઓએ જમ્મુના કઠુઆ જિલ્લામાં એક વિરોધ માર્ચનું નેતૃત્વ કર્યું હતું જેમાં આઠ વર્ષની વિચરતી જાતિની છોકરી પર બળાત્કાર અને હત્યાના આરોપી વિશેષ પોલીસ અધિકારી (એસપીઓ) દીપક ખજુરિયાની મુક્તિની માંગ કરવામાં આવી હતી. ધ વાયરે અહેવાલ આપ્યો હતો કે ભાજપના તત્કાલીન રાજ્ય સચિવ વિજય શર્માએ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને આરોપીઓને મુક્ત કરવા અને કેસ સીબીઆઈને સોંપવાની માંગ કરી હતી.

**હાથરસ બળાત્કાર અને હત્યા :** સપ્ટેમ્બર ૨૦૨૦માં, ઉત્તર પ્રદેશના હાથરસમાં ચાર ઉચ્ચ જાતિના ઠાકુર પુરુષો દ્વારા ૧૯ વર્ષીય દલિત મહિલા પર ગેંગરેપ કરીને હત્યા કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા રાતમાં જ મૃતદેહના ઉતાવળમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જે દરમિયાન તેઓએ કથિત રીતે તેના પરિવારના સભ્યોને હાજર રહેવાની મંજૂરી આપી ન હતી. જેના કારણે દેશવ્યાપી વિવાદ ઊભો થયો હતો. આ કેસના ચારમાંથી ત્રણ આરોપીઓને માર્ચ ૨૦૨૩માં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિની અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે કોઈ પણ આરોપી પર ગેંગ-રેપનો આરોપ સાબિત થયો નથી.

**અંકિતા ભંડારી હત્યા કેસ :** ફેબ્રુઆરી ૨૦૨૩માં, મહિલા અધિકાર સંગઠનોની એક ફેક્ટ ફાઇન્ડિંગ ટીમે ૧૯ વર્ષની અંકિતા ભંડારીની હત્યાની પોલીસ તપાસ પર સવાલો ઉભા કર્યા હતા, જેની સપ્ટેમ્બર ૨૦૨૨માં ભાજપના નેતા વિનોદ આર્યના પુત્ર પુલકિત આર્ય દ્વારા કથિત રીતે હત્યા કરવામાં આવી હતી. ઉગ્ર વિરોધ અને વિપક્ષના આક્ષેપો પછી ભાજપે પાછળથી વિનોદ આર્યને હાંકી કાઢ્યા અને જિલ્લા વહીવટીતંત્રે રિસોર્ટના તે ભાગોને તોડી પાડવાનું શરૂ કર્યું હતું જ્યાં આ ગુનો થયો હતો.

**BJP ધારાસભ્ય રામદૂલાર :** યુપી BJPના MLAને ડિસેમ્બરમાં ઉત્તર પ્રદેશ વિધાનસભા દ્વારા ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા, તેઓને સોનભદ્ર જિલ્લામાં ૨૦૧૪ના એક કેસમાં ૧૫ વર્ષની છોકરી પર બળાત્કાર કરવા બદલ જિલ્લા અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અદાલતે દૂધીમાંથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જીતેલા ધારાસભ્યને ૨૫ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. વિધાનસભામાં તેને શાસક ભાજપમાંથી પ્રતિરક્ષા પ્રાપ્ત છે કે કેમ તે અંગેના પ્રશ્નો ઉભા કરવા માટે વિરોધ પક્ષની આગેવાની હેઠળ તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો.

(સૌ. : ધ વાયર)

## દૃષ્ટિકોણ

- શ્રાવસ્તી દાસગુપ્તા

# ભરૂચમાં તસ્કરો બેંકની તિજોરી ટ્રેક્ટર વડે ખેંચીને ખેતરમાં લઈ ગયા

## તિજોરી ન તૂટતા ટ્રેક્ટર અને તિજોરી સ્થળ પર જ મૂકી તસ્કરો ફરાર

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૩૧

ભરૂચ તાલુકાના આમદડા ગામ નજીક આવેલી એચડીએફસી બેંકમાં તસ્કરોનો બેંકની તિજોરી ટ્રેક્ટર વડે ખેતરમાં ખેંચી તોડવાનો નિષ્ફળ પ્રયાસ થયો છે. ઘટનાની જાણ થતાં જ તાલુકા પોલીસ મથક સહિત ઉચ્ચ અધિકારીઓએ સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી છે.

ભરૂચ જિલ્લામાં તસ્કરો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. ભરૂચ તાલુકા પોલીસ મથકના વિસ્તારમાં આમદડા ગામ નજીક એચડીએફસી બેંક આવેલી છે. આ બેંકને ગતરોજ રાત્રીના તસ્કરોએ નિશાન બનાવી તેનું શટર તોડી અંદર રહેલી બેંકની તિજોરીને બહાર લાવી ટ્રેક્ટર વડે ખેંચીને ખેતરમાં લઈ ગયા હતાં. આ તિજોરીને તસ્કરોએ તોડવાનો પ્રયાસ કરતા તેઓ નિષ્ફળ રહેતા તિજોરી અને ટ્રેક્ટર તેઓ સ્થળ પર જ મૂકીને પલાયન થઈ ગયા હતા. જોકે સદનસીબે તિજોરીમાં રહેલી ૧૯ લાખ જેટલી રકમ બચી ગઈ હતી. આ તસ્કરો આમદડા ગામમાંથી જ ટ્રેક્ટર ચોરી કરીને લઈ ગયા હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે ટ્રેક્ટર સ્થળ પર નહિ મળતા તેનો માલિક તેની શોધખોળ કરવા નીકળતા એચડીએફસી બેંકનું શટર તૂટ્યું હોવાનું માલુમ પડ્યું હતું. આ ઘટનાની જાણ તાલુકા પોલીસ મથકમાં કરવામાં આવતા તાલુકા પોલીસ સહિતના ઉચ્ચકક્ષાના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી છે.

# વડોદરાના શુક્રવારી બજારમાં યુવકને માર મારી બકરાં લૂંટી લેવાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

ઈદ-ઉલ-અઝહાના તહેવારને પગલે વડોદરા કારેલીબાગ કાસમ આલા બ્રિજ ભરાતા શુક્રવારી બજારમાં બકરાના વેચાણ માટે ઉભા રહેલા યુવકને ઢોર માર મારીને ચાર જણા રૂા.૩૦ હજાર સહિત બે બકરા લૂંટીને લઈ ગયાના બનાવ અંગે વિસ્તારમાં ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે હજી ઈદ-ઉલ-અઝહાને ૧૭ દિવસ બાકી છે. શુક્રવાર હોવાથી આજે એક યુવક ૧૪ બકરા લઈને રોકડી કરવા સવારે આવ્યો હતો. દરમિયાન થોડી જ વારમાં ધસી આવેલા ચાર જણાએ અહીંયા ઊભા રહેવું હોય અને બકરા વેચવા હોય તો ભાડું આપવું પડશે તેમ જણાવ્યું હતું. જેથી યુવકે અન્ય બકરાવાળા પણ ઊભા હોવાનું જણાવી દીધું હતું. અગાઉ બે બકરાના વેચાણના રૂા.૩૦ હજાર યુવકના ખિસ્સામાં હતા. જેથી ચારે જણાએ યુવકની ધોલાઈ શરૂ કરી તેના ખિસ્સામાંથી નાણાં કાઢી લીધા હતા. ગભરાયેલા યુવકે તમામ બકરા છોડી ભાગવાનું શરૂ કર્યું હતું. જેથી બે બકરા અને નાણાં લૂંટીને ચારેય જણા ભાગી ગયા હોવાનું ઈજાગ્રસ્ત યુવકે સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન જણાવ્યું હતું.

## ફાયરે આઠ માર્કેટ અને કોમ્પલેક્ષ વિરૂદ્ધ પણ કરી કાર્યવાહી

# સુરતમાં ફાયર સુવિધા ન હોવાથી ૧૧ હોટલ સહિત પાંચ જીમ અને બે હોસ્પિટલ સીલ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

સુરત મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા સતત છઠ્ઠા દિવસે શહેરના તમામ ઝોન વિસ્તારમાં આવેલ મોલ, માર્કેટ અને શોપિંગ સેન્ટર સહિતની દુકાનો - ઓફિસો અને હોસ્પિટલના સહિતના એકમોમાં ફાયર સુવિધાના અભાવે સીલિંગની કાર્યવાહી યથાવત રાખી છે. મોડી રાત્રે મનપાના ફાયર વિભાગ દ્વારા અંદાજે ૬૦૦થી વધુ મિલ્કતોની સાથે - સાથે આઠ માર્કેટ અને કોમ્પલેક્ષ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સિવાય ૧૧ હોટલ, પાંચ જીમ અને બે હોસ્પિટલોમાં પણ ફાયર સેફટીની સુવિધા ન હોવાને કારણે સીલ કરવામાં આવ્યું છે. રાજય સરકાર અને મહાનગર પાલિકાઓ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી ૩જી જૂનનાં રોજ હાઈકોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવાને પગલે છેલ્લા પાંચ દિવસથી સુરત મહાનગર પાલિકા દ્વારા પણ બીયુ અને ફાયર એનઓસી વિરૂદ્ધ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આજરોજ લિંબાયત ઝોનમાં ૧૦૨ દુકાનો ધરાવતી સ્વદેશી માર્કેટ અને ડિંડોલી ખાતે આવેલ સાઈ કોમ્પલેક્ષને સીલ કરવામાં આવ્યુંછે. આ સિવાય વરાછામાં અબ્રામા રોડ પર આવેલ આસ્થા મેડીકેર વિરૂદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી છે. આ સિવાય કતારગામ ઝોનમાં માનસરોવર શોપિંગ સેન્ટર, સૃષ્ટિ જનરલ હોસ્પિટલ, સ્ટેલોન જીમ, જીઆર જીમ અને સેવિયર ફિટનેસ જીમને સીલ કરવામાં આવેલ છે.રાંદેર ઝોનમાં પણ હોટલ વનતારા સહિતના અલગ - અલગ એકમો અને સંસ્થાઓ વિરૂદ્ધ સીલિંગની કાર્યવાહી કરી છે. આ સિવાય ઉધનામાં નાથુરામટાવરની ૧૩૦ દુકાનો, વેસુમાં રિચમંડ પ્લાઝામાં ૫૦ દુકાનો, ત્રણ હોટલો અને ધીરજ સન્સનો સ્ટોર પણ સીલ કરવામાં આવ્યો છે. જ્યારે ઉધના-મગદલ્લા રોડ પર આવેલ સફળ સ્કવેરમાં ૮૨ દુકાનો, છ રેસ્ટોરેન્ટ અને સાત હોટલો સીલ કરવામાં આવેલ છે. આ રીતે સેન્ટ્રલ ઝોનમાં બે એસી ડોરમેટરી, ફિટવે જીમ, ગુજ્જુ રેસ્ટોરેન્ટ અને રતન સિનેમા પાસે આવેલ એલબી ટાવરનો બી બ્લોકની ૬૦ દુકાનો સીલ કરવામાં આવેલ છે.

# ભરૂચ જિલ્લા પોલીસ વડાએ ટ્રાફિક સમસ્યા નિવારવા કમર કસી



ભરૂચ જિલ્લા એસ.પી. એ ૪૫ મિનિટ અંકલેશ્વર વાલિયા ચોકડી પર ઓબ્ઝર્વેશન કરી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે કમર કસી હતી. પીકઅવર્સમાં ટ્રાફિક ભારણ ઘટાડવા, ડાઈવર્ઝન માર્ગ, બેરીકેટ લગાવી અડચણ દૂર કરવા તેમજ દબાણ દૂર કરી માર્ગ ખુલ્લો કરવા તાકીદ કરી હતી. એન.એચ.આઈ, એ.આઈ.એ, જિલ્લા ટ્રાફિક અને બી-ડિવિઝન પોલીસ સંકલન કરી તાકીદે નીવડો લાગવા સૂચનો કર્યા હતા. ખાસ કરી પીક અવર્સમાં સર્જાતી સમસ્યા હળવી કરવા સૂચના આપી હતી.

# ખેડા જિલ્લાની તમામ શાળાઓમાં રાજકોટની ઘટના બાદ ફાયર સેફટી અને જર્જરિત ઓરડાની તપાસ શરૂ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૩૧

રાજકોટમાં બનેલી ગેમઝોનની ઘટના બાદ ખેડા જિલ્લાની તમામ શાળાઓમાં જર્જરિત ઓરડા અને ફાયર સેફટીની ચકાસણી શિક્ષણના જુદા-જુદા અધિકારીઓ દ્વારા કરવાની કામગીરી હાલમાં શરૂ થઈ ગઈ છે. ખેડા જિલ્લાની તમામ પ્રાથમિક તેમજ માધ્યમિક સરકારી અને ખાનગી શાળાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કૉ ઓ. અને સીઆરસી કૉ ઓ. દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરી જર્જરિત ઓરડા અંગેની માહિતી તેમજ ફોટોગ્રાફ્સ લઈ શાળાના આચાર્યનું પ્રમાણપત્ર લેવામાં આવે છે. જેમાં શાળામાં જો જર્જરિત ઓરડાઓ હોય તો તેમાં બાળકોને બેસાડવામાં આવતા નથી. તેમજ તેને બેરીકેડ કરવામાં આવેલ છે તેમજ જો શાળામાં નવું બાંધકામ ચાલતું હોય ત્યાં બાળકો જઈ ના શકે તે રીતે આડસ મૂકવામાં આવે તેમજ સેફટી ટેન્ક, ખાળકૂવાને બેરિકેડ કરવામાં આવેલ છે તેમજ પાણીની મોટરના વાયર, વીજ કંપનીના મીટરની લાઇન તેમજ અન્ય ઈલેક્ટ્રીક વાયરો ખુલ્લા નથી કે ભયજનક નથી. આવી સંપૂર્ણ તપાસ કરવામાં આવેલ છે, જે અંગેના ફોટોગ્રાફ્સ અને પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે. આ ઉપરાંત તમામ શાળાઓમાં ફાયર સેફટીના તમામ નિયમોનું પાલન થાય છે અને તે અંગેના જરૂરી ઉપકરણો જેવા કે ફાયર બોટલ, રેતી ભરેલી ડોલ, જાડું દોરડું, સીડી વગેરે સાધનો વપરાશ થઈ શકે તેવી સ્થિતિમાં છે કે નહીં તેમજ તે વાપરવા અંગેની યોગ્ય તાલીમ મેળવેલ છે કે નહીં. આ અંગેની અધિકારીઓ દ્વારા રૂબરૂ શાળામાં સ્થળ તપાસ કરી જરૂરી પ્રમાણપત્ર અને ફોટોગ્રાફ્સ મેળવવામાં આવ્યા છે.

# પાલીતાણાના અનેક જાહેર સ્થળોએ ફાયર સેફટીનો અભાવ જણાતા યોગ્ય પગલા લેવા માંગ

પાલિતાણા, તા.૩૧

રાજકોટની દુર્ઘટના બનેલ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે પરંતુ પાલીતાણાનું તંત્ર હજી ઉંઘતું હોય તેવું લાગી રહ્યું છે વિપક્ષ નેતા કિરીટ સાગઠીયા દ્વારા પ્રાદેશિક કમિશનરને રજૂઆત કરવામાં આવી છે જેમાં પાલીતાણા શહેરના તળેટી મેઈન બજાર એસટી સ્ટેન્ડ પાસે સહિત શહેરના વિવિધ વિસ્તારમાં આવેલ મોલ, હોસ્પિટલો શોપિંગ સેન્ટરો, ધર્મશાળાઓ, રત્ન કલાકારોના કારખાનાઓ તપાસ કરવામાં આવે અને ફાયર સેફટીનો અભાવ હોય તેઓની. વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## અરજી કરવાની છેલ્લી તારીખ ૭ જૂન

# હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ભરતીની જાહેરાત

## ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ પર કરી શકશે અરજી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા એક નોટિફિકેશન જાહેર કરવામાં આવી છે. જે મુજબ સંસ્થામાં અનેક જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે અરજી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેના માટે ઉમેદવારો સત્તાવાર વેબસાઇટની મુલાકાત લઈને અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૭ જૂન નક્કી કરવામાં આવી છે. ઉમેદવારો અહીં આપેલા સ્ટેપને અનુસરીને અરજી કરી શકે છે. નોટિફિકેશન અનુસાર, આ ભરતી અભિયાન દ્વારા સંસ્થામાં કુલ ૧૬ જગ્યાઓ ભરવામાં આવશે. જેમાં સીએમએમ એન્જિનિયર, મિડલ સ્પેશિયાલિસ્ટ અને જૂનિયર સ્પેશિયાલિસ્ટની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ભરતી ડ્રાઈવ માટે અરજી કરનારા ઉમેદવારો પાસે એન્જિનિયરિંગ/ટેક્નોલોજીમાં સ્નાતકની ડિગ્રી હોવી આવશ્યક છે. અરજી કરનાર ઉમેદવાર પાસે ૨થી ૧૦ વર્ષનો અનુભવ હોવો આવશ્યક છે. ભરતી અભિયાન હેઠળ CMM એન્જિનિયરની પોસ્ટ માટે મહત્તમ વય ૪૫ વર્ષ, મિડલ સ્પેશિયાલિસ્ટ માટે ૪૦ અને જૂનિયર સ્પેશિયાલિસ્ટ માટે ૩૫ વર્ષ નક્કી કરવામાં આવી છે. આ પદો પર પસંદ કરાયેલા ઉમેદવારોને ૪૦ હજાર રૂપિયાથી લઈને ૬૦ હજાર રૂપિયા સુધીનો પગાર આપવામાં આવશે. આ જગ્યાઓ માટે અરજી કરવા માટે ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની રહેશે. અરજી કરવા માટે ઉમેદવારોએ ૫૦૦ રૂપિયાની ફી ચૂકવવી પડશે. અરજી કરનારા SC/ST/PWD ઉમેદવારોને ફી ચુકવવામાં મુક્તિ આપવામાં આવી છે. વધુ વિગતો માટે ઉમેદવારો સત્તાવાર સાઈટની મદદ લઈ શકે છે.

### કેવી રીતે અરજી કરશો

- સ્ટેપ-૧ : અરજી કરવા માટે ઉમેદવારો પ્રથમ સત્તાવાર વેબસાઈટ hal-india.co.in પર જાવ.
- સ્ટેપ-૨ : આ પછી ઉમેદવારો કરિયર અથવા 'ભરતી' વિભાગમાં જાય છે.
- સ્ટેપ-૩ : હવે ઉમેદવારો નોંધણી કરાવી શકે છે અને જરૂરી વિગતો દાખલ કરીને લૉગિન કરી શકે છે.
- સ્ટેપ-૪ : પછી ઉમેદવાર જરૂરી વિગતો દાખલ કરે છે.
- સ્ટેપ-૫ : હવે ઉમેદવારો જરૂરી દસ્તાવેજો અપલોડ કરે છે.
- સ્ટેપ-૬ : આ પછી ઉમેદવારો અરજી ફી ચૂકવે છે.
- સ્ટેપ-૭ : પછી ઉમેદવારો ફોર્મ સબમિટ કરે છે.
- સ્ટેપ-૮ : હવે ઉમેદવારો એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરો અને પ્રિન્ટ આઉટ લો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# હવામાન, વધતા જતાં તાપમાનને કારણે વિશ્વ આપત્તિજનક વિનાશના ખતરાનો સામનો કરી રહ્યું છે, સમૃદ્ધ દેશો પોતાની જવાબદારીઓથી છટકી રહ્યા છે

જળવાયુ પરિવર્તનને કારણે ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે. દર વર્ષે તાપમાનમાં વધારો થવા લાગ્યો છે. ઉનાળાની ઋતુ લાંબી થઈ રહી છે. શિયાળામાં પણ ગરમીની અસર જોવા મળે છે. વિશ્વના ઘણા વિસ્તારો જે અગાઉ બરફથી ઢંકાયેલા હતા, તેઓને ગરમીના મોજાનો ભોગ બનવું પડ્યું છે. ગરમીના કારણે લોકોના જીવ પણ જોખમમાં મૂકાયા છે. તેથી, દર વર્ષે જળવાયુ પરિવર્તનના જોખમોને પહોંચી વળવા યોજાતી બેઠકમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાના ઠરાવો કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ દિશામાં કોઈ નોંધપાત્ર પરિણામો નોંધાયા નથી. એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો તાપમાનમાં વધારો દોઢ ડિગ્રી સેલ્સિયસને પાર કરશે તો વિશ્વને વિનાશના ભયાનકતાનો સામનો કરવો પડશે. પરંતુ આ ઠરાવ પર મક્કમતાથી આગળ વધવા જરૂરી ગંભીરતા દેખાતી નથી.

કાર્બન ઉત્સર્જન ઘટાડવાની જવાબદારી ગરીબ અને વિકાસશીલ દેશોના ખભા પર નાખીને શ્રીમંત દેશો આ સમસ્યામાંથી છુટકારો મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. કાર્બન ઉત્સર્જન માટે સૌથી વધુ જવાબદાર એવા દેશો છે જેઓ વધુ ઔદ્યોગિક ઉત્પાદન કરે છે અને વધુ બાયોફ્યુઅલનો ઉપયોગ કરે છે. તેઓ બાયોફ્યુઅલના વપરાશમાં ઘટાડો કરશે અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતો પર તેમની નિર્ભરતા વધારશે તેવી અપેક્ષા છે. પરંતુ આવું થઈ રહ્યું નથી. આમાં સામાન્ય નાગરિકોનું પણ યોગદાન જરૂરી છે. ખાસ કરીને ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યાં વાહનો અને ઔદ્યોગિક એકમો ઝડપથી વિસ્તરી રહ્યા છે. ઘરો, ઓફિસો, ખાનગી અને જાહેર વાહનો કે વેરહાઉસ વગેરેને એરકન્ડિશન્ડ બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી કાર્બન ઉત્સર્જન ઘટાડવું એક પડકાર બની ગયું છે. તેના ઉપર, માળખાકીય વિકાસ પર વધુ પડતા ભારને કારણે, જંગલો આડેધડ કાપવામાં આવી રહ્યા છે અને પૃથ્વીની સપાટીનો મોટો ભાગ કોંક્રિટથી ઢંકાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં કાર્બન અને ગરમીને શોષવાના કુદરતી માધ્યમો ઓછા થઈ રહ્યા છે. લોકોને વાતાનુકૂલિત વાતાવરણમાં રહેવાની આદત પડી ગઈ છે, તેથી તાપમાન સામાન્ય કરતા સહેજપણ વધે તો તે સહન કરી શકતા નથી. પરંતુ લોકો આ સમસ્યાને દૂર કરવામાં કોઈ અંગત યોગદાન આપતા હોય તેવું લાગતું નથી. એવી સલાહ આપવામાં આવી રહી છે કે જો જીવનશૈલીમાં પરંપરાગત પદ્ધતિઓ અપનાવવામાં આવે તો ગ્લોબલ વોર્મિંગને ઘણી હદ સુધી રોકી શકાય છે. સરકારોનું વલણ અર્થતંત્રના વિકાસ પર હોવાથી તેઓ ઔદ્યોગિક ઉત્પાદન અને બજારના વિસ્તરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. હવામાનની તીવ્રતા વધવા પાછળ ઘણા કારણો છે. મકાન બાંધકામથી માંડીને કેટરિંગ સંસાધનો સુધી, પરંપરા ગત શૈલી હવે ત્યજી દેવામાં આવી છે. સ્થાનિક સંસાધનોને બદલે આયાતી ચીજવસ્તુઓનો ઉપયોગ વધી રહ્યો છે, જે હવામાનને અનુરૂપ નથી. વિચાર્યા વિના એર કન્ડિશનરનો ઉપયોગ અને બેકાબૂ વાહનોનો ઉપયોગ અને જરૂરિયાતની સરખામણીમાં ગેસથી ચાલતા વધારે પડતા કામોને કારણે ગરમીનું પ્રમાણ વધુ વધી રહ્યું છે. જેના કારણે ઈમારતોની અંદરનું વાતાવરણ તો ઠંડું થાય છે અથવા તો કેટલીક સગવડો પૂરી પાડવામાં આવે છે, પરંતુ એર કન્ડિશનીંગ પ્લાન્ટમાંથી નીકળતી ગરમી બહારના વાતાવરણના તાપમાનમાં ભારે વધારો કરે છે. આબોહવાની ઉથલપાથલની વર્તમાન પરિસ્થિતિમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવાની જરૂર છે નહીં તો આ સગવડ મુશ્કેલી બની જશે.

# "બેટી બચાવો, બેટી પઢાવો" : ભાજપે જાતીય હુમલાના આરોપીઓને સતત સમર્થન આપ્યું છે

ભારતીય જનતા પાર્ટીનું "બેટી બચાવો, બેટી પઢાવો"નું સૂત્ર ફરી એકવાર પ્રશ્નમાં છે કારણ કે કર્ણાટકના હાસનમાંથી NDAના ઉમેદવાર, વર્તમાન સાંસદ પ્રજ્વલ રેવન્ના, જે પૂર્વ વડાપ્રધાન એચડીના પૌત્ર છે અને આ દેવેગૌડા જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા છે અને આ આરોપી તેના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કરીને દેશ છોડીને ભાગી ગયો છે.

ભાજપ અને કોંગ્રેસ બંનેએ એકબીજા પર રેવન્નાને બચાવવા અને ભાગી જવા દેવાનો આરોપ લગાવ્યો છે. જો કે, કર્ણાટકમાં તેની બાકીની ૧૪ (કુલ ૨૮ માંથી) બેઠકો પર ૭ મેના રોજ મતદાન કરવાનું છે, ત્યારે ભાજપે JD(S) સાથેનું જોડાણ તોડ્યું નથી. જો કે રેવન્નાને જેડી(એસ)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

દરમિયાન, ભાજપે ઉત્તર પ્રદેશના કૈસરગંજના તેના વર્તમાન સાંસદ, બ્રિજભૂષણ શરણ સિંહ, જેઓ મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણીનો આરોપનો સામનો કરી રહ્યા છે, તેની વિરુદ્ધ પણ પક્ષે કાર્યવાહી કરવાની બાકી છે. આ સીટ પરથી તેમના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપવામાં આવી છે. અને આ નેતાને ફરીથી નોમિનેટ કરવામાં આવ્યા નથી, પણ સિંઘ તાજેતરના અઠવાડિયામાં આ વિસ્તારમાં પ્રચાર કરી રહ્યા હતા.

તેમની સરકાર પ્રથમ વખત સત્તામાં આવ્યા પછી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાન્યુઆરી ૨૦૧૫માં હરિયાણામાં બેટી બચાવો, બેટી પઢાવો યોજના શરૂ કરી હતી. સાત વર્ષ પછી, ઓગસ્ટ ૨૦૨૨માં, સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીમાં મોદીએ મહિલા શક્તિ અથવા 'નારી શક્તિ' સૂત્રનું આહ્‌વાન કર્યું. લાલ કિલ્લા પરથી તેઓએ "મહિલાઓને અપમાનિત કરતી દરેક વર્તણૂક અને સંસ્કૃતિ"ને સમાપ્ત કરવાની હાકલ કરી હતી.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને ન્યૂ ઈલેક્શન વોચના અહેવાલ મુજબ, ૧૩૪ વર્તમાન સાંસદો અને ધારાસભ્યોએ તેમની વિરુદ્ધ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના કેસ જાહેર કર્યા છે, જેમાં ભાજપ ૪૪ સાંસદો અને ધારાસભ્યો સાથે સૌ પક્ષોથી આગળ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ડેટા દર્શાવે છે કે મોદી સરકારના શાસનમાં ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ૩૧%નો વધારો થયો છે, જે ૨૦૧૪માં ૩,૩૭,૯૨૨થી વધીને ૨૦૨૨માં ૪,૪૫,૨૫૬ થઈ ગયા છે.

રેવન્નાથી લઈને સિંહ સુધી અને કઠુઆ બળાત્કાર કેસ, હાથરસ, ઉન્નાવ અને મણિપુર સુધી, ધ વાયર દ્વારા એવા નેતાઓ પર એક નજર નાખવામાં આવી છે જેમણે તેમની વિરુદ્ધ જાતીય સતામણીના આરોપો હોવા છતાં ભાજપનું સમર્થન અને આશ્રય મેળવ્યો છે.

**પ્રજ્વલ રેવન્ના :** રેવન્ના જનતા દળ (સેક્યુલર) પાર્ટીના નેતા છે જે કર્ણાટકમાં ભાજપ સાથે ગઠબંધનમાં છે. તેમના મતવિસ્તાર હસનમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬ એપ્રિલના રોજ મતદાન થયું હતું. જો કે હવે રેવન્નાને JD(S)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પણ તેમના ઘણા વીડિયો સામે આવ્યા છે જેમાં તેમના દ્વારા બિન-સહમતિયુક્ત જાતીય કૃત્યો કરવાના અનેક ઉદાહરણો નોંધવામાં આવ્યા છે. મોટા ભાગના વિડિયોમાં, તે સ્પષ્ટ છે કે આ વિડીયો તેમના દ્વારા મહિલાઓને અમુક પ્રકારના દબાણ હેઠળ અને તેમની સંમતિ વિના રેકોર્ડ કરવામાં આવ્યા હતા.

આ આરોપો સામે આવ્યાના કલાકો પછી, ૨૭ એપ્રિલના રોજ સવારે ૨ વાગ્યે તેના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કરીને બેંગલુરુથી વિદેશ ચાલ્યા ગયેલા રેવન્ના વિરુદ્ધ કર્ણાટક પોલીસ દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી, પરિણામે ચાલી રહેલી લોકસભા ચૂંટણી વચ્ચે એક રાજકીય તોફાન સર્જાયું છે અને આ ક્ષણે તે જર્મનીના મ્યુનિકમાં હોવાના અહેવાલ આવ્યા છે.

આ વર્ષે ૧૪ એપ્રિલના રોજ, મોદી રેવન્ના અને દેવેગૌડા સાથે સ્ટેજ પર જોવામાં આવ્યા હતા અને તેમણે મૈસુરમાં એક રેલીમાં તેમના માટે પ્રચાર પણ કર્યો હતો. વિપક્ષની ટિપ્પણીઓનો સામનો કરી રહેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું છે કે ભાજપ મહિલાઓ પર અત્યાચાર કરનારાઓની સાથે રહી શકે નહીં. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, કેન્દ્રીય ભાજપ નેતૃત્વ રેવન્ના પરના આરોપો વિશે પહેલાથી જ જાણતું હતું.

ભાજપે હજુ પણ રાજ્યમાં જેડી(એસ) સાથેનું જોડાણ તોડ્યું નથી અને ૨૮ બેઠકોમાંથી ૧૪ બેઠકો પર મતદાન પૂર્ણ કરશે.

**બ્રિજભૂષણ શરણ સિંઘ :** સિંઘ પર રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના વડા તરીકે તેમના કાર્યકાળ દરમિયાન મહિલા કુસ્તીબાજો દ્વારા તેમના પર જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મહિલા કુસ્તીબાજોએ સિંઘ સામે ગંભીર ફરિયાદો કરી હતી, જેમાં તેણે વ્યાવસાયિક સહાયના બદલામાં જાતીય તરફેણની માંગણી કરી હતી, તેમની છેડતી કરી હતી, તેમની છાતી પર હાથ ફેરવ્યો હતો અને ફરિયાદ કરવાનો પ્રયાસ કરનાર કોઈપણને ધમકી પણ આપી હતી. કુસ્તીબાજોએ કાર્યવાહી કરવામાં કેન્દ્ર સરકાર અને પોલીસની નિષ્ફળતા સામે તેમના અને તેમના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પુરસ્કારો છોડવા સહિત લાંબો વિરોધ કર્યો હતો. આ વિરોધ



પ્રજ્વલ રેવન્ના, બ્રિજભૂષણ, મણિપુર, કઠુઆ અને હાથરસ જેવી અનેક ઘટનાઓમાં ભારતીય જનતા પાર્ટી કથિત જાતીય અપરાધીઓને સમર્થન આપવાનો ઈતિહાસ ધરાવે છે.

પ્રદર્શન પર પોલીસે લાઠીચાર્જ પણ કર્યો હતો.

જ્યારે ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિક, જે સિંઘ સામે વિરોધ કરી રહેલા કુસ્તીબાજો પૈકી

## દૃષ્ટિકોણ

**- શ્રાવસ્તી દાસગુપ્તા**

એક હતા, તેમના એક સહાયકને ડબલ્યુએફઆઈના વડા તરીકે પસંદ કરવામાં આવ્યા બાદ ડિસેમ્બરમાં રમત છોડી દીધી હતી, પણ સિંહની ભાજપ પક્ષ દ્વારા તરફેણ કરવામાં આવી રહી છે. ધ વાયરે અહેવાલ આપ્યો છે કે તેઓ લોકસભામાં ભાજપના સાંસદો વચ્ચે કેન્દ્રીય પ્રધાનો નીતિન ગડકરી અને અમિત શાહની હરોળ પાછળ બેઠા જોવા મળ્યા હતા. તેમણે મહિલા અનામત બિલ પર તેમનું ભાષણ આપ્યું હતું અને મહિલા સશક્તિકરણ તરફ તેમની સરકારના સમર્થનનું વચન આપ્યું હતું. તેમણે કૈસરગંજથી ફરીથી ઉમેદવાર તરીકે નામ આપવામાં વિલંબ માટે મીડિયાને જવાબદાર ઠેરવ્યું, અને ભાજપે તેને પરિવારમાં રાખવા અને તેના પુત્ર કરણ ભૂષણ સિંહને મેદાનમાં ઉતારવાનું પસંદ કર્યું છે.

**મણિપુરમાં ભાજપ સરકારને મુક્તિ :** મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં જે દિવસે બે કુકી મહિલાઓને નગ્ન પરેડ કરવામાં આવી હતી અને યૌન શોષણ કરવામાં આવ્યું હતું તે દિવસથી લગભગ એક વર્ષ સુધી, સીબીઆઈની ચાર્જશીટમાં ખુલાસો થયો છે કે તેઓએ સુરક્ષા માટે પોલીસનો સંપર્ક કર્યો હતો પરંતુ તેમને એકલા છોડી દેવામાં આવ્યા હતા.

મણિપુરમાં ચાલી રહેલી હિંસા અંગે ખુદ મોદીએ જ પોતાનું મૌન તોડ્યું હતું, અને ૩ મે, ૨૦૨૩ના રોજ હિંસા શરૂ થયાના ૭૮ દિવસ પછી, જ્યારે જુલાઈમાં બે મહિલાઓનો વીડિયો વાયરલ થયો હતો, તે સમયે મોદીએ કોંગ્રેસ શાસિત એવા બે રાજ્યોના પણ નામ લીધા હતા, અને મણિપુરમાં હિંસાની વાત કરી હતી. આ મહિલાઓનો વીડિયો વાઈરલ થયા પછી, મુખ્યમંત્રી એન.બિરેન સિંહે પોતે કહ્યું છે કે મણિપુરમાં 'આવા અન્ય ૧૦૦ કેસ' છે, જ્યાં મહિલાઓની સતામણી અને બળાત્કાર થયો છે. જો કે, તેમણે એ કહ્યું ન હતું કે તેમની સરકાર આ કેસોમાં ન્યાય સુનિશ્ચિત કરવા માટે શું કરી રહી છે.

મણિપુર સરકારે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે તેણે મણિપુરમાં જાતીય શોષણ અને અન્ય ગુનાઓનો સામનો કરતી મહિલાઓને વળતર આપવા માટે સમર્પિત બેંક ખાતામાં રૂા.૫ કરોડ ફાળવ્યા છે, પરંતુ તે કેટલાને મળવાના હતા તેની કોઈ માહિતી આપી નથી. રાજ્યમાં હજુ હિંસા ચાલુ છે, અને મોદીએ દાવો કર્યો છે કે તેમની સરકારના સમયસર હસ્તક્ષેપને કારણે મણિપુરની હાલતમાં નોંધપાત્ર સુધારો થયો છે પરંતુ હજુ સુધી પોતે આ રાજ્યની મુલાકાત લીધી નથી.

દરમિયાન સંસદની અંદર કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા અભૂતપૂર્વ રીતે ચાલી રહેલી આ હિંસા ચાલુ હોવા છતાં મુખ્યમંત્રી સિંહનો બચાવ કરવામાં આવ્યો છે.

**બિલ્કીસ બાનો કેસના દોષિતો :** માર્ચ ૨૦૨૩માં, ગુજરાતના દાહોદના ભાજપના સાંસદ જસવંતસિંહ ભાભોર અને તેમના ભાઈ શૈલેષભાઈ ભાભોર, લીમખેડાના ભાજપના ધારાસભ્ય, શૈલેષ ભટ્ટ સાથે એક મંચ શેર કર્યો હતો. તે ૨૦૦૨ ગુજરાત રમખાણો દરમિયાન બિલ્કીસ બાનો પર બળાત્કાર માટે દોષિત ૧૧ પુરુષોમાંથી એક છે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ પેરોલ પર આ દોષિતો બહાર આવ્યા હતા.

ઑક્ટોબર ૨૦૨૨માં, ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૧ જુલાઈ, ૨૦૨૨ના પત્ર દ્વારા દોષિતોની માફી અને અકાળે મુક્તિને મંજૂરી આપ્યા પછી દોષિત ઠરેલા ૧૧ પુરુષોને મુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના જાહેરનામાને સુપ્રીમ કોર્ટે જાન્યુઆરીમાં રદ કર્યો હતો.

**કુલદીપસિંહ સેંગર :** ૨૦૧૮માં, ઉન્નાવમાં ૧૭ વર્ષની છોકરી સાથે ગેંગરેપ કેસમાં આરોપી ઉત્તર પ્રદેશના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર વિરુદ્ધ કાર્યવાહી ન કરવા બદલ ભાજપ પર પ્રશ્નો થઈ રહ્યા છે.

૨૦૧૯માં, બીજેપીએ કહ્યું કે તેણે ઉન્નાવના ધારાસભ્યને ઘણા સમય પહેલા સસ્પેન્ડ કરી દીધા હતા કારણ કે ઉન્નાવ બળાત્કાર પીડિતા કાર-ટ્રકની ટક્કરમાં ગંભીર રીતે ઘાયલ થયા પછી ઉત્તર પ્રદેશના ધારાસભ્યને બરતરફ કરવાની વધતી માંગ વચ્ચે બચી ગયેલા વ્યક્તિએ કહ્યું હતું કે તે તેમના પરિવારની હત્યા કરવાનું કાવતરું હતું.

બાંગરમાઉના ચાર વખત ધારાસભ્ય રહી ચૂકેલા સેંગરની એપ્રિલ ૨૦૧૮માં બળાત્કારના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તે કસ્ટડીમાં પીડિતાના પિતાની હત્યા માટે તે ૧૦ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે. તેણે ટ્રાયલ કોર્ટના ૨૦૧૯ના આદેશ સામે પણ અપીલ કરી છે જેણે તેને બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. તેમ છતાં તે આ પ્રદેશમાં પ્રભાવશાળી નેતા રહ્યા છે. ભાજપના ઉન્નાવના સાંસદ સચ્ચિદાનંદ હરિ સાક્ષી ઉર્ફે સાક્ષી મહારાજ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પછી તેમનો "આભાર" માનવા માટે સેંગરને સીતાપુર જિલ્લા જેલમાં મળ્યા હતા.

**કઠુઆ બળાત્કાર કેસ :** ૨૦૧૮માં, ભાજપના નેતાઓએ જમ્મુના કઠુઆ જિલ્લામાં એક વિરોધ માર્ચનું નેતૃત્વ કર્યું હતું જેમાં આઠ વર્ષની વિચરતી જાતિની છોકરી પર બળાત્કાર અને હત્યાના આરોપી વિશેષ પોલીસ અધિકારી (એસપીઓ) દીપક ખજુરિયાની મુક્તિની માંગ કરવામાં આવી હતી. ધ વાયરે અહેવાલ આપ્યો હતો કે ભાજપના તત્કાલીન રાજ્ય સચિવ વિજય શર્માએ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને આરોપીઓને મુક્ત કરવા અને કેસ સીબીઆઈને સોંપવાની માંગ કરી હતી.

**હાથરસ બળાત્કાર અને હત્યા :** સપ્ટેમ્બર ૨૦૨૦માં, ઉત્તર પ્રદેશના હાથરસમાં ચાર ઉચ્ચ જાતિના ઠાકુર પુરુષો દ્વારા ૧૯ વર્ષીય દલિત મહિલા પર ગેંગરેપ કરીને હત્યા કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા રાતમાં જ મૃતદેહના ઉતાવળમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જે દરમિયાન તેઓએ કથિત રીતે તેના પરિવારના સભ્યોને હાજર રહેવાની મંજૂરી આપી ન હતી. જેના કારણે દેશવ્યાપી વિવાદ ઊભો થયો હતો. આ કેસના ચારમાંથી ત્રણ આરોપીઓને માર્ચ ૨૦૨૩માં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિની અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે કોઈ પણ આરોપી પર ગેંગ-રેપનો આરોપ સાબિત થયો નથી.

**અંકિતા ભંડારી હત્યા કેસ :** ફેબ્રુઆરી ૨૦૨૩માં, મહિલા અધિકાર સંગઠનોની એક ફેક્ટ ફાઈન્ડિંગ ટીમે ૧૯ વર્ષની અંકિતા ભંડારીની હત્યાની પોલીસ તપાસ પર સવાલો ઉભા કર્યા હતા, જેની સપ્ટેમ્બર ૨૦૨૨માં ભાજપના નેતા વિનોદ આર્યના પુત્ર પુલકિત આર્ય દ્વારા કથિત રીતે હત્યા કરવામાં આવી હતી. ઉગ્ર વિરોધ અને વિપક્ષના આક્ષેપો પછી ભાજપે પાછળથી વિનોદ આર્યને હાંકી કાઢ્યા અને જિલ્લા વહીવટીતંત્રે રિસોર્ટના તે ભાગોને તોડી પાડવાનું શરૂ કર્યું હતું જ્યાં આ ગુનો થયો હતો.

**BJP ધારાસભ્ય રામદૂલાર :** યુપી BJPના MLAને ડિસેમ્બરમાં ઉત્તર પ્રદેશ વિધાનસભા દ્વારા ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા, તેઓને સોનભદ્ર જિલ્લામાં ૨૦૧૪ના એક કેસમાં ૧૫ વર્ષની છોકરી પર બળાત્કાર કરવા બદલ જિલ્લા અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અદાલતે દૂધીમાંથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જીતેલા ધારાસભ્યને ૨૫ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. વિધાનસભામાં તેને શાસક ભાજપમાંથી પ્રતિરક્ષા પ્રાપ્ત છે કે કેમ તે અંગેના પ્રશ્નો ઉભા કરવા માટે વિરોધ પક્ષની આગેવાની હેઠળ તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો.

(સૌ. : ધ વાયર)

# ઘરેલુ બચત રેકોર્ડ ૫.૨ ટકાના નીચા સ્તરે FY23માં દેવું સર્વોચ્ચ સપાટીએ : RBI

## અહેવાલ અનુસાર FY13-14માં ઘરેલુ દેવું ૩ ટકાથી વધીને FY22-23માં ૫.૭ ટકાની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

RBIનો ૨૦૨૪નો વાર્ષિક અહેવાલ દર્શાવે છે કે, FY22-23માં ઘરેલું બચત કુલ રાષ્ટ્રીય નિકાલજોગ આવક (GNDI)ના ૫.૨%ની વિક્રમી નીચી સપાટીએ પહોંચી હતી જ્યારે દેવું વધીને ૫.૭% પર સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. GNDIએ અંતિમ વપરાશ અને કુલ બચત માટે રાષ્ટ્રને ઉપલબ્ધ આવકનો સંદર્ભ આપે છે. અહેવાલ દર્શાવે છે કે, રોગચાળાના વર્ષ FY20-21ને બાદ કરતાં છેલ્લા દાયકામાં પરિવારોની ચોખ્ખી નાણાકીય બચત અટકી ગઈ છે, જે ૭.૫%ની આસપાસ છે, જ્યાં બચત ૧૧.૬%ની ટોચે હતી. જો કે, FY21-22માં બચતમાં ૭.૨% જેટલો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જે ગયા વર્ષે ૫.૨%ના સર્વકાલીન નીચા સ્તરે આવી ગયો હતો. રોગચાળાના વર્ષ FY20-21ને બાદ કરતાં ગ્રોસ ફાઈનાન્શિયલ સેવિંગ્સ પણ પાછલા દાયકામાં ૧૦-૧૧%ની આસપાસ રહી હતી જ્યાં તે ૧૫.૬%ની ટોચે પહોંચી હતી. ઓછી કુલ બચતનો અર્થ એ છે કે, લોકો ઓછી બચત કરે છે અને વધુ વપરાશ કરે છે, જે બદલામાં ઓછા સ્થાનિક રોકાણમાં પરિણમે છે. આરબીઆઈના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ ૨૨-૨૩માં બચત-રોકાણનું અંતર વધ્યું હતું. દરમિયાન ઘરગથ્થુ દેવું FY13-14માં ૩%થી વધીને FY22-23માં ૫.૭%ના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. છેલ્લા દાયકામાં FY15-15 સિવાય ઋણનું સ્તર ૩-૪% આસપાસ હતું જ્યારે તે ૨.૭%ની નીચી સપાટીએ પહોંચ્યું હતું. FY21-22ની સરખામણીમાં જ્યારે ઘરગથ્થુ દેવું ૩.૮% હતું, ત્યારે ગયા નાણાકીય વર્ષમાં ઘરગથ્થું જવાબદારીઓમાં ૫.૭%નો મોટો ઉછાળો થયો હતો. ઊંચા દેવું અને ઓછી બચત એવા સમયે આવી છે જ્યારે દેશમાં મોટા પાયે બેરોજગારી અને સ્થિર વેતન જોવા મળી રહ્યું છે.

**બેરોજગારી અને સ્થિર વેતન**

બિઝનેસ ઈનસાઈડરે અહેવાલ આપ્યો છે કે, ભારતના લેબર લેન્ડસ્કેપ પરના તાજેતરના ILOના અહેવાલ મુજબ શિક્ષણ સાથે બેરોજગાર યુવાનોનું પ્રમાણ ૨૦૦૦માં ૫૪.૨%થી વધીને ૨૦૨૨માં આશ્ચર્યજનક ૬૫.૭% થઈ ગયું છે. ILO અહેવાલમાં જણાવાયું છે કે, કોલેજની ડિગ્રી ધરાવતા લોકો માટે બેરોજગારીનો દર ૨૯.૧% છે, જે અભણ વ્યક્તિઓ (૩.૪%) માટેના બેરોજગારી દર કરતાં લગભગ નવ ગણો વધારે છે. દરમિયાન ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD)ના સહયોગથી તૈયાર કરાયેલ અન્ય ILO રિપોર્ટ દર્શાવે છે કે, નિયમિત પગારદાર કામદારોની સરેરાશ માસિક વાસ્તવિક કમાણી ૨૦૧૨-૨૨ વચ્ચે દર વર્ષે ૧% ઘટી છે. સત્તાવાર સરકારી ડેટા પર આધારિત ILOની ગણતરી મુજબ, નિયમિત વેતન કામદારનું સરેરાશ વાસ્તવિક માસિક વેતન ૨૦૧૨માં ૧૨,૧૦૦ રૂપિયાથી ઘટીને ૨૦૨૨માં ૧૦,૯૨૫ રૂપિયા થઈ ગયું છે. નિયમિત વેતન અથવા પગારદાર કામદારો એવી વ્યક્તિઓ છે જેમની પાસે પ્રમાણમાં લાંબાગાળાની રોજગાર હોય છે અને તેમને સાપ્તાહિક અથવા માસિક ધોરણે ચૂકવણી કરવામાં આવે છે. આમાં સરકારી કર્મચારીઓ, માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તા (આશા) કામદારો, ઘરેલું સહાયકો, રક્ષકો અને ખાનગી ક્ષેત્રમાં નોકરી કરતા લોકોનો સમાવેશ થાય છે. કૃષિ કામદારોમાં પણ વેતનમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૨૦૧૪-૨૦૨૪થી કૃષિ મંત્રાલયના ડેટા અનુસાર કૃષિ મજૂરો માટે વાસ્તવિક વેતન (જે મોંઘવારી માટે સમાયોજિત કરવામાં આવ્યું છે) દર વર્ષે ૧.૩%નો ઘટાડો થયો છે. તેના પહેલાના દાયકામાં (૨૦૦૪-૨૦૧૪) આ ક્ષેત્ર માટે વાસ્તવિક વેતનમાં વાર્ષિક ૬.૮%નો વધારો જોવા મળ્યો હતો. જેઓ ઈંટના ભઠ્ઠામાં કામ કરે છે, તેઓને શ્રમ સઘન અને ભારતના સૌથી ગરીબો માટે રોજગાર મેળવવાનો અંતિમ ઉપાય તરીકે જોવામાં આવે છે, તેઓને પણ છેલ્લા દાયકામાં વેતનમાં સ્થિરતા જોવા મળી હતી.

# આસામ, મણિપુરમાં અનેક નદીઓ ભયંકર પૂરથી પ્રભાવિત : CWC ડેટા

(એજન્સી) તા.૩૧

કેન્દ્રીય જળ પંચે જણાવ્યું છે કે, આસામ અને મણિપુરમાં બ્રહ્મપુત્ર અને બરાક સહિત છ નદીઓ ભયંકર પુરનો સામનો કરી રહી છે, જેનાથી વિસ્તારના અનેક જિલ્લા જોખમમાં છે. આસામના જોરહટ જિલ્લાના નેમાટીઘાટમાં બ્રહ્મપુત્ર નદી ૮૫.૨૫ મીટર પર વહી રહી છે. જે તેના જોખમના સ્તર ૮૫.૫૪ મીટરથી ૦.૨૯ મીટર ઉપર છે. જ્યારે બરાક નદીની સ્થિતિ ગંભીર છે. મણિપુરના ઈમ્ફાલ ઈસ્ટ જિલ્લામાં છોટાબેકરામાં બરાક નદીનું જળસ્તર ૩૦.૧૫ મીટર પર છે, જે જોખમના નિશાનથી ૩.૯૫ મીટર ઉપર છે. CWCના આંકડાઓ મુજબ આ મહત્ત્વપૂર્ણ વૃદ્ધી આસપાસના સમુદાયો માટે ગંભીર જોખમ પેદા કરે છે. આસામમાં બરાક નદીનું જળસ્તર સતત અનેક જિલ્લાઓમાં વધી રહ્યું છે. કરીમગંજ જિલ્લાના બદરપુર ઘાટ પર નદીનું જળસ્તર ૧૮.૧૩ મીટર પર છે. જે જોખમના સ્તરથી ૨.૦૬ મીટર ઉપર છે, જે સ્થિર પ્રવૃત્તિ દર્શાવે કછાર જિલ્લાના ધોલાઈમાં આ ૨૪.૯ મીટર પર છે. જે જોખમના સ્તરથી ૦.૩૨ મીટર ઉપર છે. તેમજ તેમાં ઘટાડો થવાનો અંદાજ છે. પંચે જણાવ્યું કે, નાગાંવ જિલ્લાના કામપુરમાં કોપીલી નદી પણ ગંભીર સ્થિતિ છે અને ૬૨.૦૮ મીટર પર વહી રહી છે. આ સ્તર જોખમતા નિશાન ૬૦.૫ મીટરથી ૧.૫૮ મીટર ઉપર છે. જો આ પ્રવૃત્તિ સ્થિર છે તેમ છતાં ઉચ્ચ જળસ્તર સ્થાનિક વસ્તી માટે ચિંતાનો વિષય છે.

# ચોમાસું નક્કી સમયથી છ દિવસ પહેલાં ઉત્તરી પ.બંગાળ પહોંચ્યું

(એજન્સી) તા.૩૧

હવામાન વિભાગે જણાવ્યું કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું શુક્રવારે ઉપ.હિમાલયથી પશ્ચિમ બંગાળ પહોંચી ગયું. જે નક્કી સમયથી એક અઠવાડિયા પહેલાં આ ક્ષેત્રના વધુ પડતા ભાગોને કવર કરી ચૂક્યું છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય રીતે ૫ જૂને ઉત્તરી પશ્ચિમ બંગાળ અને ૯ જૂનથી આસપાસ રાજ્યના દક્ષિણી ભાગમાં પહોંચે છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, દક્ષિણી પશ્ચિમ ચોમાસાની આ ક્ષેત્રમાં ઝડપી ગતિનું કારણ ચક્રવાત રેમલની સંયુક્ત અસર હોય શકે છે, જે બંગાળની ખાડીથી દક્ષિણી-પશ્ચિમી હવાને તટો સુધી લઈને આવ્યું અને ત્યારબાદ ચોમાસાની ગતિ ઉત્તરી પશ્ચિમ બંગાળમાં હાજર એક ટ્રક દ્વારા આકર્ષિત થઈ. હવામાન વિભાગે આગામી પાંચ દિવસોમાં કુચ બિહાર, જલપાઈ ગુરી, અલીપુરદ્વાર, કાલીમપોંગ અને દાર્જીલિંગના ઉપ-હિમાલયી જિલ્લાઓમાં વ્યાપક વરસાદનો અંદાજ લગાવ્યો છે. સાથે જ એક અથવા બે સ્થળો પર ભારે વરસાદની સંભાવના પણ વ્યક્ત કરી છે. ઉત્તરી બંગાળમાં શુક્રવારે સવારે ૮:૩૦ વાગ્યા સુધી ૨૪ કલાકમાં જે સ્થળો પર મહત્ત્વપૂર્ણ વરસાદ નોંધવામાં આવ્યો તે છે અલીપુર દ્વાર (૪૫ મી.મી.) જલપાઈ ગુડ્ડી, (૪૩ મી.મી.) અને કુચ બિહાર (૨૮ મી.મી.). હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં કોલકાતા સહિત દક્ષિણ બંગાળના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને ઝડપી પવન ફૂંકાવાનો અંદાજ લગાવ્યો છે.

# બોમ્બની ધમકી બાદ શ્રીનગર એરપોર્ટની કામગીરી એક કલાક માટે રોકી દેવામાં આવી

(એજન્સી) શ્રીનગર, તા.૩૧

અધિકારીઓએ જણાવ્યું કે, શુક્રવારે બોમ્બની ધમકીને પગલે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફલાઈટ ઓપરેશનને એક કલાક માટે અટકાવવું પડ્યું હતું કારણ કે, અધિકારીઓએ સાવચેતીના પગલાં લીધા હતા. શ્રીનગર એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ને નવી દિલ્હીથી આવતી એર વિસ્તારાની ફલાઈટ પર બોમ્બની ધમકી મળી હતી, જેના પગલે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF), જે એરપોર્ટ સુરક્ષા માટે જવાબદાર છે, અન્ય અધિકારીઓ સાથે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. તેમણે જણાવ્યું કે, બપોરે એરપોર્ટ પર વિમાન વિશે ધમકીભર્યો કોલ આવ્યો હતો, જેમાં ૧૭૮ મુસાફરો સવાર હતા. તેમણે જણાવ્યું કે, વિમાન એરપોર્ટ પર ઉતર્યા પછી તરત જ તેને એકાંત ખાડીમાં લઈ જવામાં આવ્યું અને મુસાફરો અને ક્રૂ સભ્યોને બહાર કાઢવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે, પ્લેનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી અને કોઈપણ શંકાસ્પદ વસ્તુને શોધવા માટે બોમ્બ નિકાલ ટુકડી અને સ્નિફર ડોગ્સ પણ તૈનાત કરવામાં આવ્યા હતા. સંપૂર્ણ શોધખોળ બાદ પણ પ્લેનમાંથી કોઈ વિસ્ફોટકો મળ્યા નથી. અધિકારીઓએ જણાવ્યું કે, એરલાઈન્સને લગભગ એક કલાક માટે રોકવી પડી હતી, પરંતુ બાદમાં તેને ફરી શરૂ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, ધમકીભર્યા કોલના સ્ત્રોતની તપાસ શરૂ કરવામાં આવી છે.

દરમિયાન એરલાઈનના પ્રવક્તાએ સમર્થન કર્યું કે વિસ્તારા ફ્લાઈટ UK 611 દિલ્હીથી શ્રીનગરમાં 'સુરક્ષાની ચિંતા' હતી જે ઓનબોર્ડ સ્ટાફના ધ્યાન પર લાવવામાં આવી હતી.

વિસ્તારાના પ્રવક્તાએ જણાવ્યું, પ્રોટોકોલને અનુસરીને અમે તરત જ સંબંધિત અધિકારીઓને જાણ કરી અને શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યા પછી વિમાનને આઈસોલેશન ખાડીમાં લઈ જવામાં આવ્યું, જ્યાં તમામ મુસાફરોને ઉતારવામાં આવ્યા હતા.

## અરજી કરવાની છેલ્લી તારીખ ૭ જૂન

# હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ભરતીની જાહેરાત

## ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ પર કરી શકશે અરજી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા એક નોટિફિકેશન જાહેર કરવામાં આવી છે. જે મુજબ સંસ્થામાં અનેક જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે અરજી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેના માટે ઉમેદવારો સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૭ જૂન નક્કી કરવામાં આવી છે. ઉમેદવારો અહીં આપેલા સ્ટેપને અનુસરીને અરજી કરી શકે છે. નોટિફિકેશન અનુસાર, આ ભરતી અભિયાન દ્વારા સંસ્થામાં કુલ ૧૬ જગ્યાઓ ભરવામાં આવશે. જેમાં સીએમએમ એન્જિનિયર, મિડલ સ્પેશિયાલિસ્ટ અને જૂનિયર સ્પેશિયાલિસ્ટની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ભરતી ડ્રાઈવ માટે અરજી કરનારા ઉમેદવારો પાસે એન્જિનિયરિંગ/ટેક્નોલોજીમાં સ્નાતકની ડિગ્રી હોવી આવશ્યક છે. અરજી કરનાર ઉમેદવાર પાસે ૨થી ૧૦ વર્ષનો અનુભવ હોવો આવશ્યક છે. ભરતી અભિયાન હેઠળ CMM એન્જિનિયરની પોસ્ટ માટે મહત્તમ વય ૪૫ વર્ષ, મિડલ સ્પેશિયાલિસ્ટ માટે ૪૦ અને જૂનિયર સ્પેશિયાલિસ્ટ માટે ૩૫ વર્ષ નક્કી કરવામાં આવી છે. આ પદો પર પસંદ કરાયેલા ઉમેદવારોને ૪૦ હજાર રૂપિયાથી લઈને ૬૦ હજાર રૂપિયા સુધીનો પગાર આપવામાં આવશે. આ જગ્યાઓ માટે અરજી કરવા માટે ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની રહેશે. અરજી કરવા માટે ઉમેદવારોએ ૫૦૦ રૂપિયાની ફી ચૂકવવી પડશે. અરજી કરનારા SC/ST/PWD ઉમેદવારોને ફી ચુકવવામાં મુક્તિ આપવામાં આવી છે. વધુ વિગતો માટે ઉમેદવારો સત્તાવાર સાઈટની મદદ લઈ શકે છે.

### કેવી રીતે અરજી કરશો

- **સ્ટેપ-૧ :** અરજી કરવા માટે ઉમેદવારો પ્રથમ સત્તાવાર વેબસાઈટ hal-india.co.in પર જાવ.
- **સ્ટેપ-૨ :** આ પછી ઉમેદવારો કરિયર અથવા 'ભરતી' વિભાગમાં જાય છે.
- **સ્ટેપ-૩ :** હવે ઉમેદવારો નોંધણી કરાવી શકે છે અને જરૂરી વિગતો દાખલ કરીને લૉગિન કરી શકે છે.
- **સ્ટેપ-૪ :** પછી ઉમેદવાર જરૂરી વિગતો દાખલ કરે છે.
- **સ્ટેપ-૫ :** હવે ઉમેદવારો જરૂરી દસ્તાવેજો અપલોડ કરે છે.
- **સ્ટેપ-૬ :** આ પછી ઉમેદવારો અરજી ફી ચૂકવે છે.
- **સ્ટેપ-૭ :** પછી ઉમેદવારો ફોર્મ સબમિટ કરે છે.
- **સ્ટેપ-૮ :** હવે ઉમેદવારો એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરો અને પ્રિન્ટ આઉટ લો.

**હદીસ બોધ**

મોટાભાગે લોકો જે બે બાબતોનું મૂલ્ય સમજતા નથી કે તેનો લાભ ઉઠાવતા નથી, તે બે બાબતો તંદુરસ્તી અને ફૂરસદ છે. - હદીસ બોધ

**બોધ વચન**

એટલા કડવા ન બનો કે કોઈ થૂંકી દે અને એટલા મીઠાં ન બનો કે કોઈ ગળી જાય. - ટોલસ્ટોય

**આજની આરસી**

૧ જૂન શનિવાર ૨૦૨૪
૨૩ ઝિલકદ હિજરી ૧૪૪૫
વૈશાખ વદ નોમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૩
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૧

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ટૂર્નામેન્ટની પ્રથમ મેચ અમેરિકા અને કેનેડાની વચ્ચે રમાશે

## અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આયોજિત થનારી ટૂર્નામેન્ટ ૧ જૂનથી શરૂ થશે

ડલાસ, તા.૩૧

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આયોજિત થનારી ટૂર્નામેન્ટ ૧ જૂન એટલે કે આવતીકાલથી શરૂ થશે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ અમેરિકા અને કેનેડા વચ્ચે રમાશે, જે ડલાસમાં રમાશે. અમેરિકાના સમયમાં તફાવતને કારણે ભારતમાં T20 વર્લ્ડ કપ ૨ જૂનથી શરૂ થશે. ટૂર્નામેન્ટમાં નોકઆઉટ સહિત કુલ ૫૫ મેચો રમાશે, જે ૨૯ દિવસમાં પૂર્ણ થશે. ટીમ ઈન્ડિયા ૦૫ જૂનથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. ગ્રુપ છમાં હાજર ટીમ ઈન્ડિયા તેની ચારેય લીગ મેચ અમેરિકામાં રમશે. ગ્રુપ સ્ટેજમાં ઘણી ટીમો વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. આવી સ્થિતિમાં ભારતીય ક્રિકેટ ચાહકોના મનમાં ટૂર્નામેન્ટના સમયને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. ચાહકોના મનમાં એક સવાલ આવી રહ્યો છે કે શું વિશ્વ કપની મેચ જોવા માટે તેમણે રાત ઉજાગરા કરવા પડશે? તો જવાબ હા હોઈ શકે. કારણ કે ટૂર્નામેન્ટની કેટલીક મેચો ભારતીય સમય અનુસાર રાત્રે ૧૨.૩૦ વાગ્યે શરૂ થશે જ્યારે ઘણી મેચો સવારે ૫ વાગ્યે શરૂ થશે. ભારતીય પ્રશંસકોના મનમાં ઉદ્ભવતા મોટાભાગના પ્રશ્નો ટીમ ઈન્ડિયાની મેચના સમયને લઈને છે. તો અમે તમને જણાવી દઈએ કે ભારતીય ટીમની તમામ લીગ મેચો અમેરિકામાં યોજાશે. પ્રથમ ત્રણ મેચ ન્યૂયોર્કમાં અને છેલ્લી લીગ મેચ ફ્લોરિડામાં રમાશે. ન્યૂયોર્કમાં રમાતી મેચો સ્થાનિક સમય અનુસાર સવારે ૯.૩૦ વાગ્યાથી શરૂ થશે. ભારતીય સમય અનુસાર આ ત્રણેય મેચ રાત્રે ૮ વાગ્યે શરૂ થશે. ફ્લોરિડામાં રમાનારી ટીમ ઈન્ડિયાની છેલ્લી લીગનો સ્થાનિક સમય સવારે ૧૦:૩૦નો રહેશે. જો કે ભારતીય સમય મુજબ આ મેચ પણ રાત્રે ૮ વાગ્યે શરૂ થશે. નોંધનીય છે કે ટુર્નામેન્ટની કેટલીક મેચો સવારે ૫ વાગ્યે, ૬ વાગ્યે, રાત્રે ૮, રાત્રે ૯ વાગ્યે, રાત્રે ૧૦:૩૦ વાગ્યે અને રાત્રે ૧૨:૩૦ કલાકે શરૂ થશે. T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં પહેલીવાર એવું જોવા મળશે કે ટૂર્નામેન્ટમાં ૨૦ ટીમો ભાગ લેશે. તમામ ટીમોને 'A' થી 'D' સુધી ચાર ગ્રૂપમાં વહેંચવામાં આવી છે.

# બે હત્યા અને એક રહસ્યમય મૃત્યુ : MPમાં દલિત પરિવારની દુર્દશા

## પાંચ વર્ષ પહેલાં એક સગીર દલિત છોકરીની છેડતી અને ન્યાય માટેની તેણીની લડાઈને કારણે ધાકધમકી અને હિંસાની શરૂઆત થઈ હતી, જેના લીધે એમપીના સાગર જિલ્લામાં તેના સહિત પરિવારમાં ત્રણ મૃત્યુ થયા હતા

(એજન્સી) ભોપાલ, તા.૩૦

શનિવારે મારને કારણે મૃત્યુ પામેલા તેના કાકાના મૃતદેહને લઈ જતા શબવાહિનીમાંથી પડી જવાના કારણે ફરિયાદીનું રવિવારે સાંજે મૃત્યુ થયું હતું.

તે અને કાકા ગયા વર્ષે તેના ભાઈની થયેલી હત્યાના સાક્ષી હતા. પોલીસે તાજેતરના બે મૃત્યુ તેની છેડતીની ફરિયાદ સાથે સંબંધિત હોવાનો ઈન્કાર કર્યો હતો.

તેના બીજા એક કાકાએ મંગળવારે TOIને કહ્યું, 'અમારી દીકરી ખૂબ જ સ્માર્ટ હતી. તે શબવાહનમાંથી પડીને કેવી રીતે મરી શકે ? અમે CBI તપાસની માંગ કરીએ છીએ. આ બધુ ૨૦૧૯નો છેડતીનો કેસ જે મારી ભત્રીજીએ નોંધાવ્યો હતો તેના કારણે થઈ રહ્યું છે. તેઓ ખૂબ જ પ્રભાવશાળી લોકો છે. મારી ભત્રીજીને ધમકાવવામાં આવી રહી હતી અને કેસ પાછો ખેંચવા માટે દબાણ કરવામાં આવતું હતું.'

દલિત પરિવારની દુર્દશાએ સમગ્ર રાજ્યમાં અને બહાર આક્રોશ ઠાલવ્યો છે. AICCના પૂર્વ વડા રાહુલ ગાંધીએ પરિવાર સાથે ફોન પર વાત કરી અને ટ્વિટ કર્યું : 'નરેન્દ્ર મોદીએ કાયદાનું શાસન ખતમ કર્યું છે. મધ્યપ્રદેશના આ દલિત પરિવાર સાથે ભાજપના નેતાઓએ શું કર્યું છે તે વિચારીને જ મારૂં હૃદય પીડા અને ગુસ્સાથી ભરાઈ જાય છે.'

AICCના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ કેસની સરખામણી હાથરસ કેસ સાથે કરી હતી. મુખ્ય પ્રધાન મોહન યાદવ જે ગૃહ પ્રધાન પણ છે તેઓ બુધવારે સાગરમાં પરિવારને મળવાના છે. યાદવે પીટીઆઈને કહ્યું, 'ઈશ્વરની ઈચ્છા તે ગામમાં બધુ ઠીક થઈ જશે. તે દુશ્મનાવટનું પરિણામ હતું. મને તેમની સાથે સહાનુભૂતિ છે. અમે વહીવટીતંત્રને સૂચના આપી છે કે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને લોકો સુમેળથી જીવે તે સુનિશ્ચિત કરે.'

પૂર્વ સીએમ કમલનાથે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા હતા. સોમવારે પૂર્વ સીએમ દિગ્વિજય સિંહે પરિવારની મુલાકાત લીધી હતી. તેમણે નવ મહિના પહેલા, આ ૨૦ વર્ષીય મહિલાને 'તેમની ભત્રીજી તરીકે દત્તક' લીધી હતી. યુવતી તેના હત્યા થયેલા કાકાના મૃતદેહને લઈ જતી શબવાહનમાંથી પડી જતાં રહસ્યમય રીતે મૃત્યુ પામી હતી. ૨૦૧૯માં તેણે તેના ગામના પ્રભાવશાળી પરિવાર સામે છેડતીની ફરિયાદ નોંધાવી હતી, જે બાદ તેને સતત ધાકધમકી મળતી અને હિંસા શરૂ થઈ હતી.

ગયા વર્ષે ઓગસ્ટમાં તેના ભાઈની હત્યા કરવામાં આવી હતી. તે તેની માતા અને હવે હત્યા કરાયેલા કાકા આ હત્યાના પ્રત્યક્ષદર્શી હતા. પટવારીએ મંગળવારે જણાવ્યું હતું કે, પરિવારને શંકા છે કે ૨૦ વર્ષીય મહિલાની પણ હત્યા કરવામાં આવી છે. પટવારીએ કહ્યું, 'મધ્યપ્રદેશમાં જંગલરાજ છે. ઓગસ્ટ ૨૦૨૩માં બરોડિયા નોનાગીરમાં પીડિતાના ભાઈની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી અને તેની માતાને કપડાવિહીન કરી દેવામાં આવી હતી. આજે, મેં આ ભયભીત પરિવારની પીડા સાંભળી છે પરંતુ મુખ્યમંત્રી મોહન યાદવની સરકાર ફક્ત મોતનો તમાશો જોઈ રહી છે. મૃત્યુના આ તાંડવને જોઈને કોંગ્રેસ પીડિત પરિવાર સાથે ઊભી છે અને અમે આ ગંભીર અન્યાય સામે લડીશું.'

પીસીસી ચીફે સીબીઆઈ તપાસની માંગ કરી હતી. પટવારીએ કહ્યું, 'અન્યથા અમે કોર્ટમાં જઈશું અને સીબીઆઈ તપાસની માંગ કરીશું.' તેમણે બંને પીડિત પરિવારોને એક-એક લાખ રૂપિયાનું દાન આપ્યું હતું.

**એકમાત્ર સાક્ષી માટે પોલીસ સુરક્ષા જોઈએ છે : પીડિતાના સગા :-**

તે સમયે આ મહીલાની ઉંમર ૧૫ વર્ષની હતી. તેણે ૨૦૧૯માં ફરિયાદ નોંધાવી હતી કે, ગામના કેટલાક પ્રભાવશાળી લોકોએ તેની છેડતી કરી હતી. ત્યારથી, તેને અને તેના પરિવારને ડરાવીને 'સમાધાન' કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેઓ મક્કમ રહ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૩માં ટોળાએ તેના ભાઈ પર હુમલો કર્યો અને જ્યાં સુધી તે મરી ગયો ત્યાં સુધી તેને લાકડીઓથી માર્યો. તેની માતાએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો, તો તેને પણ માર મારીને નિવસ્ત્ર કરી દેવામાં આવી હતી.

પોલીસે સરપંચના પતિ કોમલ સિંહ ઠાકુર અને તેમના પુત્રો વિક્રમ અને આઝાદ સહિત આઠ લોકોની ધરપકડ કરી હતી, જેઓ ભાજપ સાથે જોડાયેલા હોવાનો આરોપ છે. બંને પરિવારો વચ્ચે તણાવ ચાલુ રહ્યો હતો.

શનિવારે એક સ્થાનિક યુવક પપ્પુ રજકે વિવાદ ઉકેલવા માટે મળવા બોલાવ્યા હતા. જ્યારે તે મળવા માટે ગયો ત્યારે તેના પર પાંચ લોકોએ હુમલો કર્યો હતો.

પોલીસે હુમલો કરનારાઓની ઓળખ આશિક કુરેશી, બબલુ બેના, ઈઝરાયેલ બેના, ફહીમ ખાન અને તંતુ કુરેશી તરીકે કરી હતી.

રવિવારે મહિલા તેના કાકાના મૃતદેહને ઘરે લાવવા કેટલાક સંબંધીઓ સાથે ગઈ હતી. તે વાહનમાંથી પડી અને મૃત્યુ પામી હતી.

તેના એક કાકાએ TOIને કહ્યું, 'અમારા પરિવારના ત્રણ સભ્યો મૃત્યુ પામ્યા છે. અમે અમારી પુત્રીના મૃત્યુની સીબીઆઈ તપાસ ઈચ્છીએ છીએ. કારમાં પરિવારના ચાર સભ્યો પણ હતા. તે એકલી જ પડીને કેવી રીતે મરી શકે ? ગયા વર્ષે મારા ભત્રીજાની હત્યા બાદ પરિવારને પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી પરંતુ સુરક્ષા કર્મચારીઓ ચૂંટણીના થોડા દિવસો પહેલા ૫ મે એ જતા રહ્યાં હતા અને પછી ક્યારેય પાછા ફર્યા ન હતા. સીસીટીવી કેમેરા પણ કામ કરતા ન હતા.'

મૃતક કાકાના રવિવારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા અને શબપરીક્ષણ બાદ સોમવારે મહિલાના પણ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું, 'અમે સીએમને આ મામલાની યોગ્ય તપાસ કરાવવા અને દોષિતોને સજા કરવા વિનંતી કરીએ છીએ.'

ઓગસ્ટ ૨૦૨૩માં તેના ભાઈની હત્યાના ત્રણ સાક્ષીઓમાંથી કાકા અને ભત્રીજી બંને સાક્ષી હતા.


બાકી રહેલી એકમાત્ર સાક્ષી તેની માતા છે, જેની પર પણ હુમલો કરીને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો.

તેના એક સગાએ કહ્યું, 'અમે તેના માટે પોલીસ સુરક્ષા ઈચ્છીએ છીએ.' સાગરના IG પ્રમોદ વર્માએ TOIને જણાવ્યું કે, 'પ્રથમ દૃષ્ટિએ તપાસ સૂચવે છે કે તાજેતરની હત્યા જૂના કેસ સાથે સંબંધિત નથી. તપાસ ચાલુ છે. પાંચ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને તેમાંથી એકની ધરપકડ કરવામાં આવી છે. મહિલાના શબવાહિનીમાંથી પડી જવા અંગે અકુદરતી મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે. તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.'

# પાંચ વર્ષના દલિત છોકરાને ઘડાને સ્પર્શ કરવા બદલ માર મારવામાં આવ્યો

(એજન્સી) તા.૩૧

મંગળવારે બનાસકાંઠાના ડીસા તાલુકામાં અનુસૂચિત જાતિ (SC) સમુદાયના તરસ્યા પાંચ વર્ષના છોકરાને અન્ય લોકો માટે આરક્ષિત ઘડાને સ્પર્શ કરવા બદલ ત્રણ શખ્સોએ લાકડીઓ વડે માર માર્યો હતો.



ભીલડી પોલીસમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ, ડીસા તાલુકાના રામપુરા ગામમાં રહેતો કુરસી વાલ્મિકી ડીસામાં તેના ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે તેને તરસ લાગી હતી. તે નજીકમાં રાખેલા ઘડામાંથી પાણી પીવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તેને લાકડી વડે માર મારવામાં આવ્યો હતો. છોકરો તેના માતા-પિતા અને ભાઈ-બહેન સાથે રહે છે અને હજુ સુધી કોઈ શાળામાં પ્રવેશ મેળવ્યો નથી.

મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કુર્સીના પિતા ફુલા વાલ્મીકી, એક ઓટોરિક્ષા ડ્રાઈવર, તેમની એફઆઈઆરમાં જણાવ્યું કે છોકરાએ તેમના ગામ પાસે એક પાર્ટીનું આયોજન કર્યું હતું અને તે પછી તે રમી રહ્યો હતો. તેને તરસ લાગી હોવાથી તેણે બળવંત ઠાકોર નામના વ્યક્તિની દુકાને રાખેલા ઘડામાંથી પાણી પીવાનું નક્કી કર્યું. જ્યારે બળવંતે કુર્સીને પાણી પીવાનો પ્રયાસ કરતા જોયો, ત્યારે તેણે તેના પર ઝપાઝપી કરી અને તેને લાકડીથી મારવાનું શરૂ કર્યું અને 'પાણી પ્રદૂષિત કરવા' માટે તેને ઠપકો આપવા માટે જાતિ આધારિત અપશબ્દોનો ઉપયોગ કર્યો. દર્દથી રડતો બાળક દોડીને તેના માતા-પિતા પાસે ગયો અને તેમને આખી વાત કહી. જેથી ફુલા, તેની પત્ની રતન, તેના કાકા જયંતિ, તેનો ભાઈ ભરત અને પિતરાઈભાઈ અશોક બળવંતના ઘરે જઈને તેની સાથે ઝઘડો કર્યો હતો. ફુલાએ જણાવ્યું કે બળવંત અને તેના બે પુત્રો ભરત અને દેવચંદે તેમની સાથે દુર્વ્યવહાર કર્યો અને વાલ્મિકી સમુદાય વિરૂદ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો.

જ્યારે તેઓએ દુષ્કર્મનો વિરોધ કર્યો, ત્યારે બળવંત અને તેના બે પુત્રોએ ફુલા અને તેના પરિવારના સભ્યો પર હુમલો કર્યો. ફુલાએ ટામ જણાવ્યું કે કુર્સીને મંગળવારે ડીસા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. તેણે જણાવ્યું કે, છોકરો તેની ઈજાઓને કારણે તેની પીઠ પર સૂઈ શકતો નથી.

ભીલડી પોલીસે ભારતીય દંડ સંહિતા હેઠળ ઈજા પહોંચાડવા, અપમાનજનક ભાષા, ગુનાહિત ધાકધમકી અને ઉશ્કેરણી તેમજ SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

# બેગુસરાયમાં ઈનામી ગુનેગાર ભુલ્લાની ધરપકડ : દલિત મહિલા પર બળાત્કાર અને હત્યાના કેસમાં ફરાર હતો, STF અને ચૌદહી પોલીસે પકડ્યો

(એજન્સી) તા.૩૧

૨૦૨૨માં ચૌદહી પોલીસ સ્ટેશન વિસ્તારની સાહુરી પંચાયતમાં સ્થિત પુરપાથર ગામની એક દલિત મહિલાની ખેતરમાં બળાત્કાર કર્યા પછી તેનું ગળું કાપીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. બેગુસરાય અને સમસ્તીપુર જિલ્લાના સરહદી વિસ્તારનો મામલો ખૂબ જ ઉચ્ચ સ્તરનો બની ગયો હતો, ચિરાગ પાસવાને પણ સંસદમાં આ ઘટના અંગે અવાજ ઉઠાવ્યો હતો. ઘટના બાદ સરહદી હસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના નયાનગર ગામના કેટલાક લોકો વિરૂદ્ધ ચૌદહી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ કેસનો આરોપી કમલેશ કુમાર ઉર્ફે ભુલ્લા લગભગ બે વર્ષથી ફરાર હતો. બેગુસરાય એસપીની ભલામણ પર બિહાર પોલીસ હેડક્વાર્ટર દ્વારા ભુલ્લા પર ૨૫,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારથી ચૌદહી પોલીસ સ્ટેશનની પોલીસ તેને શોધી રહી હતી. પરંતુ સફળતા ન મળતા એસપી મનીષે તેની પાછળ STFની એસઓજી પણ લગાવી દીધી હતી. દરમિયાન સાંજે બાતમી મળી હતી કે કમલેશકુમાર ઉર્ફે ભુલ્લા સિહમા ચોક પાસે છે. માહિતી મળતાની સાથે જ STF અને ચૌદહી પોલીસ સ્ટેશનની પોલીસે તેને ઘેરી લીધો હતો.



પોલીસને ઈશારો મળતાં જ ભુલ્લાએ છટકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ટીમે તેની ધરપકડ કરી હતી. એસએચઓ પવન કુમાર સિંહે જણાવ્યું કે, ૧લી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ શેરડીના ખેતરમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. કમલેશ કુમાર ઉર્ફે ભુલ્લા આ કેસમાં આરોપી હતો. ગુપ્ત બાતમીના આધારે સિહમા ચોકડી નજીકથી ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ન્યૂયોર્કમાં સુવિધાઓના અભાવે ભારતીય ખેલાડીઓને ભારે હાલાકી ભોગવવી પડી

## રોહિત શર્મા, કોચ રાહુલ દ્રવિડ સહિતના ઘણા ખેલાડીઓ આઈસીસી દ્વારા આપવામાં આવતી સુવિધાઓથી અસંતુષ્ટ

ન્યૂયોર્ક, તા.૩૧

ભારતીય ટીમના તમામ ખેલાડીઓ ૧ જૂનથી શરૂ થનારી T20 વર્લ્ડ કપ ૨૦૨૪ ટૂર્નામેન્ટ માટે અમેરિકા પહોંચી ગયા છે. ત્યાં પહોંચ્યા બાદ ટીમ ઈન્ડિયાએ નેટ પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. પરંતુ ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ અને કેપ્ટન રોહિત શર્મા ન્યૂયોર્કમાં સુવિધાઓના અભાવથી પરેશાન છે. ઘણા ખેલાડીઓ પણ ICC દ્વારા આપવામાં આવતી સુવિધાઓથી સંતુષ્ટ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમ ઈન્ડિયાને નાસાઉ કાઉન્ટીના ગાર્ડન સિટી વિલેજમાં રાખવામાં આવી છે અને તેને કેન્ટિએગ પાર્કમાં પ્રેક્ટિસની સુવિધા આપવામાં આવી છે. ખેલાડીઓનું કહેવું છે કે આ સુવિધાઓ સામાન્ય છે અને કાયમી ધોરણે તૈયાર કરવામાં આવી નથી. આ સિવાય ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પણ કોઈ પ્રેક્ટિસની સુવિધા નથી, જ્યાં ટીમને તેની પ્રથમ મેચ આયરલેન્ડ સામે રમવાની છે. ટીમ ઈન્ડિયા માટે આ ચિંતાનો વિષય છે કારણ કે તેણે ૧ જૂને બાંગ્લાદેશ સામેની પ્રેક્ટિસ મેચ સુધી કેન્ટિએગ પાર્કમાં પ્રેક્ટિસ કરવી પડશે. નોંધનીય છે કે ક્વોલિફાઈ કર્યા બાદ ટીમ ફ્લોરિડા જશે અને પછી વેસ્ટ ઈન્ડિઝમાં સુપર ૮ મેચ રમશે. આઈસીસીએ હજુ સુધી આ મામલે કોઈ નિવેદન આપ્યું નથી. ભારતીય ટીમ T20 વર્લ્ડ કપમાં પોતાની પ્રથમ મેચ ૫ જૂને આયરલેન્ડ સામે રમશે. આ પછી ભારત ૯ જૂને પાકિસ્તાન સામે રમશે. ભારત ૧૨ જૂને અમેરિકા સામે અને છેલ્લી મેચ ૧૫ જૂને કેનેડા સામે રમશે.

**રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, રિષભ પંત (વિકેટ-કીપર), સંજુ સેમસન (વિકેટ-કીપર), શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ , કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ.**

## T20 વર્લ્ડકપમાં અંબાતી રાયડુની ભવિષ્યવાણી

# ભારત માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રોહિત શર્મા હશે : રાયડુ

## આશ્ચર્યની વાત એ હતી કે, તેણે કોહલીનું નામ લીધું નથી

નવી દિલ્હી, તા.૩૧

ICC T20 વર્લ્ડકપ ૨૦૨૪નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ટીમ ઈન્ડિયા પોતાની પ્રથમ મેચ આયર્લેન્ડ સામે રમશે. આ પહેલા ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે ગરમ મેચ રમવાની છે. આ દરમિયાન પૂર્વ ભારતીય ક્રિકેટર અંબાતી રાયડુએ ભવિષ્યવાણી કરી છે કે T20 વર્લ્ડકપમાં કયો ભારતીય ખેલાડી સૌથી વધુ રન બનાવશે. આશ્ચર્યની વાત એ હતી કે તેણે વિરાટ કોહલીનું નામ લીધું ન હતું. મહત્વનું છે કે ટી૨૦ વર્લ્ડકપનો પ્રારંભ રવિવારથી થઈ રહ્યો છે, આ પહેલા ઘણાં અનુમાનો પૂર્વ ક્રિકેટરો દ્વારા લગાવવામાં આવી રહ્યા છે જેમાં અંબાયતી રાયડુએ પણ મહત્વની ભવિષ્યવાણી કરી દીધી છે. સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાત કરતા અંબાતી રાયડુએ કહ્યું, "મને લાગે છે કે T20 વર્લ્ડકપમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રોહિત શર્મા હશે." તમને જણાવી દઈએ કે આ IPLમાં રોહિત શર્માનું ફોર્મ બહુ સારું નહોતું. આમ છતાં અંબાતી રાયડુનો રોહિત પરનો વિશ્વાસ થોડો આશ્ચર્યજનક છે. રોહિત શર્માએ આ IPLમાં કુલ ૪૧૭ રન બનાવ્યા હતા. રોહિતે પણ સદીની ઈનિંગ રમી હતી. તેની સરેરાશ ૩૨ની આસપાસ હતી.

વિરાટ કોહલીની વાત કરીએ તો આ સ્ટાર બેટ્સમેન માટે IPL ૨૦૨૪ શાનદાર રહ્યું. આ સિઝનમાં તે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન હતો. કોહલીએ સતત ૬ મેચ જીતીને RCBને પ્લેઓફમાં લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કોહલીએ ૧૫ મેચમાં સૌથી વધુ ૭૪૧ રન બનાવ્યા છે. આ દરમિયાન તેના બેટમાંથી એક સદી અને ૫ અડધી સદી આવી હતી. આ પહેલા તેણે ૨૦૧૬માં ઓરેન્જ કેપ કબજે કરી હતી.

જો કે વર્લ્ડકપમાં ભારત માટે સૌથી વધુ રન કોણ બનાવશે. વર્ષ ૨૦૨૨ના T20 વર્લ્ડકપની વાત કરીએ તો, વિરાટ કોહલી ભારત માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. તેણે ૬ મેચમાં કુલ ૨૯૬ રન બનાવ્યા હતા. તેનો સર્વોચ્ચ સ્કોર ૯૬ હતો અને સરેરાશ ૯૮.૬૬ની આસપાસ હતી. તેણે ટૂર્નામેન્ટમાં કુલ ૪ ફિફ્ટી ફટકારી હતી. ૨ જૂન ૨૦૨૪થી લઈને ૨૯ જૂન સુધી રમાશે. જેમાં ૧૮ જૂન સુધી લીગમેચ રમાશે અને તે પછી ૧૯ જૂનથી સુપર-૮ રાઉન્ડની શરુઆત થશે. ૨૭મી જૂને સેમિફાઈનલ રાઉન્ડ અને ૨૯મી જૂને ફાઈનલ મેચ રમાશે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ,ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૬.૦૨.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. ગીરીશભાઈ ભવાનભાઈ પરમાર, ૨. સુમિત્રાબેન ગીરીશભાઈ પરમાર**ના **રૂા.૫,૧૯,૭૭૮.૫૬/- (ફક્ત રૂપિયા પાંચ લાખ ઓગણીસ હજાર સાતસો ઈઠોત્તેર અને છપ્પન પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૦૯.૦૨.૨૦૨૪** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૨૮મી મે ૨૦૨૪**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૫,૧૯,૭૭૮.૫૬/- (ફક્ત રૂપિયા પાંચ લાખ ઓગણીસ હજાર સાતસો ઈઠોત્તેર અને છપ્પન પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

**તે તમામ ભાગ અને હિસ્સાઓ સ્થાવર ગામતળ મિલકત જે મિલકત નં.૪૯૮ બાંધકામ સાથે ઊભેલ વિસ્તાર નામે 'રબારી વાસ' તરીકે સ્થિત જમીન મોજે/ ગામ : હિલોલી વાસણા, સબ જિ. દહેગામ અને જિ. ગાંધીનગર અને રજિ. જિ. દહેગામ, ગુજરાત-૩૮૨૩૦૮, ક્ષેત્રફળ જમીન વિસ્તાર ૨૩૭૬ ચો.ફૂટ એટલે કે ૨૨૦.૮૧ ચો.મી. અને બિલ્ટ અપ એરિયા ૮૫૭ ચો.ફૂટ એટલે કે ૮૧.૩૧ ચો.મી. અને કાર્પેટ વિસ્તાર ૭૦૦ ચો.ફૂટ એટલે કે ૬૫.૦૫ ચો.મી. અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : ગોવિંદભાઈ ધુલાભાઈનું ઘર, ઉત્તર : સોમાભાઈ વિકાભાઈનું ઘર, દક્ષિણ : રોડ**

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૨૮મી મે ૨૦૨૪
સ્થળ : ગાંધીનગર
લોન એકાઉન્ટ નં : 82786692



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ | મિલકતનું સરનામું |
|---|---|---|---|---|---|---|
| 1 | 67942126 | મિલકત સામે લોન | ૧. રબારી ધર્મિષ્ઠાબેન<br>૨. રબારી શાંતીલાલ | ૩૦.૦૪.૨૦૨૪ | ભા.રૂા. ૫,૦૪,૩૮૨.૧૮/- | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત ઘર નં.૭૭, વિસ્તાર ૫૫+૩૩ મોજે રસેલા, રજિ. સબ જિ. નાંદોદ અને રજિ. જિ. નર્મદા, ગુજરાત-૩૯૩૧૪૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : વાડો, ઉત્તર : ભાઈજીભાઈનું ઘર, દક્ષિણ : તખતસિંહનું ઘર |

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા. : ૦૧.૦૬.૨૦૨૪
સ્થળ : ગુજરાત



**ભંડેરી ઇન્ફ્રાકોન લિમિટેડ**

(CIN No. L45201GJ2004PLC044481)

રજિ.ઓફિસ : બી/૧૨, જબુકા કોમ્પ્લેક્સ, બજરંગ આશ્રમ પાસે, વિકાસ શાળાની નીચે, Nh-૮, ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦

**૩૧મી માર્ચ, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા અડધા વર્ષ/વર્ષના અંતના અનઓડિટેડ સંકલિત નાણાકીય પરિણામોની તારવણી**

ભાગ-૧ (રૂા. લાખમાં)

| ક્ર નં. | વિગતો | અર્ધ વાર્ષિક અંત | | | વાર્ષિક અંત | |
|---|---|---|---|---|---|---|
| | | ઓડિટેડ | અનઓડિટેડ | ઓડિટેડ | ઓડિટેડ | ઓડિટેડ |
| | | 31-માર્ચ -24 | 30-સપ્ટે -23 | 31-માર્ચ -23 | 31-માર્ચ -24 | 31-માર્ચ -23 |
| 1 | ઓપરેશનથી કુલ આવક | 313.08 | 140.28 | 672.74 | 453.36 | 763.00 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (કર પહેલાં, અપવાદરૂપ વસ્તુઓ અને/અથવા અસાધારણ વસ્તુઓ) | 25.07 | 76.57 | 117.23 | 101.63 | 85.39 |
| 3 | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર પહેલાં પરંતુ અસાધારણ વસ્તુઓ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 25.07 | 76.57 | 117.23 | 101.63 | 85.39 |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) | 5.96 | 76.45 | 104.36 | 82.40 | 69.82 |
| 5 | લઘુમતી હિત | 1.02 | 20.11 | 12.16 | 21.13 | 13.17 |
| 6 | પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલ (ફેસ વેલ્યુ રૂા. 10/-) | 259.66 | 259.66 | 259.66 | 259.66 | 259.66 |
| 7 | શેર દીઠ કમાણી (દરેક રૂા. 10/-) (વાર્ષિક નથી)<br>અ) મૂળભૂત<br>બ) પાતળું | <br>0.19<br>0.19 | <br>2.17<br>2.17 | <br>3.55<br>3.55 | <br>2.36<br>2.36 | <br>2.18<br>2.18 |

નોંધો :

૧ ઉપરોક્ત ઓડિટ કરાયેલ પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અનુસાર કંપનીના ઓડિટર્સ દ્વારા ૨૩મી જૂન, ૨૦૨૩ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.

૨ કંપનીના વૈધાનિક ઓડિટરોએ અસંશોધિત અહેવાલ જારી કર્યો છે.

૩ ભંડેરી ઈન્ફ્રાકોન લિમિટેડના સ્ટેન્ડઅલોન ઓડિટેડ નાણાકીય પરિણામોથી સંબંધિત મુખ્ય ડેટા નીચે મુજબ છે : (રૂા. લાખમાં)

| ક્ર નં. | વિગતો | અર્ધ વાર્ષિક અંત | | | વાર્ષિક અંત | |
|---|---|---|---|---|---|---|
| | | ઓડિટેડ | અનઓડિટેડ | ઓડિટેડ | ઓડિટેડ | ઓડિટેડ |
| | | 31-માર્ચ -24 | 30-સપ્ટે -23 | 31-માર્ચ -23 | 31-માર્ચ-24 | 31-માર્ચ -23 |
| 1 | ઓપરેશનથી કુલ આવક | 103.99 | 18.02 | 207.36 | 122.02 | 279.30 |
| 2 | વેરા પહેલાં સામાન્ય પ્રવૃત્તિઓમાંથી નફો/(નુકસાન) | 60.39 | (3.87) | 103.76 | 56.51 | 67.86 |
| 3 | કર ખર્ચ /(ક્રેડિટ) | 15.60 | 0.12 | 7.87 | 15.72 | 10.57 |
| 4 | કર પછી ચોખ્ખો નફો(નુકસાન) | 44.78 | (3.99) | 95.89 | 40.79 | 57.29 |

૪ ઉપરોક્ત SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવેલા અર્ધવાર્ષિક પરિણામોના વિગતવાર ફોર્મેટનો અર્ક છે. અર્ધવાર્ષિક નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ આના પર ઉપલબ્ધ છે. સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ એટલે કે www.bseindia.com.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી
સહી/-
સુનિલ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર

અમદાવાદ, ૩૦.૦૫.૨૦૨૪

# ભારતીય શહેરોમાં તાપમાન શા માટે વધી રહ્યું છે

(એજન્સી) તા.૩૧

ભારતના મેટ્રોપોલિટન શહેરો સામાન્ય રીતે મે, જૂન અને જુલાઈમાં વધુ તાપમાન હોય છે. હજુ તો જૂન શરૂ થયો નથી ત્યારે ઉત્તર અને મધ્ય ભારતનો મોટો હિસ્સો પહેલેથી જ તીવ્ર હીટવેવથી ઝઝૂમી રહ્યો છે. બુધવારે દિલ્હી અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું. અમુક સ્થાનોએ સાંજના વરસાદ પછી, રાષ્ટ્રીય રાજધાનીમાં હવામાનમાં સુધારો થયો, અને તાપમાન ઘટીને ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું. અન્ય શહેરોમાં, મુંબઈમાં ૩૩ ડિગ્રી સેલ્સિયસ, બેંગ્લોરમાં ૩૦.૪ ડિગ્રી સેલ્સિયસ અને ચેન્નાઈમાં ૩૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ભારતના મેટ્રોપોલિટન શહેરો સામાન્ય રીતે મે, જૂન અને જુલાઈમાં વધુ તાપમાન હોય છે. આ શહેરોની ગરમી, અનેક અસરને આભારી છે, જે શહેરોને તેમની આસપાસના વિસ્તારો કરતાં નોંધપાત્ર રીતે વધુ ગરમ રાખે છે.

**અર્બન હીટ આઈલેન્ડ અસર શું છે ?**

સરળ શબ્દોમાં કહીએ તો, અર્બન હીટ આઈલેન્ડની અસર ત્યારે થાય છે જ્યારે શહેરી વિસ્તારો તેમના ગ્રામીણ આસપાસના વિસ્તારો કરતાં વધુ તાપમાન રેકોર્ડ થાય છે. આ મોટે ભાગે માનવીય પ્રવૃત્તિઓ, ઈમારતો અને શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે થાય છે જે કુદરતી લેન્ડસ્કેપ્સ કરતાં વધુ અસરકારક રીતે ગરમીને શોષી લે છે અને જાળવી રાખે છે. નોંધનીય છે કે આ વધતું જતું તાપમાન માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી પણ સમગ્ર વિશ્વમાં સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. વૈજ્ઞાનિકોના મતે ભારતમાં આ વધુ પડતી ગરમીનું એક કારણ અલ નિનો ઈફેક્ટ છે, જે વૈશ્વિક હવામાન પેટર્નમાં બદલાવ માટે જવાબદાર ગણવામાં આવે છે.

**અલ નીનો અસર શું છે ?**



અલ નીનો પેસિફિક મહાસાગરના ભાગોમાં અસામાન્ય રીતે ગરમ સમુદ્રના તાપમાન દ્વારા વર્ગીકૃત થયેલ છે. તે દરિયાની સપાટીના તાપમાનમાં પણ વધારો કરે છે. અલ નિનો ચક્ર ૨૦૨૩માં શરૂ થયું હતું અને તેની અસર આ વર્ષે જૂન સુધી રહેવાની અપેક્ષા છે. આ વર્ષે ભારે ઉનાળા માટે તે જવાબદાર છે. જો કે, ટૂંક સમયમાં અલ નીનો નબળો પડવા લાગશે અને લા નીના અસર આવશે. લા નીના એ પેસિફિક મહાસાગરમાં પાણીની ઠંડક છે. તે અનિયમિત અંતરાલો પર થાય છે, લા નિનો હવામાન પેટર્નમાં વ્યાપક ફેરફારો સાથે સંકળાયેલ છે. લા નીના અસર બાદ ભારતમાં આ વર્ષે સારું ચોમાસું જોવા મળે તેવી શક્યતા છે.

**હીટવેવ શા માટે થાય છે ?**

આપણા વાતાવરણ અને મહાસાગરોમાં થતા ઘણા ફેરફારો દેશના ઉત્તર મધ્ય અને પૂર્વીય ભાગોમાં હીટવેવ આવે છે. તે ખૂબ જ ખતરનાક છે કારણ કે તે આપણા શરીરમાં ગરમીને ઉત્તેજિત કરે છે.

**શુષ્ક ગરમી :** જ્યારે તાપમાન વધે છે પરંતુ જો ભેજ ઓછો રહે છે ત્યારે શુષ્ક ગરમી થાય છે. આ તીવ્ર ગરમીમાં, શરીર માટે પરસેવા દ્વારા તેનું તાપમાન ઠંડું કરવું મુશ્કેલ બની જાય છે. આ ડિહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ તરફ દોરી શકે છે. મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતમાં ઉનાળામાં ભેજની શક્યતા ઓછી હોય છે, તેથી, આ પ્રદેશમાં શુષ્ક ગરમીના કેસોની મોટી સંખ્યામાં થાય છે.

**ભેજવાળી ગરમી :** આ ભેજવાળી ગરમીનો અનુભવ ત્યારે થાય છે જ્યારે ભેજ વધતા તાપમાન સાથે ભળી જાય છે. આ સ્થિતિમાં, શરીર પરસેવો અને ગરમીને કારણે પોતાને ઠંડું કરવામાં નિષ્ફળ જાય છે. ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને મહારાષ્ટ્ર જેવા પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને આવી સ્થિતિનો સામનો કરવો પડે છે. જ્યારે ચોમાસાની ઋતુમાં તાપમાન ઊંચું હોય ત્યારે આ પ્રદેશોમાં ભેજવાળી ગરમીના કેસો વધુ હોય છે.

IMD દ્વારા તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા ૪૦ વર્ષોમાં, ભારતમાં (૧૯૮૦થી ૨૦૨૦ વચ્ચે), વધતા તાપમાન સાથે ભેજને કારણે ગરમીના કેસોમાં ૩૦% વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, મધ્ય ભારત, ઉત્તર પશ્ચિમ ભારત અને પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં સરેરાશ હીટ ઈન્ડેક્સ તેમના સામાન્ય ઉનાળાના તાપમાન કરતાં ૪થી ૫ ડિગ્રી સેલ્સિયસ વધુ જોવા મળ્યો હતો.


# રાજનાથસિંહ : આગામી પાંચ વર્ષમાં 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' સિસ્ટમ અમલમાં મૂકાશે

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં સિંહે કહ્યું કે, તેમના પરદાદા જવાહરલાલ નહેરૂ, દાદી ઈન્દિરા ગાંધી અને પિતા રાજીવ ગાંધી વડાપ્રધાન હતા

(એજન્સી) કુશીનગર, તા.૩૧

કેન્દ્રીય પ્રધાન રાજનાથસિંહે ગુરૂવારે કહ્યું હતું કે, વારંવાર ચૂંટણીઓ દેશ માટે સારી નથી અને આગામી પાંચ વર્ષમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' સિસ્ટમ સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવશે.

સિંહે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (BJP) માને છે કે, લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સમગ્ર દેશમાં એકસાથે થવી જોઈએ.



ઉત્તરપ્રદેશના કુશીનગરથી ભાજપના લોકસભા ચૂંટણીના ઉમેદવાર વિજયકુમાર દુબેના સમર્થનમાં એક રેલીને સંબોધતા સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે, 'પાંચ વર્ષમાં અમે એક રાષ્ટ્ર, એક ચૂંટણી માટેની જોગવાઈ કરવાના અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.'

સિંહે મોદીના નેતૃત્વમાં દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા બદલ તેમના વખાણ કર્યા હતા.

તેમણે કહ્યું, 'આજે જ્યારે ભારત બોલે છે, ત્યારે આખું વિશ્વ તેને સાંભળે છે. પાકિસ્તાનના રાજકારણીઓ પણ ભારતના વખાણ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (SP)માં રહેલા લોકો આ સમજી શકતા નથી. તેઓ (સપા અને કોંગ્રેસ) મોદીનો વિરોધ કરી રહ્યા છે.'

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા સિંહે કહ્યું કે, તેમના પરદાદા જવાહરલાલ નહેરૂ, દાદી ઈન્દિરા ગાંધી અને પિતા રાજીવ ગાંધી વડાપ્રધાન હતા.

'રાહુલ ગાંધી કહે છે કે, તે સિસ્ટમને ખૂબ નજીકથી જાણે છે. તેઓ કહે છે કે, ત્યાં જે સિસ્ટમ હતી તે પછાત વિરોધી, ગરીબ વિરોધી હતી. તેઓ તેમના પરદાદા, દાદી અને પિતાની સરકારો વિશે વાત કરી રહ્યા છે અને કહે છે કે, તેમના સમયમાં પછાત અને ગરીબ વિરોધી સિસ્ટમ હતી. રાહુલ ગાંધી પોતે આ બધી વાતો કહી રહ્યા છે, જેનો અર્થ છે કે, તેઓ સ્વીકારી રહ્યા છે કે, તેમની સરકાર દલિતો, ગરીબો અને પછાત વર્ગોની વિરુદ્ધ હતી. મને કહો, આવા નેતા તમે ક્યાંય જોયા છે ? તે એક વિચિત્ર નેતા છે.'

કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા અને તેમની મંચ પર સંરક્ષણ પ્રધાનની બાજુમાં બેઠેલા પૂર્વ કેન્દ્રીય પ્રધાન આર.પી.એન. સિંહનો ઉલ્લેખ કરતા રાજનાથ સિંહે કહ્યું, 'કોઈપણ સમજદાર માણસ કોંગ્રેસને લાત મારી દેશે.'

રાજનાથસિંહે દાવો કર્યો હતો કે, ભાજપ 'હિંદુ-મુસ્લિમ રાજકારણ'માં સામેલ નથી.

તેમણે કહ્યું, 'અમે દરેકને ભારતના નાગરિક ગણીએ છીએ. તે હિંદુ હોય, મુસ્લિમ હોય, ખ્રિસ્તી હોય. અમે કે અમારા વડાપ્રધાન ક્યારેય ભેદભાવ કરતા નથી. અમારી પાર્ટીની વિચારધારા પણ આવી નથી.'

ભાજપના નેતાએ ધ્યાન દોર્યું કે, ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે અને તેનો શ્રેય મોદીને છે.

તેમણે કહ્યું, '૨૦૨૭ સુધીમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. મને કોઈ શંકા નથી કે ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બની જશે, પરંતુ જો અમારી સરકાર આવી જ રીતે ચાલુ રહેશે તો ભારત ૨૦૭૦ સુધીમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.' કુશીનગરમાં ૧ જૂને લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન થવાનું છે. મતગણતરી ૪ જૂને હાથ ધરવામાં આવશે.

# CM અને મારી સામે અઘોરીઓ દ્વારા કાળો જાદુ કરવામાં આવી રહ્યો છે : શિવકુમાર

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩૧

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કહ્યું કે, રાજકીય વિરોધીઓ તેમની અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વિરુદ્ધ કેરળના એક મંદિરમાં 'અઘોરીઓ' અને 'તાંત્રિકો' દ્વારા કાળો જાદુ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, આ તેમની સરકાર વિરુદ્ધનો પ્રયાસ છે.

પત્રકારો સાથે વાત કરતા શિવકુમારે કહ્યું કે, તેમની પાસે વિશ્વસનીય માહિતી છે કે, કેરળના રાજરાજેશ્વરી મંદિરની નજીક એક અલગ જગ્યાએ 'અઘોરીઓ' દ્વારા યજ્ઞ (વિશેષ પૂજા) કરવામાં આવી રહી છે. 'આ ધાર્મિક વિધિ ચાલી રહી છે અને મારી વિરુદ્ધ, મુખ્યમંત્રી અને કોંગ્રેસ સરકારને અસ્થિર કરવા માટે કરવામાં આવી રહી છે.'

શિવકુમારે જણાવ્યું હતું કે, યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય દુશ્મનોને ખતમ કરવાનો છે અને આ વિધિને 'રાજા કંટક' અને 'મરણા મોહના સ્તંભન' યજ્ઞો કહેવામાં આવે છે. વિધિમાં ભાગ લેનારાઓએ આ ઘટના વિશે માહિતી આપી હતી.



તેમણે કહ્યું કે, અઘોરીઓ દ્વારા કાળા જાદુ માટે ૨૧ લાલ બકરા, ત્રણ ભેંસ, ૨૧ કાળા ઘેટાં અને પાંચ ભૂંડનું બલિદાન આપવામાં આવે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું ભાજપ અથવા જેડી-એસના નેતાઓ આ ધાર્મિક વિધિ કરી રહ્યા છે તો શિવકુમારે કહ્યું કે, કર્ણાટકના રાજકારણીઓ જવાબદાર છે. 'હું જાણું છું કે, આ ધાર્મિક વિધિ કોણ કરી રહ્યું છે. તેમને તેમના પ્રયત્નો ચાલુ રાખવા દો; મને તેની પરવા નથી. તે તેમની માન્યતા સિસ્ટમ પર છોડી દેવામાં આવે છે. નુકસાન પહોંચાડવાના તેમના પ્રયાસો અને પ્રયોગો છતાં હું જે શક્તિમાં વિશ્વાસ કરૂં છું તે મારૂં રક્ષણ કરશે.' શું તેઓ આ ધાર્મિક વિધિની વિરુદ્ધ પૂજા કરશે તે અંગેના પ્રશ્નના જવાબમાં શિવકુમારે કહ્યું, 'હું દરરોજ કામ પર જતા પહેલા એક મિનિટ માટે ભગવાનને પ્રાર્થના કરૂં છું.' જ્યારે આવી ધાર્મિક વિધિ હાથ ધરનાર વ્યક્તિઓના નામ આપવા માટે દબાણ કરવામાં આવ્યું, ત્યારે શિવકુમારે નામો જાહેર કરવા દબાણ કરવાને બદલે મીડિયા તપાસ કરવાનું સૂચન કર્યું.

શિવકુમારે ઉમેર્યું, હું શા માટે તેની ચિંતા કરીશ ? તે તેમનો પ્રયાસ છે. તે તેમની માન્યતા છે. ભલે તેઓ ગમે તેટલા પ્રયાસ કરે, અમે જે શક્તિઓ માનીએ છીએ તે અમારૂં રક્ષણ કરશે.

શિવકુમારે જાહેરાત કરી કે ૨ જૂને બેંગ્લુરૂમાં ધારાસભ્યોની બેઠક યોજાશે. તમામ MLC, MLA અને MPને આમંત્રિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આ બેઠકમાં પાર્ટીના મામલાઓ અને MLCની ચૂંટણી પર ચર્ચા કરવામાં આવશે.

MLC ચૂંટણી અંગે શિવકુમારે જણાવ્યું, '૩૦૦ ઉમેદવારોમાંથી ૬૫ને વિવિધ માપદંડોના આધારે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. હાઈકમાન્ડે અમારો અભિપ્રાય માંગ્યો હતો અને અમે તે આપ્યો છે.' તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પુત્ર ડૉ.યતિન્દ્રને એમએલસી પદ આપવા માટે પ્રતિબદ્ધતા હતી કારણ કે, તેમણે તેમના પિતા માટે તેમની ધારાસભ્યની બેઠક ખાલી કરી હતી. ચૂંટણીમાં પરાજય પામેલાઓ સહિતના અગ્રણીઓએ ટિકિટ માંગી છે. તેમણે ઉમેર્યું હતું કે, જે ઉમેદવારોએ પોતાની સીટોનું બલિદાન આપ્યું છે તેમને પણ ધ્યાનમાં લેવામાં આવશે. કલ્યાણા કર્ણાટક, મુંબઈ કર્ણાટક, કોસ્ટલ અને મધ્ય કર્ણાટક જેવા પ્રદેશોને પ્રતિનિધિત્વ આપવામાં આવશે માત્ર બેંગ્લુરૂને પ્રાધાન્ય આપવું શક્ય નથી.

# યુ.પી.થી પૂણે, BMWથી પોર્શ, આ સુપરકારો ભારતીય રસ્તાઓ પર નવા કિલર તરીકે ઉભરી આવી છે

## એક મહિનામાં ચાર હાઈ-પ્રોફાઈલ ઘટનાઓ મોંઘા વાહનોને વધુ ઝડપે ચલાવવાના જોખમો પર ધ્યાન દોરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

BMWની ટક્કરથી પંજાબના એક નગરમાં ૧૯ વર્ષીય યુવકનું મૃત્યુ એ શ્રેણીની નવીનતમ ઘટના છે.

ઉબેર લક્ઝરી ઓટોમોબાઈલની ઝડપને કારણે થતાં અકસ્માતોની યાદી, બેફામ ડ્રાઈવિંગની ભયાનકતા વિશે બોલતી લાંબી યાદી અને સ્પીડના રોમાંચના અનેક ગણા વિનાશને યાદ કરે છે. આ મહિનામાં જ દેશમાં આવી ચાર ઘટનાઓ બની છે. પંજાબના જીરકપુર શહેરમાં મંગળવારે રાત્રે કારે એક મોટરસાઈકલને ટક્કર મારતાં ત્રણ યુવાનો હવામાં ઉછળ્યા હતા, જેમાં એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. મોહાલીના રહેવાસી કાર ચાલકની ધરપકડ કરવામાં આવી હતી અને પછી જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. અગિયાર દિવસ પહેલા પૂણેમાં નશામાં રહેલા એક ૧૭ વર્ષના છોકરાની ઓવરસ્પીડ પોર્શે, મોટરસાઈકલ પર બે આઈટી પ્રોફેશનલ્સને ટક્કર મારી હતી. જેમાં અનીશ અવધિયા અને અશ્વિની કોસ્થાનું મોત થયું હતું. સ્પીડિંગ કારના અકસ્માતોમાં તે વાહનોમાં સવાર લોકો સહિત અન્ય લોકો માટે જીવલેણ બની છે. પૂણેમાં ૧૯ મેના અકસ્માતના બે દિવસ પહેલાં નોઈડામાં ૧૬ મેના રોજ સવારે ૬ વાગ્યે એક ઓવરસ્પીડ BMW એક ઈ-રિક્ષા સાથે અથડાઈ હતી, જેમાં એક નર્સ સહિત બે લોકોનાં મોત થયા હતા અને ત્રણ ઘાયલ થયા હતા. ઉત્તરપ્રદેશના શહેરમાં વધુ એક જીવલેણ અકસ્માત થયો હતો. ૨૬ મેના રોજ સવારે જ્યારે ઓડી કારે ૬૪ વર્ષીય વ્યક્તિને ટક્કર મારી હતી, જેમાં ગીઝોર ગામના સેક્ટર-૫૩ના રહેવાસી જનક દેવ શાહ દૂધ ખરીદવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા તેમનું ઘટનાસ્થળ પર જ મોત થયું હતું.

ઉત્તરપ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં નોઈડા અને ગ્રેટર નોઈડાનો સમાવેશ થાય છે, ગયા વર્ષે ૧૧૭૬ રોડ એક્સિડન્ટ થયા હતા જેના પરિણામે ૪૭૦ લોકોનાં મોત થયા હતા અને ૮૫૮ લોકો ઘાયલ થયા હતા.

સત્તાવાર માહિતી અનુસાર ૨૦૨૨માં જિલ્લામાં આવા ૪૩૭ મૃત્યુ અને ૮૫૬ લોકો ઘાયલ થયા હતા.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે તેના ભારતમાં રોડ અકસ્માતો ૨૦૨૨ના અહેવાલમાં જણાવ્યું છે કે, ૨૦૨૨માં સમગ્ર દેશમાં ૪.૬૧ લાખ માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૧.૬૮ લાખ લોકો માર્યા ગયા હતા અને ૪.૪૩ લાખ ઘાયલ થયા હતા. વિવિધ ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનોમાં કુલ ૧.૬૮ લાખ મૃત્યુમાંથી ૧.૧૯ લાખમાં ઓવરસ્પીડિંગનું યોગદાન હતું. ગયા વર્ષે ઓગસ્ટમાં હરિયાણાના નૂહમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર પેટ્રોલ ટેન્કર સાથે રોલ્સ રોયસ ફેન્ટમ અથડાયા બાદ અકસ્માતમાં બે લોકોનાં મોત થયા હતા.

ટ્રક તો રોંગ સાઈડમાં આવી રહી હતી પરંતુ લિમોઝીન પણ લગભગ ૨૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે હતી. ટ્રકમાં સવાર બે વ્યક્તિઓના અકસ્માતમાં મોત નિપજ્યા હતા જ્યારે કારમાં સવાર લોકો ઈજાઓ સાથે બચી ગયા હતા.

કોલેજના ૩૫ વર્ષીય પ્રોફેસર લક્ઝરી કાર ચલાવી રહ્યા હતા. જ્યારે અકસ્માત થયો ત્યારે તેના મિત્રો દીપકકુમાર એક એન્જિનિયર, અખિલેશસિંહ એક રિયલ્ટર અને મુકેશ એક વેપારી, ફેસબૂક પર લાઈવ-સ્ટ્રીમિંગ કરી રહ્યા હતા.

લાઈવ-સ્ટ્રીમમાં એવું પણ જોવા મળ્યું હતું કે, તેમાંથી એક ડ્રાઈવરને વધુ સ્પીડ



વધારવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો હતો.

લક્ઝરી કારોને સંડોવતા માર્ગ અકસ્માતોની વધતી સંખ્યા વિશે વાત કરતા માર્ગ સલામતીના વકીલ અને NGO સેવલાઈફ ફાઉન્ડેશનના સ્થાપક પિયુષ તિવારીએ જણાવ્યું હતું કે, આ સમસ્યા દેશમાં ખામીયુક્ત લાઈસન્સિંગ સિસ્ટમને કારણે ઊભી થાય છે.

તિવારીએ કહ્યું, 'હાલમાં જો તમારી પાસે LMV લાયસન્સ છે તો તમે 800 cc કારથી લઈને ઉચ્ચ-સંચાલિત સુપરકાર સુધી કંઈપણ ચલાવી શકો છો. લાઈસન્સિંગ સિસ્ટમને ગ્રેજ્યુએટેડ લાઈસન્સિંગ સિસ્ટમમાં અપગ્રેડ કરવી જોઈએ, જેના હેઠળ વ્યક્તિને તેની ચોક્કસ વાહન ડ્રાઈવ કરવાની ક્ષમતાના આધારે લાઈસન્સ આપવામાં આવે છે.'

સૌથી વધુ નોંધાયેલા કાર અકસ્માતોમાંના એકમાં ટાટા સન્સના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રી અને તેમના મિત્ર જહાંગીર પંડોલેના નવેમ્બર ૨૦૨૨માં મૃત્યુ પામ્યા હતા.

બંને મર્સિડીઝ બેન્ઝ એસયુવીમાં મુસાફરી કરી રહ્યા હતા, જેને જહાંગીરની પત્ની અનાહિતા પંડોલે ચલાવી રહી હતી. અહેવાલો અનુસાર કાર ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે હતી અને રોડ ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેને કારણે પાછળની સીટ પર બેઠેલા બંનેનું મૃત્યુ થયું હતું. તેઓએ સીટ બેલ્ટ પણ પહેર્યા ન હતા. ઓકટોબર ૨૦૨૨માં પૂર્વાંચલ એક્સપ્રેસવે પર 230 kmph કરતાં વધુ ઝડપે ફરતી BMW એક ટ્રક સાથે અથડાઈને ઢગલો થઈ ગઈ હતી. કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

બિહારના રોહતાસમાં એક ખાનગી

બેંગ્લુરૂમાં ઓગસ્ટ ૨૦૨૧માં અન્ય એક દુઃખદ અકસ્માતમાં DMK ધારાસભ્ય વાય પ્રકાશના પુત્ર કરૂણાસાગર પ્રકાશ દ્વારા ચલાવવામાં આવતી તેમની Audi Q3 કાર ડિવાઈડર સાથે અથડાતાં સાત લોકોનાં મોત થયા હતા.

પોલીસે તારણ કાઢ્યું હતું કે, પ્રકાશ દ્વારા ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે બેદરકારીપૂર્વક વાહન ચલાવવાને કારણે અકસ્માત થયો હતો. મોટર વાહન અકસ્માતોએ રાહદારીઓને પણ છોડ્યા નથી. ભારતમાં રોડ એક્સિડન્ટ્સ ૨૦૨૨ના રિપોર્ટ અનુસાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૨૦,૫૧૩ અકસ્માતોમાં ૧૦,૧૬૦ રાહદારીઓના મોત થયા છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં એક અકસ્માતમાં કર્ણાટકમાં હોસાપેટે નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક ઓવરસ્પીડ મર્સિડીઝ બેન્ઝ કારે ચાના સ્ટોલ પર ૧૮ વર્ષીય રાહદારીને ટક્કર મારી હતી જેનું મૃત્યુ થયું હતું અને તે ઘણા મીટર સુધી દૂર ખેંચાઈ ગયો હતો. આ અકસ્માતમાં આગળની સીટના મુસાફરનું પણ મોત થયું હતું.

તિવારીએ નોંધ્યું હતું કે, રસ્તાઓને વધુ સુરક્ષિત બનાવવા માટે એક અગ્રણી માળખાકીય ફેરફારોમાં રાહદારીઓ માટે અનુકૂળ માળખું બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું, 'ભારતમાં રસ્તાઓ રાહદારીઓ માટે અનુકૂળ નથી. આપણે હાલના રોડ નેટવર્કમાં કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ફેરફારો કરવાની જરૂર છે જેથી તેઓ રાહદારીઓ માટે સલામત બને, ખાસ કરીને હાઈવે, આંતરછેદો અને શહેરના વિભાગો જ્યાંથી હાઈવે પસાર થાય છે.'

# નોઈડાની ઊંચી બિલ્ડિંગમાં ફ્લેટમાં એ.સી. બ્લાસ્ટને લીધે આગ : ACમાં આગ ન લાગે તે માટે સરળ ટિપ્સ

(એજન્સી) તા.૩૧

નોઈડાની ઊંચી બિલ્ડિંગમાં ફ્લેટમાં ઘરના એર કંડિશનરમાં વિસ્ફોટ થવાને કારણે વહેલી સવારે આ ફ્લેટની અંદર આગ લાગી હતી. આ આગની ઘટના સેક્ટર ૧૦૦માં કમળ બૌલેવાર્ડ સોસાયટીમાં થઈ હતી. ચીફ ફાયર ઓફિસર પ્રદીપ કુમાર ચૌબેએ જણાવ્યું હતું કે એસી (એર કન્ડીશનર)માં વિસ્ફોટથી આ આગ શરૂ થઈ હતી. અગ્નિશામકો સાથે અનેક કર્મચારીઓએ અગ્નિશામક સિસ્ટમો સાથે સમયસર આ આગ પર કાબૂ મેળવતા આગ ખૂબ ફેલાઈ ન હતી અને તે માત્ર ફ્લેટના એક રૂમ સુધી સીમિત રહી હતી.



આ ઉનાળામાં આવા વિસ્ફોટના કેસો શા માટે વધી રહ્યા છે ? તેનું કારણ આત્યંતિક તાપ અને ઈલેક્ટ્રિકલ ફોલ્ટ અથવા સાધનોમાં મેન્યુફેક્ચરિંગ ખામી અને નબળી જાળવણી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વિડિઓઝમાં સોસાયટીના રહેણાંક ટાવરો પૈકી એક એપાર્ટમેન્ટમાંથી ભારે ધુમાડો દેખાઈ રહ્યો હતો. આવા ''એસી બ્લાસ્ટ'' સામાન્ય રીતે એર કન્ડીશનીંગ (એસી) યુનિટમાં થતાં વિસ્ફોટને લીધે આગ લાગે છે. આવી ઘટનાઓ વિવિધ પરિબળોને કારણે થઈ શકે છે, જે ઘણીવાર વિદ્યુત અથવા યાંત્રિક નિષ્ફળતાથી સંબંધિત હોય છે.

ઉનાળાના તાપમાનમાં ઉત્તર ભારતમાં વધારો થઈ રહ્યો છે અને ઘણા ભાગોમાં તે ૪૮ ડિગ્રી સેલ્સિયસ છે, ત્યારે અમારા એર કન્ડિશનર જરૂરી બની ગયા છે. જો તમારું એસી યુનિટ પોતે જોખમ બની જાય તો ? એસીમાં આગ લાગવાની ઘટનાઓ દુર્લભ છે, પણ તમારા એસીને સુરક્ષિત રાખવા માટે અહીં કેટલીક સરળ ટીપ્સ છે :

**એર ફિલ્ટર્સ નિયમિતપણે બદલો**

ફિલ્ટર ભરાય જાય ત્યારે તે એરફ્લોને પ્રતિબંધિત કરે છે, તેથી એસીને વધુ કામ કરવું પડે છે અને તે વધુ ગરમ થાય છે. ઉત્પાદકની ભલામણોને અનુસાર તે ચલાવવું જોઈએ.

**આઉટડોર યુનિટ નિયમિત સાફ કરો**

પાંદડા અને અન્ય કચરા અને કાટમાળ કન્ડેન્સર કોઈલને અવરોધિત કરી શકે છે, કાર્યક્ષમતા ઘટાડે છે અને ઓવરહિટીંગનું જોખમ વધારે છે. કાટમાળ સાફ કરવા માટે પાઈપ અથવા સ્પ્રે પાણીથી યુનિટને સ્પ્રે કરો. પાવર વોશરનો ઉપયોગ કરવાનું ટાળો, કારણ કે તે ફિન્સને નુકસાન પહોંચાડે છે.

**તમારા એસીને યોગ્ય હવા મળે તેવી જગ્યાએ રાખો**

આઉટડોર યુનિટની આજુબાજુનો વિસ્તાર સાફ કરો. યોગ્ય એરફ્લોની માટે, ચારે બાજુ યુનિટની આસપાસ ઓછામાં ઓછા બે ફૂટ ક્લિયરન્સ જાળવવાની સલાહ આપવામાં આવે છે. ગેસોલિન જેવી જ્વલનશીલ સામગ્રી નજીકમાં સ્ટોર કરશો નહીં.

**ક્યારેય એક્સ્ટેંશન કોર્ડનો ઉપયોગ ન કરો**

એસી એકમોને વિશેષ સર્કિટની જરૂર હોય છે. એક્સ્ટેંશન કોર્ડનો ઉપયોગ સર્કિટને ઓવરલોડ કરી શકે છે અને ઓવરહિટીંગનું કારણ બની શકે છે.

**વ્યાવસાયિક જાળવણી**

ટેકનિશિયન દ્વારા વાયરિંગનું નિરીક્ષણ કરાવો અને તે સંભવિત સમસ્યાઓ ઉભી થાય તે પહેલાં તેને ઓળખી શકે છે.

**હંમેશાં તમારા એસી માટે સજાગ રહો**

એસીમાંથી આવતા અસામાન્ય અવાજો અથવા ગંધ એ જોખમની નિશાની હોઈ શકે છે. જો તમારું એસી યુનિટ અવાજ કરે છે, વધુ પડતું કંપન કરે છે, અથવા ગંધ આવે છે, તો તેને તરત જ બંધ કરો અને ટેકનિશિયનનો સંપર્ક કરો.

### માતર પંથકમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યા

# લીંબાસી નજીક માથાભારે ઈસમે PSI પર કાર ચઢાવી દીધી, ચાર પોલીસકર્મીને ઈજા

નડિયાદ, તા.૩૧
માતરના લીંબાસી પોલીસ મથકની હદમાં આવતા પરીએજ ગામના બસ સ્ટેન્ડ પાસે કાર લઈને આવેલા બે માથાભારે ઈસમોએ પોલીસની ફરજમાં રૂકાવટ ઊભી કરી તેમની પર હુમલો કર્યો હતો. જેમાં રોડ બંધ કરતા થયેલ માથાકૂટમાં કારના બે ઈસમો લીંબાસી પોલીસના પીએસઆઈ ઉપર કાર ચઢાવી પતાવી દેવાના કરેલા આ પ્રયાસને લઈ ચકચાર મચી છે કાર લઈ ભાગેલા આ માથાભારે તત્વોનો પોલીસે પીછો કરતા વાલોત્રી ગામ નજીક આ બે ઈસમોએ અને તેની સાથે આવેલા ટોળાએ પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો જેમાં એક પીએસઆઈ અને ૩ પોલીસ કર્મચારી ઘાયલ થયા હતા આ બનાવમાં પોલીસે એક રાયોટીંગ અને અન્ય જીવલેણ હૂમલાની એમ બે ફરિયાદ નોધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ અગે મળતી માહિતી મુજબ લીંબાસી ચોકડીથી તારાપુર ચોકડી વચ્ચે તબક્કાવાર સીસી રોડની કામગીરી ચાલુ હોવાથી કલેકટર દ્વારા અહીંયા વાહનોની અવરજવર માટે પ્રતિબંધ મૂક્યો હતો. જેથી ટ્રાફિકની સમસ્યા થોડી વિક્ટ બનતી હતી એટલા માટે લીંબાસી પોલીસના માણસો પરીએજ ગામના બસ સ્ટેન્ડ નજીક ગતરોજ સાંજે ટ્રાફિકની સમસ્યા નિવાર માટે ઉભા હતા. આ દરમિયાન મફત વજાભાઈ ભરવાડ (રહે.વાલોત્રી, તા.માતર) નંબર વગરની કાર લઈને આવ્યા હતા. આ કારમાં ગોવિંદ છગનભાઈ મારવાડી (રહે.તારાપુર, આણંદ) પણ હાજર હતા. આ મફત ભરવાડની કારને આગળ જતાં પોલીસે અટકાવી હતી. જેથી ચાલક મફતે કારમાંથી ઉતરી તમે કેમ મોટી ગાડીઓને જવા દેતા નહીં તેમ કહી ગાળાગાળી કરી હતી. તો સામે પોલીસે કહ્યું કે, અહીંયા આગળ આરસીસી રોડ બને છે અને આથી મોટા વાહનોની આવનજાવન પર પ્રતિબંધ છે જે સંદર્ભે કલેકટરે જાહેરનામું પણ બહાર પાડ્યું છે. અમે અહીયા ટ્રાફિક નિયમનની ફરજ કરીએ છીએ તેમ કહેતા આ માથાભારે મફત ભરવાડે સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી અને પોલીસ સામે

## પોલીસે બે આરોપીઓને પકડ્યા તો ટોળું ધસી આવી છોડાવી ગયું

ગમે તેવો લવારો કરવા લાગ્યા હતા પોલીસ કર્મચારીઓએ આ માથાભારે તત્વો બાબતની જાણ લીંબાસી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એ.દેસાઈને કરતા તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમને જોઈને કાર ચાલક મફત ભરવાડ કારમાં બેઠાં બેઠાં પોલીસને ગાળો બોલતો હતો. આ ઉપરાંત બાજુની સીટ પર બેઠેલો ગોવિંદ છગનભાઈ મારવાડી પણ ઉશ્કેરણી કરી કાર ચઢાવવા કહેતા હતા. આસપાસના ગ્રામજનો અને અન્ય વાહનચાલકોના પણ ટોળેટોળાં ભેગા થયા હતા. મફત ભરવાડ પણ વારે ઘડીએ કારને રેસ આપતો હતો. હાજર પોલીસ કર્મચારીઓએ સમય સૂચકતા દાખવી ઉપરોક્ત કારની હવા કાઢવાનો પણ પ્રયાસ પોલીસે કર્યો હતો. આમ છતાં પણ આ માથાભારે મફત ભરવાડે પોતાનું વાહન પુર ઝડપે હંકારી પીએસઆઈ ઉપર ચઢાવી દઈ મારી નાખવાના ઈરાદે ગાડી ઉપર નાખી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. એની કારની અડફેટે અન્ય લોકો પણ આવતા રહી ગયા હતા આ બનાવ માં પી.એસ.આઇ દેસાઈ ઈજાગ્રસ્ત થયા હતા.અન્ય એક વાહનને પણ નુકસાન થયું હતું

ખૂની હૂમલાનો પ્રયાસ કરી કાર લઈને ફરાર થયેલા મફત ભરવાડની કારનો પીછો પોલીસે કર્યો હતો. મારી નાખવાના ઈરાદે ગાડી ચઢાવી તારાપુર તરફ ભાગેલા આ વ્યક્તિને પકડવા પોલીસની ગાડીઓ દોડી હતી. સાયલા પાટીયેથી પરીએજ, બામણગામ, દલોલી થઈ તારાપુર કાનાવાડા રોડ તરફ વાલોત્રી પાટીયા નજીક એક ખેતરમાં મફતે કાર ઉતારી દીધી હતી. પોલીસના માણસો પણ પીછો કરતા કરતા ત્યાં પહોંચ્યા હતા. જ્યાંથી આ મફત વજાભાઈ ભરવાડ (રહે.વાલોત્રી, તા.માતર) અને ગોવિંદ છગનભાઈ મારવાડી (રહે.તારાપુર, આણંદ) પકડી લીધા હતા. આ દરમિયાન આ માથાભારે મફત ભરવાડે ફોન કરીને અન્ય લોકોને બોલાવ્યા હતા. જેથી ૧૪ માણસોનું ટોળું મારક હથિયારો સાથે આવી ચઢ્યું હતું અને પોલીસ કર્મીઓ સાથે મારામારી કરી હતી. જેથી ૩ પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. અને પકડેલા બંને લોકોને પોલીસ પક્કડમાંથી છોડાવી આ લોકો ફરાર થયા હતા. જતા-જતા માથાભારે ઈસમો કહેતા ગયા કે, 'મને પકડવા ગામમાં આવવાની ભૂલ કરશો નહીં તમારા પીએસઆઈ ઉપરતો ગાડી ચડાવી દીધી છે તમને ધારિયાથી કાપી નાખીશ તેવી ગર્ભીત ધમકીઓ આપી હતી.

### મફત ભરવાડ સહિત ચાર આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે : એસ.પી.

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે લીંબાસીમાં બનેલી આ ઘટનાના મુખ્ય આરોપી મફત ભરવાડ સહિત ચાર આરોપીઓ ગુનાકીય ઈતિહાસ ધરાવે છે તેમને પકડી પાડવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી છે હાલમાં બે ફરિયાદો દાખલ થઈ છે

### બિલ્ડીંગ ઉતારવા માટે પહોંચેલી ટીમ સામે રહેવાસીઓએ વિનંતી કરતા

# જૂનાગઢમાં જર્જરીત અજય એપાર્ટમેન્ટ ઉતારવાની કામગીરીની મુદતમાં વધારો

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ,તા.૩૧
જૂનાગઢ શહેરમાં રેલવે સ્ટેશન રોડ પર ઈન્દ્રલોક હોટલની બાજુમાં આવેલ અજય કો.ઓ. સોસાયટી બિલ્ડીંગ જે અત્યંત જર્જરીત થઈ ગયું હોય તેને ઉતારવા માટે આજે મહાનગરપાલિકાની ટીમ પહોંચી હતી. અજય એપાર્ટમેન્ટમાં બે બિલ્ડીંગમાં ૩૨ જેટલા ફલેટ આવેલ છે. જેને ઉતારી લેવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ સમયે જૂનાગઢ મનપાના કમિશનર ડો. ઓમપ્રકાશ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે ઉપસ્થિત હતા. પરંતુ અજય એપાર્ટમેન્ટના રહેવાસીઓએ મુદ્દત આપવાની વિનંતી કરતા જે સ્વીકારી લઈ બે દિવસમાં અજય એપાર્ટમેન્ટ બિલ્ડીંગ ઉતારવાની કામગીરી કરવામાં આવશે. તેવું જણાવ્યું હતું જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો મહાનગરપાલિકા અજય એપાર્ટમેન્ટ બિલ્ડીંગ તોડી પાડવામાં આવશે. આ



ઉપરાંત કાળવા ચોકમાં આવેલ વિશાલ ટાવરના કેટલાક માળ પણ ઉતારી લેવામાં આવશે તેવું જાણવા મળેલ છે. જૂનાગઢ મનપા વિસ્તારમાં મંજૂરી વગર બનેલ ઈમારતો, ખોટા પ્લાન નકશા રજુ કરીને બનાવવામાં આવેલી બહુમાળી બિલ્ડીંગો, ફાયર એનઓસી વગરની ઈમારતો, બિલ્ડીંગ યુઝ (બીયુ) પરમિશન વગરની ઈમારતોની સઘન ચકાસણી થઈ રહી છે. ગત વર્ષે પણ જૂનાગઢ શહેરમાં ચોમાસા દરમ્યાન જળ હોનારત થઈ અને કડીયાવાડના નાકે આવેલ જર્જરીત ઈમારત તૂટી પડતા ૪ નિર્દોષ લોકોનો ભોગ લેવાયેલ જે બનાવ હજુ લોકો ભૂલ્યા નથી. ત્યારે ફરીવાર આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે કડક કાર્યવાહી થવી જરૂરી છે. લોકો એવી આશા રાખી રહ્યા છે કે મહાનગરપાલિકાનું તંત્ર માત્ર નોટિસ અને દેખાડા કરીને ચૂપ બેસી રહેશે નહીં. જે રીતે રાજકોટ મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ.ડી. સાગઠિયા સહિતના બેજવાબદાર અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે તેના પરથી જૂનાગઢના મનપાના સત્તાધિશો પણ ધડો લેશે તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે.

# સયાજીગંજની રેસ્ટોરન્ટમાં લાગી આગ લોકોએ ૯૦ ટકા આગ ઓલવી નાખી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧
વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તાર સ્થિત એક રેસ્ટોરન્ટની ચીમનીમાં આજે ભર બપોરે આગનું છમકલું થતા સ્થાનિક લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તાર સ્થિત મનુભાઈ ટાવરની બરાબર બાજુમાં આવેલ હોટ બાઈટ



નામના રેસ્ટોરન્ટમાં આજે ભર બપોરે આગનું છમકલું સર્જાયું હતું. જેને પગલે સ્થાનિક લોકોમાં નાસભાગ અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. જોકે સ્થાનિક નાગરિકોએ ફાયર ઈસ્ટિંગ્યુશર વડે આગ પર ૯૦ ટકા કાબૂ મેળવી લીધો હતો. જેને પગલે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ ગણતરી મિનિટોમાં સ્થળ પર આવેલ ફાયર બ્રિગેડના લાશ્કરોએ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

# અમરેલી અને ભાવનગર જિલ્લામાંથી ચોરાયેલી બાઈક સાથે ઈસમ ઝડપાયો

અમરેલી, તા.૩૧
અમરેલી એલસીબીએ મોટરસાઈકલ ચોરી કરતા ઈસમને ચોરીના કુલ ૬ મોટરસાઈકલ કિં.રૂા.૨,૧૮,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી, ૬ વાહન ચોરીઓનો ભેદ ઉકેલ્યો હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં મિલ્કત સંબંધી વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢી, આવા ગુનેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પૂરેપૂરો મુદ્દામાલ રિકવર કરી મૂળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલસીબી ટીમને માર્ગદર્શન આપ્યું હતું. જે અન્વયે અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે હાલ રહેતો વિપુલ રણછોડભાઈ સરવૈયા પોતાના રહેણાંક મકાને ચોરીના મોટરસાઈકલ રાખેલ છે, જે હકીકત આધારે રેઈડ દરમિયાન આ ઈસમને છ ચોરીના મોટરસાઈકલ સાથે પકડી પાડી અમરેલી તથા ભાવનગર જિલ્લા સહિત કુલ ૬ મોટરસાઈકલ ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળેલ હતી. પોલીસે આરોપીના કબજામાં રહેલ ૬ મોટરસાઈકલ કિં.રૂા.૨.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરેલ હતો.

# નર્મદા જિલ્લાના પોઈચામાં રેતી માફિયા બેફામ બન્યા, તંત્ર કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ

રાજપીપળા, તા.૩૧
નર્મદા જિલ્લાના પોઇચા ખાતે ગત દિવસોમાં નર્મદા નદીના પાણીમાં ડૂબી જવાથી ૭ જેટલા વ્યક્તિઓના મોત નીપજયા હતા. જે બાદ નર્મદા જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. જિલ્લામાં ચાલી રહેલી રેતીની લીઝની તપાસ કરવામાં આવી હતી.તેમજ જે જગ્યાએ ૭ જેટલાં લોકો ડુબી ગયાં હતાં તે જગ્યાએ કોઈ પણ લિઝ મંજુર નથી, તેવી માહિતી જિલ્લા વિભાગ દ્વારા બહાર પાડવામા આવી હતી. જે બાદ રેતીની લીઝોની તપાસનો ધમધમાટ ચાલુ થતાં રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. અને ગેરકાયદેસર ખનન કરતા રેતી માફિયાઓએ રેતી કાઢવાનું બંધ કરી દીધું હતું. પણ થોડા દિવસો વિત્યા પછી આ રેતી માફિયાઓ દ્વારા રાત્રિના સમયે પોઇચા વિસ્તારમાંથી રેતી ખનન કરી રેતીનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાનું જણાય છે. રેતી માફિયાઓ સરકારના નીતિનિયમોને ઘોળીને પી ગયા હોય, તેવું અહીંયા જોવા મળી રહ્યું છે. તેઓને કોઈનો ડર નથી તે વાત પણ સ્પષ્ટ પણે સાબિત થઈ રહી છે.



પોઇચાની નર્મદા નદીમાંથી રેતી માફિયાઓ રાત્રિના સમયે બિન્દાસ પોલીસની નજરની સામેથી રેતીના ડમ્પરો ભરીને જઈ રહ્યા છે, તેવી ચર્ચા સાથે દશ્યો કેમેરામાં પણ કેદ થયા છે, જેથી જિલ્લા પોલીસ વિભાગ અને આરટીઓ સહિત ભૂસ્તર વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. રાત્રિના સમયે પોલીસ દ્વારા રોડ ઉપર બેરીકેડ મૂકવામાં આવતા હોય છે, છતાં આ રેતી માફિયાઓ પોલીસની નજર સામેથી રેતી ભરેલા ડમ્પરો બિન્દાસ લઈ જતા હોય છે. જો તેમની નજર સામેથી રેતી ભરેલા ડમ્પરો પસાર થતા હોય તો પોલીસ દ્વારા તેમને રોકવામાં કેમ નથી આવતા ? તે પણ એક મોટો તપાસનો વિષય છે. રેતી માફિયાઓ માથાભારે હોવાથી કેટલાક અધિકારીઓ તેમની સામે કાર્યવાહી કરવામાં ડરતા હોય તેવી લોક ચર્ચા પણ થવા પામી છે, ત્યારે નર્મદા જિલ્લા કલેકટર પોતે આ બાબતે અંગત રસ લઈ આ રેતી માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરે તે ખૂબ જરૂરી બન્યું છે. જિલ્લા ભૂસ્તર અધિકારી - નર્મદાનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, હું આજે તપાસ કરાવી લઉં છું. તમારી પાસે જે પુરાવા છે તે અમારી ઓફિસે આપી જાવ હું આજે તપાસ કરાવી લઉં છું, જો તમારે અમારી ટીમ સાથે રહેવું હોય તો તમે સાથે રહી જ શકો છો તેમ જણાવ્યું હતું.

### રફાહમાં ઈઝરાયેલ દ્વારા કરાયેલ નરસંહારના વિરોધમાં

# સોશિયલ મીડિયામાં 'ALL EYES ON RAFAH' હેશટેગને વડોદરાની મહારાણી રાધિકાનું સમર્થન

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧
ઇઝરાયેલ અને ગાઝા વચ્ચે મહિનાઓથી યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારે ઈઝરાયલ દ્વારા પેલેસ્ટીન પર રોજ હુમલા કરી જાનમાલનું નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ઇઝરાયેલ દ્વારા પેલેસ્ટીનના રફાહ ખાતે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ સોશિયલ મીડિયામાં All EYES ON RAFAH નામનું હેશટેગ ટ્રેન્ડ થઈ રહ્યું છે. વડોદરાના રાજવી પરીવારના રાણી રાધિકા રાજે ગાયકવાડ દ્વારા તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર All EYES ON RAFAH નામથી સ્ટોરી-પોસ્ટ શેર કરી છે. જેને લઈને શહેરભરમાં ચર્ચા થઈ રહી છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે વર્ષોથી તણાવનું વાતાવરણ છે. તાજેતરમાં રફાહ નામની જગ્યા પર રાખવામાં આવેલા કેમ્પમાં ઈઝરાયલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જેટલા સિવિલિયન લોકોના મોત નિપજ્યા હતા. જે બાદ સોશિયલ મીડિયામાં AI જનરેટેડ ઈમેજીસ સાથે All EYES ON RAFAH હેશટેગ ટ્રેન્ડ થઈ રહ્યું છે. જે ઈઝરાયલના કૃત્યને વખોડી રહ્યું છે. તેવામાં વડોદરાના રાણી રાધિકા રાજે ગાયકવાડ દ્વારા તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની સ્ટોરીમાં All EYES ON RAFAH, તથા તે સંબંધિત ઈમેજીસ મૂકવામાં આવી છે અને સોશિયલ મીડિયાના માધ્યમથી તેનું સમર્થન કરવામાં આવ્યું છે. જો કે, ઇઝરાયેલ અને ગાઝા મામલે આપણા દેશનું વલણ ઈઝરાયલ તરફી રહ્યું છે. જ્યારે રાણી દ્વારા મૂકવામાં આવેલી સોશિયલ મીડિયા પોસ્ટ તેનાથી વિપરીત સંકેતો આપી રહી છે. આમ, રાધિકા રાજે ગાયકવાડ દ્વારા તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ થકી મૂકેલી સ્ટોરી શહેરભરમાં ચર્ચાનો વિષય બની છે. જો કે, વડોદરાના રાણી અવાર-નવાર અલગ અલગ મુદ્દે તેમની બેબાક પ્રતિક્રિયાઓ આપતા રહે છે. જેને લઈને તેઓ સમયાંતરે ચર્ચામાં પણ રહેતા હોય છે.

# હિંમતનગરના મોતીપુરામાં ગેસની પાઈપલાઈનમાં આગ લાગી



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રોડ પર સાબરમતી ગેસની પાઈપલાઈનમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ચારે તરફ રોડ પર વાહનો રોકાઈ ગયા હતા અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સાબરમતી ગેસ કંપનીના કમર્ચારિઓ આવીને કોક બંધ કર્યો. બીજી તરફ ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી હતી. **(તસવીર :- એફ.કે. મનસુરી, હિંમતનગર)**

# આણંદમાં હોસ્પિટલના PROએ ખોટા સહી-સિક્કા કરી સર્ટિફિકેટ બનાવતા ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)
આણંદ તા.૩૧
આણંદ શહેરમાં ભાલેજ રોડ એન. એસ. પટેલ સર્કલ પાસે રંગોલી કોમ્પલેક્ષમાં પ્રથમ માળે આવેલ સ્વસ્તિક હોસ્પિટલ ખાતે પી.આર.ઓ તરીકે નોકરી કરતાં કેયુર પટેલે નોકરીના સમય દરમિયાન હોસ્પિટલના લેટરપેડનો ઉપયોગ કરી ડોક્ટરની ખોટી સહીઓ તથા સિક્કાઓ કરી અલગ-અલગ ખોટા સર્ટીફીકેટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી મુજબ આણંદ વિદ્યાનગર રોડ ઝવેરાત શો-રૂમના ખાંચામાં આવેલા એપાર્ટમેન્ટમાં રહેતાં અને ડોક્ટર રવિ દામજીભાઈ વરમોરા સને ૨૦૨૦થી આણંદ ભાલેજ રોડ ઉપર એન. એસ. પટેલ સર્કલ પાસે રંગોલી કોમ્પલેસમાં પ્રથમ માળે સ્વસ્તિક હોસ્પિટલ ચલાવે છે. તેમની હોસ્પિટલમાં નર્સીંગ તેમજ મેડિકલ સ્ટોર તેમજ પી.આર.ઓ.માં કુલ ૨૫ લોકો કામ કરે છે. પી.આર.ઓ. તરીકે કેયુર જગદીશભાઈ પટેલ રહે, અજરપુરા છેલ્લાં ત્રણ વર્ષથી નોકરી કરતો હતો. જ્યારે મેડિકલ ઓફિસર તરીકે રિદ્ધિબેન પટેલ ફરજ બજાવે છે. તેમજ રિસેપ્શન ઉપર પાયલબેન અને કિંજલબેન ફરજ બજાવે છે. ગત તારીખ ૨૧/૯/ ૨૦૨૩ ના રોજ ડો. રવિ વરમોરાની હોસ્પિટલના ઈ-મેલ આઈડી ઉપર યુ.કેના વિઝા એન્ડ ઈમિગ્રેશન અધિકારી દ્વારા ઈમેલ આવેલો જે ઈમેલમાં મિતલ જીતેન્દ્રકુમાર પટેલે યુ.કેના વિઝા મેળવવા માટે અરજી કરેલ અને તેમાં સ્વસ્તિક હોસ્પિટલના લેટરપેડ ઉપર જોબ એક્સપિરિયન્સ સર્ટી વેરીફીકેશન માટેનો ઈ-મેલ આવેલ સાથે જોબ એકેસપીરીયન્સ સર્ટી પણ મોકલી આપવામાં આવ્યું હતું. ડોક્ટર જોતાં તેઓની હોસ્પિટલના લેટરપેડનો ઉપયોગ કરી તેમાં ડો.રવિ વરમોરાની ખોટી સહી કરવામાં આવેલ તેમજ બીજુ જોબ એક્સપિરીયન્સનું સર્ટી ક્રિષ્નાબેન રજનીકાંત મેકવાનનું કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈઝરાયેલ ખાતેથી ઈમેલ પર આવેલ તેમાં પણ તેઓની ખોટી સહી અને લેટરપેડનો ઉપયોગ કરી હોસ્પિટલના સિક્કાનો ઉપયોગ કરી ઈસ્યુ કરવામાં આવ્યુ હતું. આ બાબતે ડો. રવિ વરમોરાએ તપાસ કરતાં હોસ્પિટલમાં ત્રણ વર્ષથી પી.આર.ઓ તરીકે ફરજ બજાવતા કેયુર જગદીશભાઈ પટેલે કબુલાત નામું આપેલ જેમાં તેણે જોય વાઘેલા, નિશાબેન તથા ગૌતમભાઈના ખોટા સર્ટીફીકેટ બનાવ્યા હોવાનું કબુલાત નામામાં લખાણ કરી આપ્યું હતું. આ પહેલા કેયુર પટેલ દ્વારા હોસ્પિટલના લેટરપેડ ઉપર ખોટા સહિ,સિક્કા કરીને દીક્ષિત જોશી નામના વ્યક્તિને સારવાર અપાઈ હોવા અંગે કંપનીમાંથી લોન મેળવવા માટે કિરણ જોશીને ખોટું સારવાર સર્ટીફીકેટ બનાવી આપવામાં આવ્યું હતું. કેયુર પટેલે પોતાની પી.આર.ઓ નોકરી દરમિયાન અન્ય ખોટા સર્ટિફિકેટ ઈસ્યુ કર્યા હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

# કેવડિયા ખાતે પ્રવાસી મહિલાઓ અને બસ ડ્રાઈવર વચ્ચે મારામારી થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

### મહિલા પ્રવાસીએ છેડતીનો ગુનો નોંધાવ્યો તો બસચાલકે ફરજમાં રૂકાવટની ફરિયાદ કરી

રાજપીપળા, તા.૩૧
સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મુંબઈથી માતા અને પુત્રી સાથે ફરવા આવેલા મહિલા પ્રવાસી અને બસચાલક વચ્ચે બસમાં બેસવા બાબતે તકરાર થઈ હતી અને આ મામલો મારમારી સુધી પહોંચ્યો હતો અને આ બાબતે મહિલાએ સલામતી પોલીસ મથકમાં ડ્રાઈવર વિરુદ્ધ છેડતીનો ગુનો નોંધાવ્યો છે ત્યારે ડ્રાઈવરે મહિલા અને તેની પુત્રી તેમજ માતા વિરુદ્ધ ફરજમાં રૂકાવટની ફરિયાદ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફરિયાદી કોમલબેન ભાવેશભાઈ મડિયાર તેમની માતા રેખાબેન અને પુત્રી આરતી સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરવા આવ્યા હતા ત્યારે જંગલ સફારી ખાતે ઊભેલી બસચાલક અનિલકુમાર અશ્વિનભાઈ તડવીને મારી માતા તથા પુત્રીની તબિયત સારી નથી તો ફૂટ કોર્ટે સુધી અમને બસમાં બેસાડી લઈ જવાનું કહેતા ડ્રાઈવરે એમને બસમાં ના બેસવા દઈ નીચે ઉતરી ફરિયાદીની દીકરીને તમાચો મારી ધક્કો મારી પાડી દીધી હતી અને ફરિયાદીના વાળ પકડી મારમારી કરી ગાળાગાળી કરતા કોમલબેન ભાવેશભાઈ મડિયારે બસ ડ્રાઈવર વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં છેડતી તેમજ મારામારીની ફરિયાદ નોંધાવી છે. ત્યારે સામી ફરિયાદમાં બસચાલક અનિલકુમાર અશ્વિનભાઈ તડવી તેમની ફરજ દરમિયાન કોમલબેન ભાવેશભાઈ મડિયાર અને આરતી ભાવેશભાઈ મડિયારે અમને બસમાં બેસાડો નહિંતર અમે બસ આગળ નહીં જવા દઈએ, એમ કહી બસની આગળ ઊભા થઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. જેથી બસચાલક અનિલકુમાર અશ્વિનભાઈ તડવીએ બસમાંથી નીચે ઉતરી તેઓને સમજાવવા જતા બંને જાણે તેમની સાથે ઝપાઝપી કરી શર્ટનો કોલર પકડી માર મારવાનું શરૂ કર્યું હતું. ફરજમાં રૂકાવટ ઊભી કરતા ફરિયાદીએ આ ત્રણે મહિલાઓ વિરુદ્ધ ફરજમાં ફરિયાદ કરી હતી.

# પાવીજેતપુર તાલુકાના મોટીબેજ ગામના કૂવામાં યુવકે એક વાર બચી જતાં બીજીવાર મોતની છલાંગ લગાવી

પાવીજેતપુર, તા.૩૧
પાવીજેતપુર તાલુકાના મોટીબેજ ગામના એક કુવામાં મોટા કાંટવા ગામના એક યુવકે મોતની છલાંગ લગાવી મોતને વ્હાલું કર્યું હતું. પાવીજેતપુર તાલુકાના મોટીબેજ ગામના એક કૂવામાં આજે સવારે લગભગ ૯ વાગ્યાના અરસામાં ૩૫ વર્ષીય પ્રકાશભાઈ નવલસિંગભાઈ રાઠવા નામનો એક યુવક મોતને વ્હાલુ કરવા માટે છલાંગ લગાવી હતી. એક વખત છલાંગ લગાવતા તે બચી ગયો હતો એટલે તેણે કૂવામાંથી બહાર નીકળી ફરીથી છલાંગ લગાવી હતી અને મોતને વ્હાલુ કર્યું હતું. આ કૂવામાં લાશ જોતા જ છોટાઉદેપુર ફાયર વિભાગ તેમજ પોલીસને જાણ કરતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક આવી પહોંચી હતી અને લાશને પાવીજેતપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવી હતી. ત્યાં જઈને વ્યક્તિની ઓળખ કરતા મોટા કાંટવાનો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પાવીજેતપુર પોલીસે યુવકે આત્મહત્યા શા માટે કરી તેની તપાસ કરતા ઘર કંકાસને લઈને યુવકે આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજીના પુત્ર શિવાબાપાનું ૯૧ વર્ષની વયે અવસાન

ભાવનગર,તા.૩૧
ભાવનગરના દિવંગત રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલના પુત્ર મહારાજા કુમાર શિવભદ્રસિંહજી ગોહિલનું ૯૧ વર્ષની વયે આજે નિધન થયું હતું. ભાવનગર સ્ટેટ દ્વારા શિવાબાપાના નિધનની જાણકારી આપી શોક પ્રગટ કરાયો હતો. ભાવનગર બોરતળાવના પાસે આવેલા વૈભવી ભાવવિલાસ પેલેસ ખાતે તેઓ રહેતા હતા અને છેલ્લા કેટલાક સમયથી તેમની તબીયત નાદુરસ્ત હતી. ભાવનગર સહિત આખા ગોહીલવાડ અને રાજવી પરિવારોમાં શોકની લાગણી પ્રસરી



ગઈ છે. શિવાબાપાના નિધનથી સંતો, મહંતો રાજકારીણીઓ અને ઉદ્યોગપતિઓ સહિત ભાવનગરની સમગ્ર પ્રજા માટે શોકમગ્ન જોવા મળી હતી.

### રાજ્યમાં બાંધકામ સાઈટ પર મજૂરોનાં મોતની ઘટનાનો સિલસિલો જારી

# કન્સ્ટ્રક્શન સાઈટ પર ભેખડ ધસી પડવાને કારણે ત્રણ મજૂરો દટાઈ ગયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરોના મોતની ઘટના સામાન્ય બનતી જઈ રહી છે. સુરત જેવા ઔદ્યોગિક શહેરમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર નિર્દોષ મજૂરો કામ કરતા સમયે પોતાનો જીવ ગુમાવી રહ્યા છે ત્યારે ફરી એક વખત સરથાણા વિસ્તારમાં ગઢપુર ચોકડી પાસે કન્સ્ટ્રક્શન સાઈડ ઉપર દુર્ઘટના બનતા એક કામદારનું મોત નીપજ્યું છે.

સરથાણા નજીક આવેલા ગઢપુર ચોકડી પાસે મોટી કન્સ્ટ્રક્શન સાઈટ પર બેઝમેન્ટની કામગીરી દરમિયાન ભેખડ ધસી પડી હતી. કામ કરી રહેલા કામદારો પૈકી કેટલાક કામદારો માટે નીચે દબાઈ ગયા હતા. આ ઘટના બનતા તમામ કામદારો દોડી આવ્યા હતા અને બૂમાબૂમ કરી મૂકી હતી. ફસાયેલા કામદારોને બહાર કાઢવા માટે તેમની સાથેના કામદારો કામે લાગી ગયા હતા. બે કામદારોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા તેમજ ઘટનાની જાણ ફાયર વિભાગને કરી હતી. ફાયર વિભાગની ટીમે ઘટના સ્થળ પર પહોંચીને કામગીરી શરૂ કરી હતી. અન્ય મજૂરો દ્વારા કહેવામાં આવ્યું છે કે, હજી એક કામદાર માટી નીચે દબાયો છે. ફાયર વિભાગે JCB મશીનની મદદથી માટી દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. કામદારને બહાર કાઢતા તેનું મોત થયું હોવાનું જણાઈ આવ્યું



**સરથાણાની સાઈટ પર એકનું મોત : બે હોસ્પિટલમાં**

હતું. આ પ્રકારની કન્સ્ટ્રક્શન સાઈટ પર બિલ્ડરો દ્વારા યોગ્ય સાવચેતી રાખવામાં આવતી નથી. ત્યાં કામ કરતા કામદારો માટે જ સેફટીની વ્યવસ્થા હોવી જોઈએ તે પણ કરવામાં આવતી નથી. તેને કારણે શ્રમજીવી કામદારોના મોત નીપજતા હોય છે. સમગ્ર ઘટનામાં કોન્ટ્રાક્ટર સામે કયા પ્રકારના પગલાં લેવાય છે, તે જોવું મહત્વનું છે. બિલ્ડર આશિષ પટેલ સાથે ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમનો ફોન રિસીવ કર્યો અને કહ્યું કે, ઘટના વિશે મને કોઈ માહિતી નથી અને ફોન કટ કરી દીધો હતો. કન્સ્ટ્રક્શન સાઈડ પર બેદરકારી રાખનાર બિલ્ડર અને કોન્ટ્રાક્ટર સામે કાયદાકીય પગલાં લેવાશે કે કેમ તે ચર્ચા શરૂ થઈ છે.

ફાયર ઓફિસર સુનિલ ચૌધરીએ જણાવ્યું કે, ખબર મળતાની સાથે જ અમારી ટીમ ગઢપુર ચોકડી ખાતે ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર પહોંચી હતી. ત્યાં જોયું તો સાઈટ ખૂબ જ મોટી હતી અને અંદાજે ૫૦થી ૬૦ જેટલા મજૂરો બેઝમેન્ટનું કામ કરી રહ્યા હતા. કન્સ્ટ્રક્શન સાઈટ પરથી એવું જણાઈ રહ્યું હતું કે, આ રેસિડેન્ટ બિલ્ડીંગ બનતી હશે. ભેખડ ધસી જવાને કારણે ત્રણ કામદારો દટાયા હતા, જેમાંથી બેને હેમખેમ બહાર કાઢી લેવાયા હતા પરંતુ, એક કામદાર માટીની નીચે દબાઈ ગયો હતો. જેને જેસીબી મશીનથી બહાર કાઢ્યો હતો. જોકે, ખૂબ કાટમાળ નીચે દબાવવાને કારણે તેનું મોત નીપજ્યું હતું. મરણ જનાર કામદારનું નામ મહમદ જાફિર છે તેમજ અન્ય કામદાર લાલા છપરી અને અનસૂલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### ધરપકડ ટાળવા ધમપછાડા

# રાજકોટ અગ્નિકાંડના આરોપી અશોકસિંહે આગોતરા જામીન માટે કરી અરજી

અમદાવાદ,તા.૩૧

રાજકોટના ગોઝારા અગ્નિકાંડની સામે દેશભરમાં રોષ છે. ગેમઝોનના અગ્નિકાંડમાં પોતાના સ્વજન ગુમાવનાર એક વ્યક્તિએ તો તમામ આરોપીઓને જામીન ન મળવા જોઈએ તેવું નિવેદન પણ આપ્યું છે. આમ અગ્નિકાંડના રોષની આગ ઠરી નથી. ત્યારે આ અગ્નિકાંડના આરોપી ધરપકડ ટાળવા ધમપછાડા કરતા જોવા મળી રહ્યા છે. ક્રાઈમ બ્રાંચ એક બાદ એક ધરપકડ કરી રહી છે. ફરિયાદમાં જે નામો હતા તેમાંથી ૫ આરોપી અને પછી ૪ અધિકારીની ધરપકડ થઈ છે. ત્યાં આરોપી અશોકસિંહ

**આ મામલે સુનાવણી પાંચ જૂને હાથ ધરાશે**



જાડેજાએ આગોતરા માગ્યા છે. પોતાના વકીલ મારફત આગોતરા જામીન માટે અરજી કરતા આગામી ૫ જૂન તારીખ કોર્ટે મુકરર કરી છે. તાલુકા પોલીસ મથકે ગેમઝોન આગ કાંડના આરોપીધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટરના (૧) ધવલ ભરતભાઈ ઠક્કર તથા રેસ વે એન્ટરપ્રાઈઝના ભાગીદારો (૨) અશોકસિંહ જાડેજા (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા (૪) પ્રકાશચંદ્ર કનૈયાલાલ હીરન (૫) યુવરાજસિંહ હરિસિંહ સોલંકી (૬) રાહુલ લલિતભાઈ રાઠોડ તથા તપાસમાં ખુલવા પામે તેની સામે ગુનો દાખલ કર્યો હતો. જેમાં પ્રકાશચંદ્ર કનૈયાલાલ હીરનનું બનાવમાં જ મૃતયુ થયું છે. જયારે ક્રાઈમ બ્રાન્ચે ધવલ ઠક્કર, કિરીટસિંહ જાડેજા, યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડની ધરપકડ કરી હતી. હાલ આ આરોપી રિમાન્ડ પર છે. જો કે જગ્યાના માલિક અશોકસિંહ જગદીશસિંહ જાડેજા હજુ પોલીસ પકડથી દુર છે. અશોકસિંહ પોતાની ધરપકડ ટાળવા માટે રાજકોટની કોર્ટમાં પોતાના વકીલ મારફત આગોતરા જામીન અરજી રજુ કરી છે. જે આગોતરા જામીન અરજીની ફાઈલ એડી. સેશન્સ જજ જે.ડી. સુથારની કોર્ટમાં જતા પાંચ જુનની તારીખ મુકરર થઈ છે. આ અંગે કોર્ટે પોલીસ અને પક્ષકારોને જાણ કરી છે. પક્ષકાર પ્રદીપસિંહ ચૌહાણ વતી રાજકોટ બારના ઉપપ્રમુખ સુરેશ ફળદુ અને રાજકોટ બારની આખી બોડી રોકાયેલી છે. ત્યારે પક્ષકારના વકીલોએ પણ આગોતરા રદ થાય તેમાટે જવાબ વાંધા રજુ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે.

# શહેરની ૧૪ સ્કૂલના ક્રમિક વર્ગ ઘટાડા અંગેની કાર્યવાહી હાથ ધરાશે

### સ્કૂલોએ DEO સમક્ષ વર્ગ ઘટાડાની દરખાસ્ત કરી : હિયરીંગ બાદ વર્ગ ઘટાડો થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરમાં આવેલી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત મગાવવામાં આવી હતી. જેના અનુસંધાને અમદાવાદ શહેરની ૧૪ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે DEO કચેરી સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી હવે વર્ગ ઘટાડાની કાર્યવાહી માટે સ્કૂલોનું હિયરીંગ રાખવામાં આવ્યું છે. હિયરીંગની કાર્યવાહી બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આ સ્કૂલોમાં વર્ગ ઘટાડાના આદેશ કરવામાં આવશે. ૧૪ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે ૫ અને ૬ જૂનના રોજ હિયરીંગનું આયોજન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધો.૧૦ અને ધો.૧૨માં નક્કી કરવામાં આવેલી વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્તો મગાવવામાં આવી હતી. વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવા માટે શાળાઓને સમય આપ્યા બાદ શહેરની ૧૪ સ્કૂલોએ કચેરી સમક્ષ ક્રમિક વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરી હતી. જેથી હવે DEO કચેરીએ વર્ગ ઘટાડાની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં રૂબરૂ હિયરીંગમાં અમદાવાદ શહેરની ૧૪ સ્કૂલોના ક્રમિક વર્ગ ઘટાડાનું હિયરીંગ ૫ અને ૬ જૂનના રોજ બપોરે ૧૨ કલાકે કચેરી ખાતે રાખવામાં આવ્યું છે.

વર્ગ ઘટાડા માટેનું હિયરીંગ પૂર્ણ થયા બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્કૂલોના વર્ગ ઘટાડાના આદેશ કરવામાં આવશે. આમ, આ સ્કૂલોમાં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોવાના લીધે હિયરીંગ બાદ તાકીદે નિર્ણય જાહેર કરાશે. જેથી નવા શૈક્ષણિક વર્ષ પહેલા વર્ગ ઘટાડો થઈ જશે. ક્રમિક વર્ગ ઘટાડાને લઈને અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરી દ્વારા અગાઉ હિયરીંગ રાખવામાં આવ્યું હતું. પરંતુ રાજ્યમાં હિટવેવના પગલે આ હિયરીંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ હવે ફરી હિયરીંગનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

### ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

# ધોળકામાંથી ૧૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં દિવ-પ્રતિદિન ચોરીના બનાવો વધી રહ્યા છે. નવી નવી તરકીબો અજમાવી તસ્કરો લાખોની માતાની ચોરીને અંજામ આપી ફરાર થઈ જતાં હોય છે જેને લઈને પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે અને તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. અમદાવાદ શહેરના ધોળકા તાલુકામાં આશરે ૧૦ લાખથી વધુ રકમની ઘર ફોડ ચોરી થઈ હોવાની ધોળકા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જે આધારે ધોળકા એલસીબી દ્વારા ૧૦ લાખ ૪૫ હજારના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી લીધી છે, અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રો પ્રમાણે મળતી માહિતી મુજબ અમદાવાદના ધોળકા તાલુકા પોલીસ સ્ટેશનમાં ધોળકાની અમનપાર્ક સોસાયટીમાં ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામતા ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ આરોપીઓને પકડવા માટે એલસીબીએ ચક્રો ગતિમાન કર્યા હતા. બાતમીના આધારે ત્રણ ઈસમોને ૧૦,૪૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા ત્રણેય ઈસમોના નામ (૧) હારૂનખાન શરીફખાન પઠાણ જે હાલ જ્યાં ઘરફોડ ચોરી કરાઈ એ જ અમનપાર્ક સોસાયટીમાં રહેતો હતો. જે મૂળ કાશગંજ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. (૨) તૈયબઅલી અકબરઅલી ખાન, છાણી જકાતનાકા, વડોદરાનો રહેવાસી છે. (૩) રફિકઆલમ શહેરઆલમ પઠાણ જે હાલ અમદાવાદ શહેર પોલીસ કમિશનર ઓફિસની પાછળ રહેતો હતો. ત્રણેય આરોપીઓની રોકડ રકમ સાથે ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. એલસીબી અધિકારીને પટેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ધોળકા ટાઉનમાં પોલીસે વોચ ગોઠવી હતી. જે બાદ ત્રણેય ઈસમો પોલીસની હાથે ઝડપાયા હતા અને તેઓની પાસેથી રોકડ રકમ ૧૦ લાખ, ૧૦ હજાર રૂપિયા સાથે કુલ ૧૦ લાખ, ૪૫ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### રાજકોટ અગ્નિકાંડમાં તપાસનો ધમધમાટ

# ACBની કાર્યવાહીથી સાગઠિયાના ત્રણ એજન્ટ ગુમ : ઓફિસને તાળા લાગ્યા

અમદાવાદ, તા.૩૧

રાજકોટ અગ્નિકાંડની આંચ સરકારી બાબુઓ સુધી પણ પહોંચી છે. રાજ્યભરને હચમચાવનાર આ અગ્નિકાંડ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં સાપરાધ મનુષ્યવધ સહિતની કલમો હેઠળ નોંધાયેલા ગુનાની તપાસ કરતી સીટે રાજકોટ મનપાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા, બે આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર મુકેશ મકવાણા અને ગૌતમ જોષી ઉપરાંત ફાયર સ્ટેશનના ઓફિસર રોહિત વીગોરા સહિત ચારની ધરપકડ કરી હતી. જેની સાથે જ આ અગ્નિકાંડમાં આરોપીઓની ધરપકડનો આંક ૯ પર પહોંચ્યો છે. સાગઠિયાનાના બે નિવાસસ્થાનો અને બે ઓફિસો પર એ.સી.બી. તપાસ કરવા પહોંચી હતી. સાગઠિયાના યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોકમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાના નિવાસસ્થાનની નજીક તેમનું નિવાસસ્થાન આવેલું છે. આ સ્થળે એ.સી.બી. પહોંચી હતી અને લોકોએ ન્યાય મળવાની આશા વ્યક્ત કરી હતી.

એસીબીની તપાસથી સાગઠિયાના એજન્ટો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. ACBની કાર્યવાહીથી TPO એમ.ડી. સાગઠિયાના ૩ એજન્ટ ગુમ થયા હતા. રાજકોટમાં TPO સાગઠિયાને નૈવેધ ચડાવવા ૩ સહાયક હતા. એક એજન્ટ પૂર્વ ધારાસભ્યનો પુત્ર હોવાની માહિતી છે. તમામ ૩ એજન્ટ TPO સાગઠિયાના આશીર્વાદથી કરોડોના આસામી બન્યા હતા.

રાજકોટના TPO મનસુખ સાગઠિયાની ઓફિસે તાળા લાગી ગયા હતા. ગુરૂવારે રાત્રે ACBએ સાગઠિયાની ઓફિસમાં રેઈડ કરી હતી અને ઘણા મહત્વના દસ્તાવેજ ACBએ સાગઠિયાની ઓફિસેથી કબ્જે કર્યા હતા. ઉપરાંત ટાઉન પ્લાનિંગની અનેક ફાઈલ ACBએ કબ્જે કરી હતી. વહીવટદારોનું લિસ્ટ અને બિલ્ડરોની ફાઈલ કબ્જે કરાઈ હતી. રાજકોટ શહેર કોંગ્રેસની ટીમ ACB ઓફિસે પહોંચી હતી. RMCના અધિકારીઓ વિરૂદ્ધ કડક પ્રક્રિયા હાથ ધરવા કોંગ્રેસે માંગ કરી હતી. લાંબા સમયથી RMCના તત્કાલિન TPO એમ.ડી. સાગઠિયા લાંચ લેતા હતા. વિવિધ માગણી સાથે કોંગ્રેસની ટીમ ACB ઓફિસે પહોંચી હતી. ગઈકાલે એમ.ડી. સાગઠિયાની RMC ચેમ્બરમાં ACBએ દરોડા પાડ્યા હતા. આ સાથે ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર અને નાયબ ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાના ચેમ્બરમાં પણ દરોડા પાડ્યા હતા. એસીબી મદદનીશ નિયામક કે.એચ.ગોહિલે નિવેદન આપતાં જણાવ્યું, એસીબી દ્વારા હાલ અનેક આક્ષેપિતોના નિવાસ સ્થાને તેમજ ઓફિસ ખાતે તપાસ કરવામાં આવી રહી છે. એસીબી દ્વારા આક્ષેપિતોના નિવાસ સ્થાનેથી તેમજ રહેણાંક મકાન ખાતે કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે.

### માતર પંથકમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યા

# લીંબાસી નજીક માથાભારે ઈસમે PSI પર કાર ચઢાવી દીધી : ચાર પોલીસકર્મીને ઈજા

### પોલીસે બે આરોપીઓને પકડ્યા, તો ટોળું ધસી આવી છોડાવી ગયું

નડિયાદ, તા.૩૧

માતરના લીંબાસી પોલીસ મથકની હદમાં આવતા પરીએજ ગામના બસ સ્ટેન્ડ પાસે કાર લઈને આવેલા બે માથાભારે ઈસમોએ પોલીસની ફરજમાં રૂકાવટ ઊભી કરી તેમની પર હુમલો કર્યો હતો. જેમાં રોડ બંધ કરતા થયેલ માથાકૂટમાં કારના બે ઈસમો લીંબાસી પોલીસના પીએસઆઈ ઉપર કાર ચઢાવી પતાવી દેવાના કરેલા આ પ્રયાસને લઈ ચકચાર મચી છે કાર લઈ ભાગેલા આ માથાભારે તત્વોનો પોલીસે પીછો કરતા વાલોત્રી ગામ નજીક આ બે ઈસમોએ અને તેની સાથે આવેલા ટોળાએ પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો જેમાં એક પીએસઆઈ અને ૩ પોલીસ કર્મચારી ઘાયલ થયા હતા આ બનાવમાં પોલીસે એક રાયોટીગ અને અન્ય જીવલેણ હૂમલાની એમ બે ફરિયાદ નોધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ અગે મળતી માહિતી મુજબ લીંબાસી ચોકડીથી તારાપુર ચોકડી વચ્ચે તબક્કાવાર સીસી રોડની કામગીરી ચાલુ હોવાથી કલેકટર દ્વારા અહીંયા વાહનોની અવરજવર માટે પ્રતિબંધ મૂક્યો હતો. જેથી ટ્રાફિકની સમસ્યા થોડી વિકટ બનતી હતી એટલા માટે લીંબાસી પોલીસના માણસો પરીએજ ગામના બસ સ્ટેન્ડ નજીક ગતરોજ સાંજે ટ્રાફિકની સમસ્યા નિવાર માટે ઉભા હતા. આ દરમિયાન મફત વજાભાઈ ભરવાડ (રહે.વાલોત્રી, તા.માતર) નંબર વગરની કાર લઈને આવ્યા હતા. આ કારમાં ગોવિંદ છગનભાઈ મારવાડી (રહે.તારાપુર, આણંદ) પણ હાજર હતા. આ મફત ભરવાડની કારને આગળ જતાં પોલીસે અટકાવી હતી. જેથી ચાલક મફતે કારમાંથી ઉતરી તમે કેમ મોટી ગાડીઓને જવા દેતા નહીં તેમ કહી ગાળાગાળી કરી હતી. તો સામે પોલીસે કહ્યું કે, અહીંયા આગળ આરસીસી રોડ બને છે અને આથી મોટા વાહનોની આવનજાવન પર પ્રતિબંધ છે જે સંદર્ભે કલેકટરે જાહેરનામું પણ બહાર પાડ્યું છે. અમે અહીયા ટ્રાફિક નિયમનની ફરજ કરીએ છીએ તેમ કહેતા આ માથાભારે મફત ભરવાડે સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી અને પોલીસ સામે ગમે તેવો લવારો કરવા લાગ્યા હતા પોલીસ કર્મચારીઓએ આ માથાભારે તત્વો બાબતની જાણ લીંબાસી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એ.દેસાઈને કરતા તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમને જોઈને કાર ચાલક મફત ભરવાડ કારમાં બેઠાં બેઠાં પોલીસને ગાળો બોલતો હતો. આ ઉપરાંત બાજુની સીટ પર બેઠેલો ગોવિંદ છગનભાઈ મારવાડી પણ ઉશ્કેરણી કરી કાર ચઢાવવા કહેતા હતા. આસપાસના ગ્રામજનો અને અન્ય વાહનચાલકોના પણ ટોળેટોળાં ભેગા થયા હતા. મફત ભરવાડ પણ વારે ઘડીએ કારને રેસ આપતો હતો. હાજર પોલીસ કર્મચારીઓએ સમય સૂચકતા દાખવી ઉપરોક્ત કારની હવા કાઢવાનો પણ પ્રયાસ પોલીસે કર્યો હતો. આમ છતાં પણ આ માથાભારે મફત ભરવાડે પોતાનું વાહન પુર ઝડપે હંકારી પીએસઆઈ ઉપર ચઢાવી દઈ મારી નાખવાના ઈરાદે ગાડી ઉપર નાખી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. એની કારની અડફેટે અન્ય લોકો પણ આવતા રહી ગયા હતા આ બનાવ માં પી.એસ.આઈ દેસાઈ ઈજાગ્રસ્ત થયા હતા.અન્ય એક વાહનને પણ નુકસાન થયું હતું

ખૂની હૂમલાનો પ્રયાસ કરી કાર લઈને ફરાર થયેલા મફત ભરવાડની કારનો પીછો પોલીસે કર્યો હતો. મારી નાખવાના ઈરાદે ગાડી ચઢાવી તારાપુર તરફ ભાગેલા આ વ્યક્તિને પકડવા પોલીસની ગાડીઓ દોડી હતી. સાયલા પાટીયેથી પરીએજ, બામણગામ, દલોલી થઈ તારાપુર કાનાવાડા રોડ તરફ વાલોત્રી પાટીયા નજીક એક ખેતરમાં મફતે કાર ઉતારી દીધી હતી. પોલીસના માણસો પણ પીછો કરતા કરતા ત્યાં પહોંચ્યા હતા. જ્યાંથી આ મફત વજાભાઈ ભરવાડ (રહે.વાલોત્રી, તા.માતર) અને ગોવિંદ છગનભાઈ મારવાડી (રહે.તારાપુર, આણંદ) પકડી લીધા હતા. આ દરમિયાન આ માથાભારે મફત ભરવાડે ફોન કરીને અન્ય લોકોને બોલાવ્યા હતા. જેથી ૧૪ માણસોનું ટોળું મારક હથિયારો સાથે આવી ચઢ્યું હતું અને પોલીસ કર્મીઓ સાથે મારામારી કરી હતી. જેથી ૩ પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. અને પકડેલા બંને લોકોને પોલીસ પક્કડમાંથી છોડાવી આ લોકો ફરાર થયા હતા. જતા-જતા માથાભારે ઈસમો કહેતા ગયા કે, 'મને પકડવા ગામમાં આવવાની ભૂલ કરશો નહીં તમારા પીએસઆઈ ઉપરતો ગાડી ચડાવી દીધી છે તમને ધારિયાથી કાપી નાખીશ તેવી ગર્ભીત ધમકીઓ આપી હતી.

**મફત ભરવાડ સહિત ચાર આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે : એસ.પી.**

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે લીંબાસીમાં બનેલી આ ઘટનાના મુખ્ય આરોપી મફત ભરવાડ સહિત ચાર આરોપીઓ ગુનાકીય ઈતિહાસ ધરાવે છે તેમને પકડી પાડવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી છે હાલમાં બે ફરિયાદો દાખલ થઈ છે.



અમદાવાદ શહેરમાં ફ્રેન્ડસ સ્પોર્ટસ કલબ દ્વારા એજયુકેશન એવોર્ડસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરીફ રાજપુતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ સાથે ઉપસ્થિત રહી ધોરણ ૧૦ અને ૧૨મા ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા હતા.

### ગુજરાતમાં રોજનું ૩.૧૯ લાખ લીટરથી વધુ દૂધનું ઉત્પાદન

# વિશ્વ દૂધ દિવસે રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓ તથા માર્ગદર્શન શિબિરો યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ જૂનનાં રોજ વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ કરીને ડેરી ક્ષેત્રનો વિકાસ કરવાનો અને દૂધના પૌષ્ટિક મૂલ્યો વિશે લોકોને સમજાવી દૈનિક આહારમાં દૂધના વપરાશનો સમાવેશ કરવાનો છે. આ સાથેજ વિશ્વમાં પોષણ આજીવિકા સંદર્ભે આર્થિક વિકાસ અને ટકાઉ વિકાસમાં ડેરી ઉદ્યોગના યોગદાનને મહત્વ આપવાનો હેતુ છે.

આ વર્ષે વિશ્વ દૂધ દિવસની થીમ વિશ્વને ગુણવત્તાયુક્ત પોષણ પહોંચાડવામાં ડેરીની ભૂમિકા રાખવામાં આવી છે. જેને ધ્યાને રાખીને સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેથી તેમાં વધુ વિકાસ સાધી શકાય. આજે પશુપાલકો માટે પશુપાલન ખાતા દ્વારા ગ્રામ્ય કક્ષાએ પશુ આરોગ્ય મેળાઓ તેમજ તાલુકા- જિલ્લા સ્તરે માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથેજ વૈજ્ઞાનિક ઢબે સ્થાનિક પશુનું જતન કરીને પશુઓને રોગો સામે રક્ષણ અપાવી રસીકરણ કરાવવામાં આવ્યું હતું. આજે રાજ્યમાં ૨૩ જેટલી ડેરીઓ દૂધ ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત છે જેમાં અમૂલ ડેરી મુખ્ય છે. ગુજરાતમાં આજે રોજનું ૩૧૯ લાખ લીટરથી વધુ દૂધનું ઉત્પાદન કરવામાં આવે છે. આજે ગામડાનો દરેક ખેડૂત આ વ્યવસાયને અપનાવીને સ્વાવલંબી બન્યો છે. ખેડૂતો દ્વારા પશુપાલન વ્યવસાયમાં ઊંડો રસ દાખવવાને કારણે જ આજે સમગ્ર દેશમાં શ્વેતક્રાંતિ આવી છે. દૂધની લાક્ષણિકતાઓ વિશે વાત કરીએ તો, WHO દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યુંછે કે દૂધ દરેક વ્યક્તિ માટે ખૂબ જ જરૂરી અને પોષણયુક્ત આહાર છે, દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું ૨૦૦થી ૨૫૦ મીલીલીટર જેટલું દૂધ દરરોજ લેવું જોઈએ, જેમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, પ્રોટીન, વિટામિન અને રાયબોફલેવિન જેવા પોષકતત્વો પ્રાપ્ત થાય છે, જે માનવી અને પશુઓના સ્વાસ્થ્યને લાંબાસમય સુધી પોષણયુક્ત રાખે છે.

### સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાતના સભ્યોને સર્વિસ ટેક્ષનું રિફંડ નહીં મળતા આંદોલનની ચીમકી

અમદાવાદ,તા.૩૧

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાત તેના મેનેજમેન્ટના જોહુકમીભર્યા અને મનસ્વી વર્તનના લીધે કલબના મેમ્બર્સના રોષનો ભોગ બની છે. કલબને તેના સભ્યો પાસેથી એકત્રિત કરેલા ચાર્જિસ પર સર્વિસ ટેકસ ચુકવવાની જરૂર નથી. એવા સુપ્રીમકોર્ટના ચુકાદાની પણ સ્પોર્ટસ કલબનું મેનેજમેન્ટ ધરાર અવગણના કરી રહ્યું છે. હજારો મેમ્બર્સને તેમણે ચુકવેલા સર્વિસ ટેકસનું રિફંડ હજી સુધી મળ્યું નથી અને કલબ તરફથી આ પેમેન્ટ કયારે મળશે તે અંગે સ્પષ્ટતા ન કરાય તો મેમ્બર્સે મોટાપાયે આંદોલનની ચીમકી આપી છે.

**આભાર**

અંજુમને એહબાબ ઈસ્લામ વકફ કમિટી ખંભાત વકફ રજિ.૦૧૬૩થી નોંધાયેલ ટ્રસ્ટ હતું. જેમાં માનનીય વકફ ટ્રિબ્યુનલ કોર્ટ દ્વારા ૨૭-૫-૨૦૨૪ના રોજ માનનીય જજ સાહેબના હુકમથી ટ્રસ્ટ (વકફ) રદ કરવામાં આવ્યો છે. આ કેસમાં વિદ્વાન **વકીલશ્રી આઈ.એમ.મલેક**ની દલીલોને ધ્યાનમાં રાખી અપીલ મંજૂર કરતો હુકમ કરેલ છે તે બદલ અમો તેમનો આભાર માનીએ છીએ અને ભવિષ્યની શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ.

સાદાબખાન એસ.પઠાન

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **અંસારી સબુનનીશા સલાઉદ્દીન** હતું તે બદલીને **અંસારી સબુન્નીશા સલાઉદ્દીન** રાખેલ છે.

સરનામું :- ૨૮૩/૮૪/૧૭૩, દોસમખાન પઠાનની ચાલી, B-S અહેબાબનગર, મિલ્લતનગર, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૨૮

# 'મનુસ્મૃતિ સામે બંને નેતાઓ એક થયા' : ભુજબલે ભાજપના વિરોધનો સામનો કરી રહેલા તેમના હરીફ NCP કેમ્પના ધારાસભ્ય આવ્હાડને સમર્થન આપ્યું

## મહારાષ્ટ્રના પૂર્વ પ્રધાને મુંબ્રા-કાલવાના ધારાસભ્યનો બચાવ કર્યો હતો, જેઓએ વિરોધ દરમિયાન આંબેડકરની ભૂલથી તસવીર ફાડી નાખી હતી, આ બંને OBC નેતા છે



(એજન્સી) મુંબઈ, તા.૩૧

લોકસભાના પરિણામો પહેલાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના જૂથના બે નેતાઓએ મહારાષ્ટ્ર શાળા અભ્યાસક્રમમાં હિન્દુ ધર્મગ્રંથ 'મનુસ્મૃતિ'માંથી અમુક શ્લોકો સામેલ કરવા માટે તેમનો વિરોધ દર્શાવ્યો છે. અજિતપવારની આગેવાની હેઠળની NCPના વરિષ્ઠ નેતા અને મહાયુતિ સરકારમાં મંત્રી છગન ભુજબલે ગુરૂવારે NCP (શરદચંદ્ર પવાર)ના નેતા જીતેન્દ્ર આવ્હાડનો બચાવ કર્યો હતો. ભાજપના કાર્યકરોએ તેમના દ્વારા ભૂલથી આંબેડકરની તસવીર ફાડવા બદલ તેમની સામે વિરોધ કરી રહ્યા હતા. આવ્હાડે ભુજબલના સમર્થન બદલ આભાર માન્યો હતો.

બુધવારે મહાડના ચાવદર તળાવ ખાતે મનુસ્મૃતિની નકલ બાળતી વખતે આવ્હાડે આકસ્મિક રીતે એક ચિત્ર ફાડી નાખ્યું હતું. આંબેડકરે ૧૯૨૭માં અસ્પૃશ્યતા સામે વિરોધ કરવા અને તમામ માટે જાહેર સંસાધનોની સમાન પહોંચની ખાતરી કરવા માટે સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું હતું. રાજ્યના શૈક્ષણિક અભ્યાસક્રમમાં ધર્મગ્રંથમાંથી કેટલીક કલમો સામેલ કરવાના પ્રસ્તાવનો વિરોધ કરવા માટે આવ્હાડ ત્યાં આવ્યા હતા.

તેણે તે જ દિવસે તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક વીડિયો સંદેશ દ્વારા જાહેરમાં માફી માંગી હતી અને કહ્યું કે, ગુસ્સામાં મેં અને કેટલાક કાર્યકર્તાઓએ કેટલાક પોસ્ટરો ફાડી નાખ્યા હતા, જેના પર 'મનુસ્મૃતિ' લખેલું હતું જેમાં બાબાસાહેબ આંબેડકરનો ફોટો પણ હતો. અમે આ બધું જાણી જોઈને નથી કર્યું. હું મારી ભૂલ અને મારા કાર્યકર્તાઓની ભૂલ માટે જાહેરમાં માફી માંગુ છું. હું એવી વ્યક્તિ છું જેણે મારા સમગ્ર જીવનમાં બાબાસાહેબને મારા આદરણીય પિતા તરીકે જોયા છે.

ભાજપના સભ્યોએ તેમના પૂર્વ સાથીદાર સામે આંદોલન શરૂ કર્યા પછી ભુજબલે આવ્હાડના બચાવમાં કહ્યું કે, મુંબ્રા-કાલવાના ધારાસભ્ય સારા ઈરાદા સાથે ચાવદર તળાવ પર ગયા હતા અને તેમની ભૂલ માટે માફી માંગી હતી. જિતેન્દ્ર આવ્હાડ મનુસ્મૃતિ બાળવાના ઈરાદા સાથે ત્યાં ગયા હતા. તેમણે ચિત્રને જોયા વગર પણ ફાડી નાખ્યું. તેમણે માફી પણ માંગી. પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે, અમે શાળાના શિક્ષણમાં મનુસ્મૃતિ ઈચ્છતા નથી. ગયા અઠવાડિયે મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગે તેની સત્તાવાર વેબસાઈટ પર એક ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો જેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અનુસંધાનમાં ધો.૩-૧૨ના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દરખાસ્તોમાંની એક મનુસ્મૃતિમાંથી લેવામાં આવેલા વડીલોના આદર અંગેના સંસ્કૃત શ્લોકથી શરૂ કરીને 'મૂલ્ય શિક્ષણ અને સ્વભાવ' પર એક પ્રકરણ રાખવાનો છે.

શાળા શિક્ષણ પ્રધાન દીપક કેસરકરે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ડ્રાફ્ટ તૈયાર કરનાર સ્ટીયરિંગ કમિટીએ રાજ્ય સરકારની મંજૂરી વિના તેને જાહેર ડોમેનમાં મૂક્યો હતો અને 'સરકાર કોઈપણ ટેક્સ્ટનો પ્રચાર કરવા માંગતી નથી.' ભુજબળ અગાઉ પણ મનુસ્મૃતિના શ્લોકો સહિત આ ડ્રાફ્ટ અભ્યાસક્રમ વિરુદ્ધ બોલ્યા હતા. તેમણે કહ્યું કે, અમે સરકારમાં શાહુ, ફૂલે, આંબેડકરની વિચારધારામાં માનતા પક્ષ તરીકે જોડાયા છીએ અને તેથી શાળાના પાઠ્યપુસ્તકોમાં મનુસ્મૃતિનો સમાવેશ ક્યારેય સહન કરવામાં આવશે નહીં. જ્યાં સુધી અમે સરકારમાં છીએ ત્યાં સુધી અમે મનુસ્મૃતિને શાળાઓમાં ભણાવવા નહીં દઈએ. ભુજબલે ભૂતકાળમાં પણ તેમની સરકાર સામે પ્રહાર કર્યો હતો જ્યારે મહાયુતિ સરકાર મરાઠા ક્વોટાના નેતા મનોજ જરંગે પાટીલની માગણી મુજબ અન્ય પછાત વર્ગો (ઓબીસી) કેટેગરી હેઠળ પાત્ર મરાઠાઓને કુણબી તરીકે અનામત આપવા સંમત થઈ હતી. મહારાષ્ટ્રના સૌથી અગ્રણી ઓબીસી નેતાઓમાંના એક, ભુજબલે આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. આવ્હાડે ભુજબલને સમર્થન આપવા બદલ આભાર માનતા કહ્યું કે, તમે જે રીતે મારી સાથે ઊભા રહ્યા છો તેના માટે હું હંમેશ માટે આભારી રહીશ.

# ધક્કા મારીને બહાર કાઢવામાં આવ્યા, મત આપતા રોકવામાં આવ્યા : મહારાષ્ટ્રના બીડમાં મતદાન બૂથ પર કબજો કરવામાં આવ્યો : મતદારો અને વિપક્ષનો દાવો

## ચૂંટણી પંચને લખેલા પત્રમાં ઈન્ડિયા બ્લોકના ઉમેદવારે ૩૮ ગામોમાં બૂથ કબજે કરવાનો આરોપ લગાવ્યો છે






(એજન્સી) તા.૩૧

લોકસભાની ચૂંટણી દરમિયાન ૧૩ મેના રોજ, પારલીના મહારાષ્ટ્રિયન શહેરમાં રહેતા એક ખેડૂત શારદા નગરની પ્રાથમિક શાળામાં તેમના મત આપવા માટે તેમના નિયુક્ત મતદાન બૂથ પર ગયા. તેઓએ તેની આંગળી શાહી લગાવી હતી પરંતુ તે બેલેટ મશીન પર પહોંચે તે પહેલાં, તેને કેટલાક માણસો જે ચૂંટણી અધિકારીઓ ન હતા દ્વારા આ સ્થાન છોડવાનું કહેવામાં આવ્યું હતું અને તેમના કહ્યું કે, તેઓએ મને બૂથની બહાર ધકેલી દીધો હતો. તેણે તેના પરિવારની સલામતીના ડરથી બેલેટ મશીન પાસે જવા માટે વધુ પ્રયત્નો કર્યા ન હતા અને મારો પરિવાર અને હું ચાલ્યા ગયા, ચૂંટણી અધિકારી સ્થળ પર હાજર હતા પણ તેઓ કંઇ કરી શક્યા નહીં. અમે કોઈ જોખમ લેવા માંગતા ન હતા. બીડ લોકસભા મત વિસ્તારના છ વિધાનસભાના ભાગોમાંના પારલીના કેટલાક મતદારોએ તેમના મતના અધિકારનો ઉપયોગ ન કરવાનો સમાન અનુભવ કહ્યો હતો. વિપક્ષના કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે મહાયુતી એલાયન્સ-ભારતીય જનતા પાર્ટી અને અજિત પવારની આગેવાની હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પક્ષના કાર્યકરો દ્વારા મતદારોને ધમકી આપવામાં આવી હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના નેતાએ ચૂંટણી પંચને લખેલા પત્રમાં કહ્યું છે કે, પરલી એસેમ્બલીના ૩૩ ગામોમાં બૂથ કબજે કરવામાં આવ્યા છે. ઘણા મતદારો ગયા હતા અથવા તેમના મત આપવાની મંજૂરી આપ્યા વિના અથવા બોગસ મતો આપ્યા વિના તેમની આંગળીઓ પર શાહી લગાવી દીધી હતી. ધર્મપુરીમાં એક મુસ્લિમ મહિલાએ કહ્યું કે તેની આંગળી પર શાહી લાગી ગઈ હતી અને કોઈ બીજાએ તેના વતી મત આપ્યો હતો. ધર્મપુરીમાં લગભગ ૧૦૦૦ મુસ્લિમ મતદારો છે. ૧૩ મેના રોજ, સોનાવાને ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી હતી અને પાર્લી, માજલગાંવ અને કૈજના કેટલાક બૂથમાં ફરી ચૂંટણીની માંગ કરી હતી. ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ધર્મપુરી ગામના મુસ્લિમો અને જિરવાડી ગામના પછાત વર્ગના મતદારોને મત આપવાની મંજૂરી આપવામાં આવી નથી. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી કમિશનરે જિલ્લા ચૂંટણી અધિકારીને ૪૮ કલાકની અંદર અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. સોનાવાને પુરાવા તરીકે ચૂંટણી પંચને એક ડઝન વિડિઓ મોકલ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચને એક અહેવાલ મોકલ્યો હતો જેમાં જણાવ્યું હતું કે રિપોલની જરૂર નથી. જિલ્લા કલેકટર દીપામુંડેએ જણાવ્યું હતું કે, અમને જે પણ વિડિઓઝ સબમિટ કરવામાં આવ્યા છે તે બૂથ કેપ્ચરિંગ દર્શાવતા નથી તે ફક્ત બૂથમાં ભીડ બતાવે છે. મતદારોના આક્ષેપો વિશે પૂછવામાં આવતા મુંડેએ જણાવ્યું હતું કે મતદાન અધિકારીઓએ કોઈ ગેરરીતિ નોંધાવી નથી. સોનાવાને કહ્યું કે જો ફરીથી ચૂંટણીની ઘોષણા કરવામાં નહીં આવે તો તે કોર્ટનો સંપર્ક કરશે.

# ભારતે બ્રિટનની તિજોરીમાં મૂકી રાખેલું ૧૦૦ ટન સોનું પાછું મંગાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં જ સોનાની જંગી ખરીદી કરી છે. જેની સાથે યુકેના વેરહાઉસમાં જમા સોનું ભારતમાં સ્થળાંતરિત કરવાની કવાયત્ પણ હાથ ધરી છે.બેંકે બ્રિટનમાંથી ૧૦૦ ટનથી વધુ સોનું દેશમાં તેના રિઝર્વ વેરહાઉસમાં શિફ્ટ કર્યું છે.

૧૯૯૧ પછી પ્રથમ વખત આરબીઆઈએ તેના સ્થાનિક અનામતમાં આટલું સોનું જમા કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દેશની અંદર સોનાનો સંગ્રહ કરવા પાછળ લોજિસ્ટિકલ કારણો છે. ઉપરાંત આરબીઆઈએ તેના સ્ટોરેજમાં વિવિધતા લાવી રહી છે. તાજેતરના ડેટા મુજબ માર્ચના અંતે આરબીઆઈ પાસે ૮૨૨.૧ ટન સોનું હતું. તેમાંથી ૪૧૩.૮ ટન સોનું આરબીઆઈ દ્વારા વિદેશમાં રાખવામાં આવ્યું છે. ગયા નાણાકીય વર્ષમાં આરબીઆઈએ તેના ભંડારમાં ૨૭.૫ ટન સોનું ઉમેર્યું હતું.

વિશ્વભરની સેન્ટ્રલ બેંકો પરંપરાગત રીતે બેંક ઓફ ઈંગ્લેન્ડના વેરહાઉસમાં સોનાનો સંગ્રહ કર્યો છે. ભારત પણ આમાંથી બાકાત નથી. બેંક ઓફ ઈંગ્લેન્ડે આઝાદી પહેલાના દિવસોથી ભારતના સોનાનો કેટલોક સ્ટોક રાખ્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે, આરબીઆઈએ થોડા વર્ષો પહેલા સોનું પાછું મંગાવવાની કવાયત્ હાથ ધરી હતી. જેનો દેશમાં સુરક્ષિત સંગ્રહ કરવા પર સમયાંતરે કામગીરી થઈ રહી છે. વિદેશમાં સ્ટોક એકઠો થતો હોવાથી તેમાંથી અમુક સોનું ભારતમાં લાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૯૯૧માં ચંદ્રશેખર સરકારે ચૂકવણીની સંતુલન સંકટનો સામનો કરવા માટે આ કિંમતી ધાતુને ગીરો રાખવી પડી હતી. ત્યારથી સોનું મોટાભાગના ભારતીયો માટે ભાવનાત્મક મુદ્દો છે. આરબીઆઈએ લગભગ ૧૫ વર્ષ પહેલા ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસેથી ૨૦૦ ટન સોનું ખરીદ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેણે ખરીદી દ્વારા તેના સોનાના સ્ટોકમાં સતત વધારો કર્યો છે. 'આ અર્થતંત્રની મજબૂતાઈ અને આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે, જે ૧૯૯૧ની પરિસ્થિતિથી તદ્દન વિપરીત છે.' એક સૂત્રએ જણાવ્યું હતું, પરંતુ વિદેશથી ૧૦૦ ટન સોનું લાવવું એ એક મોટી લોજિસ્ટિકલ કવાયત્ હતી. માર્ચના અંતમાં દેશમાં હાજર સોનાના સ્ટોકનો આ લગભગ ચોથો ભાગ છે. એટલા માટે તેને મહિનાઓના આયોજન અને ચોક્કસ અમલની જરૂર હતી. આ માટે નાણા મંત્રાલય, આરબીઆઈ અને કેટલીક સરકારી સંસ્થાઓ અને સ્થાનિક સત્તાવાળાઓ વચ્ચે સંકલનની જરૂર છે.

સૌપ્રથમ, આરબીઆઈને દેશમાં સોનું લાવવા માટે કસ્ટમ ડ્યુટીમાં છૂટ મળી છે. આ રીતે કેન્દ્રને આ સોવરિન એસેટ્સ પર




થતી વસૂલાત દૂર કરી હતી. પરંતુ સંકલિત GSTમાંથી કોઈ મુક્તિ મળી ન હતી. આ ટેક્સ આયાત પર લાદવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે, આ ટેક્સ રાજ્યો સાથે વહેંચાયેલો છે.

સોનાનો જંગી જથ્થો લઈ જવા માટે ખાસ વિમાનની પણ જરૂર હતી. આ માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પગલાંથી આરબીઆઈને સ્ટોરેજ ખર્ચમાં થોડી બચત કરવામાં પણ મદદ મળશે. જો કે, આ રકમ બહુ વધારે નથી. દેશની અંદર આ સોનું મુંબઈ તેમજ નાગપુરમાં મિન્ટ રોડ સ્થિત આરબીઆઈની જૂની ઈમારતમાં રાખવામાં આવ્યું છે.

# શું તમારૂં હેલ્મેટ તમારૂં માથું બચાવે તેટલું મજબૂત છે ? પોલીસ અને નિષ્ણાતો કહે છે કે, ઘણીવાર નથી હોતું

## ગુણવત્તા વગરના હેલ્મેટ પહેરેલા દ્વિચકી વાહનચાલકો સાથે વધી રહેલા માર્ગ અકસ્માતોનું બેંગ્લુરૂ સાક્ષી છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩૧

ટ્રાફિક નિયમના ભંગમાં પકડાઈ જવાના ડરથી બેંગ્લુરૂના કોઈપણ ટ્રાફિક જંક્શન પર અડધાથી વધુ ટુ-વ્હીલર સવારો ગુણવત્તા વગરના હેલ્મેટ પહેરે છે. તે તેમના પોતાના માથાની સલામતીને ગૌણ ગણે છે અને ફક્ત કાયદાની નજરથી બચવા માટે આ હેલ્મેટ પહેર્યા હોવાનું ફલિત થાય છે. તાજેતરના વર્ષોમાં બેંગ્લુરૂમાં માર્ગ અકસ્માતમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે, જેમાંથી હેલ્મેટ વિનાના રાઈડર્સ ઉપરાંત હલકી ગુણવત્તાના હેલ્મેટના ઉપયોગ કરનારાઓનો સમાવેશ થાય છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સિસ (NIMHANS) અને બેંગ્લોર ટ્રાફિક પોલીસ (BTP) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં બહાર આવ્યું છે કે, બેંગ્લુરૂમાં હેલ્મેટ પહેરેલા ૮૦% સવારોમાંથી માત્ર ૨૫%-૩૦% જ પ્રમાણભૂત હેલ્મેટ પહેરે છે.

કડક ટ્રાફિક નિયમો અને જાગરૂકતા ઝુંબેશને કારણે ઘણા રાઈડર્સ તેનાથી બચવા ઘણીવાર સલામતીને નેવે મૂકીને ગુણવત્તા વગરના અને સગવડતાવાળા હેલ્મેટને પ્રાથમિકતા આપે છે. બીટીપીના અહેવાલ મુજબ હલકી ગુણવત્તાના હેલ્મેન્ટના ઉપયોગને કારણે અકસ્માત મૃત્યુદરમાં ૨૧%નો વધારો થયો છે. BTP રિપોર્ટ કહે છે કે, વર્ષ ૨૦૨૧-૨૦૨૩ વચ્ચે હેલ્મેટ પહેર્યા હોવા છતાં બાઈક સવારોના મૃત્યુમાં ૨૧%નો વધારો થયો છે. અહેવાલમાં જણાવાયું છે કે, એકલા ૨૦૨૩માં ૩૬૯ મૃત્યુ નોંધાયા હતા અને કોઈપણ પ્રકારની હેલ્મેટ વિનાના સવારોના મૃત્યુ માત્ર ૧૮૪ હતા. ધ હિન્દુ સાથે વાત કરતા જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (ટ્રાફિક), એમ.એન. અનુચેથે જણાવ્યું હતું કે, BTPએ નોંધાયેલા ટ્રાફિક નિયમન ઉલ્લંઘનોમાંથી ૫૦% હેલ્મેટના ઉલ્લંઘન સાથે સંબંધિત છે. અમે પ્રમાણભૂત હેલ્મેટના ઉપયોગ માટે વિનંતી કરતા રહીએ છીએ અને તેને લાગુ પણ કરાવી રહ્યા છીએ. તમે જો અમે નોંધેલા ટ્રાફિક નિયમન ઉલ્લંઘનોના કેસ પર નજર કરો તો તેમાંથી ૫૦% કેસ ફક્ત હેલ્મેટના ઉલ્લંઘન સાથે સંકળાયેલા છે. અમે જાણીએ છીએ કે હજી ઘણું કરવાની જરૂર છે, પરંતુ લોકોએ તે સમજવાની જરૂર છે આ તેમણે પોતે કરવું પડશે બીજુ કોઈ કરી શકે નહી.

**ન્યુરોલોજીકલ સમસ્યા :-** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સિસ (NIMHANS)ના પૂર્વ ડિરેક્ટર ડૉ.જી. ગુરૂરાજે જણાવ્યું હતું કે, ગુણવત્તા વગરના હેલ્મેટનો ઉપયોગ ગંભીર ન્યુરોલોજીકલ સમસ્યાઓ તરફ દોરી શકે છે. માથામાં થયેલી નાની અમથી ઈજા આગળ જતા મગજના હેમરેજની અતિ ગંભીર સ્થિતિનું નિર્માણ કરી શકે છે. અન્ય તકલીફો જેવી કે આંશિક યાદશક્તિમાં ઘટાડો, વાણીની સમસ્યાઓ, સમજણશક્તિ અને જેની સારવાર કરવી ખૂબ જ મુશ્કેલ હોય તેવી બીમારીમાં બદલાઈ શકે છે. તેમણે સમજાવ્યું, 'કોઈપણ ટુ-વ્હીલર અકસ્માતમાં ચાલક અથવા પાછલી સીટ પર બેઠેલી વ્યક્તિ બાજુમાં અથવા આગળ ફંગોળાઈને અથડાઈ જતી હોય છે અને કોઈપણ માર્ગ અકસ્માતની અસરમાં ઉત્પન્ન થયેલી ઊર્જા માનવ શરીરમાં ટ્રાન્સફર થાય છે. હેલ્મેટની ગાદી આંતરિક સ્તર પર આ ઊર્જાને શોષી લે છે અને બાહ્ય શેલ સખત અસરની સામે રક્ષણ આપે છે.' NIMHANS અને BTPએ કરેલા અભ્યાસને ટાંકીને તેમણે જણાવાયું કે, 'બેંગ્લુરૂમાં માત્ર ૨૫-૩૦% રાઈડર્સ સ્ટાન્ડર્ડ હેલ્મેટ પહેરે છે, ઘણા રાઈડર્સ નબળી ગુણવત્તાની હેલ્મેટ પહેરે છે. અમે નોંધ્યું છે કે, ઘણા વાહનચાલક અથવા પાછળ બેઠેલા, કેપ હેલ્મેટ, ક્રિકેટ હેલ્મેટ અથવા ઘોડેસવારી હેલ્મેટ પહેરે છે. લોકોએ સમજવું અગત્યનું છે કે, જ્યારે તમે આ પ્રકારના હેલ્મેટ સાથે અથડાવ છો ત્યારે તેનાથી મગજને ગંભીર ઈજા થઈ શકે છે અથવા તો ક્યારેક સ્થળ પર જ મૃત્યુ પણ થઈ શકે છે. ન્યુરો સ્પાઈન ડોક્ટરના સ્થાપક અને સ્પર્શ હોસ્પિટલના ટ્રોમા ન્યુરોસર્જન ડૉ.જગદીશ ચટ્ટનાલ્લીએ જણાવ્યું હતું કે, પ્રમાણભૂત હેલ્મેટ પણ અથડાવાથી તૂટી શકે છે પરંતુ તેનો અર્થ એ નથી કે, તમે બિન-ગુણવત્તાવાળી હેલ્મેટનો ઉપયોગ કરી શકો છો. હેલ્મેટની ભૂમિકા ઊર્જાનું શોષણ કરવાની તેને બહાર ફેંકી દેવાની છે. તે આ ઊર્જાને મગજમાં સ્થાળાંતરિત કરતી નથી. જે બિન-ગુણવત્તાવાળી હેલ્મેટ કરી શક્તી નથી. કેપ હેલ્મેટ અત્યંત હાનિકારક છે તે માથાના નાજુક વિસ્તારોને સુરક્ષિત કરતી નથી. ખોપરીમાં કપાળ અને કાનની વચ્ચેની બાજુનું હાડકાવાળો વિસ્તાર સૌથી નાજુક વિસ્તાર હોય છે. આ જગ્યા અન્યની તુલનામાં ખૂબ પાતળો હોય છે, જેને અસર થતાં તેમાં સરળતાથી નુકસાન થઈ શકે છે.'



ડોક્ટરે એમ પણ કહ્યું કે, રાઈડર્સે ખાતરી કરવી જોઈએ કે, તે યોગ્ય કદના જ હેલ્મેટ જે તેમને ફીટ બેસી જાય તેને જ પહેરે. જે હેલ્મેટ ખૂબ ઢીલું અથવા ખૂબ ચુસ્ત હોય તે પણ માથા માટે જરૂરી રક્ષણ આપતું નથી.

**લાંબાગાળાની અસર :-** ડૉ.ચટ્ટનલી સમજાવે છે કે, ગુણવત્તા વગરની બિન-પ્રમાણભૂત હેલ્મેટ માત્ર સવારી માટે જ અસુરક્ષિત નથી પણ લાંબાગાળે વધારાની આડઅસરો આપી જાય છે. તેમણે ચેતવણી આપતા કહ્યું, 'અમે નોંધ્યું છે કે, હલકી-ગુણવત્તાવાળી હેલ્મેટને કારણે રાઈડર્સને ઘણી બધી આડઅસરમાંની એક એવી સર્વાઈકલ સ્પાઈન (ગરદનનો કરોડરજ્જુનો પ્રદેશ)માં પણ ઈજાઓ થાય છે. હેલ્મેટને ચોક્કસ સામગ્રી અને વજનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. આવા હેલ્મેટ બનાવતી વખતે જરૂરી વજન અને ભૌતિક ધોરણોનું પાલન કરવામાં આવે છે. પ્રમાણભૂત હેલ્મેટ સાથે પણ જો ચિન સ્ટ્રેપ યોગ્ય રીતે બાંધવામાં ન આવે તો તે ગરદન પર ખેંચાવની અસરને કારણે તે સર્વાઈકલ સ્પાઈનને ઈજા પહોંચાડે છે.'

# દિલ્હીમાં પાણીની અછત : તપતા સૂર્ય નીચે હજારો લોકો પાણીના ટેન્કરોની રાહ જોઈ રહ્યા છે, કેજરીવાલે કેન્દ્રને લખ્યો પત્ર

(એજન્સી) તા.૩૧

દિલ્હી પાણીની તીવ્ર કટોકટીનો સામનો કરી રહ્યું છે. પાણીની તંગીની ભયાનક સ્થિતિ વચ્ચે હજારો લોકો ઓછામાં ઓછી એક ડોલ ભરવાની આશામાં ધગધગતા સૂર્યમાં પાણીના ટેન્કરો આવવાની રાહ જુએ છે.

ચાણક્યપુરીના સંજય કેમ્પ વિસ્તાર અને ગીતા કોલોની વિસ્તાર સહિત દિલ્હીના કેટલાક વિસ્તારો પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યા છે. સેંકડો લોકો ટેન્કરમાંથી પાણી ભરવા માટે ફૂટપાથ પર લાઈન લગાવતા જોવા મળ્યા હતા.

કેટલાક તેમના વાસણ ભરવા માટે ટેન્કરની ટોચ પર જવા માટે કતાર કૂદતા જોવા મળ્યા હતા. બાળકો, પુરૂષો અને મહિલાઓ પણ પાણીના ટેન્કરની ઉપર ચઢતા જોવા મળ્યા હતા.

ચાણક્યપુરીના પાણીની તંગીનો સામનો કરી રહેલા અસરગ્રસ્ત વિસ્તારના રહેવાસી દીપક શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, 'અમને પાણીની જરૂર છે, નહીં તો અમે મરી જઈશું. અગાઉ છથી સાત પાણીના



ટેન્કર આવતા હતા, પરંતુ હવે માત્ર એક જ છે, જે સંકટને વધારે છે.'

કેટલાકને લાગે છે કે, સત્તાવાળાઓ તરસ્યા રહેવાસીઓને મદદ કરવા માટે કંઈ કરી રહ્યા નથી પરંતુ તેના બદલે રાજકીય નિવેદન બાજીમાં વ્યસ્ત છે. ચાણક્યપુરીના રહેવાસી અનુસાર આ વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ દાયકાથી પાણીની ભારે અછત જોવા મળી રહી છે.

પૂર્વ દિલ્હીની ગીતા કોલોનીના રહેવાસીઓએ પણ ફરિયાદ કરી છે કે, તેમને પૂરતો પાણી પુરવઠો મળતો નથી. તે બહુ મોટી સમસ્યા બની ગઈ છે, એક જ ટેન્કર આવે છે અને વસાહત એટલી મોટી છે. અમે સરકારને બે અરજીઓ લખી છે પણ ગરીબોનું કોણ સાંભળે છે ? અમારે પીવા માટે પાણી ખરીદવું પડે છે. એક બોટલ અમારે ૨૦ રૂપિયા થાય છે.

# નાણાકીય વર્ષ ૨૦૨૪માં બેન્ક છેતરપિંડીઓના કેસોમાં ૧૬૬%નો વધારો ૩૬,૦૦૦થી વધુ કેસો, રૂા.૧૩,૯૩૦ કરોડની છેતરપિંડી : RBI

## આ છેતરપિંડી મુખ્યત્વે ડિજિટલ પેમેન્ટ્સ (કાર્ડ/ઈન્ટરનેટ)ની કેટેગરીમાં થઈ છે

(એજન્સી) તા.૩૧

નાણાકીય વર્ષ ૨૪માં વર્ષ પર બેન્કિંગ છેતરપિંડીની સંખ્યામાં ૧૬૬ ટકાનો વધારો થયો છે. RBIના આ રિપોર્ટિંગ વર્ષમાં આવા કેઓની સંખ્યા, ૩૬,૦૦૦ને ઓળંગી ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૩માં નોંધાયેલા ૧૩,૫૬૪ કેસ કરતા વધુ છે. પરંતુ બેંકની છેતરપિંડીમાં રકમ પાછલા વર્ષ કરતા લગભગ અડધી થઈ ગઈ છે. પાછલા વર્ષે આ રકમ ૨૬,૧૨૭ કરોડ રૂપિયા હતી જે આ વર્ષે રૂા.૧૩,૯૩૦ કરોડ થઈ ગઈ છે. સેન્ટ્રલ બેંકે જણાવ્યું હતું કે પાછલા ત્રણ વર્ષમાં બેંક જૂથ મુજબના છેતરપિંડીના કેસોનું મૂલ્યાંકન સૂચવે છે કે ખાનગી ક્ષેત્રની બેંકોમાં મહત્તમ સંખ્યામાં છેતરપિંડી થઈ હતી, અને જાહેર ક્ષેત્રની બેંકોમાં છેતરપિંડીની રકમ સૌથી વધુ હતી. આ છેતરપિંડી મુખ્યત્વે ડિજિટલ પેમેન્ટ્સ (કાર્ડ/ઈન્ટરનેટ)ની કેટેગરીમાં અને મોટાભાગની છેતરપિંડીમાં મુખ્યત્વે લોન પોર્ટફોલિયોમાં નોંધાય છે. છેતરપિંડીના આ વિશ્લેષણમાં જાણ કરવામાં આવી છે કે છેલ્લા બે વર્ષોમાં




છેતરપિંડીની ઘટના અને તેની તપાસની તારીખ વચ્ચે નોંધપાત્ર રકમનો સમાવેશ થાય છે. અગાઉના નાણાકીય વર્ષોમાં બનેલી છેતરપિંડીની રકમ, મૂલ્યની દૃષ્ટિએ ૨૦૨૨-૨૩માં વધુ નોંધાયેલી હતી. એ જ રીતે, નાણાકીય વર્ષ ૨૪માં નોંધાયેલા ૮૯.૨ ટકા લોકોએ અગાઉના નાણાકીય વર્ષો માટેના કેસો નોંધાવ્યા હતા. આ અહેવાલમાં જણાવાયું છે કે નાના મૂલ્ય સાથે કાર્ડ/ઈન્ટરનેટ છેતરપિંડીઓ સાથે ખાનગી ક્ષેત્રની બેંકોમાં છેતરપિંડીની સંખ્યામાં મહત્તમ હતી. જાહેર ક્ષેત્રની બેંકોમાં આ છેતરપિંડી મુખ્યત્વે લોન પોર્ટફોલિયોમાં થઈ હતી.

સરપંચ-ડે.સરપંચ હજયાત્રાએ જવાના હોવાથી

# અંકલેશ્વરના પીરામણ ગામના પંચાયત સભ્યને ડે.સરપંચનો ચાર્જ સોંપાયો

અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વર તાલુકાના પીરામણ ગામના સરપંચ તથા ડે. સરપંચ હજયાત્રાએ રવાના થવાના હોય તેઓએ પીરામણ ગ્રામ પંચાયતના સભ્ય હાફિઝુદ્દીન કાનુગાને વિધિવત ચાર્જ સોંપાયો હતો.



(તસવીર :- મુનિર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર તાલુકાના પીરામણ ગ્રામ પંચાયતના સરપંચ ઝેબુન્નિશા ઈમરાન પટેલ તથા ડે. સરપંચ ઈમરાનભાઈ પટેલ ચાલુ સાલે હજજે બયતુલ્લ્લાહ રવાના થવાના હોય ગામના વિકાસ અવિરત રહે તથા પંચાયતની કામગીરીમાં કોઈપણ જાતની તકલીફ ન ઊભી થાય, જે હેતુસર આજરોજ પંચાયતના જાગૃત સભ્ય અને છેલ્લા ત્રણ ટર્મથી બિનહરીફ સભ્ય તરીકે ચૂંટાતા હાફિઝુદ્દીન ગુલામ મોહમદ કાનુગાને વિધિવત ચાર્જ સોંપાયો હતો.

જેઓએ આ ચાર્જ લેતી વખતે જણાવ્યું હતું કે, અમારા ગામમાં વિકાસ ન અટકે તથા લોક કલ્યાણની કામગીરી અવિરત રહે તે હેતુ સર મને જે ઉપસરપંચ પદનો ચાર્જ સોંપાયો છે. જેમાં નિષ્ઠાપૂર્વક કામગીરી નિભાવીશ અને ગામના તમામ સમાજના કામોને આગળ વધારીશ તેવી ખાતરી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ગ્રામ પંચાયતના તમામ સભ્યો હાજર રહ્યા હતા અને તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી હાજર રહીને કામગીરી સંભાળી હતી અને ચાર્જ સોંપાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હાફિઝુદ્દીન કાનુગાના મર્હૂમ પિતા પણ હાંસોટ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

# અમરેલીમાં ફાયર સેફટી ન હોવાને લીધે વધુ બે બિલ્ડીંગો સીલ



અમરેલી, તા.૩૧

અમરેલીમાં ફાયર સેફટી મુદ્દે સતત કામગીરી શરૂ રાખવામાં આવેલ છે, ત્યારે આજે વધુ બે બિલ્ડીંગોને ફાયર સેફટીના અભાવે સીલ કરવામાં આવેલ હતી. શહેરની મધ્યમાં આવેલ આકાર કોમ્પ્લેક્સ તેમજ બુરહાની કોમ્પ્લેક્સને ફાયર સેફટી વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ હતી. આ બંને બહુમાળીયા બિલ્ડીંગોના માલિકોને અગાઉ નોટિસો આપવામાં આવેલ હતી તેમ છતાં તેઓએ ફાયર સેફટીને લગતી એનઓસી નહીં મેળવતા આજે સીલ થઈ હતી. આજે શહેરની મધ્યમાં નાગનાથ બસ બસ સ્ટેન્ડ પાસે આવેલ આકાર કોમ્પ્લેક્સ તેમજ હરી રોડ ઉપર આવેલ બુરહાની કોમ્પ્લેક્સમાં ફાયર સેફટી ના હોવાથી સીલ મારવામાં આવેલ હતી. અગાઉ આ બંને બહુમાળીએ બિલ્ડીંગ માલિકોને ફાયર સેફટીની સુવિધા ના હોવાથી તેમને એનઓસી મેળવવા નોટિસો પાઠવી હતી તેમ છતાં ફાયર સેફટીને લગતી સુવિધા ઊભી નહીં કરતા આજે આ બંને બિલ્ડીંગોને સીલ કરવામાં આવેલ હતી.

ગોંડલના ભાજપના ધારાસભ્યના પુત્ર સામે નોંધાયો ગુનો

# NSUI નેતાનું અપહરણ કર્યા બાદ નગ્ન કરી ઢોરમાર મારી વીડિયો બનાવ્યો

## ક્ષત્રિય અગ્રણી જયરાજસિંહના પુત્ર સહિત ૧૦ જણા સામે આરોપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ/જૂનાગઢ, તા.૩૧

ગોંડલના ભાજપના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિતની ટોળકી સામે જૂનાગઢમાં અપહરણ અને હત્યાના પ્રયાસની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જૂનાગઢ NSUI પ્રમુખનું ત્રણ કારમાં અપહરણ કર્યા બાદ ગોંડલના 'ગણેશગઢ' ખાતે લઈ જઈ આરોપીઓએ ભોગ બનનારનાં કપડાં કાઢી ઢોર માર માર્યો હતો અને તેનો વીડિયો બનાવી વાઈરલ કરવાની ધમકી આપી હતી. ભોગ બનનારને ઢોર માર મારી જૂનાગઢમાં ઉતારી આરોપી નાસી છૂટ્યા હતા. આ મામલે ભોગ બનનાર દ્વારા ગણેશ જાડેજા સહિતના આરોપીઓ સામે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અત્યંત ચર્ચાસ્પદ એવા આ બનાવ અંગે ભોગ બનનાર સંજય રાજુભાઈ સોલંકીએ ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, હું અને મારો છોકરો ૩૦ તારીખે રાત્રે કાળવા ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળુભાના પૂતળા પાસે પહોંચતા પાછળથી એક ફોર વ્હીલર કાર એકદમ સ્પીડમાં આવેલ અને મારી નજીક પહોંચી બ્રેક મારી હતી. જેથી મેં કારચાલકને વ્યવસ્થિત ચલાવવાનું કહેતા તે લોકોએ ઝઘડો કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, મારો છોકરો મારી સાથે હોઈ મેં કહ્યું હતું કે, હું મારા છોકરાને ઘરે મૂકીને આવું છું. ત્યારબાદ હું મારી બાઈક લઈને ત્યાંથી રવાના થઈ ગયો હતો અને મારા ઘર પાસે પહોંચતા આ ફોર વ્હીલરનો ચાલક અને તેની સાથે બીજી એક ફોર વ્હીલર મારી પાછળ મારા ઘર પાસે આવી હતી. આ બંને કારમાંથી આશરે દશેક માણસો નીચે ઊતર્યા હતા અને મારી સાથે ઝઘડો કરવાની તૈયારીમાં હતા તેવામાં મારા પિતા આવી ગયા હતા. આ કારમાં એક માણસ બેઠો હતો જે માણસને જોતા આ માણસ ગોંડલનો ગણેશ જયરાજસિંહ જાડેજા હતો. તેને હું ઓળખી ગયેલ અને તેની સાથે તેના બીજા માણસો હતા તેને હું ઓળખતો નથી. પરંતુ, મને બતાવવામાં આવે તો જોઈ ઓળખી શકું છું. ત્યારે ગણેશ જાડેજાને મારા પિતા ઓળખતા હોવાથી અમારા વચ્ચે મારા પિતાએ સમાધાન કરાવેલ અને આ લોકો જતા રહ્યા હતા. ત્યારબાદ હું રાત્રિના સમયે મારા ઘર પાસેથી બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે આ લોકો ફરી પોતાની ફોર વ્હીલર કારમાં ધસી આવ્યા હતા અને મારી મોટર સાઈકલને ટક્કર મારી મને નીચે પછાડી દીધો હતો. કારમાંથી પાંચેક શખ્સોએ નીચે ઊતરી મને લોખંડના પાઈપ વડે મારવા લાગ્યા હતા. તેની પાછળ પણ બે કાર આવી હતી. તેમાંથી પણ માણસો નીચે ઊતર્યા હતા અને મને ઉપાડીને કારમાં બેસાડી દીધો હતો અને કારને ગોંડલ બાજુ લઈ ગયા હતા.

જેમાં એક અવાવરૂં વાડી વિસ્તારમાં લઈ ગયા હતા અને ત્યાં નીચે ઉતારી મને માર મારતા હતા અને મારી જાતિ વિષે ખરાબ ટિપ્પણીઓ કરી હતી. ત્યારબાદ ગણેશે મને પાછો તેની કારમાં બેસાડી દીધો હતો અને ગોંડલ તેના ઘરે ગણેશગઢમાં લઈ ગયા હતા. ત્યાં પણ પાંચ છ માણસો હાજર હતા. ત્યારે ગણેશના માણસોના હાથમાં પિસ્તોલ જેવા હથિયાર અને લોખંડના પાઈપ હતા. આ ગણેશ જાડેજાના માણસો મને તેની ઓફિસમાં લઈ ગયેલ અને ગણેશના કહેવાથી તેના માણસોએ મારાં કપડાં કાઢી નાખેલ હતાં. મને આડેધડ ઢીકાપાટુનો માર મારી તેનો વીડિયો ઉતારી લીધો હતો અને મારી પાસે માફી મંગાવેલ અને કહેલ કે, જૂનાગઢ NSUI કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેજે અને આ બાબતે જો તું ફરિયાદ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેમ ધમકી આપેલ હતી. તે પછી મને પાછો એક ફોર વ્હીલ કારમાં બેસાડી જૂનાગઢ ભેંસાણ ચોકડી કિયાના શોરૂમ પાસે ઉતારીને જતા રહ્યા હતા. ફરિયાદીના પિતા રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગઈકાલે ત્રણ વાગ્યે જૂનાગઢ દાતાર રોડ વિસ્તામાંથી મારા છોકરાનું ગોંડલના ધારાસભ્ય ગીતાબેન અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો દીકરો ગણેશ અને એના માણસો ત્રણ ફોર વ્હીલરમાં અપહરણ કરી ગયા હતા. બાદમાં 'ગણેશગઢ'માં લઈ જઈ મારા છોકરાને નગ્ન કરીને માર માર્યો હતો. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપી પાછો જૂનાગઢ ભેંસાણ ચોકડી ઉતારી દીધો હતો. આ અંગે અમે જૂનાગઢ પોલીસને જાણ કરી પોલીસને સીસીટીવી પણ આપ્યા છે. આ અંગે અમે જયરાજસિંહના છોકરા સહિત ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, ગણેશ જાડેજા સહિતના ૧૦ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ભોગ બનનારને જૂનાગઢમાંથી અપહરણ કરી ગોંડલ તરફ લઈ ગયા હતા. આરોપીઓ સામે એટ્રોસિટી, હત્યાનો પ્રયાસ, અપહરણ, રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એલસીબી, એસઓજી સહિતની ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મુસ્લિમ યુવા સંગઠને કેન્ડલમાર્ચ યોજી

# વડોદરાની હરણી લેકઝોન સહિત રાજ્યની મોટી દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા , તા.૩૧

વડોદરા જિલ્લા મુસ્લિમ યુવા સંગઠન દ્વારા આજરોજ રાજકોટ ગેમઝોન, હરણી લેકઝોન, સુરત તક્ષ શીલા, મોરબી ઝૂલતા પુલ તથા અમદાવાદ શ્રેય હોસ્પિટલ હોનારતમાં મૃત્યુ થયેલ લોકોને શ્રદ્ધાંજલિ આપવા પાણીગેટ થી એક કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં તમામ ધર્મ ના લોકો તેમજ હરણી લેક્ઝોન મોતને ભેટનાર માસૂમોના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને મૃતકોને શ્રદ્ધાંજલી આપી હતી. વડોદરા જિલ્લા મુસ્લિમ યુવા સંગઠન ના હાજી જુનેદ શેખ ની આગેવાની માં આજ રોજ સાંજે પાણીગેટ દરવાજા વાળી મસ્જિદ પાસે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા મીણબત્તી સળગાવી પાણીગેટ દરવાજા થી માંડવી સુધી કેન્ડલ માર્ચ યોજી હતી. ઉપસ્થિત લોકો દ્વારા આ તમામ ગોઝારી ઘટનાઓમાં માસૂમ લોકોના થયેલા મોત બદલ દોષિતોને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. આ કેન્ડલ માર્ચ પાણીગેટ દરવાજા વાળી મસ્જિદ પાસેથી શરૂ થઈ માંડવી સુધી પહોંચી પૂર્ણ થઈ હતી.




આજે યોજાયેલી કેન્ડલ માર્ચમાં વડોદરા જિલ્લા મુસ્લિમ યુવા સંગઠનના હાજી જુનેદ શેખ, મુસ્લિમ અગ્રણીઓ સંજીદા સૈયદ, સૈયદ અમીન, કામિલ મુન્શી, ફિરોઝ ખાન પઠાણ, આરીફ મલેક તેમજ અન્ય મુસ્લિમ અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં લોકોએ જોડાઈને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ આપી હતી.

હત્યા કે આત્મહત્યા ? મોતનું ઘૂંટાતું રહસ્ય

# પાટણની હોસ્ટેલમાં યુવક યુવતીના મૃતદેહો મળ્યા

પાટણ,તા.૩૧

પાટણ શહેરમાં આવેલી જે.ડી. બોયઝ હોસ્ટેલના એક રૂમમાંથી પાટણની યુવતી અને પરપ્રાંતિય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે બંનેના મૃતદેહોના પી.એમ. કરાવી પરીક્ષણ અર્થે મોકલ્યા છે. રહસ્યમય આ બનાવને પગલે લોકોમાં અનેક તર્કવિતર્કો વહેતા થયા છે. પ્રેમ પ્રકરણમાં બંનેએ સાજોડે આત્મહત્યા કરી છે કે પછી અન્ય કોઈ કારણ જવાબદાર છે તેને લઈ પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન રાહુલકુમાર સુરેન્દ્રસિંગ ઉ.૨૦ વર્ષ રહે. યુપીનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. જયારે યુવતી પાટણ શહેરના જુનાગંજ બજારમાં આવેલ જોશીની ખડકીમાં રહેતી જોશી ધ્વનિ રાજેશભાઈ હોવાનું જાણવા મળ્યું છે. બંને મૃતકોના કબજામાંથી મોબાઈલ પણ મળી આવ્યા છે. આ બનાવ સજોડે આત્મહત્યાનો છે, કે હત્યાનો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તો પીએમ બાદ યુવક અને યુવતીની લાશનો ધારપુર હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. હાલમાં પોલીસે એડી નોંધી તપાસ કરી રહી છે. દેવદર્શન કોમ્પલેક્ષના ત્રીજા માળે આવેલી જે.ડી. બોયઝ હોસ્ટલના સીસીટીવી પોલીસે કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગણતરી કલાકોમાં જ ફૂડ કોર્ટ શરૂ થતાં લોકોમાં રોષ

# સુરતના પાલ ગેલેકક્ષી સર્કલ પાસે ભાજપ નેતાનું સીલ થયેલ ફૂડ કોર્ટ ફરી ધમધમતું થયું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

પાલ ગેલેકક્ષી સર્કલ પાસે આવેલા સ્થાનિક ભાજપના નેતાનું ફુડ કોર્ટ સીલ થયા બાદ ગણતરીનાં કલાકોમાં શરૂ થતાં ખુદ ફાયર વિભાગના અધિકારીઓની જ ભુમિકા પર પ્રશ્નાથ ઉભો થયો છે. ફાયર વિભાગના અધિકારીઓ નેતાઓ સમક્ષ ઘુંટણિયે પડ્યા હોવાની ચર્ચાએ શહેરમાં જોર પકડયું છે.

શહેરભરમાં ખાસ કરીને રાંદેર, વરાછા અને અઠવા ઝોન વિસ્તારોમાં ફાયર એનઓસી અને પાર્કિંગ જેવી સુવિધાઓના અભાવ વચ્ચે ધમધમતાં આફૂડ કોર્ટ વિરૂદ્ધ પણ મહાનગર પાલિકા દ્વારા સીલિંગની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે ગઈકાલે પાલ ખાતે આવેલ ગેલેક્ષી સર્કલ પર ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરના ફુડ કોર્ટને સીલ કરવામાં આવતાં લોકોમાં ફાયર વિભાગની કાર્યવાહીની ચોમેરથી પ્રશંસા થઈ હતી. શાસક પક્ષના દંડક એવા ધર્મેશ વાણિયાવાલાના ફુડ કોર્ટને પણ સીલ કરવામાં આવ્યા બાદ જો કે વિવાદનો વંટોળપણ ઉભો થયો છે. એક તરફ ફાયર એનઓસી સહિતના મુદ્દે સીલિંગની કાર્યવાહી બાદ ફાયર વિભાગ દ્વારા હાલમાં કોઈ સીલ ખોલવામાં આવી રહયા નથી ત્યારે ભાજપના કોર્પોરેટરના ફુડ કોર્ટમાં લાગેલું સીલ રાતોરાત ખુલી જતાં - ભારે ચર્ચાએ જોર પકડ્યું છે. ગઈકાલે રાતથી જ આ ફુડ કોર્ટની તસવીરો વાયરલ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. અલબત્ત, આજે સવારે પણ ફુડ કોર્ટમાંથી વાહનોની અવર-જવર દેખાતાં લોકો ફાયર વિભાગની કામગીરી વિરૂદ્ધ ફિટકાર વરસાવી રહયા છે.

# પાલનપુરના ગોબરી રોડ પર વીજ કરંટથી પાંચ વર્ષનાં બાળકનું મોત

## વીજ કરંટની ઝપેટમાં આવેલ બે ભાઈમાંથી નાના ભાઈનું મોત, મોટાનો આબાદ બચાવ

પાલનપુર, તા.૩૧

પાલનપુરમાં ગોબરી રોડ પર જીવંત વીજ લાઈનનો કરંટ એક પરિવારે કપડા સૂકવવા બાંધેલ વરગણીમાં પ્રસરતા બે નાના બાળકો વીજ કરંટની ઝપેટમાં આવ્યા હતા જેમાં સ્થાનિકો દોડી આવતા એક બાળકને બચાવી લેવામાં આવ્યું છે જ્યારે એક પાંચ વર્ષના બાળકનું મોત નિપજતા પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ જવા પામી હતી જોકે આ વીજ દુર્ઘટનામાં વીજ કંપની લાપરવાહી સામે લોકોમાં રોષ ભભુકી ઉઠયો હતો. પાલનપુમાં ગણેશપુરા વિસ્તારમાં ગાડીમા ફસાયેલા પાંચ વર્ષના બાળકનું ગૂગળામણથી મોત નિપજયાના બીજા દિવસે ગોબરી રોડ વિસ્તારમાં વીજ કરંટ લાગવાની દુર્ઘટનામાં એક માસૂમ બાળકે જીવ ગુમાવતા અરેરાટી વ્યાપી જવા પામી હતી જેમાં આ વિસ્તારમાં વીજ થાંભલે પસાર થતી વીજ લાઇનોનું યોગ્ય સમારકામ કરવામાં ન આવતા અહી વીજ લાઈનો લટકતી હાલતમાં હોય જેમાં એક જીવંત વીજ લાઈનમાંથી સવારે ૮-૩૦ કલાકે અહી એક પરિવારે કપડા સૂકવવા બાંધેલ વાયરની વરગણીમાં પ્રસરતા અહી રહેતા પપ્પુભાઈ પટણીના બે પુત્ર દીપુ અને રોહિત નામના બે સગા ભાઈ વીજ કરંટની ઝપેટમાં આવ્યા હતા જેને લઈ આજુબાજુ થી લોકો દોડી આવી વીજ કરંટની ઝપેટમાં આવેલા બન્ને ભાઈને છોડાવી તેમને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જયા ફરજ પર તબીબે પાંચ વર્ષીય રોહિત પપ્પુભાઈ પટણી વીજ શોર્ટમાં ગંભીર ઘાયલ થવાના કારણે મૃત જાહેર કરતા તેના પરિવારજનો પર આભ તુટી પડવા પામ્યું છે જ્યારે દીપુ નામના બાળકનો બચાવ થવા પામ્યો હતો જોકે વીજ કંપનીની ઘોર બેદરકારીને કારણે વીજ કરંટની દુર્ઘટનામાં એક માસૂમ બાળકનું મોત નિપજતા લોકોના રોષ ફેલાયો હતો.



# દાહોદ : ખેતીલાયક જમીનને બોગસ બિનખેતીના હુકમના આધારે પ્રીમિયમ ચોરીના કૌભાંડનો પર્દાફાશ

દાહોદ, તા.૩૧

દાહોદ શહેરમાં કેટલાક ભેજાબાજે બે અલગ અલગ રેવન્યુ સર્વે નંબરોમાં પોતાના મળતીયાઓ સાથે એકસરખી રીતે બોગસ હુકમોના આધારે ખેતીલાયક જમીનને બિનખેતી તરીકે પ્રસ્થાપિત કરી બારોબાર પ્લોટીંગ કર્યા બાદ વેચાણ કરી સરકારના પ્રીમિયમની ચોરી કર્યાનું પોલીસ તપાસમાં બહાર આવતા પોલીસે ત્રણ ઈસમો સામે બે જુદી જુદી ફરિયાદ દાખલ કરતા બિલ્ડર લોબીમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. આ સમગ્ર બોગસ બિન ખેતીના હુકમના કેસમાં દાહોદ પોલીસે ત્રણ સામે નામ જોગ. ગુનો નોધી તેમજ અન્ય બે ઈસમોના આ જમીન પ્રકરણમાં નામ ખુલવા પામ્યા હોવાનું જણાવી આગળની તપાસ હાથ ધરી છે.

દાહોદ શહેરના રળીયાતી હોળી આંબા ખાતે આવેલી સર્વે નંબર ૩૭૬/૧/૧/૪ વાળી જમીનમાં દાહોદ શહેરમાં રહેતા શેશવ નામક ઈસમે તેના અન્ય એક સાગરીતા હારૂંન પટેલ ઉર્ફે કડક રહેવાસી ઘાંચીવાડ સાથે મળી પ્રાંત અધિકારીનાં ખોટા હુકમને સાચા તરીકે રજૂ કરી ખેતીલાયક જમીનને બિનખેતી તરીકે પ્રસ્થાપિત કરી સરકારને પીએમ પ્રીમિયમની રકમનું નુકસાન કરાવી આ જમીનને બારોબાર વેચાણ કરી દીધા હતા.બોગસ હુકમના આધારે ખેતીલાયક જમીને બિનખેતી તરીકે પ્રસ્થાપિત કરી વેચાણ કર્યા હોવાનું સામે આવતા પોલીસે જિલ્લા પંચાયત કચેરીમાં ચીટનીશની ફરિયાદના આધારે જકરીયા મહેમુદ ટેલર, શૈશવ પરીખ, તેમજ અન્ય બે વ્યક્તિઓ સહિત ત્રણ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રારંભિક તપાસમાં જણાવ્યા અનુંસાર આ કેસમાં વધુ સર્વે નંબરોમાં બોગસ ઓર્ડર થયા હોવાનું બહાર આવવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ હતી હાલ પોલીસે ઝડપેલા આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલ ચિલ્ડ્રન ન્યુટેશન પાર્કમાં પ્રવેશ ન અપાતા પ્રવાસીઓ રોષે ભરાયા

## રાજકોટમાં બનેલી ઘટનાને લઈ ન્યુટેશન પાર્ક બંધ તો કરાયું, પરંતુ ઓનલાઈન ટિકિટનું બુકિંગ ચાલુ

રાજપીપળા, તા.૩૧

રાજકોટના TRB ગેમ ઝોનના અગ્નિકાંડમાં નિર્દોષ ૩૦ વધુ લોકો અગનજવાળામાં ભડથુ થઈ જવાનાં ચકચાર ભર્યા ગોઝારા કાંડને લઈ ગુજરાત હાઈકોર્ટે રાજ્ય ભરના તમામ ગેમ ઝોન તાત્કાલિક અસરથી બંધ કરીદેવા હુકમ કર્યો છે. જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થિત ચિલ્ડ્રન ન્યુટેશન પાર્ક પણ ૫ દિવસ જેટલા સમયથી પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે પરંતુ SOUની વેબસાઈડ ઉપર ઓન લાઈન બુકિંગ ચાલુ રહેતા પ્રવાસી ટીકીટ બુક કરાવી આવ્યા તો રહ્યા એન્ટ્રીના મળતા પ્રવાસીઓ અને ચિલ્ડ્રન ન્યુટેશન પાર્કના કર્મચારીઓ વચ્ચે રકઝક થવાના દશ્યો સર્જાય છે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ચિલ્ડ્રન ન્યુટેશન પાર્ક આ એવો પ્રવાસન સ્થળ છે જ્યાં દેશ અને વિદેશ માંથી પ્રવાસીઓ આવી રહ્યા છે જોકે ચિલ્ડ્રન ન્યુટેશન પાર્કમાં નાના બાળકો પોતાના વાલીઓ સાથે આવે છે પરંતુ રાજકોટ માં ઘટના બાદ ચિલ્ડ્રન ન્યુટેશન પાર્ક પણ ૫ દિવસથી બંધ કરાતા પ્રવાસીઓ અટવાય રહ્યા છે. હાલ તો તંત્રના અનઘડ વહીવટને લઈ પ્રવાસીઓને ધરમનો ધક્કો ખાવો પડી રહ્યો છે. જેને લઈ આજે પ્રવાસીઓ રોષે ભરાય છે. અને પ્રવાસીઓ દ્વારા SOU સત્તામંડળ દ્વારા ઓનલાઈન ટિકિટ બુક કરવાનું બંધ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.



## ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ અને પોરબંદર-મુજફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

અમદાવાદ,તા.૩૧

પૂર્વ મધ્ય રેલવેના સમસ્તીપુર મંડળ પર કુમારબાગ ચનપટિયા સ્ટેશનો વચ્ચે નોન ઈન્ટરલોકિંગ કામને લીધે ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ અને પોરબંદર-મુજફ્ફરપુર-દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે. ૭ અને ૧૪ જૂન ૨૦૨૪ના રોજ ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ પોતાના નિર્ધારીત માર્ગ નરકટિયાગંજ-બાપુધામ મોતિહારી-મુજફ્ફરપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા નરકટિયાગંજ-સિકટા-રકસૌલ-સીતામઢી-મુજફ્ફરુરના માર્ગેચાલશે. જયારે ૧૩ જૂન ૨૦૨૪ના રોજ પોરબંદર-મુજફ્ફરપુર એક્સપ્રેસ પોતાના નિર્ધારીત માર્ગ નરકટિયાગંજ-બાપુધામ મોતિહારી- મુજફ્ફરપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા નરકટિયાગંજ-સિકટા-રકસૌલ-સીતામઢી-મુજફ્ફરપુરના માર્ગેચાલશે.

## અવસાન નોંધ વીજપડી

વીજપડી નિવાસી જેબુનબેન બાદરખાં પઠાણ (ઉ.વ.૬૫) તા.૩૧-૫-૨૪ શુક્રવારે ખુદાની રહેમતમાં પહોંચી ગયેલ છે. તેમની ઝિયારત તા.૨-૬-૨૪ને રવિવારે સવારે ૧૦ કલાકે તલ્હા મસ્જિદમાં રાખેલ છે. જયારે મહિલાઓની તેમના ઘરે રાખેલ છે.

# અંકલેશ્વરમાં કામદારો માટે ચાલતી ઈએસઆઈસી હોસ્પિટલ ફાયર સેફટીના અભાવે બંધ કરાઈ

અંકલેશ્વર, તા.૩૧

ભરૂચ જિલ્લામાં એક તરફ પાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ગેમઝોન, હોસ્પિટલો, ક્લાસિસોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તેમાંય ભરૂચમાં બે ગેમઝોનમાં એનઓસી ન હોય તેમને બંધ કરવાની નોટિસ પણ ફટકારવામાં આવી છે. ત્યારે એશિયાની સૌથી મોટી જીઆઈડીસી અંકલેશ્વરની ESIC હોસ્પિટલમાં જ ફાયર સેફટી ન હોય ત્યારે વહીવટી તંત્ર દ્વારા ESIC હોસ્પિટલ જ્યાં સુધી ફાયર સેફટી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવી હતી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દીઓને તાત્કાલિક ધોરણે અન્ય સરકારી કે ખાનગી હોસ્પિટલોમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. અંકલેશ્વરની ESIC હોસ્પિટલને ફાયર સેફટીના અભાવે બંધ કરાતા કામદાર યુનિયનના પ્રમુખ ડી.સી. સોલંકી તથા અંકલેશ્વર ઈન્ડ્રસ્ટ્રીઝ પ્રમુખ જસુભાઈ ચૌધરીએ હોસ્પિટલ ખાતે મેડિકલ સુપ્રિતાંદન તેમજ હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે મુલાકાત કરી વહેલી તકે ફાયર સેફટીના સાધનોની સુવિધા કરી હોસ્પિટલ ચાલુ કરવા ચર્ચા વિચારણા કરી હતી.

ધાર્મિક કાર્યક્રમ

# જેતપુર નજીક પીર સૈયદ આલા હઝરત ઈબ્રાહીમશા પીરનો ઉર્સ ઉજવાશે

મુસ્લિમ ગોરી જ્ઞાતિનાં પીર સૈયદ આલા હઝરત ઈબ્રાહીમ (ર.અ.)નો ઉર્ષ ઈસ્લામિક તારીખ ૨૩ જીલકદ તા.૧ જુન શનિવારનાં રોજ મનાવવામાં આવશે. રાજકોટ જિલ્લામાં જેતપુર અમરનગર રોડ ઉપર હઝરત ઈબ્રાહીમશા પીર(ર.અ.)નો મજારશરીફ આવેલ છે અને આપથી અનેક કરામતો જાહેર થયેલ છે. હઝરત ઈબ્રાહીમશા પીરનાં ઉર્ષની ઉજવણી માટે અકીદતમંદોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ઉર્ષનાં દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ડીસા નગરપાલિકા દ્વારા વધુ પાંચ લાઈબ્રેરીઓ સીલ

# ફાયર સેફટી સુવિધાના અભાવથી બે ટ્યુશન ક્લાસીસ સામે પણ તવાઈ

ડીસા, તા.૩૧

બનાસકાંઠા જિલ્લામાં ફાયર સેફટી સુવિધાના સાધનોની ચકાસણી કરવાના જિલ્લા કલેકટરના આદેશના પગલે ડીસા નગરપાલિકા દ્વારા ગઈકાલે બે લાઈબ્રેરી અને ટ્યુશન ક્લાસીસને સીલ કરાયા બાદ આજે વધુ પાંચ લાઈબ્રેરીઓ અને બે ટ્યુશન ક્લાસીસ સીલ કરવામાં આવ્યા છે.



રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ બાદ રાજ્યભરમાં સરકારી તંત્ર ફાયર સેફટી સુવિધા મામલે એક્શન મોડમાં છે. ત્યારે ડીસા શહેરમાં પણ નગરપાલિકા, આરોગ્ય અને મામલતદારની ટીમો અલગ અલગ રીતે તપાસ કરી રહી છે. જેમાં ડીસા નગરપાલિકાની ટીમ દ્વારા શહેરમાં મોલ, ટ્યુશન ક્લાસીસ, લાઈબ્રેરીઓમાં છેલ્લા ત્રણ દિવસથી તપાસ ચાલી રહી છે. જેમાં ગતરોજ પાલિકાની ફાયર વિભાગની ટીમ દ્વારા એક ટ્યુશન ક્લાસીસ અને બે લાઈબ્રેરીઓની ફાયર સેફટીની સુવિધા ન હોવાથી સીલ મારવામાં આવી હતી. જ્યારે આજે પાલિકાની ટીમે અલગ-અલગ વિસ્તારોમાં તપાસ હાથ ધરવાનું ચાલુ રાખતા વધુ પાંચ લાઈબ્રેરીઓમાં અને બે ટ્યુશન ક્લાસીસમાં ફાયર સેફટી સુવિધાનો અભાવ તેમજ એન્ટ્રી એક્ઝિટ માટેની સાંકડી સીડી સહિત અન્ય સુવિધાઓ ન હોવાના કારણે સીલ કરવામાં આવી હતી.

# ડીસાની હોસ્પિટલોમાં આરોગ્ય વિભાગની ફાયર સેફટી ચેકિંગ ડ્રાઈવ

ડીસા, તા.૩૧

રાજકોટ ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ રાજ્યભરમાં ફાયર સેફટી સુવિધા અંગેની તપાસ કરવાના આદેશના પગલે ડીસામાં આરોગ્ય વિભાગ દ્વારા શહેરની તમામ હોસ્પિટલોમાં ફાયર સેફટી ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.આ તપાસ બાદ સંપૂર્ણ રિપોર્ટ જિલ્લા કલેકટરને સોંપવામાં આવશે. રાજકોટમાં થયેલા અગ્નિકાંડ બાદ સરકાર દ્વારા શાળાઓ કોલેજો, હોટલો, હોસ્પિટલો, મોલ ફેક્ટરીઓ, સરકારી કચેરીઓ સહિત

## ૧૦ ટીમો દ્વારા તપાસ કરી રિપોર્ટ કલેક્ટરને સોંપાશે

જ્યાં વધુ પ્રમાણમાં લોકો એકત્ર થતા હોય તેવી જગ્યાઓએ ફાયર સેફટી સુવિધા છે કે નહીં ? તેના તપાસના આદેશ આપેલા છે. જે અનુસંધાને બનાસકાંઠા જિલ્લા કલેકટરના આદેશથી જિલ્લા આરોગ્ય અધિકારીની સુચનાથી ડીસામાં ૨૦૦ જેટલી હોસ્પિટલોમાં તપાસ કરવા આરોગ્ય વિભાગની ૧૦ ટીમો કામે લાગી છે. આ અંગે ડીસા તાલુકા પ્રાથમિક હેલ્થ ઓફિસર ડૉ.પી.એચ. ચૌધરીએ જણાવ્યું હતું કે, ડીસા શહેરની તમામ હોસ્પિટલોમાં ફાયર સેફટી ચેકિંગ ડ્રાઈવ હાથ ધરાઈ છે. જેમાં અલગ અલગ ટીમો હોસ્પિટલમાં જઈ ફાયર સેફટી સુવિધાના સાધનો છે કે નહીં ? એન્ટ્રી અને એક્ઝિટ યોગ્ય રીતે છે કે નહીં ? આગ લાગી શકે તે રીતે કોઈ વાયરીંગ ખૂલ્લા છે કે નહીં ? સહિત તંત્ર દ્વારા કરાયેલા દિશા નિર્દેશ મુજબની સુવિધાઓ છે કે નહીં ?તેની તપાસ હાથ ધરી રિપોર્ટ બનશે. જે રિપોર્ટ જિલ્લા કલેકટરને સોંપવામાં આવશે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ચારેય અધિકારી જવાબદાર ઠરતા ગુનો નોંધી ધરપકડ કરાઈ

# રાજકોટ અગ્નિકાંડમાં ઝડપાયેલ વધુ ચાર આરોપી અધિકારીઓ ૧૨ દિવસના રિમાન્ડ પર

## ફરિયાદમાં આઈપીસી કલમ ૩૬નો ઉમેરો કરાશે : મૂળ ફરિયાદના ૬ આરોપીઓમાં ચારેયને સામેલ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત મામલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં રાજકોટ મહાનગરપાલિકાના ૪ અધિકારી જવાબદાર હોવાનું સ્પષ્ટ થતા ગતરોજ ચારેય અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ (ટાઉન પ્લાનિંગ ઓફિસર) મનસુખ સાગઠિયા, એટીપીઓ (આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર) મુકેશ મકવાણા અને ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા એમ ચારે આરોપીને આજે કોર્ટ સમક્ષ રજૂ કરી વધુ તપાસ માટે રિમ)નડની માગણી કરવામાં આવતા કોર્ટે ચારેય આરોપીના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં રાજકોટ મહાનગરપાલિકાના ૪ અધિકારી જવાબદાર હોવાનું સ્પષ્ટ થતા રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ (ટાઉન પ્લાનિંગ ઓફિસર) મનસુખ સાગઠિયા, એટીપીઓ (આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર) મુકેશ મકવાણા અને ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા સામે પોલીસ ફરિયાદ



નોંધીને તેમની ધરપકડ કરાઈ હતી. મનપા બાદ હવે પોલીસ વિભાગના અધિકારીઓ સામે કાર્યવાહી થઈ શકે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

દરમ્યાન આજે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ચારેય આરોપી અધિકારીઓને કોસ્ટ સમક્ષ રજૂ કરી રિમાન્ડની માગણી કરી હતી. કોર્ટ સંકુલમાં સ્પેશિયલ પી.પી. તુષાર સવાણીએ આ અંગે જણાવ્યું કે, અમારા દ્વારા આજે જજ સમક્ષ જે પણ દલિલો મૂકવામાં આવી તે કોર્ટને યોગ્ય લાગી અને ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ લોકો સામે ઈલિગલ ઓમિશનનો કેસ બને છે, એટલે કે મૂળ ફરિયાદ કે જેમા ૬ આરોપીઓ છે તેમા આમના નામ પણ જોડવામાં આવશે. ફરિયાદમાં જે કલમો છે એમાં IPC કલમ ૩૬નો ઉમેરો કરાશે. વધુમાં જણાવ્યું કે, ચાર સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પણ વેલ્ડિંગના કારણે આગ લાગી હતી. આમાનો એક ફાયર ઓફિસર સ્થળ પર પહોંચ્યો હતો તો પણ એણે ફાયર ઓનઓસી માગી નહોતી.

ગૌતમ જોશી ATP છે, ગૌતમ જોશીએ એક પણ જગ્યાએ સહી કરેલી નથી. ATP અન્ડરમાં AE આવે છે. AEની ધરપકડ કરવામાં આવી નથી. ગૌતમ જોશી વિરૂદ્ધ અગાઉ એક પણ વખત કોઈ તપાસ થયેલી નથી. કોર્ટે કહ્યું, જોશીની સહી નથી, પરંતુ એમનો રોલ તો છે જ.

જે કોઈ ડોક્યુમેન્ટ રેકર્ડ ઉપર છે તે અમે ઈન્વેસ્ટિગેશન અધિકારીને આપ્યા છે. માટે રિમાન્ડની કોઈ જરૂર નથી. તંત્રની બેદરકારીના આક્ષેપ થઈ રહ્યા છે. મૂળ સુધી પહોંચવાની વાત હતી મૂળ આવી ગયું છે. બધા પુરાવા અમે આપી દીધા છે. હજુ જરૂર હોય તો એક કે બે દિવસ રિમાન્ડ આપવા જોઈએ. ૧૪ દિવસના રિમાન્ડની જરૂર નથી. રોહિત વિગોરા ફિક્સ કર્મચારી છે, એમને ઉપલી અધિકારીના કહેવા મુજબ કામ કર્યું છે. મુકેશ મકવાણાની ૧૦ મહિના પહેલા બદલી થયેલી છે. યુવરાજને બાંધકામ તોડી પાડવાની નોટિસ મુકેશ મકવાણાએ પાઠવેલી છે.

રાજકોટ બાર એસોસિએશનના ઉપ પ્રમુખ સુરેશ ફળદુએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી છે. મેં પહેલા દિવસે કીધું હતું, આ ઘટનામાં તંત્ર જવાબદાર છે. ૩-૩ રાજ્ય સરકાર બદલી, પરંતુ આ અધિકારી એકને એક જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે. આ અધિકારીઓને કાયદાનું જ્ઞાન છે. આ લોકો પાસેથી સાચો જવાબ કઢાવવો મુશ્કેલ બની શકે છે. ૧૪ દિવસ કામ કરે તો પણ દિવસ ઓછા પડે. માટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કરવા મારી વિનંતી છે. અગા RMCમાં કામ માટે અરજી કરવા યુવરાજનો ભાઈ તેજપાલ જતો હતો. અધિકારીઓએ સ્થળ ઉપર જઈ તપાસ કરવી જોઈએ. આમાં એક ટીપીઓ છે અને બે આસિસ્ટન્ટ ટીપીઓ છે.

કાર્યવાહી ન કરવા કોઈ તરફથી કોઈ સૂચના હતી કે દબાણ હતું એ પણ તપાસ કરવા કહ્યું. ૨૦૨૧થી આજ દિવસ સુધી કોને કોને પોતાની ફરજ નિભાવી નથી, એ દિશામાં પુછપરછ કરવામાં આવશે. TRP ગેમઝોનમાં ઈનલિગલ સ્ટ્રક્ચર છે, તેને હટાવવા ૦૬/૦૬/૨૦૨૩ના રોજ નોટિસ આપવામાં આવી હતી. આ પછી પણ ગેમઝોન એ જ રીતે ચાલુ હતું. એટલું જ નહીં, પરંતુ તેની સાથે સાથે તેમાં વધારો કરવામાં આવી રહ્યો હતો.

રાજ્યમાં વધુ એકવાર પોલીસની દાદાગીરી અને દમનનો બનાવ

# માંગરોળમાં પીએસઆઈ તથા બે કોન્સ્ટેબલે મુસ્લિમ યુવકને બેરહેમીપૂર્વક માર્યો

## ઘરેથી ઉઠાવી લઈ કલાકો સુધી ગુજાર્યું દમન : મેડિકલ તપાસનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

માંગરોળ, તા.૩૧

જુનાગઢ જિલ્લાના માંગરોળ પોલીસ વિભાગના પીએસઆઈ તેમજ બે કોન્સ્ટેબલ દ્વારા મુસ્લિમ યુવકને ગત રાત્રે ઢોરમાર મારતા યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી. કોર્ટમાં હાજર કરાતા ત્યા પણ વોમિટિંગ થતાં કોર્ટે તેને મેડિકલ રિપોર્ટ કરવા આદેશ આપ્યો હતો. માંગરોળ પોલીસ દમનનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતા લોકોમાં ચર્ચા સાથે પોલીસ સામે રોષ ઉભો થવા પામ્યો છે.

આ બાબતની પ્રાપ્ત થતી વિગતો એવી છે કે માંગરોળના મુસ્લિમ યુવક ઈકબાલ ઈસ્માઈલ ખાદીમ કે જેમના પત્ની રીસામણે હોય અને તેમની વિરૂદ્ધ ૧૨૫ કલમ હેઠળ ભરણપોષણનો કેશ ચાલતો હોય. આ કેસમાં આરોપી યુવક હાજર ના થતા તેમના વિરુદ્ધ સમન્સ જારી



કરવામાં આવેલ. આ બાબતે આરોપી યુવકે બીજા દિવસે હાજર થવાનું જણાવેલ પરંતુ પોલીસે રાત્રે નવ વાગ્યે તેમને તેના ઘરેથી ઉપાડી ત્યાં તેમની સાથે મારામારી કર્યા બાદ યુવકને પોલીસ મથકે લઈ જઈ રાત્રી દરમિયાન બેરહેમીપૂર્વક માર મારવામાં આવ્યો હતો. બીજા દિવસે કોર્ટમાં હાજર કરાતા ત્યા તેમને વોમિટિંગ થતાં કોર્ટે તેને મેડિકલ રિપોર્ટ કરવા માંગરોળની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જયા આરોપી યુવકે મિડિયા સમક્ષ પોલીસ વિરુદ્ધ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ભરણપોષણના કેસમાં હાજર થવા પોલીસનો મને ફોન આવેલ તો મેં જણાવ્યું હતું કે હુ આવતીકાલે અગિયાર વાગ્યે હાજર થઈ જઈશ. પરંતુ તેઓએ મને રાત્રે નવ વાગ્યે જ ઘરેથી પકડી લિધો અને ત્યાંજ મને ગાળો આપી મારામારી ચાલુ કરી દીધેલ. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં લઈ જઈ કોન્સ્ટેબલ કીશોરભાઈ તથા ઝણકાટભાઈએ ખુબ માર માર્યો બાદ બંને થાકી જતા પીએસઆઈએ માર માર્યો. મને જમીન પર સુવડાવી માથે ઉભા રહીને પગના તળિયા, હાથના પંજા તેમજ કમરમા બેરહેમીપૂર્વક લાતો મારતા હતા. અત્યારે મારાથી ચલાતુ નથી અને મારા હાથપગ રોકાઈ ગયા છે. પેટમાં દુખાવો થાય છે અને વોમિટિંગ થાય છે. કોર્ટમાં એક ઉલ્ટી થઈ હતી અને લોકઅપમાં પણ ઉલ્ટીઓ શરૂ ગઈ હતી. મને રાત્રીના નવ વાગ્યેથી રાત્રે સાડા બાર વાગ્યા સુધી માર મારવામાં આવ્યો હતો. તેઓએ ધમકી પણ આપી કે તું જ્યાં સુધી તારા આગળના કતલખાનાના ગુનાહ નહી કબૂલ ત્યા સુધી તને મારીશુ...!

એક તરફ પોલીસ પ્રજાનો મિત્ર અને રક્ષક છે તે સુત્ર સાર્થક મંત્રીઓ ઉચ્ચ અધિકારીઓ પ્રયાસ કરે છે તો બીજી તરફ કેટલાક કર્મચારીઓ ખાખી ડ્રેસમાં પોતાનો રોફ જમાવવા મર્યાદા ભૂલી અત્યાચાર પર ઉતરી આવે છે. અને કાયદાનો દૂરઉપયોગ કરી દમન ગુજારે છે આ બાબતે જવાબદાર પોલીસ કર્મચારીઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# BCI સરકારી અનુદાનિત લૉ કોલેજોને નિયમિત અથવા કામચલાઉ પરવાનગી આપવા અંગે વિચારણા કરશે : હાઈકોર્ટે વ્યક્ત કરી આશા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વિમલ કે વ્યાસે આશા વ્યક્ત કરી છે કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) સરકાર દ્વારા અનુદાનિત લો કોલેજોને નિયમિત અથવા કામચલાઉ પરવાનગી આપવા અંગે વિચારણા કરશે કારણ કે રાજ્ય સરકારે ફેકલ્ટીઓની ભરતીની પ્રક્રિયા શરૂ કરી છે. BCI દ્વારા માન્યતા આપવામાં ન આવે તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓ લો કોલેજોમાં પ્રવેશ મેળવી શકશે નહીં, તેવો મત હાઈકોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. BCI દ્વારા હાથ ધરવામાં આવનારી તપાસ બાદ આ મુદ્દા પર વિગતવાર વિચારણા કરવા માટે કોર્ટે વધુ સુનાવણી ૨૦મી

### વધુ સુનાવણી ૨૦મી જૂને હાથ ધરાશે

જૂને રાખી છે. છ અલગ-અલગ યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કાયદા કોલેજોમાં સંભવિત કાયદાના વિદ્યાર્થીઓની માન્યતાને લઈને મડાગાંઠ ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી છે. કોલેજોને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા પર્યાપ્ત સંખ્યામાં ફેકલ્ટી ન હોવાને કારણે માન્યતા આપવામાં આવી નથી.

બાર કાઉન્સિલ દ્વારા માન્યતા નહિ હોવાના કારણે, આવા કાયદા કોલેજોમાં પ્રવેશ લઈને કાયદાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને વકીલાત માટે પ્રેક્ટિસનું લાયસન્સ આપવા માટે એડવોકેટ્સની સર્વોચ્ચ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવતી નથી. રાજ્યની છ યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન આઠ અલગ-અલગ ગ્રાન્ટેડ લો કોલેજોના વિદ્યાર્થીઓના પ્રવેશ અને ભાવિ કારકિર્દી જોખમમાં હોવાથી, કોલેજોએ HCનો સંપર્ક કર્યો હતો. કોલેજો, રાજ્ય સરકાર અને BCIની સુનાવણી બાદ HCએ શુક્રવારે વચગાળાનો આદેશ જારી કર્યો છે. HCએ કહ્યું, 'એવું લાગે છે કે પ્રતિવાદી - રાજ્ય સરકારે અભ્યાસના દરેક વિષયને શીખવવા માટે પૂરતા પ્રમાણમાં પૂર્ણ સમયના ફેકલ્ટી સભ્યોની ભરતી કરવા માટે પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ કોર્ટને આશા છે કે BCI નિયમો ૨૦૦૮ના નિયમ ૨૬ મુજબ કામચલાઉ અથવા નિયમિત મંજૂરી આપવા માટે આ પાસાને ધ્યાનમાં લેશે.' કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, 'હવે તે સ્પષ્ટ થઈ ગયું છે કે યુનિવર્સિટીઓ અથવા રાજ્ય બીસીઆઈ દ્વારા માન્ય/મંજૂર ન હોય તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને ફાળવી શકતા નથી. સ્વીકાર્યપણે, હાલમાં, તમામ અરજદારો-કોલેજો પાસે BCIની કોઈ માન્યતા/મંજૂરી નથી. તેથી, અરજીઓમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ વિચારણાને પાત્ર છે.' આમ હવે વધુ સુનાવણી ૨૦ જૂનના રોજ રાખવામાં આવી છે.

ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ SIT સામે સવાલો ઉઠાવી સહાય વધારવા કરી માંગ

# SIT તો સરકારના નિયંત્રણ હેઠળ છે ત્યારે હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા તપાસ કરાવો

## સરકાર આગળના બનાવોની તપાસનો શ્વેતપત્ર જાહેર કરે : ક્ષત્રિય અગ્રણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં આગની દુર્ઘટનામાં ૨૭ લોકોનાં મૃત્યુ નિપજ્યાની ઘટના અંગે આજે રાજકોટ આવેલી ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ દુઃખ વ્યક્ત કર્યું હતું. આ સાથે તેમણે SITની તપાસ સામે સવાલ ઉઠાવ્યા હતા. કારણ કે SIT રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ છે. જેથી હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા તપાસ કરવામાં આવે એવી તેમણે માગ કરી છે. તેમણે કહ્યું કે, ૨૭ મૃતકોના પરિવારજનોની મુલાકાત લેવાનું શરૂ કર્યું છે. જેમની તમામ વિગતનો રિપોર્ટ તૈયાર કરી રાજ્ય સરકારને આપવામાં આવશે. સાથે જ સરકાર દ્વારા વધુ સહાય ચૂકવવામાં આવે તેવી માગ કરી હતી. રાજકોટ આવેલ ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના પ્રદેશ પ્રવક્તા કરણસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ કે, TRP ગેમઝોનની દુઘટર્ના દુઃખદાયક છે. આ ઘટનામાં માત્ર ક્ષત્રિય સમાજના જ નહીં, પરંતુ અન્ય સમાજના લોકો પણ મૃત્યુ પામ્યા છે. ત્યારે તમામ મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈ રહ્યા છીએ. મૃત્યુ પામેલા સુનિલભાઈ સિદ્ધપુરાના ઘરની હાલત ખૂબ જ ગંભીર છે. તેમના પરિવારમાં કમાનારૂં કોઈ નથી. આ ઉપરાંત આશાબેન કાથડના પરિવારની મુલાકાત લીધી. હવે ક્ષત્રિય સમાજના મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોની મુલાકાત લેશું. જે બાદ તેનો રિપોર્ટ તૈયાર કરી સરકારને આપશું અને સહાય વધારવા માટે માગ કરશું. અગાઉની ઘટનાઓમાં SITની રચના બાદ તેના આરોપીઓની શું પરિસ્થિતિ છે ? તેઓ જેલમાં છે કે જામીન પર છૂટી ગયાં ? તેનો શ્વેત પત્ર રાજ્ય સરકારે જાહેર કરવો જોઈએ. તેવી પણ તેમણે માગણી કરી હતી.

વધુમાં તેમણે કહ્યું હતું કે, આ ઉપરાંત આ ઘટનામાં આ વિસ્તારના કોર્પોરેટર, ધારાસભ્ય, મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને સંસદ સભ્ય સુધીના જવાબદાર ગણાય. જેથી તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, રાજયસભાના સાંસદ રામ મોકરીયા, રાજકોટ લોકસભા બેઠકના ભાજપનાં ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સહિતનાં ઘટના બાદ મોડા દેખાયા. આ પદાધિકારીઓ પણ આ ઘટનામાં એટલા જ જવાબદાર છે જેટલાં અધિકારીઓ છે. સ્થિતિનો તાગ મેળવવા માટે પ્રદેશ પ્રમુખે તો હજી પ્રેસ કોન્ફરન્સ કરી નથી કે કોઈ નિવેદન પણ આપ્યું નથી.

જ્યારે રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, અગાઉ સુરતમાં તક્ષશિલા, વડોદરામાં હરણી બોટકાંડ હોય કે રાજકોટનો TRP ગેમઝોનકાંડ તમામમાં SITની રચના કરવામાં આવી છે, પરંતુ આ SIT રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની હોય છે. જેથી તટસ્થ તપાસ માટે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવે તે જરૂરી છે.

# રાજ્યમાં ગરમીમાં આંશિક રાહત વચ્ચે વંટોળની આગાહી : ધૂળની ડમરીઓ ઉડશે

## ● કચ્છ, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગરમાં ૨૫થી ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે ● ત્રણ દિવસ બાદ ફરી એકવાર ગરમી વધવાની શકયતા

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં હાલ કાળઝાળ ગરમીમાં આંશિક રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૭ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. જ્યારે આગામી બે દિવસ કચ્છ, પાટણ, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં ૨૫થી ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે જેને કારણે ધૂળની ડમરીઓ ઊડવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૭ દિવસ ગુજરાતમાં સૂકું વાતાવરણ રહેશે. તાપમાનની વાત કરીએ તો આગામી ૫ દિવસ તાપમાન યથાવત્ રહેશે. આગામી બે દિવસ ૧ અને ૨ જૂને દિવસ કચ્છ, પાટણ, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં વંટોળની આગાહી આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પવનની ગતિની વાત કરીએ તો આ બે દિવસ દરમિયાન ૨૫થી ૩૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. મહત્તમ તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં ૪૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં ૪૨.૪, સુરેન્દ્રનગરમાં ૪૨.૩,



ભાવનગરમાં ૪૧.૫, અમરેલીમાં ૪૧.૨, રાજકોટમાં ૪૦.૬, ડીસામાં ૪૦.૨, આણંદમાં ૩૯.૯, કંડલા એરપોર્ટમાં ૩૯.૧ અને વડોદરામાં મહત્તમ તાપમાન ૩૯.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે આગામી બે દિવસ બાદ ઉત્તર ગુજરાતમાં ૪૧થી ૪૪ ડિગ્રી સુધી તાપમાન રહેશે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો ૩૫થી ૪૦ ડિગ્રી તાપમાન રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગરમાં ૪૨થી ૪૪ ડિગ્રી તાપમાન રહેશે. દરિયાકાંઠાના વિસ્તારો, જેવા કે ગીર સોમનાથ, વેરાવળ, દ્વારકામાં ૩૫થી ૩૮ ડિગ્રી તાપમાન રહેવાની સંભાવના છે, જ્યારે કચ્છમાં ૩૫થી ૩૯ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યના અનેક જિલ્લાઓમાં તાપમાનમાં ઘટાડો થયો છે.

### આગામી ૨૪ કલાક દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

ચોમાસું જેમ-જેમ નજીક આવતું જાય છે તેમ-તેમ વાતાવરણમાં પલટો અને વરસાદના આગમનની તૈયારીઓ નજરે પડતી જોઈ શકાય છે. આગામી ૨૪ કલાક દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે તેવી ચેતવણી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર સુરત, નવસારી, વલસાડમાં ૫ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે. ધૂળ ઊડતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત સમુદ્ર કાંઠા સિવાયના અન્ય વિસ્તારોમાં પણ ૨૫થી ૩૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. ચેતવણીના પગલે સુરત ખાતે ડિઝાસ્ટર વિભાગ કાર્યરત કરવામાં આવ્યું છે.

કયાં કેટલું તાપમાન

| શહેર | તાપમાન (ડિગ્રીમાં) |
|---|---|
| અમદાવાદ | ૪૨.૬ |
| ગાંધીનગર | ૪૨.૪ |
| સુરેન્દ્રનગર | ૪૨.૩ |
| ભાવનગર | ૪૧.૫ |
| અમરેલી | ૪૧.૨ |
| રાજકોટ | ૪૦.૬ |
| ડીસા | ૪૦.૨ |
| આણંદ | ૩૯.૯ |
| કંડલા એરપોર્ટ | ૩૯.૧ |
| વડોદરા | ૩૯.૦ |

# બોર્ડની ધો.૧૦-૧૨ની પરીક્ષામાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓને સજા કરાઈ

## ● ૨૧ વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરવા ઉપરાંત ૨ વર્ષ પરીક્ષામાંથી બાકાત
## ● ૪૩૭ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવાની સજા કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરિતી કરતા પકડાયેલા ૬૯૪ વિદ્યાર્થીઓનું હિયરીંગ કરવામાં આવ્યું હતું. હિયરીંગ બાદ વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી હતી, જેમાં ૨૧ વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરવા ઉપરાંત બે વર્ષ પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધની સજા કરવામાં આવી છે. જ્યારે ૪૩૭ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવાની સજા કરાઈ છે. જેથી આ વિદ્યાર્થીઓ આગામી જૂનમાં લેવાનારી બોર્ડની પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓ કોપી કરતા જણાતા તેમની સામે કોપી કેસ કરવામાં આવ્યો હતો. દરમિયાન બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા પરિણામમાં આવા કોપી કરતા પકડાયેલા શંકાસ્પદ ૬૯૪ વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા વખતે તથા પરીક્ષા પુર્ણ થયા બાદ CCTV ફુટેજની ચકાસણીમાં કોપી કરતા જણાયા હોવાથી તેમની સામે કોપી કેસ કરવામાં આવ્યા હતા. દરમિયાન, શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓનું હિયરીંગ રાખવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧૦માં પરીક્ષા વખતે વર્ગ ખંડમાં કોપી કરતા પકડાયેલા ૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૮ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. જ્યારે ૧ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરી આગામી પરીક્ષા ન આપવાની સજા કરવામાં આવી છે. જ્યારે ૬ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરવા ઉપરાંત આગામી બે પરીક્ષામાંથી બાકાત રાખવાની સજા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે CCTV ફુટેજમાં ૪૧૭ શંકાસ્પદ કેસ જણાયા હતા, જેમાંથી ૨૦૩ને નિર્દોષ જાહેર કરાયા હતા. જ્યારે ૨૦૯નું જે તે વિષયનું પરિણામ રદ કરાયું હતું. ધોરણ-૧૨ સાયન્સમાં ૭ વિદ્યાર્થીઓ પકડાયા હતા, જેમાંથી ૪ વિદ્યાર્થીનું જે તે વિષયનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. જ્યારે ૨ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ અને એક વર્ષ પરીક્ષામાંથી બાકાત, તથા ૧ વિદ્યાર્થીનું સમગ્ર પરિણામ રદ કરવા ઉપરાંત બે વર્ષ પરીક્ષામાંથી બાકાતની સજા કરવામાં આવી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વર્ગખંડ અને ફુટેજના મળી ૨૪૧ વિદ્યાર્થીઓ સામે કોપી કેસ કરાયા હતા. જેમાંથી ૨૨ નિર્દોષ જણાયા હતા. જ્યારે ૨૧૧ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરાયું છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS